વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૭મું
નવેમ્બર - ૨૦૨૨
અંક - ૫૩૪

મંગલ મંદિર ● નવેમ્બર-૨૦૨૨ ● ૧

(કુલ પાના : ૧૦૮)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## વિક્રમ સંવત ૨૦૭૯




મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005

Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kutchijainahd.org



International Education Experts

UAE
USA
CANADA
NEW ZEALAND
AUSTRALIA
SWITZERLAND
MALAYSIA
SINGAPORE
UK

IAEC
education • migration

Top Universities Admissions
Best Scholarships
High Visa Success

Registered Australian Immigration Consultants

Official Representative of Leading Universities.

202, 2nd Floor, Yash Aqua, 120 Feet Ring Rd, Vijay Char Rasta
Above McDonald's, Navrangpura, Ahmedabad

079 2791 1113 | 079 4892 1113
+91 74348 88000

ahmedabad@iaec.com.au /IAECIndia iaec.com.au

Directors are from Kutchi Jain Samaj

છેલ્લા ૪૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : "મંગલ મંદિર"

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫

ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com

વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા** – મુખ્ય તંત્રી
  મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦
- **મહેન્દ્ર દોશી** – સભ્ય
  મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧
- **ફાલ્ગુની હિરેન** – સભ્ય
  મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭
- **ચૌલા કુરૂવા** – સભ્ય
  મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮
- **રસિક ખીમજી મહેતા** – સભ્ય
  મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- ભારત દેશની પ્રગતિમાં અનેરો સહયોગ ........ **અશોક મહેતા**....... ૭

**દીપોત્સવી તહેવાર**

- દિવાળી અને બેસતા વર્ષનો અપૂર્વ મહિમા ........ **ડૉ. કુમારપાળ દેસાઇ**....... ૯
- હૈયે વેદના - હોઠે સ્મિત ........ **ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયં'**..... ૧૦

**પ્રેરણાત્મક કેડી પર**

- ચરણ-૧ : મહાવીર ધર્મના કણકણમાં માનવતાનું અમૃત ભર્યું છે ......... **ડૉ. જિતેન્દ્ર બી. શાહ**..... ૧૧

**વિચારધારા**

- સ્યાત્ વાદ અને અનેકાંત વાદ ........ **ડૉ. કાંતિ ગોર**..... ૧૨

**વિચાર વલોણું**

- એક નવી જ ગરીબીનો સામનો કરવાનો આવ્યો છે! ........ **હરેશ ધોળકિયા**..... ૧૪
- ભવ્ય સંસ્કૃતિ ધરાવતા દેશમાં માનવબલિ જેવી જઘન્ય ઘટનાઓ કલંક સમાન ........ **ડૉ. કેશુભાઇ દેસાઈ**..... ૧૬

**પ્રેરણાત્મક ઘટના**

- સંપર્ક અને જોડાણ વચ્ચેનો ભેદ ........ **ચૌલા કુરૂવા**..... ૧૭

**કચ્છ દર્શન**

- છતરડી – રાજાશાહી સન્માન ........ **ડૉ. મિહિર વોરા**..... ૧૮
- કચ્છના બહાદુર ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્માની કથા ........ **વસંત મારૂ**..... ૨૦
- સેવાભાવી "પિતા-પુત્ર"ની કથા ........ **વસંત મારૂ**..... ૨૨
- કચ્છ યુવક સંઘની સ્થાપના ........ **વસંત મારૂ**..... ૨૪
- ઉજ્જડ થઇ ગયેલા મુંદ્રા તાલુકાના 'માડી' ગામનો ઇતિહાસ ........ **અજ્ઞાત**..... ૨૫
- કચ્છી બોલી વિજ્ઞાન ........ **મહેન્દ્ર દોશી**..... ૨૮

**ઇતિહાસ**

- અનેક સંસ્કૃતિઓની અવર-જવરનો સેતુ છે કચ્છ ........ **કીર્તિ ખત્રી**..... ૨૯

**પ્રવાસ દર્શન**

- ગુજરાતના પ્રવાસનની ઉઘડતી નવી દિશાઓ ........ **નરેશ અંતાણી**..... ૩૧

**ઘોડેસવારી**

- વડોદરાના પ્રતાપનગર પોલીસ હેડ ક્વાર્ટરમાં શીખવાડાતી ઘોડેસવારી ...... **મનીષ જોશી 'મૌન'**..... ૩૬

**તીર્થ દર્શન**

- દર્શન-૧૬ : શ્રી ભદ્રેશ્વર તીર્થ (શ્રી મહાવીર ભગવાન)
- દર્શન-૧૭ : સુથરી તીર્થ (શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાન) ..... **પ્રેષક : કે.ડી. શાહ**..... ૩૭

**કચ્છમાં જૈનોની નાની પંચતીર્થી : લેખાંક-૪**

- માંડવી શહેરના દર્શનીય જિનાલયો ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર**..... ૩૮

**જીવદયા**

- જીવદયા એટલે શું? ........ **ડૉ. મિહિર એમ. વોરા**..... ૪૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
"પદાધિકારીશ્રીઓ"

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હીરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઇટ
**www.kutchijainahd.org**
ઉપર... *ઉપરાંત....*
**www.hellokutchis.com**
ઉપર વાંચી શકાય છે.

### પ્રતિભાના પોંખણા
● કડી-૩ : સુરભિ નીરવ વસા ........ **ફાલ્ગુની હિરેન** ..... ૪૨

### જીવન ચરિત્ર
● ભારતીય નૃત્યકળામાં નામના મેળવનાર અને
કન્યા કેળવણીના પ્રખર પથદર્શક : ડૉ. સવિતાબેન નાનજી મહેતા..... **સંજય પી. ઠાકર** ..... ૪૭

### ધર્મકથા
● દીવાદાંડી ........ **શ્રીમતી પુષ્પા ક. શાહ** ..... ૪૯

### યોગ
● દૈનિક જીવનમાં યોગ.. ........ **કમલકાંત ભટ્ટ** ..... ૫૧

### નિસર્ગોપચાર
● વિશ્વવિખ્યાત નેચરોપેથ ડૉ. જય સંઘવીના
સ્મારક સમું આનંદધામ ........ **ડૉ. કેશુભાઈ દેસાઈ** ..... ૫૨

### તંદુરસ્તી
● ડરની બીમારી – ભાગ-૫ : સારવાર-૨ ........ **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૫૬
**ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
● સરકારશ્રીની આરોગ્યલક્ષી સેવાઓ ........ **નીતિન એચ. સંઘવી** ..... ૫૭

### સત્યકથા
● માતૃ વંદના ........ **નવલ પ્રકાશ ટેલિગ્રામ** ..... ૫૮

### તાજેતરના ભૂતકાળમાં ડોકિયું
● સિનિયરથી પણ સિનિયર સીટીઝન્સને અર્પણ ........ **અજ્ઞાત** ..... ૫૯

### હાસ્ય લેખ
● તમે ડૉક્ટર થઈને...? ........ **નલિની ગણાત્રા** ..... ૬૦

### વાર્તા
● એક છત્ર નીચે અલગ થયા ........ **ડૉ. સુધીર ચી. મોદી** ..... ૬૨

### લોકકથા
● કચ્છી ધરાની ખાનદાનીનું ખમીર ........ **રાઘવજી માધડ** ..... ૬૪

### બોધકથા
● લોભ અને અજ્ઞાનતાનું પરિણામ ........ **વિનોદભાઈ માછી નિરંકારી** ..... ૬૫
● મહાવીરનો કર્મવાદ ........ **અજ્ઞાત** ..... ૬૭

### દેશ વિદેશ
● દેશ - વિદેશ ........ **ચૌલા કુરૂવા** ..... ૬૮

### અન્ય સંસ્થાઓના સમાચાર
● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૭૭

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad.**
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

## નિયમિત વિભાગો


- *Nano Nine* શબ્દ રમત-૧૮૮ ................ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૭૯
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૪૬) ................ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૮૧
- પ્રાચીન ભારતીય આરોગ્ય ટીપ્સ ................ ૮૨


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૩૫મી સામાન્ય સભાનો અહેવાલ ................ ૮૩
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો ................ ૮૫
- રવિવાર, તા. ૨૫-૦૯-૨૦૨૨ના રોજ મળેલ ટ્રસ્ટ મંડળની મીટિંગનો અહેવાલ ................ ૮૬
- 'મંગલ મંદિર'નું લવાજમ ................ ૮૭
- શનિવાર, તા. ૦૧-૧૦-૨૦૨૨ના રોજ યોજવામાં આવેલ ટ્રસ્ટ મંડળની મીટિંગનો અહેવાલ ................ ૮૮
- શનિવાર, તા. ૦૧-૧૦-૨૦૨૨ના રોજ મળેલ કારોબારી સમિતિની મીટિંગનો અહેવાલ ................ ૮૯
- ''ગોલ્ડ હેલ્થ કાર્ડ'' ................ ૯૦
- ટ્રસ્ટ મંડળના સભ્યોની યાદી : વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ................ ૯૧
- કારોબારી સમિતિના સભ્યોની યાદી : વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ................ ૯૨
- શનિવાર, તા. ૧૫-૧૦-૨૦૨૨ના રોજ મળેલ ટ્રસ્ટ મંડળની મીટિંગનો અહેવાલ ................ ૯૩
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વિવિધ સમિતિઓની યાદી ................ ૯૪
- અંગદાન સમિતિ : ૧૦૦થી વધુ વખત રક્તદાન કરનારને અભિનંદન ................ ૯૫
- અંગદાન સમિતિ : દેહદાન માટે ભરાઈને આવેલા ફોર્મ્સ ................ ૯૫
- તા. ૧૮-૯-૨૦૨૨ના યોજેલ બ્લડ ડોનેશન કેમ્પના સમયે બ્લડ ડોનેટ કરનાર રક્તદાતાઓનું લીસ્ટ ................ ૯૬
- મેડિકલ સમિતિ - પાલડીનો અહેવાલ ................ ૯૭
- મહિલા ઉત્કર્ષ સમિતિ : સ્વામિવાત્સલ્યના દિવસે કેન્સર નિદાનના ટેસ્ટ માટેના રજિસ્ટ્રેશન કેમ્પની ફળશ્રુતિ ................ ૯૭
- મહિલા ઉત્કર્ષ સમિતિ : ગરબાની જમાવટની મજા ................ ૯૮
- યુવા વિકાસ સમિતિ : નવરાત્રી કાર્યક્રમની ઉજવણીનો અહેવાલ ● આગામી કાર્યક્રમ ................ ૧૦૦
- મેરેજ બ્યુરો સમિતિ : પરિચય સંમેલનનો અહેવાલ ................ ૧૦૧
- વયસ્ક સમિતિ : સમિતિ દ્વારા તા. ૧૩-૧૦-૨૦૨૨ના રોજ ગીત, સંગીત, મહેફિલનો કાર્યક્રમ યોજાયો ................ ૧૦૨
- વયસ્ક સમિતિ : આગામી કાર્યક્રમ ................ ૧૦૩
- સમાજ દર્પણ : ★ સરનામા ફેરફાર ★ અવસાન નોંધ ★ સાભાર સ્વીકાર ................ ૧૦૫


## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો


- અંતર ................ **દિલીપ ઠક્કર** ...... ૧૬
- સુખનું લોકેશન ................ **કૃષ્ણ દવે** ..... ૫૫
- વ્હાલ ઢોળે રૂપાળું ................ **કેશુભાઈ દેસાઈ** ..... ૫૫
- એતબાર ................ **મુરજી ચાવડા 'પ્રેમ'** ...... ૬૬
- ગઝલ ................ **નીલેશ પટેલ** ..... ૮૨


*જે પોતાની નજર ધરતી પર રાખે છે એને કદી ઠોકર લાગતી જ નથી. ઠોકર તો એને જ લાગે છે કે જે ધરતીને ભૂલીને આકાશના તારા ગણવા બેસે છે! માથું નીચું જ રહેવું જોઈએ એ જ કુદરતી સ્થિતિ છે. ઈશ્વરના આશીર્વાદ એના પર ઉતરે છે કે જે પોતાનું માથું નમાવીને પ્રણામ કરે છે. ફૂલમાળા એના ગળામાં જ શોભે છે જે ધારણ કરતી વખતે પહેરાવનારા સમક્ષ પોતાનું માથું નીચું નમાવે છે.*

## મંગલ મંદિરનું લવાજમ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્થાનિકે વસવાટ કરતા તથા બહારગામના સભ્યોને વિનંતી સહ જણાવવાનું કે અનેક સભ્યોએ હજુ સુધી 'મંગલ મંદિર'ના લવાજમ ભર્યા નથી. તેઓને વિનંતી કે તેઓ પોતાના લવાજમની રકમ તાત્કાલિક સંસ્થાની ઓફિસ પર મોકલી આપે.*

**● મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ છે ●**

- *૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-*
- *૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-*
- *૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-*
- *૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-*
- *૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

- *સંસ્થાનું નામ* : શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ [Shree Kutchhi Jain Seva Samaj - Ahmedabad]
- *બેંક* : કેનેરા બેંક, પાલડી બ્રાંચ – અમદાવાદ [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- *એકાઉન્ટ નંબર* : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]
- ***IFSC** કોડ* : CNR 80017007

***રજનીકાંત પારેખ,** માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## સમાજમાં આગેવાન બનવું સહેલું નથી

સમાજની સેવા કરવી બહુ જ કઠિન કામ છે. સમાજમાં દરેક વ્યક્તિના વિચારો, પ્રકૃતિ, પરિસ્થિતિને અનુકૂળ કામ કરવા પ્રયત્નો કરવા પડે છે.

સમાજના કોઈ આગેવાન નિ:સ્વાર્થ સેવા કરતા હોય તો પણ કડવા ઘૂંટ કેટલીયવાર પીવા પડે છે. કદીક નાની ભૂલ થઈ હોય તો પણ તેવી વ્યક્તિ પર ઘણી આંગળીઓ ઉઠે છે.

એક વાત હંમેશાં યાદ રાખજો, જે સમાજ માટે કામ કરે છે તેના પર જ આંગળીઓ ઉઠે છે અને ક્યારેક તેઓ આ કારણે સેવાથી દૂર પણ થતા જાય છે.

જો આપણે સમાજ માટે કશું જ ના કરી શકતા હોઈએ તો સમાજ કાર્યકર્તાને નુકસાન પણ ના પહોંચાડીએ. જો એવી વિચારસરણી આપણામાં હોય તો સમાજ પ્રગતિ તરફ ૧૦૦ ટકા આગળ વધે છે.

સમાજના આગેવાનો સમાજ જોડેથી પગાર નથી લેતા છતાં પણ સમાજને દરેક જગ્યાએ તન, મન, ધનથી મદદરૂપ થતા હોય છે.

આજે જરૂર છે આપણા સમાજને મજબૂત કરવાની. સમાજના આગેવાનોને મદદરૂપ થાઓ અને કશું જ જો આપણાથી ના થતું હોય તો આગેવાનો જે નિ:સ્વાર્થ સેવા કરતા હોય તેમને એટલું કહો, 'અમે તમારી સાથે છીએ.'

સમાજની સેવા કરવાવાળી વ્યક્તિની કદર કરો કારણકે સમાજની અંદર પીઠ પાછળ કે સામે એ વ્યક્તિ ગાળો પણ સાંભળતો હોય છે.

તંત્રીલેખ

# ભારત દેશની પ્રગતિમાં અનેરો સહયોગ



અશોક મહેતા

*વહેતા પાણી હંમેશાં નિર્મળ રહે છે. એ જ રીતે પરિવર્તન પણ આવકાર્ય છે. સતતપણે પરિવર્તન થકી અનેક પ્રક્રિયાઓ દીપી ઉઠે છે. એક સમય હતો કે જ્યારે પ્રમીલાબેન કુરુવા મંગલ મંદિરની ધૂરા સંભાળી રહેલ હતા. ત્યારબાદ અનેક વર્ષો સુધી એ ધૂરા શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયાએ સંભાળેલ હતી. આજે નારી શક્તિના દર્શન તરીકે એ ધૂરાનો કેટલોક ભાગ ફાલ્ગુની હિરેન અને ચૌલાબેન કુરુવા પર આવેલ છે. આપણે ઈચ્છીએ કે સમાજની વધુને વધુ નારી શક્તિ આ એક વૈચારીક અને અભિવ્યક્તિની પ્રવૃત્તિમાં આવતા દિવસોમાં જોડાય કે જેથી સમાજ અનેક દિશામાં વધુને વધુ પ્રગતિ હાંસલ કરી શકે. સાથે સાથે એ પણ નોંધ લઈએ કે શ્રી મહેન્દ્રભાઈ દોશી અને શ્રી રસિકભાઈ મહેતાના ભિન્ન ભિન્ન વિભાગોના અનુભવનો લાભ 'મંગલ મંદિર'ને મળી જ રહેવાનો છે. આ અગાઉના સમયમાં શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી દિનેશભાઈ મહેતાએ 'મંગલ મંદિર'ની નાવનું સફળતાપૂર્વક સંચાલન કરેલ જ હતું. તેઓની સમગ્ર મહેનતે 'મંગલ મંદિર'ને ખૂબ જ યોગ્ય રીતે રસદાર બનાવેલ છે.*

*આપણે આવશ્યકપણે એ નોંધ લઈએ કે તાજેતરમાં જ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ભારતની આજની જરૂરિયાત મુખ્યત્વે ૩ વિભાગ એટલે કે શિક્ષણ, મેડિકલની સેવા અને કૌશલ્ય તાલીમને ગણાવેલ છે અને એ દિશામાં કામ જારી રાખવાની સહુ પ્રજાજનને અપીલ કરેલ છે.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તાજેતરમાં જ યોજાયેલ સ્નેલ મિલન સમારંભમાં ઉપસ્થિત રહેલ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મેડિકલ ક્ષેત્રની સેવાને તથા તેના કૌશલ્ય તાલીમ તરફના પગરણને ખૂબ જ સરસ રીતે બિરદાવેલ હતા અને જણાવેલ હતું કે આજના ભારતની જે મુળભૂત જરૂરિયાત છે તેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો જે સહયોગ સાંપડી રહેલ છે, તે કાબિલેદાદ છે. તેઓશ્રીએ અન્ય સમાજોને પણ તેનું આચરણ કરવા અપીલ કરેલ હતી.*

*એ જ રીતે આ સમારંભમાં ઉપસ્થિત રહેલ ગુજરાત રાજ્યની વિધાનસભાના અધ્યક્ષ શ્રીમતી નીમાબેન આચાર્યએ પણ આ સમાજની પ્રવૃત્તિઓને બિરદાવેલ હતી અને જણાવેલ હતું કે એક કચ્છી તરીકે મને તેનું ગૌરવ છે કે અમદાવાદ સ્થિત કચ્છી જૈનોની આ સંસ્થા નાત-જાતના ભેદભાવ વગર ભારત દેશની પ્રગતિમાં પોતાનો અમૂલ્ય સહયોગ આપી રહેલ છે.*

*આ તબક્કે આપણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મેડિકલ પ્રવૃત્તિની વાત કરીએ તો તે તેના પાલડી ખાતેના ૮,૦૦૦ ચો. ફૂટ જેટલા વિસ્તારના મેડિકલ સેન્ટરમાં મેડિકલ વિભાગની વિવિધ ૩૦ જેટલી બ્રાંચો દ્વારા પોતાની સેવા આપી રહેલ છે. અહીં દર અઠવાડિયે વિવિધ વિભાગના ૬૫ જેટલા કન્સલ્ટીંગ ડોક્ટર્સ તથા સુપર સ્પેશિયાલિટી વિભાગના કન્સલ્ટીંગ ડોક્ટર્સ સેવા આપી રહેલ છે. અહીં મેડિકલ વિભાગની લગભગ ૫,૦૦૦ જેટલી આઈટમોના ખૂબ જ કિફાયતી દરો જાહેર જનતા માટે નક્કી કરવામાં આવેલ છે. અહીં દરરોજની ૪૦૦ જેટલી ઓ.પી.ડી. રહે છે. અહીં એક જ રૂફ નીચે વિવિધ વિભાગની કન્સલ્ટીંગ સેવા, એક્સ-રે, સોનોગ્રાફી, ટી.એમ.ટી., પેથોલોજી લેબોરેટરી, મેમોગ્રાફી, ઇ.સી.જી., માઈનોર સર્જરી માટે ઓપરેશન થિયેટર તથા ફિઝીયોથેરાપી જેવી અનેક બ્રાંચોની સેવા પ્રાપ્ત થઈ શકે છે. આ કેન્દ્ર જાહેર જનતા માટે ખૂબ જ ઉપયોગી સાબિત થયેલ છે.*

*એ જ રીતે ૫,૦૦૦ ચો. ફૂટ જેટલા વિસ્તારમાં પથરાયેલ બોપલ ખાતેના મેડિકલ સેન્ટરની વાત કરીએ તો અહીં મેડિકલ ક્ષેત્રની ૨૨ જેટલી બ્રાંચો કાર્યરત રહેવા પામેલ છે. દર અઠવાડિયે ૪૦ જેટલા કન્સલ્ટીંગ ડોક્ટર્સ પોતાની સેવા*

આપે છે. અહીં પણ મેડિકલ વિભાગની ૫,૦૦૦ જેટલી આઈટમોના ખૂબ જ કિફાયતી દર નક્કી કરવામાં આવેલ છે. અહીં દરરોજની ૨૫૦ જેટલી ઓ.પી.ડી. રહેવા પામે છે. અહીં પણ એક જ રૂફ નીચે વિવિધ કન્સલ્ટીંગ સેવાઓની સાથે એક્સ-રે, સોનોગ્રાફી, ટી.એમ.ટી., પેથોલોજી લેબોરેટરી, ઈ.સી.જી., માઈનોર ઓપરેશન થિયેટર તથા ફિઝીયોથેરાપી સેન્ટર જેવી અનેક પ્રકારની સેવા આપવામાં આવી રહેલ છે. અહીં ફિઝીયોથેરાપી સેન્ટરનો ધાર્યા કરતા અતિ સારો પ્રતિભાવ સાંપડેલ છે. એક જ રૂફ નીચે મેડિકલની વિવિધ સેવાઓ જાહેર જનતાને ખૂબ જ અનુકૂળ રહે છે.

ઉપરોક્ત બે મેડિકલ સેન્ટરની સેવાના અનુસંધાને એક દાતાશ્રીના સંપૂર્ણ સહયોગથી જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં ત્રીજું મેડિકલ સેન્ટર પણ આ સંસ્થા દ્વારા કાર્યરત કરવામાં આવી રહેલ છે. આ સેન્ટર અમદાવાદ નજીક, ચાંગોદર ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં અને લગભગ ૩૫૦૦ ચો.ફૂટ જેટલા વિસ્તારમાં કાર્યરત કરવામાં આવનાર છે.

આ સંસ્થા દ્વારા દરેક સ્થળે મેડિકલ સેન્ટરની સાથે મેડિકલ સ્ટોર્સ પણ કાર્યરત રહે છે કે જ્યાંથી બ્રાન્ડેડ ઉપરાંત જેનરીક દવાઓ પણ પબ્લિકને કન્સેશનલ દરે પ્રાપ્ત થઈ શકે છે.

આ સંસ્થા દ્વારા હાલે ૩ ડાયાલિસિસ સેન્ટર પણ કાર્યરત રહેવા પામેલ છે. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ૧૧ મશીન, ગીતા મંદિર ખાતે ૮ મશીન અને બોપલ ખાતે પણ ૮ મશીનની કેપેસિટીવાળા અને બે શીફ્ટમાં કાર્યરત આ સેન્ટરો ચાલે છે. દરરોજના શાહીબાગ ખાતે ૨૨, ગીતા મંદિર ખાતે ૧૬ અને બોપલ ખાતે ૧૬ ડાયાલિસિસ કરવાની કેપેસિટી આ સંસ્થા ધરાવે છે.

શાહીબાગ ખાતે ૬૬ રૂમ અને પાલડી ખાતે ૨૫ રૂમની કેપેસિટીવાળા બે અતિથિ ભવન આ સંસ્થાએ કાર્યરત રાખેલ છે. તદુપરાંત શાહીબાગ ખાતે કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમ પણ વર્ષ ૨૦૧૨થી ચાલુ છે અને અનેક લોકો તે નિહાળવા આવે છે. પાલડી ખાતે ૫,૦૦૦ ચો.ફૂટનો એક સાંસ્કૃતિક હોલ પણ અનેક લોકોને ઉપયોગી થઈ રહેલ છે. બહેરામપુરા ખાતે ૪૦ ફ્લેટની આવાસ યોજના પણ આ સંસ્થા દ્વારા આજથી દસેક વર્ષ અગાઉ કાર્યરત કરી દેવામાં આવેલ છે.

આ સંસ્થાના ટ્રસ્ટ મંડળના નેજા હેઠળ વિવિધ કાર્યો માટે ૮ પેટા સમિતિઓ તથા કારોબારી સમિતિના નેજા હેઠળ ૨૩ જેટલી સમિતિઓ વર્ષ દરમ્યાન પોતાના ક્ષેત્રોમાં કાર્યરત રહી સમાજના પરિવારોને એકત્રિત રાખવામાં અને પરિવારો વચ્ચે ભાઈચારો ફેલાવવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહેલ છે. આ સમિતિઓનું લીસ્ટ આ જ અંકમાં અન્યત્ર પ્રસારિત કરવામાં આવેલ છે.

આ સંસ્થાની પ્રગતિ અનેક દાનવીરોના સહયોગથી થવા પામી છે કે જેમાં મુખ્યત્વે નવનીત, દીપ ઈન્ડસ્ટ્રીઝ, આરતી ગ્રુપ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અંજલી જ્વેલર્સ, દીપકભાઈ ભેદા, એન્કર ગ્રુપ, મૂકેશભાઈ ઝવેરી જેવા હજુ પણ અનેક દાનવીરોનો સમાવેશ થાય છે.

આ સંસ્થાનું હવે મુખ્ય ધ્યાન સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર તરફ કેન્દ્રિત થયેલ છે કે જેના દ્વારા આસિસ્ટન્ટ નર્સિંગ, એ.સી. રીપેરીંગ, વોશિંગ મશીન રીપેરીંગ, ફ્રીજ રીપેરીંગ, સીવણકામ, બ્યુટી પાર્લર, કોમ્પ્યુટરના વિવિધ વિભાગો, ગ્રાફિક ડિઝાઈન, એનિમેશન જેવા વિવિધ ક્ષેત્રે કુશળ તાલીમાર્થીઓ પેદા કરી, તેઓને પગભર કરી, સમાજમાં મોકલવાની ગણના રાખવામાં આવેલ છે કે જેથી અનેક પરિવારો પગભર થઈ શકે અને ભારતમાં ગરીબી નાબૂદીના કાર્યક્રમમાં સહયોગ આપી શકાય અને તે દ્વારા ભારત દેશ પ્રગતિ હાંસલ કરી શકે.

કૌશલ્ય વિકાસ પ્રવૃત્તિના આ કાર્યક્રમમાં આપણને બિપીનચંદ્ર જૈન પરિવાર, ચંદ્રકાંત દેઢિયા પરિવાર, નવનીત ફાઉન્ડેશન, પરિમલ જૈન સંઘ, રોટરી ક્લબ ઓફ વાસણા, સદ્‌વિચાર પરિવાર, અંબુજા ફાઉન્ડેશન અને અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર જેવા મહાનુભાવો અને સંસ્થાઓનો સહયોગ સાંપડી રહેલ છે તે આપણા માટે આનંદની વાત છે.

આવતા દિવસોમાં શક્ય હશે તો આપણે આ પ્રકારના ઓછામાં ઓછા ૩ સેન્ટર તો સ્થાપી શકીશું જ.

આશા રાખવામાં આવે છે કે આવતા દિવસોમાં સમાજ અને સમાજ બહારના અનેક મહાનુભાવોનો સાથ અને સહકાર આ સંસ્થાને સાંપડતા રહેશે.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૫૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

# દિવાળી અને બેસતા વર્ષનો અપૂર્વ મહિમા



ડૉ. કુમારપાળ દેસાઇ

જૈન ધર્મમાં દિવાળી અને બેસતા વર્ષનો એક આગવો મહિમા છે. દિવાળીની મધરાતે શ્રમણ ભગવાન મહાવીર આજના બિહાર રાજ્યના પાવાપુરી ગામમાં નિર્વાણ પામ્યા. ભગવાન મહાવીરનું બેંતાલીસમું ચોમાસુ પાવાપુરીમાં હતું. ત્રણ મહિના પૂરા થયા અને ચોથો મહિનો પણ અડધો વીતી ગયો. ત્યારે ભગવાન મહાવીરે પોતાના નિર્વાણ સમયનો સંકેત આપ્યો. ભગવાન મહાવીરના ઉપદેશોની સોળ-સોળ પ્રહર સુધી અખંડ વર્ષા ચાલી અને પછી ભગવાને વાણીયોગ અને મનયોગ પછી સૂક્ષ્મ કાય યોગને પણ વિંધ્યો અને દિવાળીની રાત એમના નિર્વાણના અલૌકિક પ્રકાશથી ઝળહળી ઊઠી. સંસારને પ્રકાશ આપનારો મહાદીપક જનસમુદાયના આંતરચક્ષુને ઉજમાળ કરીને નજર સામેથી બુઝાઈ ગયો અને ભગવાનની નિર્વાણની આ ઘડીએ દેવરાજ ઇંદ્રએ કહ્યું, 'દીપક પેટાવો, દીપાવલી રચો, પ્રભુ મહાવીર નિર્વાણ પામ્યા છે.'

આમ દિવાળીની એ રાત અનેક દીપકોથી ઝળહળી ઊઠી. ભગવાનનો નિર્વાણ ઉત્સવ રચાઈ ગયો. નિર્વાણના આગલા દિવસે એટલે કે કાળી ચૌદસે ભગવાન મહાવીરે આખો દિવસ ધર્મોપદેશ આપ્યો હતો. એમનો આ અંતિમ ઉપદેશ 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' નામના આગમગ્રંથમાં મળે છે. આજે પણ જૈન સમુદાયમાં કાળી ચૌદસ અને દિવાળીના બે દિવસો દરમ્યાન 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'નું વાંચન અને શ્રવણ કરવામાં આવે છે.

આ ઉપરાંત દિવાળીની રાત્રે ધાર્મિકજનો ભગવાન મહાવીર સ્વામીનો જાપ અને એમનું ધ્યાન ધરે છે. દિવાળીની મધ્યરાત્રીએ દેવવંદન (વિશેષ પ્રાર્થના) કરવામાં આવે છે.

આમ વિ.સં. પૂર્વે ૪૭૦ વર્ષે દિવાળીની પાછલી રાત્રે ભગવાન મહાવીરનું પરિનિર્વાણ થયું. 'જ્યોતમાંથી જ્યોત પ્રગટે' તેમ ભગવાન મહાવીરનું નિર્વાણ ગુરુ ગૌતમ સ્વામીના કેવળજ્ઞાનનું નિમિત્ત બની ગયું.

બાર અંગસૂત્રો (દ્વાદશાંગી) અને ચૌદ પૂર્વના ધારક એવા ગૌતમ સ્વામીને પોતાના નિર્વાણ સમયની જાણ હોવા છતાં ભગવાન મહાવીરે દેવશર્માને ઉપદેશ આપવા મોકલ્યા હતા. રસ્તામાં પાછા ફરતાં ગૌતમ સ્વામીને ભગવાન મહાવીરના નિર્વાણની જાણ થઈ અને ભગવાન મહાવીરના આ પરમ શિષ્યના અણુ અણુમાંથી પ્રભુના વિરહની વેદનાનું આક્રંદ જાગી ઉઠ્યું. પોતાની જાતને ગૌતમ સ્વામી વીસરી ગયા અને પ્રભુ મહાવીરને યાદ કરીને નિઃસાસા નાંખવા લાગ્યા.

આવા મહાજ્ઞાની અને મહાધ્યાની ગૌતમ સ્વામીને કોણ આશ્વાસન આપી શકે? ગૌતમસ્વામી વિલાપ કરવા લાગ્યા અને વિચાર્યું કે દીનબંધુ, કરુણાસિંધુ અને જગત ઉધ્ધારક એવા મારા ગુરુએ એમના નિર્વાણની વેળાએ જ મને શા માટે બહાર મોકલ્યો? પરંતુ એ પછી ગૌતમ સ્વામીનું ચિંતન વધુ ઊંડું થતાં એમને થયું કે ભગવાને તો એમની મારા પ્રત્યેની રાગદૃષ્ટિ દૂર કરવા માટે મને નિર્વાણ સમયે એમનાથી અળગો કર્યો અને મને જાતે જ મારા જીવનને અજવાળવાનો માર્ગ બતાવી દીધો. આવા પશ્ચાત્તાપને પરિણામે ગૌતમ સ્વામીના મોહ, માયા, મમતાનાં સઘળાં બંધન પળવારમાં તૂટી ગયા. એમનો આત્મા નિર્મળ બની ગયો અને કેવળજ્ઞાનનો દિવ્ય પ્રકાશ વ્યાપી રહ્યો.

દિવાળીની રાત્રીના એ પુણ્ય પર્વનો છેલ્લો પહોર ગૌતમ સ્વામીના કેવળજ્ઞાનથી પ્રકાશિત થયો. ગુરુ ગૌતમ સ્વામી એ દિવસે સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા. આમ, દિવાળીની રાત પ્રભુ મહાવીરના મહાનિર્વાણનું સ્મરણ કરાવે છે, તો નવા વર્ષની સવાર ગુરુ ગૌતમ સ્વામીના કેવળજ્ઞાનના દિવ્ય પ્રકાશનું સ્મરણ કરાવે છે.

દિવાળીની રાતના પાછલા પહોરે ગૌતમ સ્વામીના કેવળજ્ઞાનની આ ઘટના બની હોવાથી બેસતા વર્ષે ગૌતમ સ્વામીનો જાપ અને દેવવંદન કરવામાં આવે છે. આમ કાળી ચૌદસ, દિવાળી અને બેસતું વર્ષ – એમ ત્રણેય દિવસો આ પરમ પાવન ઘટનાને કારણે ભાવિકજનો આ સમયે ત્રણ દિવસના ઉપવાસ સહિત આરાધના કરે છે અને નૂતનવર્ષના પ્રથમ દિવસે લોકો કારતક સુદ એકમના દિવસે જ્યાં સાધુ મહારાજનો યોગ હોય, ત્યાં ધાર્મિકજનો માંગલિક સ્તોત્રો અને શ્રી ગૌતમ સ્વામીના રાસનું ગાન કરે છે. ■

*યોગી ના બની શકાય તો કંઈ નહીં*
*પરંતુ બીજાને ઉપયોગી તો બની જ રહેવું જોઈએ.*

# હૈયે વેદના - હોઠે સ્મિત!

ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ'

દિવાળી એટલે તિમિરને હટાવી, પ્રકાશનું સામ્રાજ્ય ફેલાવવાના અનેરો ઉમંગ કેરો ઉત્સવ. અજ્ઞાનના પડળ ભેદી, જ્ઞાનની જ્યોત પ્રગટાવવાનો સોનેરી અવસર.

અમો ત્રણ મિત્રો – નિષ્ણાત તબીબ મુકેશ, હોંશિયાર ઇજનેર સુધાંશુ અને હું એક સામાન્ય લેખક. કાળી ચૌદસની રાત્રિએ સ્મશાનની નીરવ શાંતિમાં ખલેલ પહોંચાડવા ભેગા થયા. દિવાળીની રાત્રિએ મહાનગર તેમજ પાસેના ગામડામાં જઈ, દિવાળીની જાહોજલાલી નિહાળતા - નિહાળતા કંઈક અનોખું કાર્ય કરવાના મનોરથ સેવ્યા.

અમારી સમાન વિચારસરણીના પરિપાક સ્વરૂપે દિવાળીની રાત્રિએ મુકેશની કારની ડિકીમાં મીઠાઈના બોક્ષ, ફટાકડા, બાળકોના રંગબેરંગી ડ્રેસ તેમજ દવાઓ લઈ, મહાનગરની વૈભવી દિવાળી જોતા જોતા આગળ વધ્યા. ચારેબાજુ રોશનીથી ઝળહળતા રસ્તાઓ, મકાનો અને મંદિરો નજરે પડ્યા. અંધકારનું નામોનિશાન નહીં. શોપિંગ મોલમાં જ્વેલરી, અવનવા ડ્રેસ, મીઠાઈ, તેમજ અન્ય કિંમતી વસ્તુઓ ખરીદવા ઉભરાતો માનવ મહેરામણ. બીજી બાજુ મજાક-મસ્તી સાથે રંગબેરંગી આતશબાજીથી ધરા અને આકાશને અવાજ તથા તેજોમય પ્રકાશથી આંજી દેવા, હજારો રૂપિયાના ફટાકડા ફોડતા બાળકો - યુવાનો નજરે પડ્યા. દિવાળી પહેલા વેપારમાં મંદીની બૂમો પાડતા વેપારીઓના વેપારમાં તેજીનો માહોલ જોવા મળ્યો. ક્યાંય ગરીબીનો પોકાર સંભળાયો નહીં, સઘળી જગ્યાએ આનંદ - પ્રમોદની હેલી વરતાઈ.

અંતે મહાનગરના સીમાડે સ્થપાયેલી ઝૂંપડપટ્ટીમાં જઈ, ગરીબોને મીઠાઈ, કપડાં અને ફટાકડાનું વિતરણ કરી, ગ્રામ્ય સંસ્કૃતિની ઝલક નિહાળવા આગળ વધ્યા.

એક નાના ગામમાં આવી પહોંચ્યા. ઇલેક્ટ્રીક દીવડાઓની કૃત્રિમ રોશનીની જગ્યાએ માટીનાં કોડિયાથી ઝગમગતા દીવડા થકી રેલાતો પ્રકાશ. મહાનગર જેવી ધાંધલ ધમાલ નહીં. કોઈ કોઈ સ્થળેથી સંભળાતા ફટાકડાના સામાન્ય અવાજો... મોટાભાગના ઘરોમાં આછેરી ચહલ-પહલ. પાદરથી સીમ તરફ જવાના રસ્તે એક નાનું માટીથી બનેલું ખોરડું જોયું. ગાડી ઊભી રાખી. ગાડીમાંથી ઊતરી જોયું તો એક આઠ-નવ વર્ષની દીકરી ઓટલે બેઠી બેઠી આકાશમાં ક્યારેક ક્યારેક ચમકતી ફટાકડાની રોશની જોઈ રહી હતી. અમોને જોઈ મીઠડો આવકાર આપ્યો. બહાર પડેલ ખાટલામાં તૂટ્યું ફૂટ્યું ગોદડું પાથરી બેસાડ્યા. પાણિયારેથી પિત્તળના ગ્લાસમાં માટલાનું શીતળ જળ લાવી પીવડાવ્યું. અમારા ત્રણેયના કોઠે ફ્રીજની બોટલના જળથી ન થાય તેવી ટાઢક થઈ.

'ઘરમાં કોઈ નથી?' એવા અમારા પ્રશ્નના જવાબમાં તેણી આછેરું સ્મિત કરી બોલી, 'મા છે ને! માંદી છે તેથી ઘરમાં સૂતી છે. મારો મોટોભાઈ મુખીના ખેતરે દાડીએ જાય છે. જી.ઈ.બી. ગામડામાં રાત્રિએ પાણી આપે છે. તેથી મુખીના ખેતરે ઊભા પાકને કૂવામાંથી પાણી સિંચવા ગયો છે.'

'તમારે જમીન ખેતર નથી?' તેવા મુકેશના સવાલના જવાબમાં તેણીએ રડમસ અવાજે કહ્યું, 'અમારે બે વિઘાનું ખેતર છે. ઓણસાલ વરસાદ ખૂબ જ ઓછો પડ્યો. ખેતરમાં કૂવો નથી. તેથી પૂરતું પાણી ન મળવાને કારણે પાક બળી ગયો. શાહુકાર પાસેથી બીયારણ અને ખાતરની રકમ વ્યાજે લાવેલ. જે પાક બળી જતાં તેનું દેવું ચૂકવી શકાશે નહીં તેવા ડર અને આઘાતથી બાપાએ આપઘાત કરી લીધો. પરિણામે દેવું ન ચૂકવી શકાય ત્યાં સુધી ખેતર શાહુકારે ગીરવી રાખેલ છે.'

'દિવાળી કેવી રહી?' સુધાંશુએ અચાનક પૂછી નાખ્યું. તેણીએ હસતા હસતા જણાવ્યું : 'ઠીક રહી. દીવડા પ્રગટાવવા કાળી ચૌદસને દહાડે ગામના લોકોએ હનુમાનજીના મંદિરે તેલ ચઢાવેલ તે ઉસરડી લાવી, દીવડા પ્રગટાવ્યા. વેપારીની દુકાનેથી ગોળ, લોટ અને તેલ ઉધાર લાવી, માએ તેની સુખડી બનાવેલ તે ખાધી. ફટાકડા ખરીદવાની ત્રેવડ જ નથી. તેથી આજુબાજુ ફૂટતા ફટાકડા જોઈ મન મનાવ્યું. બસ, આ રીતે દિવાળી ઉજવી.'

દીકરીની હૃદયદ્રાવક વાત સાંભળી અમો ત્રણેય ભીતરથી હચમચી ગયા. મુકેશે ઘરમાં જઇ તેની માંદી માને તપાસી, જરૂરી દવા ખવડાવી. સુધાંશુએ હરખભેર ફટાકડા લાવી, તેણી સાથે આતશબાજી કરી. મેં તેણીને મીઠાઈ આપી મોં મીઠું કરાવ્યું. તેણીને યોગ્ય કપડા આપ્યા. તેણી ખૂબ જ ખુશ થઈ. અમોએ વધારાની મીઠાઈ, ફટાકડા અને જરૂરી દવાઓ પણ આપી. મા-દીકરીએ હાથ જોડી અમારો આભાર માન્યો.

વહેલી પરોઢે અમે ઉમંગભરી દિવાળી ઉજવી મહાનગર પરત આવવા નીકળ્યા ત્યારે મા-દીકરીના ચહેરા ઉપર અંકિત થયેલ સ્મિત અને સંતોષની રેખાઓ થકી ઉગમણી દિશાએ નવા વર્ષનો ઉલ્લાસભર્યો ઉજાસ પથરાઈ રહ્યો હતો. શીતલ પવનની લહેરખીઓ તેમજ વૃક્ષની ઘટાએથી આવતો કોયલનો ટહુકાર મનને શાતા આપી રહ્યો હતો.

*'અંતરીક્ષ', પ્લોટ નં. ૩૯૩/૨, સેક્ટર-૩/બી,*
*ગાંધીનગર-૩૮૨ ૦૦૬. મો. ૯૮૯૮૪ ૫૩૧૭૨*

# પ્રેરણાની કેડી પર

## ચરણ-૧ :મહાવીર ધર્મના કણકણમાં માનવતાનું અમૃત ભર્યું છે

ડૉ. જિતેન્દ્ર બી. શાહ

*'મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૨૨ના અંકથી લેખનની એક સીરીઝ "પ્રેરણાની કેડી પર" શરૂ કરીએ છીએ. આશા રાખવામાં આવે છે કે વાચક વર્ગના ઝમીરને તે ઢંઢોળી શકશે.*

*અહીં આપવામાં આવેલ વિગતો રામાયણ, મહાભારત, જૈન આગમ, ટીકા, જૈન કથાનકો, ઉપનિષદ, વેદ અને જાતક કથામાંથી લેવામાં આવેલ છે. દરેક કથાનક 'જૈન પ્રકાશ'ના પ્રકાશન "પ્રેરણાનો પંથ"માંથી સાભાર લેવામાં આવેલ છે કે જેની વાચક વર્ગે નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.*

*– તંત્રી મંડળ*

### મહાવીર ધર્મના કણકણમાં માનવતાનું અમૃત ભર્યું છે

ભગવાન મહાવીર કોશામ્બી નગરીમાં પધાર્યા છે. આહાર (ગોચરી) લેવા માટે અભિગ્રહ ધારણ કર્યો છે. દાસી બનેલી રાજપુત્રી યાતના વેઠતી હોય, યાતનાના ચિહ્નરૂપે હાથે - પગે બેડી, માથું મુંડાવેલું હોય, ભોંયરામાં બંધ, ત્રણ દિવસની ભૂખી, સુપડામાં અડદના બાકુળા, આંખમાં આંસુ આદિ તેર બોલનો પ્રભુને અભિગ્રહ છે.

ભગવાને કોઈ રાજકારણી કે શ્રેષ્ઠીપુત્રીના હાથે આહાર લેવાનો અભિગ્રહ કેમ ન કર્યો? આવી તિરસ્કૃત વ્યક્તિના હાથે આહાર લેવાના અભિગ્રહ પાછળ ભગવાનની કરુણાબુદ્ધિ હતી.

એ સમયમાં દાસત્વ પ્રથા હતી. એ પ્રથા દ્વારા નર-નારીનું શોષણ અને અમાનવીય ક્રૂર વ્યવહાર ચાલતો હતો.

ભગવાન મહાવીરના અંતરમાં દાસપ્રથા શલ્યની જેમ ખૂંચતી હતી. માટે જ તેમણે આવો અભિગ્રહ કરેલો. મહિનાઓ સુધી ગોચરી ન મળતાં દીર્ઘ તપસ્વી બનતા જતાં હતાં.

રાજપુત્રી ચંદના પરિસ્થિતિવશ ધનાઢ્ય શેઠને ત્યાં દાસી થઈ ખરીદાઈને આવી હતી. પાંચ માસ અને પચ્ચીસ દિવસના ઉપવાસી પ્રભુ ગોચરી માટે ધનાવહ શેઠને આંગણે પધાર્યા. મકાનના પાછળના ભાગમાં ભોંયરામાં દ્વાર પાસે યુવાન દાસી ચંદના, મુંડિત મસ્તકે, હાથે પગે બેડી, હાથમાં સુપડું લઈ, બાકુળા વહોરવા, કોઈ સંતની રાહ જોતી ઊભી છે. પ્રભુએ એક દૃષ્ટિ આ દાસી પર નાખી – પાછળ ફરવા પગ ઉપાડ્યા. તેને પાછા જતાં જોઈ ચંદનાની આંખમાં આંસુ આવ્યા. પ્રભુએ જરા પાછું વળીને જોયું. ચંદનાની આંખમાં આંસુ જોયા. પ્રભુના તેરબોલનો અભિગ્રહ પૂર્ણ થતાં ગોચરી વહોરાવી. ચંદનાને દીક્ષા આપી - શિષ્યા બનાવી. સમગ્ર રાજ્યમાં દાસીપ્રથા દૂર કરવા રાજાને પ્રેરણા આપી.

સમ્રાટ ચંડપ્રદ્યોતે કોશામ્બી પર ચડાઈ કરી. કૌશામ્બીનો પરાજય અને તેના સમ્રાટ શતાનિકનું મૃત્યુ થયું. શતાનિકની પત્ની રાણી મૃગાવતીના રૂપ પર ચંડપ્રદ્યોત પાગલ બન્યો. ભગવાને કોશામ્બીમાં પધારી ચંડપ્રદ્યોતને ધર્મદેશના સંભળાવી મૃગાવતીને ચંડપ્રદ્યોતથી મુક્તિ અપાવી.

લડાઈ થઈ હોય તે સ્થળ રૂધિર અને માંસથી ખરડાયેલું હોય, યુદ્ધભૂમિમાં પાદવિહાર કરી સાધુએ જવું કેટલું યોગ્ય? અહીં દોષ કે અશાતાનો પ્રશ્ન નથી. અહીં ભગવાન મહાવીરની પ્રબુદ્ધ કરુણા સામાજિક ચેતનાના વિકાસનું પ્રેરક બળ બની એક નારીના શીલનું રક્ષણ કરે છે.

એકવાર રાજા શ્રેણિકને તેની પત્ની ચેલણા પ્રતિ શંકા ઊભી થઈ. સ્ત્રી જાતિ પ્રત્યેની નફરતને કારણે સમગ્ર અંતઃપુર અને તમામ રાણીઓને આગ લગાડી ભસ્મીભૂત કરવાનો આદેશ આપ્યો. વહેમના વમળમાં ફસાયેલા સમ્રાટને ભગવાને સંબોધન કર્યું, હે મહારાજ, ચેટકની સાતે પુત્રીઓ સતી સ્ત્રી છે, રાણી ચેલણા પવિત્ર છે. તારો ક્રોધ અને વહેમ ભયંકર અનર્થને આમંત્રણ આપી રહ્યો છે, ને સમ્રાટ શાંત થયા.

ભગવાન મહાવીર જ્યાં વિચરતા હતા તેની બાજુના ગામમાં અછંદક નામે એક પાખંડી પોતાની શક્તિઓનો દુરુપયોગ કરી ભોળી પ્રજાને છેતરતો હતો અને અંધશ્રદ્ધા તરફ દોરતો. આ સાંભળી ભગવાનનું હૃદય દ્રવી ઉઠ્યું. તે વિહાર કરી અને જે ગામમાં અછંદક હતો ત્યાં પહોંચી ગયા. મહાપુરુષો પોતાની પ્રસિદ્ધિ કે સુખ માટે કદી લબ્ધિપ્રયોગ કરતા નથી, પરંતુ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૯ ઉપર)

# સ્યાત્ વાદ અને અનેકાંત વાદ



ડૉ. કાન્તિ ગોર 'કારણ'

જૈન ધર્મે માનવજાતના કલ્યાણ માટે અનેક ઉત્તમ વિચાર આપ્યા છે : અહિંસા, અપરિગ્રહ અને અનેકાંત વિચારધારા. અહિંસાને માનવજાત અપનાવે તો અનેક યુદ્ધ અને નાના નાના કલહ અટકી જાય અને શાંતિનું સામ્રાજ્ય સ્થપાઈ જાય. જો અપરિગ્રહને અપનાવે તો ગરીબાઈ અને અછત જેવું કંઈ ન રહે. સંગ્રહખોરી ન રહે તો બધાને બધું મળી રહે, તો પછી ચોરી અને લૂંટફાટ ન થાય. અરે, ન્યાયાલયોની પણ જરૂર ન રહે. પછી યુદ્ધનું પણ કોઈ કારણ જ ન બચે. એવી જ રીતે જો અનેકાંત વિચારધારાને સમજી લેવાય તો વિવાદ અને વિખવાદને બદલે સર્વત્ર ન્યાય અને સમજણનું આધિપત્ય વ્યાપી જાય.

અનેકાંત વિચારધારાને સમજવા માટે સ્યાત્ વાદ અને અનેકાંતને સાથે સમજવા પડે, કારણકે બંને એકબીજાના પૂરક છે.

સત્યને પામવા ઇચ્છનારે પોતાના મનને ખુલ્લું રાખવું પડે અને કોઈ બાબતને માત્ર એક જ દૃષ્ટિકોણથી ન જોતાં બધી બાજુએથી તપાસવી પડે. આવું કર્યા પછી મન બધું જ સમજાઈ ગયું છે એવું માની લેવાનું સત્યશોધકને કે જીવનના શોધકને ન પાલવે. આ સ્યાત્ વાદમાં મુળભૂત ત્રણ બાબતો રહેલી છે : (૧) કંઈ પણ હોય, (૨) કંઈ ન પણ હોય, (૩) વાણી દ્વારા ન વર્ણવી શકાય તેવું પણ હોય.

આ ત્રણેય બાબતોનું મિશ્રણ કરવાથી સાત વિકલ્પ મળે છે, જેને 'સપ્તભંગી' કહેવામાં આવે છે. આ સાત વિકલ્પ આ પ્રમાણે છે : (૧) કંઈ પણ હોય, (૨) એ ન પણ હોય, (૩) હોય અને ન પણ હોય, (૪) વર્ણવી ન શકાય તેવું હોય, (૫) હોય અને વર્ણવી ન શકાય તેવું હોય, (૬) ન પણ હોય અને વર્ણવી ન શકાય તેવું હોય, (૭) હોય કે ન હોય પણ એને વળી વર્ણવી ન શકાય તેવું હોય.

કોઈ પણ પરમ રહસ્યને સમજવા માટે વિચારક પાસે ખુલ્લું મન અને નમ્રતા ન હોય તો ઘણું ન સમજાય. એક ઉદાહરણ જોઈએ.

ફળ ઝાડ પરથી નીચે પડે તે ઘટનાની બાબતમાં અનેક પ્રશ્નો સંભવી શકે. કેટલાક પ્રશ્નો આવા હોઈ શકે : (૧) શું ફળ પાકી ગયું તેથી પડ્યું? (૨) શું ફળ ગુરુત્વાકર્ષણને લીધે પડ્યું? (૩) શું એની ડીંટી સડી ગઈ તેથી પડ્યું? (૪) તડકે સૂકાઈ ગયું તેથી પડ્યું? (૫) શું પવનના ઝપાટાને કારણે પડ્યું? (૬) ઝાડની નીચે ઊભેલા ભૂખ્યા છોકરા માટે પડ્યું હશે?

પૂર્ણ સમજણ અને અભ્યાસ વિના આમાંથી કોઈ પણ નિર્ણય પર ન આવી શકાય.

સ્યાત્ વાદને સમજવાનું સરળ ઉદાહરણ એ સાત આંધળાઓ અને હાથીની વાર્તા છે. જે જાણીતી હોવાથી વાત નથી કરતો, પણ દરેક વ્યક્તિની શારીરિક માનસિક મર્યાદા હોય, એને જેટલું સમજાય કે દેખાય તે ખોટું નથી હોતું, પણ એ અધૂરું હોય છે. જે આંધળાના હાથમાં હાથીનો કાન આવે એને હાથી સુપડા જેવો લાગે. તે વ્યક્તિ ખોટી નથી પણ તેનું દર્શન અધૂરું છે. તેની સમજણ અધૂરી છે.

સ્યાત્ વાદ અને અનેકાંત વિચારધારા એકબીજાની પૂરક છે. સ્યાત્ વાદમાં તમામ શક્યતાઓનો તર્ક પૂર્ણ સ્વીકાર છે અને અનેકાંત વિચારધારામાં ખુલ્લા મનનો અને સર્વદિશીય વિચારનો સ્વીકાર છે. બંનેમાં સત્યની શોધ માટે જરૂરી એવી નમ્રતા અને ખુલ્લા મનની પ્રતિષ્ઠા છે.

અનેકાંતવાદ એ મનની વિશાળતા અને અહંકારની શૂન્યતાને સંકોરનારી વૃત્તિ છે. એને સમજવા માટે કેટલાક વિધાનો સત્યના ઉપાસકે યાદ રાખવા જેવા છે. કોઈ પણ ચર્ચા અને વિચારને કે ઘટનાને સમજવા માટે અહીં આપેલા વિધાનનો સંદર્ભ સમજીને એને અપનાવી શકાય.

- ☞ મને લાગે છે કે તમારી વાત વિચારવા જેવી છે.
- ☞ કદાચ મારી ભૂલ થતી હોય એવું બનવાજોગ છે.
- ☞ મારી વાત તમારે ગળે નહીં ઉતરે તો ન સ્વીકારતા.
- ☞ તમારી સાથે હું સંપૂર્ણ સંમત નથી પણ તમારો મુદ્દો મને સ્પર્શી ગયો છે.
- ☞ તમારી વાત હવે મને થોડી થોડી સમજાય છે.
- ☞ હું ખોટો હોઈ શકું. તમે ખરા હોઈ શકો.
- ☞ હું અત્યારે તમને ખાતરીપૂર્વક કંઈ ન કહી શકું કારણકે મેં એ બાબતમાં બંને બાજુની ચકાસણી કરી નથી.
- ☞ અત્યારે તેઓ ગેરહાજર છે. તેથી એકવાર એમને સાંભળ્યા પછી જ કોઈ નિર્ણય પર આવી શકાય.
- ☞ માત્ર સાંભળેલી વાત પરથી અભિપ્રાય આપી દઈએ તો

કદાચ એમને અન્યાય થશે.

☞ કોર્ટનો ચુકાદો ન આવે ત્યાં સુધી એમને સજ્જન માનીને ચાલીએ. અફવાને કે આક્ષેપને સત્ય માની ન શકાય.

☞ મને તમે એકવાર બરાબર સાંભળી લો. પછી તમને લાગે કે હું સજાને પાત્ર છું તો મને સજા કરજો.

☞ મને લાગશે કે તમારી વાત સાચી છે અને મારી વાત ખોટી છે, તે ક્ષણે હું તમારી માફી માંગીશ.

☞ તમને મારાથી જબરો અન્યાય થઈ ગયો. હવે ભૂલ નહીં થાય. હું ક્ષમાપ્રાર્થી છું.

☞ મારી વાત સાચી, પણ તેથી હું ફૂલી જવાનો નથી. આ મારો વિજય નથી, સત્યનો વિજય છે.

☞ મારે એમની સાથે મતભેદો ઘણા છે પણ એમની પ્રામાણિકતા શંકાથી પર છે. એમના પર અપ્રામાણિક હોવાનો આક્ષેપ થાય તો હું એમનો બચાવ કરવા તત્પર રહીશ.

અનેકાંતવાદ કહે છે, મેં જે જોયું તે મારું સત્ય ખરું, પરંતુ તમે જે જોયું તે પણ વિચારવાને યોગ્ય છે. તું જો મને તારું સત્ય ગળે ઉતારી શકે તો હું ખુલ્લા મનથી તેના પર વિચાર કરવા તત્પર છું અને જો મને પરિવાર વાજબી લાગે તો તે સત્યનો સ્વીકાર કરવામાં મારા અહમને વચ્ચે આવવા દઈશ નહીં.

એક સરળ લૌકિક ઉદાહરણ દ્વારા આપણે આ અનેકાંત વિચારધારાને સમજીએ.

ધારો કે એક બાવીસ વર્ષની નવવધૂ છે. એનો પિતૃપક્ષ એને દીકરી કહેશે અને શ્વસુરપક્ષ એને પુત્રવધૂ કહેશે. હવે જો પિતૃપક્ષ એમ કહે કે, 'આ દીકરી જ છે, પુત્રવધૂ નથી' અને શ્વસુરપક્ષ એમ કહે કે, 'આ પુત્રવધૂ જ છે, દીકરી નથી' તો એ એકાંતવાદ થયો અને એ અન્યના મતનો સમન્વય ન કરતો હોવાથી ગલત ઠરશે. આના મુકાબલે અનેકાંતની વિચારસરણી ધરાવનાર વ્યક્તિ બંને પક્ષના કથનનો સમન્વય કરતાં આમ કહેશે કે, 'એ યુવતી પિતૃપક્ષની અપેક્ષાએ દીકરી છે અને શ્વસુરપક્ષની અપેક્ષાએ પુત્રવધૂ છે. એથી અમુક અપેક્ષાએ એ દીકરી પણ છે અને અમુક અપેક્ષાએ પુત્રવધૂ પણ છે.' સ્પષ્ટ જ જણાશે કે અન્યોના અભિપ્રાયોનો આ રીતે સમન્વય કરનાર અનેકાંતની વિચારસરણી ધરાવનારનું કથન જ સાચું છે.

અનેકાંતવાદ એ કોઈ વાદ નથી પણ સત્યને સ્વીકારવા માટેની સાચી દિશા સૂચવવા માટેનું માર્ગદર્શન છે. એક સ્વસ્થ ચિંતન છે. માણસે પોતાના હઠાગ્રહો અને પૂર્વગ્રહોને છોડીને મુક્ત મને સત્ય અને સૌના કલ્યાણને માટે કેમ વર્તવું જોઈએ તેની માર્ગદર્શિકા છે. સફળતાથી જીવનને જીવીને આત્મકલ્યાણને માર્ગે આગળ વધવાને પ્રેરતી દીવાદાંડી છે. હું જૈન દર્શનનો અભ્યાસુ નથી પણ વિદ્યાર્થીભાવે આ લખ્યું છે. ■

## કરકસર એ કંજુસાઈ નથી અને ઉડાઉપણું એ ઉદારતા નથી!

તાજી પરણીને સાસરે આવેલી શ્રીમંત ઘરની નવવધૂ, એના પીયરમાં જેમ શ્રીમંતાઈ હતી એમ સાસરે પણ અઢળક શ્રીમંતાઈ હતી. પરંતુ લગ્નના ત્રીજા જ દિવસે શ્વસુરગૃહે એણે જે દૃશ્ય નિહાળ્યું એનાથી એ આઘાતથી સ્તબ્ધ બની ગઈ.

બન્યું હતું એવું કે તૈયાર થઈને બહાર જવા ડગ માંડી રહેલા સસરાજીએ તેલની શીશીમાંથી તેલના બે બુંદ ઢોળાતા જોયા અને એમણે તુરત આંગળીથી એ બુંદ ઝીલી લઈને પોતાના બુટ પર ઘસી નાખ્યા. નવવધૂને ક્ષણભર વિચાર આવી ગયો કે જ્યાં ઘરની મુખ્ય વ્યક્તિ જ આવી કંજુસાઈ કરતી હોય એ ઘરમાં મારાથી બરદાસ્ત કેવી રીતે થશે?

આ વિચારનું પારખું કરવા નવવધૂએ એક ગણતરી પૂર્વકની યોજના કરી. એ મુજબ સાંજ પડતા જ અસહ્ય શિરઃશૂળ – ભયંકર મસ્તક વેદનાનો એણે દેખાવ કર્યો. વેદનાની ચીસો તો એવી ઉઠતી હતી કે જાણે હમણાં જ પ્રાણ નીકળી જશે. સમગ્ર પરિવાર ચિંતાતુર થઈ ગયો.

સસરાએ મોટા મોટા વૈદરાજો તેડાવ્યા. પણ રોગ પકડાય તો સારવાર કરી શકાયને? સહુ નાકામિયાબ નીવડવા લાગ્યા. વેદના અને ત્રાસ જોયો ન જાય એવો થતો ગયો.

એવામાં સસરાએ નવવધૂને પૂછ્યું, 'વહુ બેટા, પીયરમાં આ તકલીફ ક્યારેય થઈ હતી ખરી? અને થઈ હોય તો કયા ઉપાયથી એ શમી જતી હતી?'

નવવધૂએ નાટક જારી રાખીને વેદનાથી કણસતા કહ્યું, 'પિતાજી, પીયરમાં બે વાર આવી વેદના થઈ હતી ખરી અને ત્યારે સાચા મોતીઓ વાટીને તેનો લેપ મસ્તકે લગાવવાથી એ પીડા શમી હતી.'

'પણ અહીં તો એ ક્યાંથી બને?'

સસરાએ તરત જ કહ્યું, 'વહુ બેટા, એની ચિંતા તમે ન કરો. ઉપાય મળી ગયો છે, તો હમણાં જ એનો અમલ થશે.' અને ખરેખર સસરાએ લાખો રૂપિયાની કિંમતના એકેક મોતી મંગાવીને તેને ખાંડવાની તૈયારી પણ કરાવી લીધી.

પારખુ થઈ ગયું હોવાથી વિચક્ષણ નવવધૂએ નાટકને નવો વળાંક આપી દઈ એકાએક રોગ ગાયબ થયાનો દેખાવ રચી દીધો. પરિવારમાં પુનઃ આનંદ છવાઈ ગયો.

કરકસર એ ચીજ છે કે જેમાં બિનજરૂરી હોય ત્યારે તેલનો પણ વેડફાટ ન હોય અને જરૂરિયાત હોય ત્યારે મહામૂલા મોતી વાટવામાંય ખચકાટ ન હોય.

***<u>સાર</u> : કરકસર એક કળા છે. કરકસર એ કંજુસાઈ નથી અને ઉડાઉપણું એ ઉદારતા નથી.*** ■

# એક નવી જ ગરીબીનો સામનો કરવાનો આવ્યો છે!



હરેશ ધોળકિયા

મનુષ્યના જીવનના પાયામાં છે "પ્રેમ." તેની બધી જ પ્રવૃત્તિઓ અથવા તો સઘળું જીવન, આ પ્રેમના બળ પર ચાલે છે. જો માણસ પ્રેમને બરાબર સમજી જાય અને તેનો યોગ્ય ઉપયોગ કરતાં શીખી જાય, તો તેનું જીવન ધન્ય બની જાય.

પણ મહત્તમ મનુષ્યોની તકલીફ એ છે કે તેઓ મહદ્ અંશે બિનતાલીમી મન ધરાવે છે. તેમને, તેઓ મોટા થતા હોય છે તે દરમ્યાન, આ બાબતની યોગ્ય તાલીમ આપવામાં આવતી નથી. તેમને કેમ સાચી રીતે વિચારવું, કેમ વિવેકપૂર્ણ નિર્ણયો લેવા, તે શીખવવામાં આવતું નથી. મોટાભાગે તેમને આવેશની જ તાલીમ આપવામાં આવે છે. પરિણામે તેમની બુધ્ધિ શુદ્ધ રીતે કામ કરી શકતી નથી. તેઓ બુધ્ધિપૂર્વક નિર્ણય લઈ શકતા નથી. તેઓ સતત આવેશથી દોરવાયા કરે છે. પરિણામે તેઓ આ આવેશને વશ થઈ જાય છે, તેના ગુલામ થઈ જતા હોય છે.

પ્રેમ બાબતે પણ આવું જ છે. જો પ્રેમનો યોગ્ય ઉપયોગ કરતાં આવડે તો માણસ ધન્ય થઈ જાય છે, પણ જો તે પ્રેમનો યોગ્ય ઉપયોગ કરતાં ન જાણે અને આવેશને જ પ્રેમ માની લે, તો આ પ્રેમ "રાગ" બની જાય છે. 'રાગ' એટલે મોહ. પ્રેમના માધ્યમના ગુલામ થઈ જવું. પ્રેમ જ્યારે રાગ બને છે ત્યારે તે પ્રેમ વ્યક્તિ, વસ્તુ કે ઘટનાની ગુલામ થઈ જાય છે. ક્યારે તેનો યોગ્ય ઉપયોગ કરવો તે ન જાણતાં તે વ્યક્તિ તેની ગુલામ બની જાય છે અને તેનું તેને વળગણ થઈ જાય છે. આ વળગણ તેને સતત હેરાન કરે છે. ક્યારેક તેને ખ્યાલ પણ આવે છે કે આ વિવેક નથી, વળગણ છે, તેને છોડવું જોઈએ, પણ તે પરવશ થઈ ગયેલ હોવાથી તેને છોડી શકતી નથી અને ગુલામની જેમ તેને વળગી રહે છે.

વર્તમાનમાં આ બાબત જોવી હોય તો લોકોમાં મોબાઈલ બાબતે જે વળગણ થઈ ગયું છે તે તપાસવા જેવું છે. દર દસ વ્યક્તિએ નવ વ્યક્તિ મોબાઈલની ભયાનક ગુલામ થઈ ગઈ છે. તેના દિવસનો મહત્તમ હિસ્સો આ મોબાઈલ લઈ જાય છે. તેને કારણે તે બીજા કોઈ, ક્યારેક તો બહુ જ મહત્ત્વના કામો કરી શકતી નથી. અરે, રાતે બરાબર ઊંઘ પણ લઈ શકતી નથી. વ્યવસ્થિત રીતે ભોજન પણ લઈ શકતી નથી. લોકો સાથે ભળી શકતી નથી. કોઈ કામ નક્કી કરે તો તે પૂરું પણ કરી શકતી નથી. તેનો હાથ અને આંખ મોબાઈલ પરથી હટતાં જ નથી.

મનોવિજ્ઞાનીઓ આને "માણસની જોખમી પળ" નામ આપે છે. આની ભયાનક અસર કોઈ બાબત પર પડી હોય તો તે વ્યક્તિની એકાગ્રતા પર પડી છે. દિનપ્રતિદિન લોકોની – ખાસ કરીને યુવા વર્ગની – ભવિષ્યના નાગરિકોની – એકાગ્રતા નબળી પડતી જાય છે. મનોવિજ્ઞાનીઓ તેને "એકાગ્રતાની ગરીબાઈ"કહે છે. તેના આંકડા આપણે જોઈએ તો ચકિત થવા સાથે હચમચી જવાય. થોડા તપાસીએ.

અભ્યાસીઓ કહે છે કે નવી સદી શરૂ થઈ (૨૦૦૧થી) ત્યારથી યુવાનોની માસિક ટેક્સ્ટ મેસેજની સંખ્યા વધીને આજે ૩૪૧૭ થઈ ગઈ છે. એક દિવસના કેટલા મેસેજ થયા? ૧૧૪ મેસેજ! જાગૃત સ્થિતિના દસ કલાક! એક વ્યક્તિ લખે છે કે તેણે તેના કેટલાક સગાસંબંધીઓની એક દિવસ મુલાકાત લીધી. તો બધાના હાથમાં મોબાઈલ હતા. આ વ્યક્તિ આ બધાનાં કેવળ માથાનાં ઉપલા ભાગ જ જોઈ શકતી હતી. બધાના મસ્તક નીચા હતાં. તેઓ સતત તેમનો આઈ ફોન તપાસતા હતા, તેમાં કોઈએ મોકલેલ ટેક્સ્ટ મેસેજ વાંચતા હતા. ફેસબુક પર શું નવું આવ્યું હતું તે તપાસતા હતા અથવા કોઈ વીડિયો ગેમ રમતા હતા! આસપાસ શું બનતું હતું તે બાબતે તેઓ તદ્દન અજ્ઞાત હતા. સાથે અન્ય સાથે કેમ પ્રત્યાયન કરવું તે પણ જાણતા ન હતા.

અભ્યાસીઓ કહે છે કે આજનાં બાળકો એક તદ્દન નવી જ વાસ્તવિક્તામાં ઉછરી રહ્યાં છે જ્યાં તેઓ મશીનો સાથે વધારે સંપર્કમાં રહે છે અને તેમનો લોકો સાથેનો સંપર્ક ઘટતો જાય છે. આ બાબત અનેક કારણોસર મુશ્કેલી ઊભી કરે તેવી ઘટના બની રહી છે. બાળકો જ્યારે મોટાં થતાં હોય છે ત્યારે તેમનો સામાજિક અને સાંવેગિક વિકાસ જ્યારે તેઓ અન્ય લોકો સાથે હળેભળે છે અને વાતચીત કરે છે તેના પરિણામે જ થાય છે. આ પ્રત્યાયનથી જ તેનું મગજ ઘડાય છે. બાળકો જેટલો ઓછો સમય લોકો સાથે ગાળશે અને જેટલો વધારે સમય ડિજીટલ પડદા સામે જોઈ પસાર કરશે, તેટલો તેનો માનસિક વિકાસ ઓછો થશે.

બાળકનું સતત ડિજીટલ મશીનો સાથેનું રોકાણ લોકોના સંપર્કના ભોગે થાય છે. તે લોકો સાથે જ સતત ભળે તો જ તે ભાષા કે મૌખિક ભાષા શીખી શકે છે. અવ્યક્ત સંદેશાઓ

કેમ વાંચવા તે શીખી શકે છે. આ નવી પેઢી કદાચ કીબોર્ડ સાથે ઉત્તમ રીતે રમત કરી શકે છે, પણ જ્યારે ચહેરાઓના ભાવો પકડવાનો કે વાતો કરવાનો મુદ્દો ઊભો થાય છે ત્યારે તેઓ મૂઢ અને મૂંગા બની જાય છે. આ કારણે જ્યારે તેઓ ટેક્સ્ટ કરતી વખતે એકાદ પળ થોભે છે અને મસ્તક ઊંચું કરીને કોઈ સામે જુએ છે, તો એ ચહેરાઓ પરના આનંદના, વિસ્મયના, દુઃખના ભાવો પકડવામાં તદ્દન નિષ્ફળ જાય છે કારણકે હજી તો ભાવ પકડવા જાય, તે પહેલાં તો બીજો મેસેજ આવી ગયો હોય છે, જે જોવામાં તે મશગુલ બની જાય છે.

આજના યુવાનો તેમનો મોટાભાગનો સમય વર્ચ્યુઅલ જગતમાં વિતાવે છે. તે સતત ટ્વિટ્સ, સ્ટેટસ અપડેટ, જમવા સમયના ફોટા મોકલવામાં વ્યસ્ત રહે છે. આને પરિણામે જે થોડી પળો પણ તે નવરો પડે છે, તે પળોમાં તે ભયાનક એકલતાનો અનુભવ કરે છે. આ યુવાનો એકબીજા સાથે થોડો સમય વાતો કરવામાં પણ મુશ્કેલી અનુભવે છે. લાંબી, ઊંડાણભરી, બુધ્ધિને સમૃધ્ધ કરતી વાતો કે ચર્ચા કરવાનો તો કોઈ સવાલ જ હોતો નથી. આ ગુલામીથી તે દૂર થઈ શકતો નથી. તેથી તે જન્મ દિવસ, પાર્ટી, મિત્રો સાથે હરવું ફરવું, ચર્ચાઓ કરવી, સંગીતનો કાર્યક્રમ વગેરે માણી શકતો નથી. કદાચ એ ત્યાં જાય તો પણ આ બધા વચ્ચે તે સતત મોબાઈલમાં જ જોયા કરે છે.

કદાચ આ લોકો દલીલ કરે કે આ મશીનોના કારણે તેઓ વિશિષ્ટ કુશળતાઓ શીખે છે. સંભવ છે, સાચી વાત છે, પણ અગત્યની બાબતો, જેવી કે વડીલો કે મિત્રો સાથે આરામથી બેસવું, શાંતિથી વાતો સાંભળવી, વાર્તાઓ વાંચવી, કોઈ સર્જનાત્મક કામ કરવું, કશુંક શીખવું, કોઈ કામ નિરાંતે કરવું અને પૂરું કરવું વગેરે કરી શકતા નથી. એક તો તે માટે તેમના પાસે સમય જ નથી, બીજું તે કરવા જેટલી ધીરજ નથી. ત્રીજું, મોબાઈલ જોયા સિવાય તેમને બીજી કોઈ ઈચ્છા હોતી જ નથી. તેમનું સંપૂર્ણ ધ્યાન – ફોકસ – માત્ર ને માત્ર આ ફોન પર જ હોય છે. પરિણામે જરૂરી માનસિક કુશળતાઓ તેઓ શીખી શકતા નથી.

એક આઠમા ધોરણની શિક્ષિકા લખે છે કે વર્ષો સુધી તેના વર્ગના વિદ્યાર્થીઓ પુસ્તકો રસથી વાંચતા હતા. પણ હવે આ જ બાળકોને, ફોનના વળગણમાં ફસાયા હોવાથી, આ પુસ્તકો વાંચવાની ઉત્તેજના થતી નથી. અરે, સૌથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ પણ શાંતિથી વાંચી શકતા નથી કે સાંભળી શકતા નથી. સાંભળવાની દરેક પળે તેઓ ફોન જોયા કરે છે. તેઓ ફરિયાદ કરે છે કે વાક્યો ખૂબ અઘરા છે. એક પાનું વાંચતા તો તેઓ હાંફી જાય છે. આનું કારણ, તે માને છે કે, બાળકો સતત જે ટૂંકાં અને ગરબડિયાં વાક્યો ધરાવતા સંદેશા જોયા કરે છે તેના કારણે તેઓ થોડાં લાંબા વાક્યો વાંચવા સમર્થ બની શકતા નથી. કોઈ પુસ્તકનું એક પાનું વાંચતાં તો થાકી જાય છે. તે દરમ્યાન પાંચેક વાર ઓનલાઈન જવાની તડપન થાય છે. તે કહે છે કે એક વિદ્યાર્થીએ નીચું મસ્તક કરી તેની સામે કબૂલાત કરી હતી કે તેણે આખું વર્ષ લગભગ એક હજાર કલાક વીડિયો ગેમ્સ રમવામાં વેડફયા હતા. (આ 'વેડફયા હતા' શબ્દ શિક્ષિકાનો છે, વિદ્યાર્થીને અનુભવ એવો નથી લાગ્યો!) તે કહે છે કે એક અલ્પ વિરામ જેવો નાનો મુદ્દો શીખવા પણ તેને નાકે દમ આવી જાય છે.

અભ્યાસીઓ કહે છેકે કોરિયા, વિયેટનામ, ભારત, તાઈવાન જેવા જે નવા નવા દેશો સમૃધ્ધિ તરફ જઈ રહ્યા છે તેના યુવાનોની સ્થિતિ તો વધારે ખરાબ છે. તેના યુવાનો તો મહત્તમ સમય ગેમિંગ, સોશીયલ મીડિયા, વર્ચ્યુઅલ રીયાલીટી જેવાં ઈન્ટરનેટનાં વળગણોમાં ભયાનક ફસાઈ ગયા છે. તેના પરિણામે આરોગ્યની સમસ્યાઓ ઊભી થઈ ગઈ છે. યુવાનો એકલતાનો ભોગ બની રહ્યા છે. થોડી વાર પણ નવરા પડે છે તો મૂંઝાઈ કે ગભરાઈ જાય છે જે તેમને હિંસક બનાવે છે. સહનશક્તિ શૂન્ય થઈ ગઈ છે. અમેરિકાના આઠથી અઢાર વર્ષના તરુણોના આઠ ટકા આ વળગણના કારણે હોસ્પિટલોમાં મનોવૈજ્ઞાનિક સારવાર લઈ રહ્યા છે. તેમના મનની સ્થિતિ દારૂડિયાઓ કે ડ્રગ લેનારાઓ જેવી થઈ ગઈ છે. આપણે ક્યારેક વાંચીએ છીએ કે તેઓ આખી રાત મોબાઈલમાં ફસાયેલા રહે છે અને આખો દિવસ સૂતા રહે છે. તેઓ ભાગ્યે જ નહાય છે કે ભોજન લે છે. આ બાબતે જો તેમનાં કુટુંબીજનો અટકાવવાનો પ્રયાસ કરે છે તો તેઓ હિંસક બની તેમને મારવા પણ તૈયાર થઈ જાય છે.

આનું ભયંકર પરિણામ એ આવ્યું છે કે લોકોની એકાગ્રતાની તાકાત બહુ જ ઓછી થઈ ગઈ છે. અરે, જાહેરાતની કંપનીઓ પણ ફરિયાદ કરે છે કે આગળ તેમની જાહેરાતો એક મિનિટ ચાલતી હતી તો પરિણામ જોવા મળતું હતું, પણ હવે તો અડધી મિનિટથી થોડી વધારે લાંબી જાહેરાત ચાલે તો લોકો જોતા નથી. તેમનું ધ્યાન ભટકી જાય છે. તરત મોબાઈલ જોવામાં વ્યસ્ત થઈ જાય છે. આ બધાના કારણે તેની મનોદશા એવી થઈ જાય છે, 'જે થતું હોય તે થવા દો. મને કશાની પડી નથી.'

એટલે જ નોબેલ ઇનામ વિજેતા હર્બર્ટ સાઇમન લખે છે કે, 'આજે જે માહિતીનો વિસ્ફોટ થયો છે તેણે એકાગ્રતાની ભયાનક ગરીબી સર્જી છે.'

આના પરિણામે આવનારા સમયમાં સંશોધનો, સર્જનાત્મક કાર્યો વગેરેને જબરી ખોટ જશે તેવો સંભવ છે. એ પણ સંભવ છે કે આવનારા સમયમાં એકાગ્રતા કેળવવા, ટકાવવા સતત દવાઓ લેવી પડશે અને આની શરૂઆત થઈ ગઈ છે.

શું કરશું? આનો જવાબ તો માતા-પિતાઓ, શિક્ષકો કે મનોવિજ્ઞાનીઓ જ આપી શકે, જો તેઓ પણ આ રોગનો ભોગ ન બન્યા હોય તો! ■

# ભવ્ય સંસ્કૃતિ ધરાવતા દેશમાં માનવબલિ જેવી જઘન્ય ઘટનાઓ કલંક સમાન



કેશુભાઈ દેસાઈ

એકવીસમી સદીના ભારતની ભવ્ય કલ્પના પર કાળો કૂચડો ફરી જાય એવી જઘન્ય ઘટનાઓ ગુજરાતથી લઈ કેરલ અને રાજસ્થાનથી લઇ ઉત્તર પ્રદેશ અને આસામ કે બંગાળ પર્યંત બનતી રહે છે. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેનો તફાવત આજના સુશિક્ષિત અને શહેરવાસી લોકો પણ ના સમજતા હોય ત્યારે ભારતની ભવ્યતાનાં ગુણગાન કેટલા અંશે વાજબી લેખાશે? કાળા જાદુ અને કામણટુમણથી લઇ માનવબલિ સુધીની હૃદયદ્રાવક ઘટનાઓ દેશની પરંપરાગત મૂઠી ઊંચેરી ઇમેજને પાતાળમાં ધરબી રહી છે. કેરલનો ડૉક્ટર પરિવાર તાંત્રિક વિધિ કરાવી, બે સ્ત્રીઓની કરપીણ હત્યા કરે છે. એટલું જ નહીં, એ મહિલાઓના માંસનો ‘પ્રસાદ’ આરોગે છે! આવી મનોરુગ્ણતા ધરાવતા કેરલના ડૉક્ટરે આખી તબીબી આલમને અને કહેવાતી સો ટકા સાક્ષરતા ધરાવતી કેરલની પ્રજાને ક્યારેય ન ભૂંસાઈ શકે એવી કાળી ટીલી લગાડી છે. ગુજરાત પણ તાંત્રિકોના રવાડે ચડ્યું હોય એમ ગીર પંથકના તાલાલા પાસે પેટની જણીને એનો ભણેલો ગણેલો સગો બાપ અને ‘મોટો બાપો’ જીવતી શેકી નાખે છે છતાં એમના પેટનું પાણી હાલતું નથી. એમણે ચૌદ વર્ષની નિર્દોષ દીકરીને વળગાડ વળગ્યું હોવાનું માની લઈ એના પર અમાનુષી અત્યાચાર ગુજાર્યો છે. બલિના આવા બનાવો આપણા ભવ્ય ભૂતકાળનું સૌથી કાળું પ્રકરણ છે. ગુજરાતના સુવર્ણયુગ તરીકે ઓળખાતા સિદ્ધરાજ સોલંકીના શાસનકાળમાં દુષ્કાળ પીડિત રૈયત માટે સહસ્રલિંગ તળાવ બંધાવનાર સિદ્ધરાજને કોઈ માણસખાઉ પુરોહિતે માનવ બલિની ક્રૂર સલાહ આપી અને બિચારો માયો વગર વાંકે કુટાઈ મૂઓ. બત્રીસ લક્ષણાનું બલિદાન આપશો તો જ પાણીની સેર ફૂટશે, એમ કહી આવા પૂર્ણ પુરુષની શોધ ચલાવડાવી. ભોગ બન્યો ગરીબનો મહેતર. આવી તો અનેક કાળજું કંપાવતી કથાઓને ઢોળ ચડાવીને આપણા કહેવાતા ઇતિહાસકારો ગૌરવ ગાથાઓમાં ખપાવતા રહ્યા છે. જેનો ગૌરવપૂર્વક ઉલ્લેખ કરાતો રહે છે તે સતીપ્રથા પણ માનવ બલિ જ હતી ને! પરંતુ ધર્મના અંચળા હેઠળ આપણે એનો બચાવ કરતા રહ્યા. આજે પણ રાજસ્થાન સહિત અનેક પ્રદેશોમાં સતી માતાની દેરીઓ પૂજાય છે. યુદ્ધમાં શહીદ થનાર વીરો પાછળ પોતાનું શિયળ ન લૂંટાઈ જાય એ હેતુથી સતી થનારી વીરાંગનાઓ આપણા ગૌરવપૂર્ણ ઇતિહાસનાં સોનેરી પ્રકરણો છે. પરંતુ જ્યારે કુત્સિત ઉદ્દેશો માટે માનવબલિ અપાતી હોય ત્યારે તો કોઈ પણ પ્રજાએ આવાં જઘન્ય અપરાધી કુકૃત્યો અટકાવવા અવાજ ઉઠાવવો જોઈએ. કેરલમાં માનવ બલિના કિસ્સા વારંવાર બનતા રહ્યા છે. જૂન ૨૦૨૨માં એક ૪૯ વર્ષની મહિલાની બલિ ચડાવાઈ હતી. આઝાદી પછીના સમયગાળામાં બલિના આઠ કિસ્સા પોલીસ ચોપડે નોંધાયા છે. ક્યારેક સગી જનેતા એના બાળકની બલિ ચડાવે છે. ૧૯૯૬માં પુત્ર સંતાન મેળવવા પુત્રીને વધેરી દીધી હોવાનો બનાવ નોંધાયો છે. ૧૯૮૩માં મા-દીકરાએ મળીને એક શિક્ષકની બલિ ચઢાવવા પ્રયાસ કર્યો હતો. ૧૯૫૬માં ગુરુવાયુરમાં માંદા હાથીને સાજો કરવા પોતાના મિત્રનું ગળું રહેંસી નાખ્યું. અદાલતમાં બેફિકર થઇ જવાબ આપ્યો કે હાથી મોટું જાનવર છે, માણસ નાનું; મોટા જીવ ખાતર નાના જીવની બલિ આપવામાં કશું ખોટું નથી! આવી મનોરુગ્ણતાવાળા લોકોની ઓળખ કરવી અઘરી બની જાય છે. બલિ બનનારી વ્યક્તિ કાં તો અજ્ઞાનવશ કે કોઈ લોભ લાલચમાં આવી એવા તાંત્રિકોના સકંજામાં ફસાતી હોય છે. સમાજના માનસિક સ્વાસ્થ્યની તકેદારી રાખવા માટે પણ સરકારે પગલાં ભરવાં પડશે. કેરલ અને ગુજરાતની ઘટનાઓ સૂચક છે. કેરલ સો ટકા સાક્ષરતા ધરાવતું રાજ્ય છે. ગુજરાત તો આંતરરાષ્ટ્રીય સ્તરે વખણાતું રાજ્ય છે. આપણા માનનીય વડાપ્રધાન ભારતીય સંસ્કૃતિનો વિજયધ્વજ લહેરાવતા દેશને એની ઓરિજિનલ ઓળખ પાછી અપાવવા મથી રહ્યા છે પરંતુ કોઈ અંધારિયા મુલકની છાપ ઊભી કરે એવી જઘન્ય માનવહિંસાની ઘટનાઓ પણ અટકી નથી તે કેવી વિડંબના છે! ■

## અંતર

*અંતર ન હોવા છતાં અંતર પડી ગયું છે*
*તું ભીતર હોવા છતાં દિલ મારું દૂર થઈ ગયું છે*

*એક તારા જ સહારે જીવન જીવાઈ રહ્યું છે*
*છતાં નામ તારું સાવ જ વિસરાઈ ગયું છે*

*પરોક્ષાનુભૂતિ તો જીવનમાં ઘણી મળી છે*
*પણ આ ભવની ભૂતાવળમાં ભૂલાઈ ગયું છે.*

*મળવાનું તો આપણું હવે રોજનું થયું છે*
*પણ વાત કરવાનું તારાથી સાવ જ ભૂલાઈ ગયું છે*

*ઠેબે ચડતો હતો તે જ પાસે લીધો છે*
*પણ જાણવામાં નથી આવતું કે મને શું થયું છે.*

***દિલીપ ઠક્કર, આદિપુર - કચ્છ***

# સંપર્ક અને જોડાણ વચ્ચેનો ભેદ



ચૌલા કુરૂવા

રામકૃષ્ણ મિશનના એક સંતનો ઈન્ટરવ્યૂ ન્યુયોર્કના એક પત્રકાર દ્વારા લેવાઈ રહ્યો હતો. પહેલેથી તૈયારી કર્યા મુજબ પત્રકાર સંતને પ્રશ્નો પૂછી રહ્યો હતો.

પત્રકાર : સર, તમારા ગત પ્રવચનમાં તમે અમને જોગાજોગ (સંપર્ક) અને સંજોગ (જોડાણ) અંગે કહ્યું હતું. પણ એ મૂંઝાવનારું છે. તમે એ ફરી થોડું વધુ સ્પષ્ટ રીતે સમજાવી શકશો?

સંતે સસ્મિત પ્રશ્નનો સીધો જવાબ આપવાને બદલે પત્રકારને પ્રતિ પ્રશ્ન કર્યો, 'શું તમે ન્યુયોર્કથી આવો છો?'

પત્રકારે હકારમાં જવાપ આપ્યો.

સંત : તમારા ઘેર કોણ કોણ છે?

પત્રકારને લાગ્યું કે સંત તેનો પ્રશ્ન ટાળવાનો પ્રયત્ન કરી રહ્યા છે કારણ તેમનો આ સામો પ્રશ્ન અતિ અંગત અને બિનઅપેક્ષિત અને બિનજરૂરી જણાતો હતો. આમ છતાં પત્રકારે જવાબ આપ્યો, 'મારી માતા મૃત્યુ પામી છે, પિતા હયાત છે. મારા ત્રણ ભાઈઓ અને એક બહેન છે, જે બધા પરણેલા છે.'

સંતે મુખ પરનું સ્મિત જાળવી રાખતા પૂછ્યું, 'શું તમે તમારા પિતાજી સાથે વાતચીત કરો છો?'

પત્રકારના મુખ પર સ્પષ્ટ દેખાય એવા અણગમાના ભાવ ઉપસી આવ્યા. સંતે આગળ ચલાવ્યું, 'તેમની સાથે તમે છેલ્લે ક્યારે વાત કરી હતી?'

પત્રકારે પોતાની નારાજગી દબાવી જવાબ આપ્યો, 'કદાચ એક મહિના પહેલા.'

સંતે નવો પ્રશ્ન પૂછ્યો. 'તમે બધા ભાઈ-બહેન વારેઘડીએ મળો છો? તમારા પરિવારનું સમૂહ મિલન છેલ્લે ક્યારે મળ્યું હતું?'

હવે પત્રકારના કપાળે પરસેવાનાં ટીપાં બાઝી ગયા. ઈન્ટરવ્યૂ કોણ લઈ રહ્યું હતું પત્રકાર કે સંત? એમ લાગતું હતું કે જાણે સંત પત્રકારનો ઈન્ટરવ્યૂ લઈ રહ્યા હોય!

નિસાસા સાથે પત્રકારે જવાબ આપ્યો, 'બે વર્ષ અગાઉ અમે બધા સાથે નાતાલ વખતે મળ્યા હતા.'

સંતે પૂછ્યું, 'કેટલા દિવસ તમે બધા સાથે રહ્યા હતા?'

પત્રકારે કપાળ પરથી પરસેવો લૂછતાં જવાબ આપ્યો, 'ત્રણ દિવસ...'

સંતે પૂછ્યું : 'તમારા પિતાની બરાબર બાજુમાં બેસીને તમે કેટલો સમય પસાર કર્યો હતો?'

પત્રકારે હવે મૂંઝારો અને શર્મિંદગી અનુભવતા કાગળ પર કંઈક લખવાનું શરૂ કર્યું.

સંતના પ્રશ્નોનો જાણે અંત જ નહોતો આવતો. તેમણે પૂછ્યું, 'તમે સવારનો નાસ્તો, બપોરનું જમણ કે રાત્રિનું ભોજન સાથે લીધા હતા? તમે તેમને પૂછ્યું હતું કે તેઓ કેમ છે? તમે તેમને પૂછ્યું હતું કે તમારી માતાના અવસાન પછી તેમનો સમય કઈ રીતે પસાર થઈ રહ્યો છે?'

પત્રકારની આંખોમાંથી અશ્રુની સરવાણી વહી રહી...

સંતે પત્રકારનો હાથ પોતાના હાથમાં લીધો અને કહ્યું, 'દુ:ખી કે નારાજ ન થાઓ. જો મેં અજાણતા તમને દુભવ્યા હોય તો હું એ બદલ દિલગીર છું. મને માફ કરી દેશો... પણ આ તમારા જોગાજોગ અને સંજોગ (સંપર્ક અને જોડાણ) અંગેના પ્રશ્નનો જવાબ છે. તમારો તમારા પિતા સાથે સંપર્ક છે પણ તમારું તેમની સાથે જોડાણ નથી. તમે તેમની સાથે જોડાયેલા નથી. 'જોડાણ હૃદયથી હૃદય સાથેનું હોય છે.' સાથે બેસવું, સાથે જમવું, એકમેકની કાળજી કરવી, સ્પર્શ, હાથ મિલાવવો, આંખમાં આંખ મિલાવવી, સાથે સમય પસાર કરવો... આ બધું જોડાણમાં હોય છે. તમે બધા ભાઈ-બહેન પણ સંપર્કમાં છો, પણ તમારી વચ્ચે જોડાણ નથી.'

પત્રકારે આંખો લૂછતા કહ્યું, 'મને આ ક્યારેય ન ભૂલી શકાય એવો સુંદર પાઠ શીખવવા બદલ તમારો ખૂબ આભાર.'

આ આજના સમયની વાસ્તવિક્તા છે.

ઘરમાં કે સમાજમાં બધા સંપર્કમાં હોય છે પણ તેઓનું એકમેક સાથે જોડાણ હોતું નથી. તેમની વચ્ચે સંવાદ નથી સંધાતો. દરેક પોતપોતાની દુનિયામાં ડૂબેલા હોય છે.

ચાલો, આપણે સંકલ્પ કરીએ કે માત્ર સંપર્કો ન વધારતા, આત્મીયજનો સાથે જોડાણ સાધીશું. તેમની કાળજી કરીશું, તેમની સાથે સુખ-દુ:ખ વહેંચીશું અને તેમની સાથે સમય વ્યતીત કરીશું.

***આ સંત એ બીજું કોઈ નહીં પણ સ્વામી વિવેકાનંદ હતા..!*** ■

# છતરડી – રાજાશાહી સ્મશાન



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, કચ્છના મહારાઓની સમાધિ એટલે "છતરડી." રાજાશાહી યુગમાં ૧૮ રાજવીઓ થઈ ગયા. આ ૧૮ મહારાઓમાંથી ૧૬ મહારાઓની સમાધિ આ છતરડીમાં જોવા મળે છે. સામાન્ય રીતે જોતાં ખ્યાલ આવે છે કે ભુજની આસપાસ જૂના ભુજના કોટ વિસ્તારની બહાર હિંદુ, મુસ્લિમ કે અન્ય સમાજોના સ્મશાનની જગ્યા રાખવામાં આવી હતી એ જ રીતે છતરડી પણ કોટની બહાર હમીરસરની પશ્ચિમે બનાવવામાં આવી છે. કચ્છના પ્રથમ રાજવી મહારાવ ખેંગારજીની પ્રથમ સમાધિ અહીં કરવામાં આવી. ઈ.સ. ૨૦૦૧ના ધરતીકંપમાં મોટા ભાગની છતરડીઓ (છત્રીઓ) નુકસાન પામી. હાલમાં પુરાતત્ત્વ ખાતા દ્વારા આ છત્રીઓને રેટ્રોફીટ કરવાની કામગીરી હાથ પર છે. 'છતરડી'ના આ વિસ્તારમાં 'હમ દિલ દે ચૂકે સનમ', 'લગાન', 'રેફ્યુજી' જેવી બોલીવુડની ફિલ્મોના શુટીંગ કરવામાં આવ્યા છે. પુરાતત્ત્વ ખાતા દ્વારા આ છતરડીને રક્ષિત સ્મારક જાહેર કરવામાં આવેલ છે.





છતરડી ભુજમાં આવેલું જોવાલાયક શિલ્પ સ્થાપત્ય છે. હમીરસર તળાવની દક્ષિણ પશ્ચિમની ૨૦ મિનિટના ચાલતા અંતરે જે ખુલ્લો વિસ્તાર હતો પરંતુ આજે તમે હવે શહેરમાં છો તેવું લાગે છે તે શાહી કેનોટાફ છે. (તે લોકો માટે સ્મારકો છે જે વાસ્તવમાં દફનાવવામાં આવ્યા નથી અને આ કિસ્સામાં, દફનવિધિ સિવાય દફનાવવામાં આવ્યા નથી.) તે લાલ પથ્થરોથી બનેલું છે. સ્થાનિક ભાષામાં 'છતરડી' એટલે છત્રી. અહીં તમે શાહી રાજની ઘણી શાહી છત્રીઓ જોઈ શકશો જે મૃત રજવાડાને રક્ષણ આપવા અને છાંયડો પૂરો પાડે છે. ઘણા સ્મારકો ધરતીકંપને કારણે ખંડેર થયા છે પરંતુ લખપતજી, રાયધણજી બીજા અને દેસરજીના સ્મરકો હજુ પણ અકબંધ છે. સાઈટ ખૂબ જ શાંત અને ખુલ્લા મેદાનોની મધ્યમાં છે, ઈમારતોથી ઘેરાયેલી નથી. સવારે અને સાંજે ખૂબ શાંતિપૂર્ણ વાતાવરણનો અનુભવ થાય છે. જો કે દિવસના મધ્યમાં તે તેજસ્વી સૂર્ય કિરણો હેઠળ ખૂબ ગરમ હોય છે. આ છતરડી ૧૭૭૦માં શાહી પરિવારની સમાધિને ગૌરવ આપવા માટે બનાવવામાં આવી છે. તેમાં ગૂંચવણવાળા છતવાળી બહુકોણ આકાર છે અને તે ઝરૂખાઓ છે. કેટલાક પ્રભાવશાળી અને સૌથી મોટી સમાધિઓ રાવ લખા, રાવ રાયધણ, રાવ દેસાઈ અને રાવ પ્રાગમહેલની છે. મહાદેવ નાકા બહાર આવેલ રાજ કુટુંબની છત્રીઓ વિશ્વના કળા પ્રેમીઓનું ધ્યાન ખેંચે છે. દેશ વિદેશથી લોકો તેના કળા વૈભવને માણવા આવે છે અને તેનાથી તર બને છે.

વિવિધ છતરડીઓ રાવ લખપતજીની છતરડી સ્થાપત્ય શિલ્પનો શ્રેષ્ઠ નમુનો છે. લાલ પથ્થરથી બાંધેલી આ છતરડીઓમાં મધ્ય રૂમની આસપાસ ફરતી ચાલી છે. તેના દરેક ખૂણા પર થાંભલા છે, જેના પર શિલ્પોનો ભંડાર છે. બહાર - અંદર, ઉપર - નીચે વિવિધ મૂર્તિઓ આપણા ચિત્ત પર છવાઈ જાય છે અને એક કલ્પનાસભર જગતમાં આપણે વિચરીએ છીએ.

થાંભલાઓ પર દશ્યમાન છે હનુમાન, ગણેશ, વિષ્ણ, બ્રહ્મા, સૂર્ય વગેરે દેવો તો તેમની સાથે નિવાસ કરે છે સાધુઓ, મંજીરા

વગાડતા ભક્તો, બ્રાહ્મણો, નૃત્યમગ્ન નર્તકીઓ, તંબુરમાં સમાધિસ્થ સંગીતકાર કે યક્ષીણીઓ. તે આસપાસ હાથીની સુંઢને યાદ અપાવતી વળાંકાકાર કમાનો પાસે આત્મરત છે. થાંભલાની નીચે પણ વિવિધ દેવોની મૂર્તિઓ બે હાથીઓની લડાઈ નર્તકીઓ ગાયકો વીણા મૃદંગ, જાઝ, તબલા, ઢોલ, શરણાઈ, સિતાર, તંબુર વગેરે વાદ્યો વગાડતા સ્ત્રી પુરુષો, રથ અને માથે સૂર્ય જેવલ ચહેરો, બળદ પર બેઠેલો શંકર, બાણાવાળી પશુ પક્ષીઓ કે સામાજિક દૃશ્યોનાં પ્રતીકરૂપ વાળ ઓળતી સ્ત્રી, અટારી પર બેઠેલા ફિરંગી સંત્રી, ફિરંગી ઘોડેસવાર, બજાણીયા ત્યાં દેખાય છે. આ બધું જોતા દૃષ્ટા અને દૃશ્ય એકાકાર થઈ જઈ વીલિન થઈ જાય છે અને રહે છે માત્ર શુધ્ધ દર્શન.

બાજુની છત્રીનું પીળા પથ્થરથી બાંધકામ થયેલ છે. તેનું કોતરકામ, રાજપુત ઈસ્લામી શિલ્પનું મિશ્રણ ધરાવે છે. તેનું ચુંબકીય આકર્ષણ આપણને તેની નજીક જવા પ્રેરે છે. દેખાય છે અનામી શિલ્પોના મૃદુ, કોમળ ટાંકણા વડે ઘડાયેલ લાલિત્યમય આપણા સમગ્ર અસ્તિત્વને રસતરબોળ કરતી ઝીણી નકશીયુક્ત કોતરણી, કઈ જાળી જોવી ને કઈ નહીં તેમાં દૃષ્ટા મુંઝાઈ જાય છે. નાનકડી આંખમાં કેટલું સૌંદર્ય સમાવવું મીઠી મુંઝવણ મંત્રમુગ્ધ બની તેની પરિક્રમા કર્યા કરે છે. તેમાંની કૂંડા પરની ડાળી ફૂલો, આસપાસ ફરતી વેલ જેવી બાંકેબિહારી ડાળીઓ, વેલબુટ્ટીઓ, કિનાર પરની પંચકોણી આકૃતિઓ આસપાસ સીધી સાદી સૌંદર્ય મંડિત થાંભલીઓ જોઈ ચકિત થવાય છે. સ્તંભો પરના પંડપુંજોમાંથી  પ્રસરતી સુગંધ માણી મત બનીએ છીએ.

આ નકશીકામ જેવી કોતરણીમાં પણ પોપટ, પંખવાળા સિંહ, વાનર, મોર, હાથી, સંગીતજ્ઞ મહાવત, તારા, પંખો ચલાવતી દાસી, ગંધર્વો અને રાધેશ્યામની ફેરફુદરડી ફરતી આકૃતિઓ કળાના ઝવેરીને ધન્ય ધન્ય કરી દે છે. પાછળ ઉભેલ નાનકડા મંદિરની કલાત્મક જાળી પણ ધ્યાનાકર્ષક છે.

દરેક છત્રી સૌંદર્ય જ્યોત છે. તેની વચ્ચે ફરતાં એક સ્વપ્ન સૃષ્ટિ ઉભી થાય છે. છત્રીના સ્તંભોની રચના ઘાટ, કોતરણી, ઘુમ્મટ તથા વપરાયેલ વિશાળ શિલાઓ મુગ્ધ કરશે. દેવતાઓ, પશુઓ, કરાળમુખો વગેરેના સમૂહો વચ્ચેથી પ્રગટ થતા કોમળતા, રસિકતા, આનંદ, ઉમળકા, લાવણ્ય, રૂચિ, રસ-રંગ અને કળાના મિશ્ર ભાવો વડે અંતર આનંદથી નાચી ઉઠે છે. શિલ્પ શોભાનોમાં ક્યાંક અજંતાના મધુર વળાંક છે તો મૂર્તિકળામાં ઈલોરાની મુદ્રાઓના દર્શન થાય છે. શિલ્પ કળાધરોએ યક્ષુપ્રિય, સંકેતયુક્ત, વૈભવયુક્ત અને ગત્યાત્મક આકૃતિઓનું નિર્માણ કર્યું છે. જીર્ણ કલેવરની કાયા ઢંઢોળવા આવી ચડનાર કોઈ કળાકાર તેની આ કલા કારીગરી જોઈ મુગ્ધ બની ઉઠે છે અને સ્તંભો પરની નૃત્ય મૂર્તિઓ સાથે નૃત્ય કરી ઉઠે છે. આમ, છતરડી એક ખરેખર કચ્છનો અજોડ વારસો છે જેમાં કોઈ બે મત નથી.

*સંદર્ભ : વીકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલો,*
*કચ્છી ઈતિહાસકારોના બ્લોગના વિચારો*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,***
***વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## પ્રેરણાની કેડી પર

**(અનુસંધાન : પાના નં. – ૧૧ ઉપરથી ચાલુ)**

અહીં ગામલોકોને છેતરાતા જોઈ લબ્ધિપ્રયોગ કરી અછંદકના પાખંડને ખુલ્લું કર્યું. અછંદકને પ્રતિબોધ આપી ગામની પ્રજાને પાખંડમાંથી મુક્ત કરી.

ભગવાન મહાવીરના જીવનના કેટલાક પ્રસંગોએ સમાજગત આદર્શોને પ્રતિષ્ઠા આપી છે. બલિપ્રથાની હિંસા રોકી.

બ્રાહ્મણ કુળના ગૌતમ આદિ વિદ્વાનોને શિષ્ય બનાવી ગણધરપદે સ્થાપી અહિંસા પરમો ધર્મ રૂપ મંત્ર જગતને આપ્યો.

એ સમયમાં ક્ષુદ્રો અસ્પૃશ્ય ગણાતા. પ્રભુએ બતાવ્યું કે ધર્મનો અધિકાર સહુનો સરખો છે. તેમણે પોતાના સંઘમાં ક્ષુદ્ર જાતિના લોકોમાંથી મેતાર્યમુનિ અને મુનિ હરિકેશીને દીક્ષિત કર્યા અને સહુના સમાન અધિકાર સ્થાપિત કર્યા.

સંત, સંસારની બળબળતી બપોરને ચંદન જેવી શીતળતા આપે છે. મહાવીર ધર્મના કણકણમાં માનવતાનું અમૃત છલકાઈ રહ્યું છે.

આમ, ભગવાન મહાવીરના જીવનમાં સંસાર પ્રત્યેની નિષ્ક્રિય ઉદાસીનતા પાછળ લોકકલ્યાણ અને લોકમાંગલ્યની પ્રચ્છન્ન સક્રિયતાનાં દર્શન થાય છે. ■

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે**
**ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**
**(079) 4890 6001**
**(079) 4890 6006**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ**
**પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે**
**ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**
**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

# કચ્છના બહાદુર ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્માની કથા

વસંત મારૂ

આશરે ૧૬૨ વર્ષ પહેલાં કચ્છનું માંડવી બંદર વહાણવટા અને વેપારથી ધમધમતું હતું. કચ્છથી કરાંચી, આફ્રિકા, ઓમાન, મસ્કત ઈત્યાદિ પ્રાંતો સાથે વહાણ વ્યવહાર થતો. એ ધમધમતા માંડવી શહેરમાં ૧૮૫૭માં શ્રીમાન કૃષ્ણવર્મા અને ગોમતીબાઇને ત્યાં શ્યામજીનો જન્મ થયો.

પિતા શ્રીમાન કૃષ્ણર્મા મુંબઈમાં સખત મહેનત કરતા હતા. અચાનક એમની પત્ની ગોમતીબાઈનું અવસાન થયું. ત્યારે શ્યામજીની ઉંમર અગિયાર વર્ષની હતી. ભણવામાં અત્યંત તેજસ્વી શ્યામજીને દાદી પાસે ભુજ રહેવા જવું પડ્યું.



ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા

તેજસ્વી શ્યામજીની પ્રતિભા જોઈ એક સદ્‌ગૃહસ્થ એમને મુંબઈ લઈ આવ્યા અને વિલ્સન હાઈસ્કૂલમાં એડમિશન અપાવ્યું. મુંબઈમાં રહીને એમણે સંસ્કૃતમાં અભ્યાસ કર્યો. ભાટીયા જ્ઞાતિના એમના એક શ્રીમંત મિત્રની બહેન ભાનુમતી સાથે એમના લગ્ન લેવાયા. તેજસ્વી શ્યામજીની મુલાકાત સ્વામી દયાનંદ સરસ્વતી સાથે થઇ અને શ્યામજીએ સ્વામીને ગુરૂપદે સ્થાપ્યા. અને આ કચ્છી ભાનુશાળી (ભાનુશાલી) સપૂત વૈદિક દર્શન અને ધર્મ પર વ્યાખ્યાન આપી દેશભરમાં પ્રખ્યાત થઇ ગયા. દેશના અનેક વિસ્તારોમાં એમણે વૈદિક દર્શનના વ્યાખ્યાનો આપ્યા. એમના સંસ્કૃત પરના જ્ઞાનથી ઑક્સફર્ડ યુનિવર્સિટીના સંસ્કૃતના પ્રોફેસર મોનીયેર વિલિયમ્સે એમને પોતાના સહાયક બનવા આમંત્રણ આપ્યું. પરિણામે શ્યામજીને ઈંગ્લેન્ડ જવાનું થયું અને ઑક્સફર્ડની બિલ્લીઓલ કોલેજમાં એડમિશન મળી ગયું. ત્યાં બી.એ.ની ડિગ્રી મેળવી. ત્યાં રોયલ એશિયાટીક સોસાયટીમાં "ભારતમાં લેખનનો ઉદય" એ વિષય પર પ્રવચન આપ્યું અને લોકપ્રિય થઈ ગયા. પરિણામે રોયલ સોસાયટીમાં સદસ્યતા મળી.

શ્યામજી કૃષ્ણવર્મા ભારતીય ક્રાંતિકારી, વકીલ અને પત્રકાર હતા. દેશ માટે સંપૂર્ણ જીવન સમર્પિત કરી દીધું હતું. ભારતની સ્વતંત્રતા ઝંખતા આ કચ્છી ભાનુશાલી સપૂતની અંદર કચ્છી ખુમારી વહેતી હતી. પરિણામે એમણે સ્વતંત્રતા માટે અસંખ્ય ક્રાંતિકારીઓને તૈયાર કર્યા.

શ્યામજી ઈંગ્લેન્ડમાં બી.એ.ની ડિગ્રી મેળવી જ્યારે ભારત આવ્યા ત્યારે એમની તેજસ્વિતાથી પ્રભાવિત થઈ રતલામના રાજાએ એમને દીવાનપદ આપ્યું. નાદુરસ્ત તબિયતને કારણે આ પદ છોડી મુંબઈ આવ્યા. ત્યાંથી અજમેર જઇ વસ્યા અને વકીલાત ચાલુ કરી. ઉદયપુરના રાજાને ત્યાં દીવાનપદે રહ્યા અને પછીથી જુનાગઢ રાજ્યમાં દીવાનપદે રહ્યા. આ માંડવીના કચ્છી સપૂતે દીવાનપદે રહી પ્રજાહિતના કાર્યો કર્યા. પણ એક બ્રિટીશ અધિકારી સાથે વિવાદમાં આવ્યા બાદ બ્રિટીશ રાજ્ય પરથી એમનો વિશ્વાસ ભંગ થયો.

શ્યામજી કૃષ્ણવર્મા પોતાના ગુરૂ દયાનંદ સરસ્વતીના સાહિત્ય વાંચનથી પ્રેરાઈને ભારતની સ્વતંત્રતા માટે ઈંગ્લેન્ડ ચાલ્યા ગયા. શ્યામજી કૃષ્ણવર્મા માનવા લાગ્યા કે અંગ્રેજોને સહયોગ બંધ કરીએ તો જલ્દીથી અંગ્રેજી શાસનનો અંત આવે. પરિણામે લંડનમાં "ઇન્ડિયા હાઉસ"ની સ્થાપના કરી. જેમાં મેડમ કામા, વીર સાવરકર, મદનલાલ ઢીંગરા, ભગતસિંહ, વિરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય જેવા અસંખ્ય ક્રાંતિકારીઓને તૈયાર કર્યા. લોકમાન્ય ટીળક અને ગોપાલકૃષ્ણ ગોખલે જેવા ભારતના એમના મિત્રોએ એમની યોજનાઓને અમલમાં મૂકી સ્વતંત્રતાની ચળવળ ચલાવી.

શ્યામજીની ક્રાંતિકારીઓ માટેની પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રવાદી લેખોની જાણ બ્રિટીશ ગવર્નમેન્ટને થતાં જ વિવિધ રીતે એમને પરેશાન કરવામાં આવ્યા. બ્રિટીશ પ્રેસ અને જાસૂસી વિભાગે એમના પગલે પગલાં દબાવી એમની પ્રવૃત્તિ ઉપર ચાંપતી નજર રાખી. એટલે શ્યામજીએ પેરીસમાં પ્રવૃત્તિઓ શરૂ કરી. ગુપ્ત વેશે પેરીસ પહોંચી ગયા. ફ્રાંસની સરકારને એમણે પોતાની વાત સમજાવવામાં સફળતા મળી. પરિણામે બ્રિટીશ સરકાર એમનો

કબજો ન મેળવી શકી. પછી શ્યામજી જીનીવા ચાલ્યા ગયા. જીનીવામાં પણ ''ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ''નું પ્રકાશન ચાલુ કરી સ્વતંત્રતાની ક્રાંતિકારી ચળવળ ચાલુ રાખી.

૧૯૩૦માં ૭૩ વર્ષની વયોવૃદ્ધ વયમાં એમનું જીનીવામાં અવસાન થયું. અવસાન પહેલાં એમણે એક વિલ બનાવી રાખ્યું હતું. એ વિલમાં લખી રાખ્યું હતું કે, ''એમના અને એમના પત્નીના અસ્થિકુંભ જ્યારે ભારત સ્વતંત્રતા મેળવે પછી ભારત મોકલી દેવામાં આવે.'' સ્વતંત્રતા બાદ ૩૦ વર્ષ પછી પણ એ અસ્થિકુંભ જીનીવા (સ્વિટ્ઝરલેન્ડ)થી ભારત લાવવા ભારતની સરકારોએ રસ ન બતાવ્યો.

પણ કચ્છી ભાનુશાળી સમાજના તેજસ્વી નેતા શ્રી મંગલ ભાનુશાળીએ, એ અસ્થિકુંભ ભારતમાં લાવવા પ્રયત્નો શરૂ કર્યા. સરકાર સાથે પત્ર વ્યવહાર કર્યો અને વીસ વર્ષના લાંબા સંઘર્ષ પછી સ્વતંત્રતાના ૫૫ વર્ષના અંતે પાર્લામેન્ટમાં પીટીશન બાદ મંગલભાઈની માંગણીથી સ્વિટ્ઝરલેન્ડની સરકારે અસ્થિકુંભ આપવા સહમતિ બતાવી. શ્યામજી કૃષ્ણવર્માના કોઈ વારસદાર ન હોવાથી મંગલ ભાનુશાળીને ભારત સરકારે દત્તક વારસદાર ઘોષિત કરી, શ્યામજી તથા એમના પત્ની ભાનુમતીના અસ્થિકુંભ મેળવવા માટેના અંતરાયો દૂર કર્યા.

તે સમયના ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આખી પ્રક્રિયામાં ખૂબ સક્રિયતા દાખવી અને ઇ.સ. ૨૦૦૩માં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને મંગલ ભાનુશાળી છેક જીનીવા જઈ, સન્માનપૂર્વક અસ્થિકુંભો મેળવી ભારત લાવ્યા. શ્રી નરેનદ્ર મોદીએ ભારતીય ક્રાંતિકારી સપૂતને શોભે એવી ''વિરાંજલી યાત્રા'' મુંબઈ એરપોર્ટથી શરૂ કરી, ગુજરાતના દરેક જિલ્લામાં આ ''વિરાંજલી યાત્રા'' ફેરવી, માંડવી લઈ આવ્યા.

શ્રી નરેન્દ્ર મોદી કચ્છના આ ક્રાંતિવીરને શોભે એવો ૨૫૦ એકરમાં ફેલાયેલો, ૨૦૦ કરોડના ખર્ચે (જી.એમ.ડી.સી.ના આર્થિક સહયોગથી) ''ક્રાંતિ તીર્થ'' તૈયાર કરાવડાવી, તે સમયના ડેપ્યુટી પ્રાઇમ મિનિસ્ટર શ્રી અડવાણીના હસ્તે રાષ્ટ્રને સમર્પિત કર્યો.

શ્યામજી કૃષ્ણવર્મા હયાત હતા ત્યારે માંડવીમાં પોતાની પત્નીના નામે ''ભાનુમતી વર્મા મેટરનિટી હોસ્પિટલ'' શરૂ કરી. ફ્રાંસ અને સ્વિટ્ઝરલેન્ડની અમુક યુનિવર્સિટીઓમાં દયાનંદ સરસ્વતી શિષ્યવૃત્તિ, છત્રપતિ શિવાજી મહારાજ શિષ્યવૃત્તિ, મહારાણા પ્રતાપ શિષ્યવૃત્તિ ઇત્યાદી સ્કોલરશીપ તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ચાલુ કરવા મબલખ દાન આપ્યું હતું. વર્ષો સુધી આ શિષ્યવૃત્તિ ચાલુ રાખી શકાય તેવી વ્યવસ્થા કરી. આવા વિરલ કચ્છી સપૂતને શ્રદ્ધાંજલી આપતી વખતે કચ્છી આગેવાન શ્રી કોમલ છેડાનું અદ્‌ભુત વ્યાખ્યાન સાંભળી અભિભૂત થવાનો લહાવો આ લખનારને મળ્યો છે. ભાનુશાળી સમાજના કલાકાર દર્શન હેમાણી માને છે કે ''કુળદેવી હિંગળાજ માતા, કુલગુરુ ઓધવરામજી મહારાજ, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા દરેક ભાનુશાળીના હૃદયમાં વસે છે. દરેક શુભ પ્રસંગે એમને યાદ કરવામાં આવે છે.''

કચ્છમાં જતાં કચ્છીઓ કે પ્રવાસીઓએ માંડવી ખાતેના (મસ્કા ગામની બાજુમાં) ''ક્રાંતિ તીર્થ''ની મુલાકાત અવશ્ય લેવી જોઈએ કારણકે ભારતભરમાં ક્રાંતિકારીઓનું એકમાત્ર મ્યુઝિયમ ''ક્રાંતિ તીર્થ'' છે. **કચ્છ યુનિવર્સિટીને ''શ્યામજી કૃષ્ણવર્મા'' નામ આપીને સરકારે તેમને સાચી શ્રદ્ધાંજલિ આપી છે.** આવા પરમ પરાક્રમી સપૂતને માનાંજલી આપી વિરમું છું. અસ્તુ.

*મો. ૯૭૫૭૪ ૦૫૮૭૨*

## કચ્છી બોલી વિજ્ઞાન

**(અનુસંધાન : પાના નં. – ૨૮ ઉપરથી ચાલુ)**

કરવા માટે પાંચ દિવસીય કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવેલ અને આ શિબિરમાં કુલ ૧૧ સ્થાનિક ભાષાનો અભ્યાસ કરવામાં આવેલ હતો. આ કાર્ય શિબિરમાં જુદા જુદા વિસ્તારમાં બોલાતી સ્થાનિક ભાષાના વિશિષ્ટ ધ્વનિઓ તેમજ તે વિસ્તારનાં બોલીના ઉચ્ચારણનાં ધ્વન્યાત્મક વૈવિધ્ય ભિન્નતાને કારણે ઉચ્ચારણ મૂલક શબ્દાવલીનો લેખિત અનુવાદમાં વપરાયેલ 'અક્ષર' એટલે કે વ્યંજન - સ્વરના આધારે કચ્છી ભાષાની લિપિ, જોડણીનો અભ્યાસ કરવો સરળ બનશે. બીજું, કચ્છી ભાષાની પોતાની લિપિ નથી. આથી આ અભ્યાસના માધ્યમથી કચ્છીનાં અક્ષરની વ્યવસ્થા ઉચ્ચારણની ફ્રિક્વન્સીના આધારે અક્ષરના સ્થાન અને તેની જોડણી જેવા પ્રાણ સમાન પ્રશ્નોનાં નિરાકરણ લાવવા માટે આ સંશોધન ભાષાની અક્ષર વ્યવસ્થા અને લિપિની રચના કરવા માટે સુલભ તેમજ ઉપયોગી નીવડશે. એટલું જ નહીં, પણ સ્થાનિક ભાષામાં આવેલ ભિન્નતા અને ભાષાનું સ્વરૂપ એટલે કે સ્ટ્રક્ચર તેમજ વ્યાકરણના નિયમોના અભ્યાસના આધારે સ્થાનિક ભાષાનાં સ્વરૂપમાં આવેલ ભિન્નતાની પડતી જાણકારી પ્રાપ્ત કરી શકાશે. આ સંશોધનનો ઉપયોગ સરકાર નવી શિક્ષણ નીતિમાં પ્રાથમિક શિક્ષણ માતૃભાષાનાં માધ્યમ દ્વારા આપવાની નીતિનું અમલીકરણ કરવા માટે અત્યંત માર્ગદર્શક અને ઉપયોગી નીવડશે. આ વિસ્તારના દ્વૈભાષિક બાળકોના પ્રાથમિક શિક્ષણમાં કચ્છ પ્રદેશના જુદા જુદા વિસ્તારમાં બોલાતી સ્થાનિક ભાષાનાં સંશોધનનાં આધારે સ્થાનિક ભાષાનો તુલનાત્મક અભ્યાસ સુલભ થવાને કારણે તેમાં કચ્છ વિસ્તારનાં પ્રાથમિક શિક્ષણમાં સરળતા લાવી શકાશે અને માતૃભાષાના માધ્યમ દ્વારા પ્રાથમિક શિક્ષણના અમલીકરણ માટે આ સંશોધન માર્ગદર્શક બની શકશે. આ સંશોધન બહુલક્ષી લક્ષ્યાંક અને ભાષાને સર્વલક્ષી ઉદેશ સિધ્ધ કરવા માટે પ્રેરક બનશે.

*અમદાવાદ. ● મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧*

# સેવાભાવી "પિતા-પુત્ર"ની કથા

વસંત મારૂ

પૂનામાં કચ્છ અને વાગડના કચ્છીઓના સ્વપ્નસમુ શ્રી પૂના કચ્છી જૈન સમાજનું "નંદુ ભવન" ગાંધી જયંતીના દિવસે ખુલ્લુ મૂકાયું. પૂનાના માઇલ સ્ટોન સમા આ પ્રકલ્પના સૂત્રધાર છે હસમુખભાઈ ગાલા (મઝગાંવવાળા).

હસમુખભાઈ જોશ, ઝનુન અને કમિટમેન્ટ સાથે આ વિશાળ પ્રકલ્પના કાર્યમાં લાગી પડ્યા છે. જાણે એમના સગા દીકરાના લગ્ન હોય એવા ઉત્સાહથી છલકાય છે.

હસમુખભાઈને આ ચીવટાઈ, સમાજ કાર્યનો વારસો એમના અધા (પિતા) તેજસીબાપા પાસેથી મળ્યો છે.

ઈ.સ. ૧૮૯૯માં ફરાદીના ખેડૂત ખેરાજભાઈ અને તેજબાઈના ઘરે તેજસીભાઈનો જન્મ થયો. આજીવિકા માટે ખેરાજભાઈ કચ્છથી મુંબઈના મઝગાંવમાં આવ્યા. એ સમયે મઝગાંવ ચારેબાજુ ખેતરો વચ્ચે વસેલું ગામડું હતું. મચ્છગાંવ (માછલીગાંવ) પરથી નામ પડ્યું મઝગાંવ. વિવિધ સંસ્કૃતિઓ વચ્ચે તેજસીભાઈનો ઉછેર થયો. શરૂઆતમાં અનાજની દુકાન હતી. પછી સોના-ચાંદીની પણ દુકાન કરી.

એ સમયે દુકાનની પાછળ રહીને કચ્છી માડુ અનાજનો વેપાર કરે. એરીયા એરીયા પ્રમાણે દુકાનદારોના સંગઠન હતા. એ બજાર તરીકે ઓળખાતા. બજારના મુખિયાને પટેલ કહેવાતા. મઝગાંવ બજારના પટેલ તેજસીબાપા હતા.

મહાજન પરંપરાની મહાન સંસ્થા દેરાવાસી મહાજનના મંત્રી હોવાની સાથે સાથે એમણે મઝગાંવ બજારમાં પટેલ તરીકે ૪૫ વર્ષ સુધી સેવા આપી. મઝગાંવ ઉપરાંત ફરાદી મહાજનના પ્રમુખ તરીકે પોતાના ગામની સેવા કરી. મઝગાંવ બજારના પટેલ તરીકે એમના વચેટ પુત્ર ૭૦ વર્ષના કિરીટભાઇ ગાલાએ સેવા આપેલ.

અંગ્રેજોના વખતમાં મોબાઈલ કોર્ટનો રીવાજ હતો. વ્યાપારીઓ એને અનાડી કોર્ટ કહેતા. અજાણતામાં દુકાનદારોએ કરેલી નાનકડી ભૂલને માટે અનાડી કોર્ટ દ્વારા કંઈપણ સાંભળ્યા વગર કમરતોડ રકમનો દંડ થતો. મહેનતકસ કચ્છી વેપારીઓની વર્ષભરની કમાણી એમાં તણાઈ જતી.

અંગ્રેજ અમલદારોની મુનસફી પ્રમાણે ચાલતી અનાડી કોર્ટ સામે વેપારીઓએ તેજસીભાઈની આગેવાનીમાં પિકેટીંગ કર્યું. અંગ્રેજોએ તેજસીભાઈને જેલમાં નાખી દીધા. પણ સત્યના આગ્રહી તેજસીભાઈ છેવટે અનાડી કોર્ટ રદ કરાવીને જ ઝંપ્યા અને મુંબઈની વેપારી આલમમાં તેજસીભાઈનું નામ ગુંજવા લાગ્યું.

અંગ્રેજોના અસ્તકાળે આખા ભારતમાં સ્વતંત્રતા માટેની લહેર દોડી હતી. લાખો લોકો પોતપોતાની રીતે સ્વતંત્રતાની ચળવળમાં જોડાયા હતા. તેજસીભાઈ તો પાકા ગાંધી ભક્ત હતા. પ્રભાત ફેરીઓ પિકેટીંગ દ્વારા વિદેશી માલનો બહિષ્કાર કર્યો. ઘરે ઘરે જઈ લોકોને જાગૃત કરતા.

દેશભરમાં આવા નાના-મોટા આંદોલનો દ્વારા છેવટે અંગ્રેજોએ ભારત છોડવાની જાહેરાત કરી. તેજસીબાપાએ જીવનભર ખાદી પહેરવાનું વ્રત લીધું હતું. માત્ર બે જોડી ખાદીના કપડા રાખી અપરિગ્રહનો અદ્‌ભુત દાખલો બેસાડ્યો. આ કપડાં જીર્ણ ન થાય ત્યાં સુધી થીગડા લગાડીને પહેરતા. સામે ગમે એવા મોટા નેતા કે સંઘપતિ કેમ ન હોય!

**આઝાદી મળ્યા પછી એમના દેશપ્રેમની કદર થઈ. તેજસીબાપાને મુંબઇ કોંગ્રેસનું મંત્રીપદ આપવામાં આવ્યું.** કોંગ્રેસનું મંત્રીપદ પાવરફુલ હોદ્દો કહેવાય. પણ એમણે પોતાના પાવર અને વગનો ક્યારેય દુરૂપયોગ ન કરીને અકિંચન રહ્યા.

૧૯૬૫ના ભારત - પાકિસ્તાન યુધ્ધ પછી સમગ્ર ભારતમાં કોંગ્રેસની લહેર દોડી. ઇંદીરા ગાંધીને લોકોએ હોંશેહોંશે વધાવી લીધા. ઇંદીરા ગાંધી લોકસભાની ઈલેક્શનમાં દક્ષિણ મુંબઈમાંથી તેજસીબાપાને ટિકીટ આપવા એસ.કે. પાટીલ સાથે સહમત થયા.

**એસ.કે. પાટીલ આ કચ્છી માડુની કાબેલિયત જાણતા હતા. પણ ગાંધીવાદી તેજસીબાપાએ ટિકીટનો અસ્વીકાર કર્યો. તેમણે ચૂંટાઇને દિલ્હી જવાની અનિચ્છા બતાવી કારણકે રાજકારણમાં ઘણી તડજોડ કરવી પડે એ એમને માન્ય નહોતી.**

રાષ્ટ્રીયસંત આચાર્ય ગુણસાગરસૂરીજીએ આધુનિક શિક્ષણને ટક્કર આપે એવી ગુરૂકુળ પરંપરાની આરક્ષિત વિદ્યાપીઠ શરૂ કરવાની કલ્પના કરી ત્યારે તેજસીબાપાએ આચાર્યની કલ્પના સાકાર કરવા કમર કસી અને મેરાઉ ગામમાં વિદ્યાપીઠ શરૂ કરવા

અગત્યનો ભાગ ભજવ્યો.

શિવસેનાથી માંડી કોંગ્રેસ સાથે ઘરોબો હોવા છતાં અંગત રાજકીય લાભ લેવાને બદલે ધર્મમય જીવન વિતાવતા. રોજ પૂજા, પ્રતિક્રમણ, ચોવિહારનો નિયમ કર્યો હતો. એમના ઘણા કુટુંબીજનોએ દીક્ષા લીધી હતી. કાળધર્મ પામેલા ૯૩ વર્ષના પ્રતાપી સાધ્વી અરુણોદયશ્રીજી મ.સા. ઉપરાંત પુણ્યોદયશ્રીજી મ.સા., હિતગુણાશ્રીજી મ.સા., નિમિત્તગુણાશ્રીજી મ.સા.નો સમાવેશ થાય છે.

વર્ષો પહેલાં મુંબઈમાં કચ્છી ઘરોમાં કોઈનું અવસાન થાય તો જાણ કરવા રાજગોર સાદ પાડતા. આ સાદ પાડવાની પ્રથા બહુ પ્રચલિત હતી. પરંતુ મુંબઈનો વિસ્તાર વધી ગયો. એટલે સાદ પાડવાની પ્રથાને તિલાંજલી આપી, સાઈક્લોસ્ટાઈલ પર મૃત્યુનોંધ છાપી, દૂરના પરાઓમાં આ ફરફરીયું પહોંચાડવામાં આવતું.

લોકો એને સાદપત્રિકા તરીકે ઓળખવા લાગ્યા. ખીમજી માંડણ ભુજપુરીયા, વેલજી બાપાના સથવારે પ્રચંડ પુરૂષાર્થ કરી સાદ પત્રિકાને લોકભોગ્ય બનાવી ઘરે ઘરે પહોંચતી કરવા માટે તેજસીબાપાએ પ્રમુખ ભૂમિકા ભજવી. તેજસીબાપાને ત્યારે ક્યાં ખબર હતી કે એક દિવસ એવો આવશે કે કચ્છીમાડુને છાશ અને સાદપત્રિકા વાંચ્યા વગર દિવસ અધૂરો લાગશે. **તેજસીબાપાના વરદ્ હસ્તે ઉછરેલી આ સાદ પત્રિકાને કારણે સમાજનો અદ્‌ભુત વિકાસ થયો છે.**

દેરાવાસી મહાજનના મંત્રી તરીકે પત્રિકાની સાથે ચાલી પાલીતાણામાં આવેલી ૧૨૫ વર્ષ જૂની પુરબાઈ ધર્મશાળા, પાલાગલી હાઈસ્કૂલની વ્યવસ્થા અને વિકાસમાં ફાળો આપ્યો છે.

અંગ્રેજોના જમાનામાં રેશનિંગ પ્રથા દ્વારા અનાજનું વિતરણ કરાતું. **મુંબઈમાં નેવું ટકા રેશનિંગની દુકાનો કચ્છીઓના હસ્તક હતી.** અંગ્રેજોએ રેશનિંગના માલનું વિતરણ કરવા બોમ્બે ગ્રેઈન ડિલર્સ એસોસિએશન સાથે ગોઠવણ કરી હતી. એસોસિએશનના પ્રમુખ તરીકે તેજસીબાપાએ આ કાર્યમાં માત્ર પાંચ રૂપિયા કમિશન વેપારીઓ પાસેથી લઈ એસોસિએશનનું સુચારૂ સંચાલન કરતા.

આજથી અંદાજે ૪૭ વર્ષ પહેલાં જ્યારે વાલજી આણંદજી છેડા એસોસિએશનના પ્રમુખ બન્યા અને તેજસીબાપા મેનેજિંગ ડાયરેક્ટર બન્યા ત્યારે એક નવા વિચારનો અમલ કર્યો. **પાંચ રૂપિયાના કમિશનમાંથી જમા થયેલી રકમ દ્વારા તીથલના દરિયા કિનારા પાસે સેનેટોરીયમ બાંધી.** અઢાર અઢાર કલાક સખત મહેનત કરતા વેપારીઓ રીલેક્સ થવા સહકુટુંબ વેકેશન માણવા તીથલ સેનેટોરીયમમાં જઈ શકે એવી અદ્‌ભુત કલ્પના તેજસીબાપા અને વાલજીબાપાએ કરી હતી.

તેજસીબાપાના સંતાનોને પણ પિતા પાસેથી સેવાના સંસ્કારો વારસામાં મળ્યા હતા. આજથી પાંત્રીસેક વર્ષ પહેલા જ્યારે નવી મુંબઈનો વિકાસ શરૂ થયો હતો ત્યારે નવી મુંબઈથી થોડે દૂર પનવેલમાં ક.વી.ઓ. સમાજની રચના એમના પુત્ર સ્વ. બિપીનભાઈએ કરી હતી.

**કાર્ય સમ્રાટ તરીકે જાણીતા એમના નાના પુત્ર હસમુખભાઈ પૂનામાં રહી, એમના સાથીદાર ધીરેન નંદુ, પોપટભાઈ ગાલા, દિનેશભાઇ કુરિયા અને સાથીદારો સાથે પૂનામાં કચ્છીઓ માટે "નંદુ ભવન" બાંધવાનું જબરદસ્ત કાર્ય કર્યું છે.** આ કચ્છી ભવનમાં અતિથિગૃહથી માંડી હોસ્ટેલ સુધીની વિવિધ વ્યવસ્થાઓ ગોઠવી પેશ્વાઈ શહેર પૂનામાં કચ્છીયતની ખુશ્બુ પ્રસરાવી છે.

આ પ્રકલ્પ ગાંધી જયંતિના દિવસે કચ્છીઓ માટે ખુલ્લું મૂકાયેલ છે. **મહારાષ્ટ્રના ૨૮ જેટલા નાના શહેરોમાં વસતા કચ્છીઓને એકસૂત્રે બાંધી "મહારાષ્ટ્ર એકમ" શરૂ કરવા હસમુખભાઈ તેમજ બારામતીના રામજીભાઈ મોતા તથા કોલ્હાપુરના દામજીભાઈ છેડાનો સિંહફાળો છે.**

તેજસીબાપાના ધાર્મિક સંસ્કારોને કારણે હસમુખભાઈએ અંદાજે ૧૯૯૫માં પૂનામાં "તેજલક્ષ્મી સંભવનાથ જૈન દેરાસર" બાંધવા મોટો આર્થિક સહયોગ આપી પોતાના પિતા તેજસીભાઈ અને માતા લક્ષ્મીબેનનું ઋણ ચૂકવવાનું કામ કર્યું.

હસમુખભાઈના મોટી બહેન સ્વ. તારાબેન કચ્છી મહિલા ફેડરેશનના સેક્રેટરી તરીકે વર્ષો સુધી સક્રિય રહ્યા હતા. તો બનેવી સ્વ. શ્યામ વોરા દેરાવાસી મહાજનમાં સેક્રેટરી તરીકે વર્ષો સુધી સક્રિય રહ્યા હતા. હસમુખભાઈના ભાણેજવીર બીમલ લાલજી વોરા સેવા સમાજના ઉપ પ્રમુખપદે છે. સાથે સાથે વોરા ભાવિક મંડળ ઈત્યાદિનું સંચાલન કરી રહ્યા છે.

હસમુખભાઈ ભલે માંડ દસમું ધોરણ ભણ્યા છે પણ એમની મેનેજમેન્ટ ક્વોલિટી ભલભલા એમ.બી.એ.ને હંફાવે એવી છે. આ કાર્ય સમ્રાટ જૈન સોશિયલ ગ્રુપ - મહારાષ્ટ્રના ચેરમેન પદથી લઈ અનેક સંસ્થાઓમાં અધિકારીપદે રહી કાર્યો કર્યા છે.

વાઈફ હેમાબેન, દીકરો હેમેન, પુત્રવધૂ નેહલ, દિકરી પીંકી અને જમાઈ કેતનભાઈ નવીન સંગોઈ (ગુંદાલા)એ હસમુખભાઈને નિવૃત્તિ પછી આજીવન સમાજસેવા કરી કાર્યસમ્રાટ બનવા સ્પેસ આપી છે. આ કાર્ય સમ્રાટની હયાતીમાં જ પૂનાની સુધરાઈ પૂનાના કોઈ રોડ કે ચોકનું નામ આપે તો એમનું સાચું સન્માન ગણાશે. અસ્તુ.

***આભાર : લેખની ખૂટતી વિગતો પૂરી પાડવા માટે ભરતભાઈ નાગડા અને હરીશભાઈ સાવલા.***

***મો. ૯૭૫૭૪ ૦૫૮૭૨***

# કચ્છ યુવક સંઘની કથા

વસંત મારૂ

કચ્છ યુવક સંઘ નામની, રાષ્ટ્રપ્રેમને વરેલી સંસ્થાનો ગત દશેરાએ આડત્રીસમો જન્મદિવસ ઉજવાઈ ગયો.

### *સંસ્થા શું કામ સ્થપાઈ?*

૧. એ સમયે પાકિસ્તાન બોર્ડર પરથી ચિક્કાર હથિયારો દાણચોરીથી ઘુસાવતું.

૨. કચ્છમાં મિશનરીઓએ અબુધ પ્રજાને ભરમાવી વટાળ પ્રવૃત્તિની શરૂઆત કરી હતી.

૩. આપણા લોકોનું ધર્મ પરિવર્તન કરાવવાની શરૂઆત કરી હતી.

૪. રજનીશના કચ્છમાં આશ્રમ સ્થાપવાના ભણકારા વાગી રહ્યા હતા.

ઉપરની ચાર બાબતોથી દુઃખ અનુભવતા થોડાક યુવાનો જાગૃત થઈ દાદર પૂલ પર મીટિંગો કરવા લાગ્યા. જગ્યા અને પૈસાને અભાવે આ મીટિંગ્સ દાદર પૂલ પર ભરાતી અને આખરે એનામાંથી કચ્છ યુવક સંઘનો જન્મ દશેરાના દિવસે થયો. અને ઉપરની સમસ્યાઓ પર જબરદસ્ત કાર્ય કર્યું.

દાદર પૂલ પર જન્મેલ કચ્છ યુવક સંઘનો વિકાસ એટલો જબરદસ્ત થયો કે ઓફિસના અભાવે પ્રવૃત્તિઓ માટે જે સંઘર્ષ કરવો પડતો, એ ધ્યાનમાં રાખી વર્ષો પછી દાદરમાં એક અફલાતુન કાર્યાલય શરૂ કર્યું. જગ્યાના અભાવે સમાજની કોઈ પણ સંસ્થાનું કામ ન અટકે માટે આ કાર્યાલય સંસ્થાઓને ભાડે અપાય છે, એ પણ ખોટ ખાઈને! સાવ ટોકન એમાઉન્ટ લઈને.

આ આડત્રીસ વર્ષમાં સેંકડો પ્રોજેક્ટ્સ કરવામાં આવ્યા. એમાંથી અમુક પ્રોજેક્ટ વર્ષોથી કચ્છી આબાલ વૃદ્ધ યુવાનોને સતત એકબીજા સાથે જોડવાનું કામ કરી રહ્યા છે.

આજે લોકો પાસે સમયનો સખત અભાવ છે. **એવા સમયે લોકો એકસાથે ભેગા થાય માટે ૨૧-૨૧ વર્ષથી અવિરતપણે ગરબા મહોત્સવ યોજે છે.** જેમાં વિરારથી ડોંબીવલી સુધીના લોકો હોંશે હોંશે પધારે છે, એકબીજાને મળે છે અને મૈત્રીનો માંડવો રચાય છે.

તાજેતરમાં જ બોરીવલીના કોરા કેન્દ્ર ગ્રાઉન્ડ ઉપર કચ્છ યુવક સંઘનો એકવીસમો રાસ ગરબા મહોત્સવ ઉજવાઈ ગયો. એમાં ભાગ લેવા ઉત્સાહ એટલો હતો કે પ્રવેશ પાસોની સખત અછત થઈ ગઈ હતી. ચિરાગ સંગોઈ અને સાથીદારો આ કચ્છી મિલન જેવા રાસ ગરબા માટે તનતોડ મહેનત કરી રહ્યા હતા.

**કચ્છી માડુઓને જોડતો બીજો એક કાર્યક્રમ એટલે મુંબઈમાં ખેલ મહોત્સવ.** અંદાજે બાવીસ વર્ષથી યોજાતા આ ખેલ મહોત્સવમાં ભાગ લેવા ચારેબાજુથી આબાલ વૃદ્ધ કચ્છી માડુઓ આવે છે. હું જ્યારે જ્યારે આ સ્પોર્ટ એક્ટિવિટીમાં ગયો છું ત્યારે સેવા સમાજના હાલના પ્રમુખ ડૉ. ચંદ્રકાંતભાઈ લાલનને ઉત્સાહથી ભાગ લેતા જોઈ હરખાઈ ઉઠ્યો છું.

કચ્છ યુવક સંઘનું **બ્રાન્ડનેમ બની ગયેલા કચ્છી નાટકોનું** તો અનેકવાર અખબારો ઈત્યાદિમાં લખાઈ ચૂક્યું હોવાથી ત્રીસ ત્રીસ વર્ષ જૂની આ કનેક્ટીંગ પીપલ એક્ટિવિટી પર વધુ કંઈ લખવાનું મુનાસિબ માનતો નથી.

હજારો કાર્યકરો જેમાં જોડાયા છે એ **એન્કરવાલા બ્લડ ડોનેશન** કેમ્પ પણ છેલ્લા વીસેક વર્ષથી સતત યોજાય છે અને વિનામૂલ્યે બ્લડ મેળવી આપી સેંકડો લોકોના જીવ બચાવ્યા છે.

કચ્છ યુવક સંઘ **મૂલ્યો પર આધારીત શિક્ષણ આપવા** કચ્છમાં ગઢશીશા, બિદડા અને ભુજ સહિતના સેન્ટરોમાં પાંચ પાંચ સ્કૂલ ચલાવે છે. ભુજમાં નવી સ્કૂલ માટે કાર્યવાહી ચાલુ છે.

ઉપરાંત કચ્છના બોર્ડર પર આવેલ છેલ્લા મોટા ગામ દયાપરમાં એક્સેલ ઈન્ડસ્ટ્રીઝના સૌજન્યથી **એક બોર્ડિંગ પણ ચલાવે છે.** ભુજ કરતાં પાકિસ્તાન નજીક છે એવા છેવાડાના ગામમાં બોર્ડિંગ ચલાવવા કઠણ કાળજુ જોઈએ અને ડૉ. પંકજ શાહ અને કોમલભાઈ છેડા, એ કાળજુ ધરાવે છે.

**ધરતીકંપ, રેલવે આંદોલનો, નર્મદા આંદોલન** ઈત્યાદિ માટે કરેલા પ્રચંડ કાર્યોના ફળ કચ્છને મળી રહ્યા છે. એટલે જ બિદડા પાસે **એક આધુનિક સ્પોર્ટસ કોમ્પ્લેક્સ** આકાર પામ્યું છે અને સમગ્ર તાલુકાનો પ્રથમ ખેલ મહાકુંભ તાજેતરમાં ત્યાં યોજાયો હતો. કચ્છમાં આ પ્રકારનો આધુનિક સ્પોર્ટસ કોમ્પ્લેક્સ બનાવવા આરતી ઈન્ડસ્ટ્રીઝના શાંતિભાઈ તેજસી અને એ જ નામધારી શાંતિભાઈ પટેલે ઉદારતાપૂર્વક અનુદાન આપ્યું છે.

દાદર રેલવે પૂલ પર જન્મીને લોકોના હૃદયમાં બિરાજતી આ સંસ્થાના હાલના મુખ્ય સૂત્રધાર હેમંતભાઈ કારાણી અને ભરતભાઈ ગોગરીને સંસ્થાના સ્થાપના દિવસે ઘણી ખમ્મા!

*આભાર : વિગતો માટે તલકસીભાઈ ફુરિયા અને સી.ટી. પરિવારનો*

# ઉજ્જડ થઇ ગયેલ મુંદ્રા તાલુકાના માડી ગામનો ઇતિહાસ

સમી સાંજે મુંદ્રા પાસે આવેલા લુણી ગામના પાદરમાં ફરવા નીકળ્યા છીએ. મારી સાથે હરિભાઈ તથા વયોવૃદ્ધ વિશનજીભાઈ દેઢિયા છે. પાદરમાં પહોંચીને પૂર્વ માહિતીની કડી જોડી આપતાં વિશનજીભાઈ બોલી ઊઠે છે, "જેની સમગ્ર વાત તમને કહી સંભળાવી, એ મંગીઆ પટેલે બંધાવેલું આ રહ્યું 'મંગીઆસર' તળાવ!" માડી ગામને જુહાર કરી લુણી ગામમાં ઠરીઠામ થનાર એ વ્યક્તિના તર્પણ સમા કાર્યને હું જોઈ રહું છું... અને એ સાથે મને યાદ આવે છે દેશલપર (કંઠી)ના ઓતરાદે નિહાળેલા છૂટાછવાયા અવશેષો સમા ખંડેરો...

હા, આમ તો ક્યારનાય ભાંગીને ભૂક્કો બની ચૂકેલા ગામની જાહોજલાલીની વાતો આજે પણ બુઝુર્ગોની આંખોમાં ચમક આપી દે છે અને તેઓ બોલી ઊઠે છે :

***"નાંગ નાય જે વાંઈયે ભરા, વિઠી બુકે વા;***
***જુકો ગિને નાં, તેંજી થિયે મા."***

(અર્થાત્ : (ભુજપુરની) નાગમતી નદીની આથમણી તરફ આજે એ હવા ફાકી રહી છે. જે એનું નામ લે છે તેની એ 'માતા' બની જાય છે.) **આ 'મા' એટલે 'માડી' ગામ.**

આ 'માડી' ગામ એકદા સમૃદ્ધિથી ફાટફાટ થતું હતું. ચોપાસ લીલી કુંજાર જેવી વાડીઓ આવેલી હતી. રાવ ખેંગારજી પહેલાના પ્રપૌત્ર મેઘજીના પૌત્ર અજાજીના સમયમાં માડી ગામની કીર્તિ ચોમેર ફેલાયેલી હતી. તત્સમયે એ મોટું વેપારી મથક હતું. દેશ-વિદેશ સાથે એ ગામના વેપારીઓનો વેપાર ચાલતો અને એમના વહાણો માડીથી થોડે દૂર પાસે આવેલા નવીનાળ પાસે લાંગરતા. (આમ હાલના 'અદાણી પોર્ટ'ની ખાડી અને એનાથી થોડે દૂર આવેલી 'નાળ'નો વ્યાપારી કુનેહથી ઉપયોગ કરવાનો ખ્યાલ તત્સમયના માડી ગામના શ્રેષ્ઠીઓની દૂરંદેશીયુક્ત બુદ્ધિ પ્રતિભાના દર્શન કરાવી આપે છે.) તત્સમયનું બંદર અને માડી ગામ વચ્ચેનો રસ્તો ગાડા અને ઊંટોની પોઠોથી ભરચક રહેતો. વચ્ચે જકાતનાકુ પણ આવતું, જેને 'દાણદેરી' ના નામે ઓળખવામાં આવતું. (આ 'દાણદેરી' આજે પણ નવીનાળ જતાં વચ્ચે આવે છે.)

કહે છે કે માડી ગામ છિન્નભિન્ન થયું. અહીંના રહેવાસીઓ પોતાની મહેલાતો સમા મકાનો છોડીને જતા રહ્યા ત્યારે મડઇ (માંડવી) ફરતે બંધાઈ રહેલા ગઢના ચણતરમાં આ માડી ગામના પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પણ માડી ગામ શા માટે નાશ પામ્યું? લુણી ગામ અને માડી ગામ વચ્ચે સંબંધ શો? બસ, અહીંથી જ મંગીઆ પટેલની ભૂમિકા કેન્દ્રસ્થ થાય છે.

દરેક ગામના વાળા-ઢાળા આવે છે. કુદરતના એ નિયમાનુસાર અજાજીના મરણ પછી માડી ગામ પર દશા બેઠી. ગામમાં મકાજી કરીને એક માથાભારે શખ્સ પાક્યો. એણે માડીના વેપારીઓને રંજાડવામાં કશું બાકી ન રાખ્યું. એની દુષ્ટ બુધ્ધિને લીધે માડી ગામના રહેવાસીઓ ગામ છોડીને જવા લાગ્યા. કેટલાકે ભુજપુર વસાવ્યું, કેટલાક તો હાલાર જઇ વસ્યા, તો કેટલાકે કાંઠી પરગણાના જુદા જુદા ગામોમાં વસવાનું શરૂ કરી દીધું. માડી ગામની આવી અવદશા નિહાળી ગામવાસીઓના હૈયામાંથી નિસાસા નીકળવા લાગ્યા અને એ લોકો બોલવા લાગ્યા, 'અજો નાંય ઘરે તડે માડી તી મૂલ કરે.' (અજો ઘરે નથી ત્યારે માડી મજૂરી કરે છે.)

પણ એ તો મકાજી મૃત્યુ પામ્યા પછીની વાત છે. મંગીઓ પટેલ... હા, મકાજીની હયાતીમાં એની રંજાડને લીધે માડી ગામ છિન્નભિન્ન થતું જતું હતું. એ જોઈને મંગીઓ પટેલ ખૂબ જ દુ:ખી હતો. એના સગા-સંબંધીઓએ તો ક્યારનાય સ્થળાંતર કરવાનું શરૂ કરી દીધું હતું. એ પોતે પણ ગઇકાલે જ લુણીથી પાછો ફર્યો હતો. બસ, હવે નક્કી કરી જ લીધું હતું. લુણીના હાલા દરબારો અને મારવાડથી આવી લુણીમાં જ ઠરીઠામ થયેલા માયરા ઠકરાઈઓએ તેને માડી ગામ છોડી લુણી આવી જવાનું ઇજન આપી જ દીધું હતું ને!

એ સાથે જ એણે ચૂપચાપ પોતાની અસ્ક્યામતો એકઠી કરવાની શરૂઆત કરી દીધી. સોનુ, ચાંદી, ઝવેરાત, રત્નો, માણેક સહિત ઉસેડી ન ઉસેડાય એટલી બેસુમાર મિલ્કત હતી. પણ મંગીઆ પટેલે એ તમામ ભેગી કરીને ગાડાઓ પર લાદી દીધી. પચાસ ગાડાઓની હારમાળા ચાલી. સાથે વળાવિયા લીધા. સૌથી આગળ વળાવિયા હતા. સૌથી છેલ્લા ગાડામાં પોતે અને એનું કુટુંબ બેઠું. પોતાની સાથે પણ સશસ્ત્ર ચોકિયાતો હતા.

પણ કહે છે ને કે મિલ્કત બચાવનારની બે આંખો હોય

છે, ચોરની ચાર આંખો! મંગીઆ પટેલની ચહલ-પહલ પર બાજ નજર રાખી રહેલા ગામના ઉતાર સમા કેટલાક ઈસમોને એ વાતની ખબર પડી ગઈ અને તેઓ મંગીઆની પાછળ પડ્યા!

માડી ગામ છોડ્યે પાંચેક બુકાનીધારીઓએ પોતાનો પીછો પકડ્યો હોવાનો ખ્યાલ ચાલાક મંગીઆને આવી જ ગયેલો. કોણ હશે આ અજાણ્યા ઈસમો! મંગીઆને કુતુહલ સાથે ભય પેઠો. પણ 'પડશે એવા દેવાશે' એવું વિચારી, ભગવાન પર ભરોસો રાખી એણે પોતાની કૂચ આગળ જારી રાખી.

ગાડાંઓની હેડ આગળ વધતી ગઈ, તો બુકાનીધારીઓ પણ પોતાના મકસદમાં મક્કમ રહી પીછો કરતા રહ્યા. મંગીઓ અતિ ચાલાક હતો. તેથી વચ્ચે વચ્ચે આવતા ગામોમાં પોતાના સગા-સંબંધીઓને એણે પહેલેથી જ પસાર થવાની જાણ કરી દીધી હોવાથી તેના ઓળખીતા પારખીતાઓ એના સ્વાગત માટે બે-એક ગાઉ અગાઉથી જ આવીને ઊભા રહી જતા. સમગ્ર રસાલાને વાજતે ગાજતે તેડી જતા અને ગામ વળાવી પાછળ પણ દૂર સુધી મૂકવા જતા... ત્યાં બીજા ગામવાળા તૈયાર જ રહેતા! આમ, લૂંટારાઓની મકસદ પૂરી જ ન થતી.

હવે તો લુણી પણ નજીક આવતું જતું હતું. મંગીઓ મનોમન મુસ્કુરાતો શાંત ચિત્તે બેઠો હતો, પણ એક તક તો દુર્જનને પણ મળે ને! એ ન્યાયે આખરે બુકાનીધારીઓને તક મળી... ગુંદાલા અને લુણી વચ્ચે "જંગી" નામે ઓળખાતું ગાઢ જંગલ આવે છે. કાચી-પોચી છાતીવાળો એકલ-દોકલ આદમી તો ધોળા દિ'એ પણ ત્યાંથી પસાર થવાની હિંમત સુધ્ધાં ન કરે. એવા સ્થળે લઘુશંકા...! હા, કેટલાય ગામો પસાર કરતાં ક્યારનાય લઘુશંકા દબાવી બેઠેલા મંગીઆને આ સ્થળે ફરજિયાત ઉતરવું પડ્યું અને છેલ્લે રહેલા પોતાના ગાડાંને પણ થોભાવવું પડ્યું.

હવે આ તક ચૂકે તો લૂંટારા શેના! તુર્ત જ એમનામાંના એકે મંગીઆને દબોચ્યો, બીજાએ બંદુકનો ભડાકો કર્યો અને ત્રીજાએ ભયંકર ત્રાડ પાડી : "ખબરદાર...!" આ સાંભળતા જ ગાડાંઓની હેડ થોભી ગઈ. બધાએ પાછળ ફરીને જોયું અને દૃશ્ય જોતાં જ એમના મોતિયા મરી ગયા. સશસ્ત્ર વળાવિયાઓ દોડતા આવ્યા પરંતુ પોતાના શેઠને લૂંટારાઓના સકંજામાં જોઈને નિરુપાય બની ઊભા રહી ગયા.

હવે...? બધાનું મગજ બહેર મારી ગયું. પરંતુ મંગીઆનું મગજ ફટાફટ કામ કરવા લાગી ગયું હતું... "ખબરદાર" ત્રાડ પાડનાર અવાજ કંઈક જાણીતો... એ બુકાનીધારી લૂંટારાને ધારી ધારીને જોવા લાગ્યો. ગાઢ વનરાઈમાં તો ધોળા દિ'એ પણ ચહેરો ન કળાય, જ્યારે આ તો બુકાનીધારી... અને છતાં અડસટ્ટે એણે ફટકાર્યું, "રે કક્કલ તું! છાબ્ભાસ આય તોકે!" (અરે કક્કલ તું, શાબ્બાશ છે તને!)

બસ, પૂરૂં થઈ ગયું. પેલા બુકાનીધારીના બંદુક પરના હાથની પકડ ઢીલી પડી ગઈ એ મંગીઆએ બરાબર જોયું અને મનોવિજ્ઞાનના જ્ઞાતા મંગીઆને પ્રત્યુત્તર મળી ગયો કે એની શંકા સાચી જ હતી. તત્ક્ષણે એણે વાક્ કર્યો, "રંગ આય કક્કલ તોકે. તું કક્કલજે નાં કે ઊજારે." (રંગ છે કક્કલ તને, તેં કક્કલના નામને અજવાળ્યું!)

કક્કલ સમજી ગયો કે મંગીઓ એને ભીયાં કક્કલની કુરબાનીની યાદ અપાવતો હતો. બીજી ક્ષણે એણે બુંદક ફેંકીને બુકાની છોડી નાખી અને મંગીઆના પગમાં પડી ગયો. "માફ કઈજા શેઠ, મિલ્કત મુંકે કુબુદ્ધિ સુઝાઈ." (માફ કરજો શેઠ, મિલ્કતે મને કુબુદ્ધિ સુઝાડી.)

"અરે કક્કલ, હું લુણી ગામનું લૂણ ખાવા જઈ રહ્યો છું અને તેં લૂણનો બદલો આ રીતે વાળ્યો!" કક્કલને પીગળતો જોઈ શેઠે વાણીનો ચમત્કાર બતાવવા માંડ્યો. "તને તો ખબર છે કે આ મિલ્કત સાથે ચાલવાની તો છે નહીં. મારું નામ પણ સુખા – માનતાનું છે તેથી 'મંગીઓ' રાખ્યું છે. (મંગીઆના પિતાને મોટી ઉંમર સુધી સંતતિ નહોતી થઈ. માનતાના પરિણામે માંગી લીધેલો હોવાની માન્યતાને લીધે એનો જન્મ થતાં એનું નામ 'મંગીઓ' રાખવામાં આવ્યું હતું.) તેં માગ્યું હોત તો તને અનેકગણું મેં આપી દીધું હોત... પરંતુ આ રીતે...?" શેઠે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

કક્કલ પૂરેપૂરો શરમાઈ ગયો. તુર્ત જ એણે પોતાના સાથીઓને હુકમ કર્યો, "અરે, જોઈ શું રહ્યા છો? છોડી દો શેઠને અને જવા દો તમામ ગાડાંઓને આગળ. શેઠની વાત સાચી જ છે. મિયાણા જેનું લૂણ ખાય છે એમની સાથે કદી પણ ગદ્દારી નથી કરતા. તમે બધા જાણો છો કે વખાનો માર્યો હું શેઠ પાસે આવ્યો ત્યારે મારો કલંકિત ભૂતકાળ જાણતા હોવા છતાં મને એમણે આશરો આપ્યો અને રોજી રોટી આપી. હા, પછી ફાંધો (વાંધો) પડ્યો અને હું જાતે એમનું મૂલ (મજૂરી) છોડી દઈ બદલો લેવાની તક શોધતો રહ્યો અને તમને તૈયાર કર્યા એ વાત સાચી. પણ જ્યારે શેઠ પર ઑખી (આફત) આવી છે અને એમણે પૂર્વજ ભીયાં કક્કલને યાદ કરી મેં શેઠનું લૂણ ખાધાનું યાદ અપાવ્યું છે ત્યારે મારી ફરજ બને છે કે શેઠને ન જ લૂંટવા જોઈએ." અને ફરીથી મંગીઆના પગમાં પડી કહ્યું, "શેઠ, હવે અમે જઈએ છીએ..."

"હવે હું તમને જવા નહીં દઉં" મંગીઆ શેઠે હસીને પોતાનું ખાનદાની ખમીર બતાવ્યું. "હવે લૂણી થોડું જ દૂર છે. ત્યાં સુધી તમે વળાવિયા તરીકે ફરજ બજાવી તમારી ભૂલનું પ્રાયશ્ચિત કરો. તો હું, મારું કુટુંબ અને આ થાકેલા વળાવિયાઓ આરામથી સૂઈ શકે."

"અરે શેઠ, હવે એ જવાબદારી અમારી." કક્કલે તુર્ત જ જવાબદારી લઈ લીધી અને મંગીઆ શેઠ સહિત તમામ નિશ્ચિંત બનીને સૂઈ ગયા.

લુણી આવી ગયું. બધા જાગ્યા એટલે કક્કલે કહ્યું, "શેઠ, હવે અમને રજા આપો. અમે જઈએ."

"હવે ક્યાં જશો? હવે તો બંધાઈ ચૂક્યા છો." શેઠે લાગણીભર્યા સ્વરે પ્રત્યુત્તર આપ્યો અને આગ્રહ કરી બધાને પંદર દિવસ સુધી રોક્યા. પંદરેય દિવસ પ્રેમથી જમાડ્યા અને અંતે સારી ભેટ-સોગાદો તથા સોના મહોરોથી તેમને સંતોષી, વિદાય કર્યા.

★

'આવો હતો મંગીઓ પટેલ.' બુઝુર્ગ વિશનજીભાઈના ઘેઘૂર અવાજે મને પુનઃ વર્તમાનમાં લાવીદીધો, 'અને એ મંગીઆ પટેલે લુણી ગામનું લૂણ ખાઈને પોતાનું ઋણ અદા કર્યું. દસ લાખ કોરીઓ ખર્ચીને એણે નવાણો, કૂવાઓ બનાવ્યા, મંગીઆવાળી વાવ અને સરસ મજાનું 'મંગીઆસર' તળાવ બનાવ્યું.' વાત પૂરી કરતાં વિશનજીભાઈએ આંગળી ચીંધી તળાવ બતાવતા કહ્યું.

લુણી ગામમાં 'દેઢિઆ' નુખધારી ઓસવાળ વણિકોનું બાહુલ્ય મંગીઆ શેઠના આગમનને આભારી હોવાનું તેઓ જણાવે છે. આજે પણ ઉજ્જડ માડી ગામમાં અનેક ધર્મસ્થાનકો આવેલા છે અને વાર તહેવારે દૂર-દેશાવરમાં વસતા પ્રજાજનો પોતાના પૂર્વજ અને દેવસ્થાનોને પગે લાગવા આવે છે ત્યારે માડી ગામની દુર્દશાનો ચિતાર આપતી આ લોકોક્તિ અવશ્ય એમના કાને અફળાય છે :

*"માડી વિંધો મુકામ, નેં સાપર થિંધો સેર,*
*ગઢપતિ થિંધા ગરધડા, ફિરધાં ઊંધાડે પેર."*

મામૈદેવની આગમવાણીને મળતી આવતી આ લોકોક્તિ વિશે આજની પેઢી વિશેષ પ્રકાશ પાડી શકતી નથી. હા, કોઈ સુજાણી હોય તો એના પર અવશ્ય પ્રકાશ પાડી શકે છે.

તો મંગીઆ પટેલના વારસાને જાળવી રાખનાર વટ્ટના કટકા સમા લુણી ગામના રાયશી પટેલની વાત પણ આજે લુણીવાસીઓ એવા જ ગૌરવથી કહે છે. દેશળજીના પુત્ર રવોજી (પાછળથી 'પ્રાગમલજી' નામ ધારણ કરી ગાદીએ બેઠા) પિતાથી રીસાઈને મુંદ્રા પાસે આવેલી 'ચીચીવાડી'માં આવ્યા. ત્યાં શિકારના મહાવરાને જાળવી રાખવા આકાશમાં ઊડતા કુંજ પક્ષીને ભડાકે દીધો. બંદુકના અવાજથી ત્યાંથી પસાર થઈ રહેલા રાયશી પટેલના કાન ચમક્યા અને ત્યાં તો કુંજ પક્ષી તરફડિયા મારતું તેમના પગ પાસે આવી પડ્યું અને થોડીવારમાં મૃત્યુ પામ્યું. જૈન ધર્મના ચુસ્ત અનુયાયી એવા રાયશી પટેલનું હૈયું આ ઘટનાથી હલબલી ગયું અને એમણે તપાસ કરતાં આ કૃત્ય રવોજીનું હોવાનું માલૂમ પડ્યું. તુરત જ એ રવોજી પાસે પહોંચ્યા અને અહીં રહેવું હોય તો અહિંસાનું પાલન કરવાનું ફરજિયાત હોવાનું બેધડકપણે જણાવી દીધું!

રવોજી ત્યારે તો ગમ ખાઈ ગયા. પરંતુ આગળ જતા દેશળજી બાદ પ્રાગમલજી નામ ધારણ કરી ગાદીએ બેઠા બાદ ભૂતકાળમાં બનેલી ઘટનાને યાદ રાખી 'ચીચીવાડી'ની મુલાકાતે આવ્યા! પોતાના સિપાઈઓને રાયશી શેઠને પકડી લાવીને હાજર કરવાનો હુકમ કર્યો. તુરત જ રાયશી પટેલને સિપાઈઓએ પકડી લઈને 'ચીચીવાડી'માં હાજર કરી દીધા.

બંનેની આંખો ટકરાઈ. સત્તાધીશ બની ચૂકેલા પ્રાગમલજીનો ભાવ રાયશી પટેલ કળી ગયો. 'હવે તમારો હુકમ ચાલશે કે મારો?' પ્રાગમલજીએ કરડાકીથી પૂછ્યું.

'બાવા, જ્યારે રાજા હુકમ કરશે ત્યારે રૈયત તરીકે તમારો હુકમ શિરોધાર્ય બનશે, પરંતુ જ્યારે એક શિકારી શિકાર કરશે ત્યારે ભગવાન મહાવીરની આજ્ઞાનું પાલન કરાવવું એ મારી પવિત્ર ફરજ બનશે!' ઉન્નત મસ્તકે રાયશી પટેલે જવાબ દીધો.

આ સાંભળતા જ પ્રાગમલજીના મુખની રેખાઓ ફરી ગઈ. કરડાકીની જગ્યાએ સૌમ્યપણું આવી ગયું અને મંદસ્મિત સહ એ બોલી ઊઠ્યા, 'બસ, મારે એ જ જાણવું હતું કે મારી રૈયત સત્તારૂપી જોહુકમી સામે નમે છે કે નહીં અને મને ખાતરી થઈ ગઈ છે કે **જ્યાં સુધી સત્યને વળગી રહેવાવાળા કચ્છમાં છે ત્યાં સુધી કચ્છની અસ્મિતાને ઊની આંચ આવે તેમ નથી.**' અને પછી પૂરેપૂરા માન સન્માન સાથે રાયશી પટેલને વિદાય આપવામાં આવી. એટલું જ નહીં, એ વિસ્તારના વહીવટદાર તરીકેની પણ સત્તા એમને આપવામાં આવી. આ રાયશી પટેલે વર્ષો સુધી પર્યુષણ પર્વ દરમ્યાન સમગ્ર વિસ્તારમાં મચ્છીમારી બંધ કરાવી હતી. ■

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે**
**ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે**
**ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

# કચ્છી બોલી વિજ્ઞાન
## (Speech Variety of Kutchhi Dialect)



મહેન્દ્ર દોશી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આયોજિત સ્વામિવાત્સલ્યના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ ગુજરાત રાજ્યના માનવંતા મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યના વિધાનસભાના અધ્યક્ષિકા તેમજ સમાજના સભ્યોની ઉપસ્થિતિમાં ભારતીય ભાષા સંસ્થાનની આર્થિક સહાય તેમજ માર્ગદર્શન હેઠળ મહેન્દ્ર દોશી સંશોધિત 'કચ્છી બોલી વિજ્ઞાન' પુસ્તકનું વિમોચન મુખ્યમંત્રીશ્રીએ કરેલ હતું. માન. મુખ્યમંત્રીશ્રીએ ફાળવેલ સમય મર્યાદાને અનુસરતાં આ પુસ્તક વિષયની જાણકારી આ કાર્યક્રમમાં આપી શકાય તેમ ન હોવાથી પ્રસંગોચિત આ પુસ્તક અંગેની સંક્ષિપ્તમાં માહિતી જાણવી એ ઔપચારિકતા ગણાશે.

ગુજરાત રાજ્યમાં ગુજરાતી ભાષા ઉપરાંત ૪૬ જેટલી તેની ઉપબોલીઓ અને માત્ર એક ગુજરાતી ભાષા કરતાં ભિન્ન લક્ષણો ધરાવતી ગુજરાતના કચ્છ પ્રદેશના વિસ્તારમાં બોલાતી 'કચ્છી બોલી' અસ્તિત્વમાં છે, જીવંત છે અને બોલાતી સંભળાય છે. આ ઉપબોલીઓમાં કચ્છી બોલી તેમની ભાતીગળતા અને વૈવિધ્યના કારણે વિશિષ્ટ અને અલગ બોલી છે. ગુજરાત રાજ્યનો કચ્છ પ્રદેશ વિસ્તારની દૃષ્ટિએ ગુજરાતનો સૌથી મોટો વિસ્તાર છે, મોટો જિલ્લો છે. પરિણામે આ વિસ્તારમાં બોલાતી સ્થાનિક ભાષામાં ભૌગોલિકતા તેમજ સામાજિક પરિસ્થિતિ, જાતિ, જ્ઞાતિ, કોમ્યુનિટીના કારણે ભાષામાં ખરા અર્થમાં બાર ગાઉએ બોલી બદલાય તેવી પ્રતીતિ આ વિસ્તારના કુલ ૧૦ જિલ્લામાં બોલાતી સ્થાનિક ભાષામાં થાય છે. સ્થાનિક ભાષા (Native Language) એક જ હોવા છતાં ભાષામાં જણાતી ભિન્નતા, વિવિધતાના કારણે ભૌગોલિકતા, સામાજિક વ્યવસ્થા, જાતિ, જ્ઞાતિ, કોમ્યુનિટીના અલગ અલગ રીતરિવાજ, રહેણી કરણીના કારણે આ બોલીઓની અલગ ઉપબોલી તરીકેના વર્ગમાં તેને વર્ગીકૃત કરવું. આ પ્રોજેક્ટનું શીર્ષક 'સ્પીચ વેરાયટી ઓફ કચ્છી ડાયલેક્ટ' કચ્છી બોલી વિજ્ઞાન એવી પરિભાષાને સૂચિત કરવું એ શીર્ષક આપેલ છે.

સ્પીચ વેરાયટી ઓફ કચ્છી ડાયલેક્ટ શીર્ષક પોતે જ આ અભ્યાસનો વ્યાપ અને વિસ્તાર સમગ્ર કચ્છ પ્રદેશને સૂચિત કરે છે. જેમાં કચ્છ પ્રદેશ વિસ્તારના ૧૦ જિલ્લાઓમાં બોલાતી સ્થાનિક ભાષાનો સમાવેશ થાય છે. આ અભ્યાસમાં કચ્છી બોલી કચ્છ પ્રદેશ વિસ્તાર સિવાય ગુજરાત બહાર બોલાતી કચ્છીનો સમાવેશ થતો નથી. આથી આ સંશોધનના અભ્યાસ માટેની ડેટા સામગ્રી કચ્છના ૧૦ જિલ્લાઓમાં બોલાતી સ્થાનિક ભાષાના ભાષકોની શબ્દાવલીનું એકત્રીકરણ કરવામાં આવેલ છે. આ ડેટા સામગ્રીના જુદા જુદા બે પ્રકારના અભ્યાસ કરવામાં ઉપયોગ કરવામાં આવેલ છે, જેમાં (૧) આ વિસ્તારના ભાષાનાં ભાષકોનો વોઇસ રેકોર્ડિંગ જેમાં કુલ ૫૮ ભાષકોનું વોઇસ રેકોર્ડિંગ થયેલ. (૨) જે તે વિસ્તારમાં બોલાતી સ્થાનિક ભાષાના અનુવાદના આધારે જે તે વિસ્તારના સ્થાનિક ભાષાનાં સ્વરૂપના અભ્યાસ માટે કુલ ૧૨ શિક્ષકોના અનુવાદ કરવા માટે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. આ વોઇસ રેકોર્ડિંગના આધારે સ્થાનિક ભાષામાં આવેલ વૈવિધ્ય અને ભિન્નતા ભૌગોલિક, સામાજિક, જાતિ, જ્ઞાતિ, કોમ્યુનિટીના રીતરિવાજોના કારણે ભાષકોના શબ્દોના ઉચ્ચારણના વોઇસ રેકોર્ડિંગના આધારે સ્થાનિક બોલીની શબ્દાવલીના ધ્વન્યાત્મક મૂળ ઉચ્ચારણના આધારે શબ્દોના ઉચ્ચારણ મૂલક ઉચ્ચારને International Phonetic Alphabet Script (IPA) ની લિપિમાં લિપ્યંતર કરી ઉચ્ચારણની ફ્રિક્વન્સીના આધારે લિપિમાં શુદ્ધ જોડણી યોજવા માટેની આ વોઇસ રેકોર્ડિંગનું આઈપીએ માં કરેલ લિપિનું લિપ્યંતર ઉપયોગી નીવડશે.

આ ઉપરાંત જેમાં કેટલાક વિશિષ્ટ ધ્વનિ ઘટકોની ભાતીગળતાની નોંધ શક્ય બને.

શબ્દકોશનું ઉચ્ચારણ મૂલક શબ્દકોશ તૈયાર થઈ શકે. જેમાં IPA માં લિપ્યંતર થવાને કારણે દુનિયાના કોઈપણ સ્થળે 'કચ્છી બોલી'ના સ્વરૂપ અંગેની જાણકારી મેળવી શકાય, વાંચી શકાય અને મૂળ ભાષકોના ઉચ્ચારણને લાંબો સમય સુધી જીવંત રાખી, સંગ્રહિત રાખી શકાય.

આ પ્રોજેક્ટની બીજા તબક્કામાં કચ્છનું લેખિત સ્વરૂપ કેવું છે અને કચ્છી લિપિ માટે Syllabic અક્ષરની વ્યવસ્થા (વ્યંજન - સ્વર)નું સંકલન ગોઠવણ કેવું છે તે જાણી શકાય. તેની ઉચ્ચારણ આધારીત જાણકારી પ્રાપ્ત કરવા ઉપરાંત કચ્છી બોલીના લેખિત સ્વરૂપની રૂપાતંત્રીય વ્યવસ્થા કયા પ્રકારની છે, તેનો અભ્યાસ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૧ ઉપર)

# અનેક સંસ્કૃતિઓની અવરજવરનો સેતુ છે કચ્છ



કીર્તિ ખત્રી

કચ્છના ઈતિહાસ પર નજર કરીએ તો સદીઓથી હડપ્પાકાલીન યુગથી અનેક દેશી-પરદેશી માનવ સમૂહો, પ્રજાઓ, સંસ્કૃતિઓ અને સભ્યતાઓની આવનજાવન અહીં થતી જ રહી છે. તેથી જ ઈતિહાસકારો કચ્છને અનેક સંસ્કૃતિઓની અવરજવરનો સેતુ કહે છે. પણ ઊડીને આંખે વળગે એવી વાત એ છે કે આ આવનજાવન વચ્ચેય કેટલીક જાતિઓ અને પ્રજાતિઓ અહીં જ સ્થાયી થઈને કચ્છીયતને રંગે રંગાઈ છે. આવા પ્રત્યેક લોકસમૂહ આ પ્રદેશની ભૌગોલિક વિષમતાઓ અને વિશિષ્ટતાઓને અનુરૂપ જીવન જીવવાનું શીખીને ‘કચ્છી’ બની ગયા છે. અહીંની વિષમતાઓ એટલે ખાસ તો વરસાદ-પાણીનો સખત અભાવ અને એના લીધે ઊભી થતી બીજી અનેક હાડમારીઓ. આ સૌ કચ્છ આવ્યા ત્યારે પોતપોતાના મૂળ પ્રદેશ મુજબની જીવનશૈલી અને સંસ્કૃતિ ધરાવતા હતા. પણ કચ્છમાં સ્થિર થયા પછી તમામ સમૂહો - પ્રજા અહીંના પર્યાવરણને અનુરૂપ જીવન જીવતાં જીવતાં આખરે કચ્છી બની ગયા છે. આવી એકેએક લોકજાતિઓનો - જ્ઞાતિઓનો પોતાનો આગવો ઈતિહાસ છે. એટલું જ નહીં, એમાં ભારોભાર વૈવિધ્ય છે અને કેટલીક ધ્યાન ખેંચે તેવી સમાનતા પણ છે. એક તરફ કચ્છની અભાવની સંસ્કૃતિના એકસમાન દર્શન આ લોકજાતિઓની જીવનશૈલીમાં જોઈ શકાય છે, તો બીજી તરફ તેમના રીતરિવાજો અને અન્ય વ્યવહારોમાં મૂળ લક્ષણોયે દેખાય છે. અરે, કોઈના શરીરના ઊંચા બાંધા, કોઈની માંજરી આંખો, કોઈનો ગોરો-ગુલાબી વાન, કોઈનું અણીવાળું નાક કે નૃત્ય છટા જોઈને મધ્ય એશિયા કે યુરોપની કે પછી ભારતના પંજાબ, રાજસ્થાન જેવા પ્રાંતની પ્રજાની છાંટ જોઈ શકાય છે. કદાચ તેથી જ કચ્છની વૈવિધ્યભરી મિશ્ર સંસ્કૃતિ ઉદ્‌ભવી છે.

કચ્છની આ સઘળી વિશેષતાઓના દસ્તાવેજીકરણનો વિચાર કરીએ તો બસ્સો વર્ષ પહેલાનું કચ્છનું ગેઝેટિયર ઉપરાંત બ્રિટીશ સમય દરમ્યાન અંગ્રેજ લેખકોએ કચ્છ વિશે લખેલાં પુસ્તકમાં છૂટીછવાઈ માહિતી છે, પણ ૧૯૫૯માં ‘કચ્છનું સંસ્કૃતિ દર્શન’ ગ્રંથમાં રામસિંહજી રાઠોડે સમગ્રતયા કચ્છને પેશ કરવાનો એકલવીરની અદાથી વ્યાયામ કર્યો છે એ કાબિલેદાદ છે. એ પછી ૧૯૬૩માં એલ.એફ. રશબ્રુક વિલિયમ લિખિત અને દુલેરાય કારાણી સંપાદિત પુસ્તક ‘કાળા ડુંગર કચ્છજા’ ઈતિહાસ અને લોકકથામાં કચ્છ શીર્ષક સાથે પ્રસિદ્ધ થયું. આ ઉપરાંત પ્રો. ગોવર્ધનરામ શર્મા અને ભાવના મહેતા લિખિત ‘સંસ્કૃતિનો સેતુ કચ્છ’ સહિતના પ્રકાશનોમાં એક અનોખા મુલકની સંસ્કૃતિ અને ઈતિહાસનાં જુદા જુદા પાસાં પોતાની રીતે પેશ કરાયા છે. કોઈ સુવાંગ ચિત્ર ઉપસતું નથી. કેલિડોસ્કોપના વિવિધ ટુકડા જેવું લાગે છે. બધાને સાથે લઈને જોવાય તો કચ્છ ઉપસે એવી સ્થિતિ છે. જો કે, ૧૯૯૬માં ‘કચ્છ તારી અસ્મિતા’નો ગ્રંથ ‘કચ્છમિત્ર’ દ્વારા પ્રકાશિત કરાયો, તેમાં સમગ્ર કચ્છ ઉપરાંત ‘વૈશ્વિક કચ્છ અને કચ્છી’ના ખ્યાલ સાથે અભ્યાસપૂર્ણ લેખ અપાયા હતા. આ પ્રકાશને એક નવી દિશા આપી પરંતુ ૨૦૦૧ના ધરતીકંપ અને એ પછીના કચ્છના અભૂતપૂર્વ વિકાસે સ્થિતિ સાવ બદલી નાખી છે. ૨૦૧૩ના આરંભમાં અમદાવાદ સ્થિત કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે એક અનોખી પહેલ કરીને કચ્છનો સર્વાંગી ઈતિહાસ નવેસરથી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રકાશિત કરાવ્યો છે. કચ્છના જુદા જુદા વિષયના નિષ્ણાતોની મદદથી ઈતિહાસ આલેખન થાય એ જરૂરી એટલા માટે હતું કે કચ્છના અત્યાર સુધી લખાયેલા મોટાભાગના ઈતિહાસો યા તો રાજસત્તા પ્રેરિત હતા અગર તો એમાં કોઈને કોઈ ત્રુટીઓ રહેલી હતી. પણ એનું પ્રકાશન અપેક્ષા મુજબનું થયું નથી. જ્યારે આ પ્રકાશનમાં શક્ય ત્રુટીઓ નિવારી શકાઈ છે.

બાકી તો અગાઉ લખ્યું છે તેમ પ્રાચીનકાળથી કચ્છ, એ અનેક સંસ્કૃતિઓની અવરજવરનો સેતુ રહ્યો છે એમ નિષ્ણાતો માને છે. કેટલાયે લોકો બહારથી આવ્યા, પછી એ જુદા જુદા આક્રમણો વખતે આવ્યા હોય કે અન્ય વિસ્તારોમાં પેદા થતી મુશ્કેલ પરિસ્થિતિમાં હિજરત કરીને આવ્યા હોય. પણ આ પૈકી કેટલાક પાછા ગયા, કેટલાક બીજે સ્થળાંતર કરી ગયા પણ જેમને આ ધરતીની મમતા બંધાઈ તે કાયમને માટે રહી ગયા. રામસિંહજીના ‘કચ્છનું સંસ્કૃતિ દર્શન’ પુસ્તકના આવકાર લેખમાં નિષ્ણાત ડી.જી. વ્યાસે આ હેરફેરની નોંધ લઈને લખ્યું છે કે બહારની સંસ્કૃતિઓની કચ્છ પર થયેલી અસરોનો સમય જતાં સુમેળ થવા પામ્યો હતો. તેથી કચ્છની સંસ્કૃતિએ તેની લાક્ષણિકતાઓ સાથે આખરી સ્વરૂપ ધારણ કર્યું હતું અને તે સંપૂર્ણ રીતે ભારતીય રહ્યું હતું. અત્યારે પણ બહારની સંસ્કૃતિઓના અવશેષો કોઈ કોઈ જાતની જીવન પ્રવૃત્તિઓમાં

દેખાઈ આવે છે, પરંતુ એ ભારતીય સંસ્કૃતિમાં એકરંગ બની ગયા છે. તો પ્રો. ગોવર્ધનરામ જોશીએ નોંધ્યું છે કે આ પ્રવાસી પ્રજા જ કચ્છની પ્રજા છે. ઇતિહાસવિદો હડપ્પાકાલીન યુગથી આ આદાન-પ્રદાનને રેખાંકિત કરતા રહ્યા છે. આર્ય, યાદવ, યવન, શક, ક્ષત્રપ, તુર્ક, ઈરાની, પહેલવી, ગૂર્જર, આભીર વગેરે અહીં આવતા રહ્યા અને વસતા ગયા.

આ માનવસમૂહો એટલે કે હિંદુ, મુસ્લિમ કે પછી અન્ય ધર્મની જ્ઞાતિઓ વિશે સર્વગ્રાહી સુસંકલિત સંશોધન થયું નથી. પણ, મહદ્ અંશે દરેક જ્ઞાતિ પાસે પોતાનો ઈતિહાસ સચવાયેલો છે. તેઓ મૂળ ક્યાંથી આવ્યા, શા માટે આવ્યા અને શા માટે આ ભૂમિ પસંદ કરી તેની માહિતીઓ તેમની પાસે છે. આ વાતની પ્રતીતિ ૨૪ વર્ષ પહેલાં 'કચ્છ તારી અસ્મિતા' ગ્રંથના પ્રકાશન વખતે થઈ હતી. આ ગ્રંથમાં 'જ્ઞાતિગંગા કચ્છ'ની શિર્ષક હેઠલ અનોખી સંસ્કૃતિ ધરાવતા આ પ્રદેશની માલધારી, રબારી, આહીર, જત, ચારણ, ભાનુશાળી, ભાટિયા કે જૈનોની માહિતી મેળવવા જે તે જ્ઞાતિઓના વડાઓનો સંપર્ક સાધ્યો તો એટલી બધી માહિતી આવી કે પ્રત્યેકનો એક ગ્રંથ કરવો પડે. એટલે અસ્મિતા ગ્રંથમાં એકદમ ટૂંકાવીને માહિતી અપાઈ. પણ તે પછી 'કચ્છમિત્ર'માં બે વાર એની કટાર શરૂ થઈ. હિંદુ, મુસ્લિમ, જૈન મળીને કુલ ૯૪ જ્ઞાતિઓનો ઈતિહાસ ટુકડે ટુકડે પ્રસિદ્ધ થયો. પણ, બન્યું એવું કે જ્ઞાતિઓના આંતરિક રાજકારણના ડખાને લીધે જે તે કટારો બંધ કરવાની ફરજ પડી. આમ છતાં છાપ એવી ઊભી થઈ કે જે કોઈ ઈતિહાસ પેશ કરાયો હતો એ મોટાભાગે સત્યની નજીકનો હતો. આ મુજબ કચ્છમાં જ્ઞાતિઓનું પગેરું એમ કહે છે કે એના પ્રથમ વતની (આજે મોજુદ છે તે પૈકી) કોળી છે.

અગાઉ લખ્યું છે તેમ લોકસમૂહોના આગમન અંગે વૈજ્ઞાનિક ઢબે સંશોધન થયું નથી પરંતુ મૌખિક પરંપરાના આધારે ધ્રબના લોકસાહિત્યકાર તુર્ક અબ્દુલ હુસેન અબ્દુલ્લાએ નોંધ્યું છે કે, પૃથ્વીના અન્ય ભાગોમાં અત્યાચાર અને અશાંત માહોલથી થાકેલા માનવસમૂહો વતન છોડી અહીં આવ્યા કારણકે અહીં જીવન ટકાવવું સરળ હતું. આ મૌખિક પરંપરા અનુસાર કચ્છની મોટાભાગની પ્રજામાં ૪૦ ટકા સિંધથી, પાંચ ટકા ઈરાનથી, પાંચ ટકા એશિયાથી, ૧૦ ટકા અરબસ્તાન, ઈજિપ્ત અને યુરોપથી અને ૨૫ ટકા ઉત્તર ભારત, કાશ્મીર-પંજાબ અને રાજસ્થાન ઉપરાંત પંદરેક ટકા બનાસકાંઠા, સાબરકાંઠા, મચ્છુકાંઠા, સૌરાષ્ટ્ર અને બરડાથી આવીને વસી છે.

લોકજીભે ચડેલા સાહિત્યના હવાલા સાથે તુર્ક અબ્દુલ હુસેને સંગાર ઈરાનથી, જત ગ્રીકથી, તુમેર ચારણ ઈજિપ્તથી, કચ્છી અને ઢેબરીયા રબારી જેસલમેરથી, રાઠોડ - ભાટી રાજસ્થાનથી, ચાવડા - સોલંકી બનાસકાંઠાથી, દાતણિયા - સથવારા બનાસકાંઠા પાટણથી, આહીર મચ્છુકાંઠા અને સૌરાષ્ટ્રથી, જૈન રાજસ્થાનથી, જ્યારે બ્રાહ્મણો કાશ્મીર, પંજાબથી આવીને વસ્યા. મૌખિક પરંપરાની માહિતીને સમર્થન કેટલેક અંશે જ્ઞાતિઓના ઈતિહાસમાં મળી રહે છે.

વધુમાં લોકસાહિત્યકારે એક એવું નિરીક્ષણ પણ કરેલું છે કે, કચ્છમાં જેમ ઝાડપાન, પશુપંખી, ઘાસ અને વનસ્પતિ જુદા જુદા વિસ્તારમાં માત્ર ત્યાં જ જોવા મળે છે, તેમ માનવસમાજ, જ્ઞાતિ સમૂહોએ પણ ચોક્કસ વિસ્તારમાં જ જમાવટ કરી છે. તેમની વસાહતોના ગામડાના ઝુંડ જોઈ શકાય છે. દા.ત. અબડાસા - માંડવીના કાંઠાળ વિસ્તારોમાં તુમેર ચારણ અને એ જ વિસ્તારોમાં કિનારાથી ઉપરના ભાગે ઓસવાળ જૈન, અબડાસા ઉપરાંત માંડવી, નખત્રાણા અને ભુજના તાલુકાના અમુક ગામોમાં ભાનુશાળી સમાજ, લખપત - અબડાસાના કાંઠા પર ફકીરાણી જત, મોટા રણની કાંધીએ આહિરો, પૂર્વમાં રબારીઓ, નખત્રાણા - લખપત તાલુકામાં કડવા પાટીદાર, ભુજ તાલુકામાં લેવા પટેલોની પટેલ ચોવીસીના ગામ, બન્ની અને પચ્છમમાં નોડે, રાયસીંપોત્રા, હાલેપોત્રા, મુતવા વિ. સમૂહો, માંડવી - મુંદ્રાના કંઠીપટમાં ભાટીયા, લુહાણા, જૈન, અંજાર - મુંદ્રાની અમુકપટ્ટીમાં રાજપૂત - ક્ષત્રિયો, અંજાર તાલુકામાં મિસ્ત્રી, સોરઠિયા અને ખોજા, મિયાણી પટ્ટમાં મિયાણા વગેરે. એ જ રીતે ભચાઉ અને રાપરના વાગડ વિસ્તારમાં પણ કોળી, રબારી, લુહાણા, જૈન, અંજણા પટેલ, આહિરોના ગામડાં છે. આવી પટ્ટીઓ, ચોવીસી કે ગામડાઓના ઝુંડ - જૂથની જમાવટ પાછળ કયા કારણો હોઈ શકે? શા માટે ચોક્કસ જાતિ-જ્ઞાતિ ચોક્કસ જ વિસ્તારોમાં કેન્દ્રિત થઈ છે? દેખીતી રીતે જ સ્થાનિક પર્યાવરણ, વ્યવસાય અને જે તે સ્થળે વસવાટ કરનાર જાતિ - પ્રજાતિઓ વચ્ચે સીધા સંબંધ જોઈ શકાય છે. જ્યાં ખેતી માટે અનુકૂળ માહોલ છે ત્યાં કિસાન જાતિઓ, ઘેટાંબકરાં કે અન્ય પશુપાલનની તકો છે ત્યાં રબારી અને બીજી માલધારી જાતિઓએ જમાવટ કરી છે. આવું જ અન્ય વેપાર-વ્યવસાય કરતી જ્ઞાતિઓમાં પણ જોઈ શકાય છે. આ વિષયે વધુ અભ્યાસ અને સંશોધન જરૂરી છે.

અને સંશોધનનો મુદ્દો આવે છે ત્યારે કચ્છના લોકજીવનની અને લોકસંસ્કૃતિની એક એક લાક્ષણિકતાઓના મૂળમાં ઊંડા ઊતરીશું તો આખરે તેમાં અભાવ અને એના સામનાની મથામણ દેખાશે. દા.ત. કચ્છની જગવિખ્યાત હસ્તકલાની વાત કરીએ તો અજરખના રંગોનું અજોડ મેચિંગ કે બન્નીનું ભરતકામ. કુદરતે વરસાદના અભાવે જે રંગોથી માનવીને વંચિત રાખ્યા છે અને પામવાની કલ્પના જ્યારે કાપડના ટુકડા પર સોય-દોરાના માધ્યમથી પ્રદર્શિત થાય છે ત્યારે આપમેળે સુંદર ડિઝાઈન ધારણ

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૫ ઉપર)**

# ગુજરાતના પ્રવાસનની ઉઘડતી નવી દિશાઓ....



નરેશ અંતાણી

સમગ્ર ગુજરાત પ્રાચીન અને અર્વાચીન બંને ક્ષેત્રે દેશભરમાં આગવું સ્થાન ધરાવે છે. અમદાવાદ નજીક લોથલ અને કચ્છના વાગડ વિસ્તારમાં આવેલું ધોળાવીરાની ૫,૦૦૦ વર્ષ જૂની હડપ્પીય સંસ્કૃતિએ ગુજરાતને વિશ્વભરમાં ખ્યાતિ અપાવી છે. ગુજરાતના પુરાતન વારસમાં સમ્રાટ અશોકના ત્રીજી સદીના શિલાલેખો, કચ્છના ખડીર વિસ્તારમાંથી મળતા ક્ષત્રપના બીજી ત્રીજી સદીના શિલાલેખો પણ મૌર્ય, ગુપ્ત અને ક્ષત્રપ વારસાની ઝાંખી કરાવે છે. તો તારંગા, મોઢેરા, કુંભારિયા, ગિરનાર અને પાલિતાણાના જૈન મંદિરોનું અદ્ભુત શિલ્પ સ્થાપત્ય આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાનું સ્મરણ કરાવે છે. ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યનો વારસો પણ ભારતીય અને આરબ કલાનું મિશ્રણ ધરાવતી ભવ્ય ઈમારતોમાં સચવાયો છે. ગુજરાતની ઈમારતોનું શિલ્પ, કોતરકામની કારીગરી ઉચ્ચ કક્ષાની છે. ગરવી ગુજરાતની આપણી આ ધરોહર આપણા રાજ્યના પ્રવાસન વિકાસમાં પોતાનું પ્રમુખ યોગદાન આપે છે. અહીં ગુજરાતના પ્રવાસનની વિકાસ યાત્રા તથા તેની ઉઘડતી નવી દિશાઓની વાત કરવાનો ઉપક્રમ છે.

આપણા રાજ્યમાં આવેલાં અનોખી ઉર્જા ધરાવતા તીર્થસ્થાનો પણ ગુજરાત પ્રદેશને ધર્મરાજ્ય તરફ વધારે દોરી જાય છે. આ ઉર્જા અહીં આવતા પ્રવાસીઓ તથા શ્રદ્ધાળુઓને માનસિક તણાવમાંથી મુક્તિ આપી સ્ફુર્તિ અને નવો જોમ આપે છે. જીવન જીવવાની જાણે નવી દિશા પ્રદાન કરે છે.

ગુજરાતના ગિરિમથકો, રિસોર્ટ વગેરે તો પ્રવાસીઓને આકર્ષવા સક્ષમ છે જ પરંતુ આ પ્રદેશનો સ્થાપત્ય વારસો તથા યાત્રાધામો પણ ગુજરાતના પ્રવાસનને વિકસાવવાના મુખ્ય સ્રોત રહ્યા છે. એમાં પણ રાજ્યના ચાંપાનેર, રાણીની વાવ, અમદાવાદ શહેર તથા હડપ્પીય સંસ્કૃતિનું ધોળાવીરાએ તો વિશ્વ ધરોહરમાં સ્થાન મેળવી વિશ્વના પ્રવાસીઓને ગુજરાત તરફ લાવવામાં અને પ્રવાસન ઉદ્યોગના માધ્યમે રાજ્યના વિકાસમાં પણ નિમિત્ત બન્યા છે. તો કચ્છનું સફેદ રણ, સોમનાથ, દ્વારકા, ડાકોર, અંબાજી, પાલિતાણા, ગિરનાર, બહુચરાજી, માતાના મઢ, તરણેતર, નારાયણ સરોવર અને શામળાજી જેવા અનેક યાત્રાધામોનો ફાળો પણ નોંધપાત્ર છે જ. પરંતુ તાજેતરના વર્ષોમાં રાજ્યના પ્રવાસન ઉદ્યોગને નવી દિશા આપનાર સ્થળો ચાંપાનેર, રાણીની વાવ, અમદાવાદ શહેર, હડપ્પીય સંસ્કૃતિનું ધોળાવીરા, કચ્છનું સફેદ રણ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, નળેશ્વરી માતા તથા સરહદ જેવા સ્થળોએ તેમાં મુખ્ય ભાગ ભજવ્યો છે, એવું કહી શકાય. આવા સ્થાનોની ટૂંક વિગત જોઈએ.

વિશ્વભરના પ્રવાસી સમૂહો જ્યાં જ્યાં પ્રવાસે જાય છે ત્યારે તેમની પહેલી નજર વિશ્વ ધરોહરમાં સ્થાન પામેલાં સ્મારકો પર પહેલી રહેતી હોય છે. ગુજરાતમાં ચાંપાનેર, રાણીની વાવ તથા અમદાવાદ શહેર આ અગાઉ વૈશ્વિક ધરોહર જાહેર થયેલા છે અને હવે તેમાં કચ્છના ધોળાવીરાનો પણ સમાવેશ થાય છે.

- **કલા, ઇતિહાસ અને ધર્મનો સમન્વય : ચાંપાનેર - પાવાગઢ :**

મધ્યકાળમાં ગુજરાત બે રાજધાનીઓ ધરાવતું હતું : અમદાવાદ અને ચાંપાનેર. અહમદશાહ બાદશાહે અમદાવાદ વસાવી પોતાની રાજધાની ત્યાં જ રાખી પરંતુ મહમુદ બેગડાએ ચાંપાનેર જીતીને પોતાની રાજધાની અમદાવાદથી ખસેડીને ચાંપાનેરમાં રાખી.

વડોદરા જિલ્લાના હાલોલ તાલુકામાં હાલોલથી ૬ કિ.મી. દૂર પાવાગઢ ડુંગરની તળેટીમાં ચાંપાનેર આવેલું છે. ઐતિહાસિક પુરાવાઓ આ સ્થાનને અતિ પ્રાચીન હોવાનું ઠરાવે છે. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પુરાતત્ત્વ વિભાગે ચાંપાનેરમાં કરેલા સંશોધન દરમ્યાન અહીંથી પ્રાગઐતિહાસિક કાળના ઓજારો મળી આવ્યા છે. ચાંપાનેરમાં માનવ વસ્તીના પુરાવાઓ લાખેક વર્ષ સુધી આ સ્થળને લઈ જાય છે. વનરાજ ચાવડાના સાથી ચાંપાએ આ નગર વસાવ્યું. આથી ચાંપાના નામ પરથી આ સ્થાન ચાંપાનેર તરીકે ઓળખાયું. જો કે જાણીતા ઈતિહાસકાર - પુરાતત્ત્વવિદ્ ડૉ. આર. એન. મહેતાના મંતવ્ય અનુસાર પાવાગઢનો પથ્થર ચંપકવર્ણનો છે. આથી તેનું નામ ચાંપાનેર થયું હોય. આ સ્થાનનું મહત્ત્વ તો સોલંકી કાળથી વધ્યું હોવાનું જણાય છે. જૈન આગમોમાં પણ ચાંપાનેર - પાવાગઢના ઉલ્લેખો જોવા મળે છે. સોલંકી કાળ પહેલા અહીં જૈન મંદિરો હોવાનો પણ સંભવ છે કેમકે અચલગચ્છના સ્થાપક વિજયચંદ્ર ઉપાધ્યાય પોતાના વિહાર દરમ્યાન ઇસવીસન ૧૧૧૩-૧૪માં પાવાગઢ આવ્યા હતા અને સંભવનાથના દર્શન કર્યા હોવાની નોંધ તપગચ્છની બૃહત્ પટ્ટાવલીમાં કરાયો છે. આ ઉલ્લેખ અહીં

સંભવનાથનું મંદિર હોવાનું સૂચવે છે.

પાવાગઢ ડુંગરની ટોચ પર મહાકાલીનું પ્રાચીન સ્થાનક છે. જૈનોના ચોથા તીર્થંકર અભિનંદન પ્રભુની શાસન અધિષ્ઠાકિય કાલીકા દેવી છે. અચલગચ્છના આચાર્યો મહાકાલીને સ્વગચ્છ રક્ષિકા માને છે. આથી મહાકાલીના સ્થાનકને લીધે ચાંપાનેર - પાવાગઢ જૈનો અને હિંદુઓનું પ્રજનીય સ્થળ રહ્યું છે. અહીં બાવન જિનાલયના ભવ્ય મંદિરનું નિર્માણ જૈનસંઘે કરાવ્યું છે. જૈનોએ પાવાગઢને શત્રુંજય પર્વતનો અવતાર પણ માને છે.

આજનું ચાંપાનેર મહેમૂદ બેગડાએ પોતાની જીત પછી પૂર્વ તરફ બંધાવ્યું. ચાંપાનેરનો ઇતિહાસ બહુ રોચક છે પરંતુ અહીં માત્ર તેનો આછેરો ઉલ્લેખ કર્યો છે.

ચાંપાનેરનું નગર આયોજન અમદાવાદને મળતું જ આવે છે. અમદાવાદની જેમ જ આ નગરને પણ જુમ્મા મસ્જિદને કેન્દ્રમાં રાખીને વિકસાવાયું છે. આ નગર કુદરતી સૌંદર્ય અને સ્થાપત્ય વારસાને લીધે ગુજરાતનું બેનમૂન સ્થળ છે. સૃષ્ટિ સૌંદર્ય અને ઇતિહાસની નજરે ચાંપાનેર - પાવાગઢ જેટલાં મહત્ત્વના સ્થળો ગુજરાતમાં ઓછા છે.

હિંદુ, જૈન અને મુસ્લિમ સ્થાપત્યોનો અહીં અનોખો ત્રિવેણી સંગમ જોવા મળે છે. પાવાગઢના સૌથી ઊંચા શિખરે કાલીકામાતાનું મંદિર છે.

અહીં ૧૪મી કે ૧૫મી સદીમાં બંધાયેલાં જૈન મંદિરો ત્રણ સમૂહોમાં આવ્યા છે. બાવનદેરી મંદિરો કે નવલખી મંદિરો, ચંદ્રપ્રભ અને સુપાર્શ્વનાથ મંદિર તથા પાર્શ્વનાથ ભગવાનના મંદિરો.

મુસ્લિમ શાસનકાળ દરમ્યાન ચાંપાનેરમાં અનેક મસ્જિદો, રોજા અને દરગાહનું નિર્માણ કરાયું છે. તેમાંની સૌથી સુંદર અને ભવ્ય જુમ્મા મસ્જિદ છે. તેની ગણના ભારતના શ્રેષ્ઠ મુસ્લિમ સ્થાપત્યોમાં કરવામાં આવે છે.

ચાંપાનેરના ભવ્ય અને કલાત્મક કલા વારસાને ધ્યાનમાં લઇને જ યુનેસ્કોએ ગુજરાતના આ પ્રાચીન વારસાને જુલાઈ ૨૦૦૪માં વિશ્વ ધરોહરનો દરજ્જો આપ્યો છે અને આ સમગ્ર સંકુલને ‘ચાંપાનેર - પાવાગઢ આર્કિયોલોજિકલ પાર્ક’ એવું નામ પણ આપ્યું છે.

● **ગુજરાતની સાંસ્કૃતિક ધરોહર : રાણીની વાવ - પાટણ :**

અમદાવાદથી ૧૩૦ કિ.મી. દૂર સ્થિત અને સરસ્વતી નદીને કાંઠે વસેલું, ગુજરાતના સુવર્ણ યુગની સાક્ષી પૂરતું નગર પાટણ અત્યારે તો ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લાનું વડું મથક છે. ગુજરાતને ‘ગુજરાત’ નામ મળ્યા પહેલાની ગુજરાતની એક સમયની રાજધાની અણહિલપુર પાટણ વનરાજ ચાવડાએ વસાવ્યું હતું. આ નગર તેની સ્થાપના પછી ૬૫૦ વર્ષ સુધી ગુજરાતની રાજધાની રહ્યું હતું. આ પછી સિદ્ધરાજ જયસિંહના સમયમાં ગુજરાતના સામ્રાજ્ય અને સમૃદ્ધિનો સુવર્ણ કળશ સોળ વર્ષ સુધી ગુજરાતની રાજધાની રહ્યું હતું. આ પછી સિદ્ધરાજ જયસિંહના સમયમાં ગુજરાતના સામ્રાજ્ય અને સમૃદ્ધિનો સુવર્ણકળશ સોળ કળાએ ખીલ્યો. અલાઉદ્દીન ખીલજીએ પાટણ પર ચડાઈ કર્યા પછી મહમદશાહે રાજધાની બદલીને અમદાવાદ વસાવ્યું. આ પછી પાટણની જાહોજલાલીનો અસ્ત થયો.

● **રાણીની વાવ :**

પાટણ નગરની શિલ્પ સમૃદ્ધિ જગપ્રસિદ્ધ છે. અહીં સિદ્ધરાજ જયસિંહે સહસ્ત્રલિંગ તળાવનું નિર્માણ કર્યું હતું. જેના આરાને ફરતે શિલ્પસભર ૧૦૦૮ શિવાલયો હતા. આજે જો કે તે ખંડેર હાલતમાં છે. આ સહસ્ત્રલિંગ તળાવની નજીકમાં જ અદ્ભુત શલા અને શિલ્પ મંડિત રાણીની વાવ એ પ્રાચીન ગુજરાતની વિશિષ્ટ ધરોહર છે. વાવના શિલ્પાંકનમાં ગુજરાત, એ સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. આ કારણે જ યુનેસ્કોએ ઇ.સ. ૨૦૧૪માં વિશ્વ વિરાસત તરીકે માન્યતા આપી છે. તો ભારતની રીઝર્વ બેંકે ૨૦૧૮માં રૂા. ૧૦૦/-ની ચલણી નોટમાં પણ તેને સ્થાન આપી તેની મહત્તા વધારી છે.

પાટણની રાણી ઉદયમતીએ નાગરિક સ્થાપત્યની ગણનામાં આવતી આ વાવ પ્રજાને પીવાનું પાણી મળી રહે તેવા શુભ હેતુથી પોતાના પતિ ભીમદેવની સ્મૃતિમાં ૧૦૬૩માં નિર્માણ કરાવી અને નજીકમાં વહેતી સરસ્વતીના નીરથી વાવને છલોછલ ભરાવી હતી. રાણીએ નિર્માણ કરાવી હોઈ તેને ‘રાણીની વાવ’ તરીકે ઓળખવામાં આવે છે.

સદીઓ પહેલા સરસ્વતી નદીમાં આવેલા પૂરને કારણે વાવ પૂરાઈ ગઈ હતી. પાછળથી છેક ૧૯૬૮ના વર્ષમાં સંશોધન માટે વાવમાં રહેલી માટી કાઢવા ભારત સરકારના પુરાતત્ત્વિય સર્વેક્ષણ વિભાગે અહીં ઉત્ખનન કરાવતાં સુંદર અને કલાત્મક વાવના સૌંદર્યના જગતને દર્શન થયા. સાત માળ ધરાવતી આ વાવ ૬૮ મીટર લાંબી અને ૨૭ મીટર ઊંડી છે. જેનો સમાવેશ ભારતની શ્રેષ્ઠ વાવોમાં કરાયો છે.

વાવના દરેક માળમાં સુંદર કલાત્મક કોતરકામ કરવામાં આવ્યું છે. દેવી દેવતાઓની પ્રતિમાઓની સાથે અનુચરતી અપ્સરાઓ અને નાગ કન્યાઓની સુંદર મૂર્તિઓ પણ જોવાલાયક છે.

● **ગુજરાતની સંસ્કૃતિ દર્શન કરાવતું અમદાવાદ નગર :**

ગુજરાતના પુરાતત્ત્વ અને કલા વારસાની સમૃદ્ધિમાં અમદાવાદનું પ્રદાન કદાચ સૌથી મોખરે છે. ગુજરાતમાં સલ્તનત કાળની સ્થાપના થતાં તેનું પાટનગર અણહિલવાડથી અમદાવાદ રાખવામાં આવ્યું. આ અમદાવાદ શહેરની સ્થાપના માટે જુદા

જુદા સમય સૂચવવામાં આવ્યા છે પરંતુ ઇ.સ. ૧૪૧૧ અને ૧૪૧૨ના વર્ષને મોટાભાગના ઇતિહાસકારો માન્ય કરે છે. આપણા પ્રાચીન પુરાતત્ત્વિય વારસાથી અમદાવાદ છલોછલ ભરેલું છે. આ નગરમાં ઠેર ઠેર આપણી વિરાસતના દર્શન થાય છે.

૪૬૬ ચોરસ કિ.મી.નો વિસ્તાર ધરાવતા આ શહેરના જૂના કિલ્લેબંધ નગરને ૨૦૧૭માં 'વર્લ્ડ હેરિટેજ સિટી' તરીકે જાહેર કરાયું છે. અમદાવાદ નગરની પોળ પણ હેરિટેજ સાઇટ જ છે. અહીંની પોળ સંસ્કૃતિ અદ્ભુત છે. તેમાં રહેલી વિવિધ સ્થાપત્ય કલાનો વૈભવ અહીં આવતા દરેક પ્રવાસીઓ, સંશોધકોનું આકર્ષણ છે.

સુલતાન મહેમદશાહે આ નગરની સ્થાપના કર્યા પછી માણેકચોકમાં સૌપ્રથમ જે પોળ અસ્તિત્વમાં આવી, તે મુહૂર્તની પોળ 'મહુરત પોળ' તરીકે જાણીતી છે. મોઘલકાળમાં પણ આ શહેરમાં પોળનું અસ્તિત્વ હોવાની નોંધ જો કે જોવા મળે છે. એ સમયે ઢીંકવા ચોકી, હાજા પટેલની પોળ, નિશા પોળ, ભંડેરપુર પોળ વગેરેના ઉલ્લેખ જોવા મળે છે. મોઘલકાળ પછી મરાઠાકાળમાં પોળની રચનાને વેગ મળ્યો હતો. અમદાવાદ શહેરની મોટાભાગની પોળની રચના ૧૭૬૦થી ૧૮૧૮માં થયેલી છે. આઝાદી પહેલા ૧૯૪૧માં કરવામાં આવેલા એક સર્વે મુજબ નગરના જુદા જુદા વિસ્તારોમાં કુલ ૭૭૭ પોળ અસ્તિત્વમાં હતી જેમાં સમયાંતરે થોડી વધઘટ થતી રહે છે. છ ઘરની નાની પોળ (ખાંચો)થી લઈને ત્રણ હજાર ઘરની પોળ સુધીની આ નગરમાં પોળ અસ્તિત્વ ધરાવે છે. નગરના આસપાસના પરાં અને શહેરોમાં આવેલી પોળ જુદી.

આમ, આપણું અમદાવાદ નગર પણ વિશ્વભરના પ્રવાસીઓનું પ્રમુખ આકર્ષણ રહ્યું છે.

- **ભૂપૃષ્ઠ, ધર્મ, રીત-રિવાજ અને ઇતિહાસના વારસાનું સંગ્રહસ્થાન – વૈશ્વિક ધરોહર : ધોળાવીરા**

તાજેતરમાં જ યુનેસ્કોએ કચ્છના ધોળાવીરા હડપ્પીયન નગરને વૈશ્વિક ધરોહર તરીકે જાહેર કર્યું છે. ધોળાવીરાને આ સ્થાન મળતાં હવે કચ્છના ખડીર વિસ્તાર ઉપરાંત પશ્ચિમ કચ્છના ખાવડા, કાળો ડુંગર, સુરખાબનગર વગેરે પ્રવાસન સ્થળોનો પણ વિકાસ થશે. ધોળાવીરામાં પ્રવાસીઓ માટે અનેક આકર્ષણ ઉમેરાશે. ઉપરાંત પ્રવાસીઓ માટે આવાસ, ભોજન વગેરેની અતિ ઉત્તમ અને આધુનિક સુવિધાઓ વિકસશે. વિશાળ સ્થળ સંગ્રહાલય નિર્માણ પામશે. આમ, હવે સફેદ રણથી જાણીતું કચ્છનું પ્રવાસન ધોળાવીરાને કારણે બમણા વેગથી વિકાસ પામશે જેને કારણે સ્થાનિકમાં પણ રોજગારીની નવી તકો ઉપલબ્ધ બનશે.

- **અસ્તિત્વના પદચિહ્નો શોધવાનો વ્યાયામ :**

કચ્છમાં હડપ્પાકાલીન વસાહત ધોળાવીરા સિવાય પણ અનેક સ્થળોથી મળી આવી છે. આ પૈકી કેટલાક સ્થળોનું ઉત્ખનન કરાયું છે. જ્યારે કેટલાક સ્થળોનું પ્રાથમિક કાર્ય થયું છે. આ તમામ સ્થળો ધોળાવીરા કે જેમાં કચ્છમાંથી મળી આવેલી સૌથી મોટી હડપ્પીય વસાહત અત્યાર સુધી લેખાય છે.

અવિભાજ્ય ભારતમાં આજથી પાંચ હજાર વર્ષ અગાઉ વિશાળ સિંધુ નદીના કાંઠે વિકાસ પામેલી જગતની સૌથી પ્રાચીન લેખાતી સિંધુ સંસ્કૃતિ કે હડપ્પાકાલીન સંસ્કૃતિ તરીકે જાણીતી ચે. ધોળાવીરા એ જગતની સૌથી પ્રાચીન સિંધુ સંસ્કૃતિની ભારતની મોટામાં મોટી શોધ છે. કચ્છ હંમેશાં અનેક સંસ્કૃતિઓનું આવાગમનનું સ્થાન રહ્યું છે. આથી કચ્છમાં ધોળાવીરા ઉપરાંત બસ્સોથી વધારે હડપ્પીય વસાહતો હોવાનું પુરાતત્ત્વવિદોએ શોધી કાઢ્યું છે.

- **મહાબંદર ધોળાવીરાનું ભૌગોલિક સ્થાન :**

ધોળાવીરા કચ્છના પાટનગર ભુજથી ૨૫૦ કિ.મી. દૂર ભચાઉ તાલુકાના પૂર્વ કચ્છના ખડીર બેટમાં આવેલું છે. આ બેટ ચારે તરફ રણથી ઘેરાયેલો છે. કચ્છની ભૌગોલિક પરિસ્થિતિ આ સમયના વ્યાપક માનવ વસવાટનું મુખ્ય કારણ ગણાવી શકાય. ખેતીની વિપુલ તક, માટીકામની સગવડ, દરિયાઈ માર્ગે અનેક દેશો સાથે વ્યાપર સ્થાપવાની સાનુકૂળતા વગેરે કારણોસર કચ્છમાં હડપ્પીય સંસ્કૃતિના વિકાસ માટે અગત્યનો ભાગ ભજવ્યો હોવાનું માની શકાય. કચ્છમાં મળી આવેલી આવી અનેક વસાહતો પૈકી એકમાત્ર ધોળાવીરા જ શહેરી વસાહત છે બાકી તમામ ગ્રામ્ય વસાહતો છે. ધોળાવીરા એ સમયે મોટું બંદર હશે. અને એ સમયની વસાહતો સાથે બંદરીય માર્ગે જોડાયેલું હશે. કચ્છની રણની કાંધીએ આવી અનેક વસાહતોના અવશેષો હોવાનું પ્રતિપાદિત કરાયું છે.

- **કઈ રીતે પ્રકાશમાં આવ્યું?**

ભારતના પુરાતત્ત્વિય સર્વેક્ષણ વિભાગ દ્વારા ઇ.સ. ૧૯૬૭-૬૮ના વર્ષ દરમ્યાન બહાર પડાયેલી એ વિભાગની સત્તાવાર યાદી મુજબ કચ્છમાં ધોળાવીરામાં હડપ્પીય વસાહતના ચિન્હો મળી આવ્યા હતા અને ગુજરાતના અન્ય સ્થાનોની સાથે તેનું પણ ઉત્ખનન કરવાનું જાહેર કરાયું હતું. એ પછી જગત્પતિ જોશીએ ધોળાવીરાનું આરંભિક ઉત્ખનન કાર્ય હાથ ધરતા આ સ્થળે વિશાળ હડપ્પીય નગર હોવાનું શોધી શકાયું. આ પછી બે દાયકા બાદ ૧૯૯૧ના ગાળામાં ભારત સરકારના પુરાતત્ત્વિય સર્વેક્ષણના વડા શ્રી ડૉ. આર.એસ. બીસ્ટ અને તેમના સાથીદારોએ ઉત્ખનન કાર્યનો આરંભ કર્યો. પરિણામે ત્રણ ભાગમાં વહેંચાયેલું એક વિરાટ સિંધુ નગર પ્રકાશમાં આવ્યું. તમામ દૃષ્ટિએ જોતાં કંઈક ને કંઈક વિશિષ્ટતાવાળું આ નગર

સિંધુ સ્થાપત્યનો ઉત્કૃષ્ટ નમૂનો પુરવાર થયો અને જેણે કચ્છને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી દીધી.

- **કચ્છનું બેનમૂન સફેદ રણ :**

છેલ્લા કેટલાક વર્ષથી કચ્છમાં પ્રવાસીઓના ધાડેધાડા આવી રહ્યા છે અને વેકેશન કે દિવાળી જેવા રજાઓના સમયમાં તો કચ્છમાં રહેવા જગ્યા પણ મળતી નથી હોતી. કચ્છનો પ્રવાસ ઉદ્યોગ ફૂલ્યોફાલ્યો છે. હકીકતમાં આ તમામ વિકાસના કારણનો સીધો જવાબ તો કચ્છના ધોરડોના સફેદ રણમાં દર વર્ષે યોજાતો રણ મહોત્સવ જ છે. આજે સફેદ રણ માત્ર કચ્છનું જ નહીં પણ આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતના પ્રવાસન નકશાનું મહત્ત્વનું કેન્દ્ર બની ગયું છે. ધોરડોનું સફેદ રણ અને તેની સાથે સંકળાયેલ રણ મહોત્સવની ખ્યાતિ આજે આખાય વિશ્વમાં છે. સફેદ રણ નજીકનો કાળો ડુંગર અને રણ સરહદ પણ પ્રવાસીઓને આકર્ષવા માટે નામના ધરાવે છે, તો ખાવડા નજીકના આસપાસના હસ્તકળાના ગામો કચ્છની તળપદી અને અનોખી કળાનું દર્શન વિશ્વને કરાવે છે.

- **વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા – સ્ટેચ્યુ ઓફ યુનિટી :**

દેશના લોખંડી નેતા તરીકે વિખ્યાત દેશના પ્રથમ ગૃહમંત્રી અને અખંડ ભારતના એકીકરણના શિલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલના વિરાટ લોખંડી વ્યક્તિત્વનું પ્રતિબિંબ પાડતી એમની વિરાટ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ગુજરાતના પ્રવાસન સ્થળોના આકર્ષણમાં ટોચના સ્થાને છે. નર્મદાના ખળખળ વહેતા પ્રવાહો સમીપે ઊભેલી ૧૮૨ મીટરની ઊંચાઈએ આભને આંબતી આ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે. ગુજરાતે તેના પનોતા પુત્રની કાયમી અને ગૌરવભરી યાદગીરીરૂપે વિખ્યાત નર્મદા કાંઠે સરદાર સરોવર ડેમના સાંનિધ્યમાં ખડી કરેલી આ પ્રતિમા અને તેને સંલગ્ન સમગ્ર સંકુલને નિહાળવા અને માણવા દેશ-વિદેશના પ્રવાસીઓ ઉમટી રહ્યા છે.

પ્રવાસીઓ લિફ્ટના માધ્યમથી આ વિરાટ પ્રતિમાની અંદર બનાવાયેલી ખાસ દર્શનવિધિ સુદી પહોંચીને સમગ્ર સંકુલ અને વિરાટ નર્મદા તથા સરદાર સરોવરનો નજારો નિહાળી શકે છે. પ્રતિમાના પાયામાં તૈયાર કરાયેલા વિશાળ ખંડમાં સરદાર સાહેબની આઝાદીની ચળવળ તથા દેશી રજવાડાઓના વિલીનીકરણમાં રહેલી વિશિષ્ટ ભૂમિકા તાજી કરતી તસવીરો સાથેની ગાથા વર્ણવવામાં આવી છે. સાંજના સમયે ખાસ લેઝરના માધ્યમથી સાઉન્ડ એન્ડ લાઇટ શો નો પણ અદ્ભુત આનંદ પ્રવાસીઓ મેળવી રહ્યા છે. આ ઉપરાંત સરદાર સરોવર ડેમ, વેલી ઓફ ફ્લાવર્સ, શૂરપાણેશ્વર મંદિર અને અભયારણ્ય, બોટીંગ, હેલિકોપ્ટર રાઇડ સહિતના આકર્ષણનો લાભ પણ અહીં આવતા પ્રવાસીઓ મેળવે છે. આમ, આ સ્થાન પણ ગુજરાતના પ્રવાસનને એક નવી દિશા આપનારું સાબિત થાય છે.

- **નડાબેટ – સીમા દર્શન દ્વારા બોર્ડર ટુરીઝમને નવી દિશા :**

ગુજરાતના પ્રવાસન ક્ષેત્રે એક નવતર પ્રકારના સરહદી પ્રવાસનનો પણ આરંભ થયો છે અને તે દ્વારા પણ રાજ્યના પ્રવાસનને એક નવી દિશા મળી છે. જે રીતે પંજાબની વાઘા બોર્ડર પર દરરોજ સાંજે યોજાતી ડ્રીલ રીટ્રીટ પરેડના દર્શન દ્વારા સીમા દર્શન અને સરહદી સલામતી દળના જવાનોનો જોમ અને જુસ્સો વધારવા દેશની જનતાને પ્રવેશ આપવામાં આવે છે એ જ રીતે બનાસકાંઠા અને કચ્છના રણને પાકિસ્તાનની સરહદ સાથે જોડતી નડાબેટ પાસેની ઝીરો પોઈન્ટ સરહદ પર પણ હવે સરહદી સલામતી દળના જવાનોની દિલેરી અને જવાંમર્દીને રાજ્યની તથા દેશની જનતા માણી શકે એ માટે ખાસ પ્રકારે સીમા દર્શનનો શુભારંભ ગત વર્ષથી આરંભાયો છે. એ દ્વારા બોર્ડર ટુરીઝમનો પણ રાજ્યમાં વિકાસ થાય અને રાજ્યના પ્રવાસન વિકાસને પણ એક નવી દિશા મળે એવો હેતુ રહ્યો છે. આ સીમા દર્શનના કાર્યક્રમનો આરંભ થયા પછી અનેક પ્રવાસીઓ તેનો લહાવો મેળવી રહ્યા છે. આ સીમા દર્શનની સાથે સાથે આ રણમાં ઘુડખર, સુરખાબ, ડેઝર્ટ સફારીનું પણ આકર્ષણ ઉમેરવામાં આવનાર છે. જેથી આ સીમાદર્શન વિશ્વના પ્રવાસન નકશામાં સ્થાન પામી શકે.

આ સીમાએ આવેલ નડેશ્વરી માતાનું મંદિર પણ દર્શનીય છે. આ માતાની સેવા પૂજા સરહદી સલામતી દળના જવાનો કરે છે. નડેશ્વરી માતાજી પર જવાનોને ભારી આસ્થા છે. કહે છે કે, ૧૯૭૧ના યુદ્ધ સમયે કચ્છ - બનાસકાંઠાના આ અફાટ રણમાં માર્ગ ભૂલેલા જવાનોને નડેશ્વરી માતાએ જ માર્ગ બતાવ્યો હતો. ત્યારથી જ જવાનોની આસ્થા આ માતા પ્રત્યે વિશેષ વધી જતાં મંદિરનું નવનિર્માણ કરવામાં આવ્યું છે અને અતિ ભવ્યતા બક્ષવામાં આવી છે. નડેશ્વરી મંદિર ટ્રસ્ટ દ્વારા અહીં આવતા પ્રવાસીઓની રહેવા તથા જમવાની સુવિધા પણ કરવામાં આવે છે. સીમાદર્શન કરવા જતા પહેલા મંદિર નજીક જ દરેક પ્રવાસીઓનું રજિસ્ટ્રેશન કરવામાં આવે છે.

આમ, નડાબેટ તથા નડેશ્વરી માતાના દર્શન તથા સીમા પરની ડ્રીલ રીટ્રીટ પરેડ દ્વારા પણ રાજ્યના પ્રવાસનને એક નવી દિશા મળી છે.

- **સંગ્રહાલયો ઓનલાઇન કરાયા :**

કોરોનાકાળ દરમ્યાન રાજ્યના સંગ્રહાલયો મુલાકાતીઓ માટે બંધ કરાયા હતા એ દરમ્યાન પણ દેશ-વિદેશના લોકો સંગ્રહાલય નિહાળવાથી વંચિત ન રહી જાય અને લોકો ઘરે બેઠા જ સંગ્રહાલય નિહાળી શકે એ માટે રાજ્યના સંગ્રહાલય તથા પુરાતત્ત્વ વિભાગે ખાસ ઓનલાઈન સંગ્રહાલય નિહાળવાની સુવિધા વિકસાવી છે. દરરોજ સાંજના પાંચથી સાત રાજ્ય

સરકાર સંચાલિત સંગ્રહાલયો પૈકી મહત્ત્વના સંગ્રહાલયો લોકો ઘેર બેઠા નિહાળી શકે એ માટે ખાસ ફેસબુક પેજ તથા ઝુમ માધ્યમ દ્વારા આ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ખાસ સંગ્રહાલયોમાં વડોદરા, જુનાગઢ, ભુજ, ધરમપુર અને સિધ્ધપુર જેવા સંગ્રહાલયોનું દર્શન તથા તેના દરેક વિભાગોની સમજ હિંદી તથા અંગ્રેજીમાં આપવામાં આવે છે. જેથી દેશ-વિદેશના લોકો તેનો લાભ લઈ શકે. દરરોજ અનેક લોકો આ માધ્યમથી સંગ્રહાલય નિહાળવાનો તથા એ વિશે અનેક પ્રશ્નોત્તરી કરી પોતાની જીજ્ઞાસા સંતોષે છે. આ યોજનાનો સીધો ફાયદો રાજ્યના પ્રવાસનને મળી શકે છે, કેમકે, રાજ્યની સ્થિતિ પૂર્વવત થતાં જ જે લોકોએ મોબાઈલના માધ્યમે સંગ્રહાલય નિહાળ્યા છે તેને પ્રત્યક્ષ નિહાળવા તેઓ ગુજરાતની મુલાકાતે અવશ્ય આવશે જ અને એ દ્વારા પણ ગુજરાતની મુલાકાતે આવતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો થઈ શકે છે. આમ, આ પ્રયોગ પણ રાજ્યના પ્રવાસનને એક નવી દિશા આપવામાં મહત્ત્વનો પુરવાર થયો છે.

રાજ્ય સરકાર, ગુજરાત પ્રવાસન નિગમ તથા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ જેવાં સંસ્થાનો રાજ્યનાં દરેક યાત્રાધામો તથા પ્રવાસન મથકોમાં યોગ્ય માળખાકીય સુવિધાઓનો વિકાસ થાય, સ્વચ્છતા અને પવિત્રતા જળવાય, તેનો યોગ્ય પ્રચાર પ્રસાર થાય તથા વિવિધ નવા આયોજનો થકી પ્રવાસીઓ તથા યાત્રાળુઓની સુવિધા સચવાય એ માટે પ્રયત્નશીલ છે.

આમ, ગુજરાતના પ્રવાસનને વેગ તથા નવી દિશા મળે એ માટેના ખાસ પ્રયાસોમાં ઉત્તરોત્તર વધારો થતો રહે માટે ખાનગી તથા સરકાર પ્રેરીત માધ્યમો દ્વારા નોંધપાત્ર કાર્યો કરાતા રહે છે. એ થકી આપણે જોઈ શકીએ છીએ કે, રાજ્યનો પ્રવાસ ઉદ્યોગ એક નવી દિશા તરફ ગતિ કરી વિકાસ કરી રહ્યો છે.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, ભુજ - માધાપર રિંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૨૨૦.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

## અનેક સંસ્કૃતિઓની અવરજવરનો સેતુ છે કચ્છ

**(અનુસંધાન : પાના નં. – ૩૦ ઉપરથી ચાલુ)**

કરે છે. માત્ર કચ્છ નહીં રાજસ્થાન, સહારા કે અરબસ્તાન અને ઈઝરાયલના રણ પ્રદેશોમાં વસતી પ્રજાની હસ્તકલા કચ્છ જેવી જ ભાતીગળ છે એનું કારણ પણ અભાવમાં જ રહેલું છે. સાહિત્ય, સંગીત અને કળાના બીજા ક્ષેત્રોમાં પણ કચ્છના પરિવેશે મુખ્ય ભાગ ભજવ્યો છે એ જગજાહેર છે.

માત્ર માનવી શા માટે? પ્રાણી, વનસ્પતિ અને કૃષિ ક્ષેત્રમાંયે ઊંડા ઊતરીએ છીએ તો જણાય છે કે, એમાંયે કચ્છની કેટલીક લાક્ષણિકતાઓ અન્ય પ્રદેશો કરતાં સાવ અલગ અને વિશિષ્ટ છે અને એના મૂળ પણ અભાવમાં જ રહેલા છે. ખારાઈ ઊંટના કે બન્નીના ભેંસના કિસ્સામાં આ વાત વૈજ્ઞાનિક ઢબે સાબિત થઈ છે પણ અન્ય ક્ષેત્રે હજુ ઘણું ઘણું કરવાનું બાકી છે.

કચ્છની વનસ્પતિઓ વિશે જયકૃષ્ણ ઇન્દરજીએ પુસ્તક લખ્યું છે, એના જેવું એક જ વિષય પરનું ઝીણવટભર્યું કામ ભાગ્યે જ બીજા કોઈ ક્ષેત્રમાં થયું છે. વર્ષ ૨૦૧૦માં જાણીતા વિદ્વાન લાભશંકરભાઈ પુરોહિતે કચ્છની આધ્યાત્મિક ભૂગોળ સમજવાની હાકલ એક સમારંભમાં કરી હતી. કેટલીક સાંપ્રદાયિક પરંપરાઓ માત્ર કચ્છ અને સૌરાષ્ટ્રમાં જ શા માટે ઉદ્ભવી છે? ભોજનશાળા, ગૌશાળા દરેક ધાર્મિક સ્થાનો પર હોય જ એવું શા માટે? કદાચ અહીં પણ મુદ્દો અભાવનો છે. કચ્છમાં વિક્રમી સંખ્યાની પાંજરાપોળો મોજૂદ છે એનું કારણ પણ વરસાદ-પાણી અને ઘાસચારાની અછતમાં જ રહેલું છે. હા, અહીં જૈન ધર્મની જીવદયાની ભાવનાનોયે ઉલ્લેખ જરૂરી છે.

છેલ્લે એટલું જ કહેવાનું કે કચ્છની અને એના લોકજીવનની કેટલીક લાક્ષણિકતાઓ આપણે પીછાણી છે અને કેટલીયે હજુ ઊજાગર કરવી બાકી છે. ■

## વડોદરાના પ્રતાપનગર પોલીસ હેડક્વાર્ટરમાં....

**(અનુસંધાન : પાના નં. – ૩૬ ઉપરથી ચાલુ)**

૧૯મી મે ૨૦૨૨ સુધીમાં ૧૧૨ પુરુષો અને ૪૭ સ્ત્રી સહિત ૧૫૯ લોકોએ તાલીમ લીધી છે. બેઝીક તાલીમ માટે પ્રતાપનગર માઉન્ટેન્ટડ શાખામાં રૂબરૂ સંપર્ક કરવો પડે. ઘોડાની સારસંભાળ માટે વિદ્યાર્થીઓને ઓછી ફી અને આમ જનતાને થોડી વધુ ફી ચૂકવવાની હોય છે. તાલીમ લીધા બાદ સર્ટીફિકેટ પણ આપવામાં આવે છે. આ વાંચીને આપને પણ વફાદાર પ્રાણી ઘોડા પર સવારી કરવાનું મન થયું જ હશે ને?

***મને જણાવશો...? જવાબની રાહ છે... મને.***

'મેઘવર્ષા' ૧૪, સપ્તગિરી સોસાયટી નં.-૩,
સાંઇ મંદિર અને બગીચાની પાછળ, વિશ્વામિત્રી ક્રોસિંગ,
માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૧૧.
મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮
ઈ-મેઈલ : maunjoshi@gmail.com અથવા
maun_66@gmail.com

***પર મને જણાવશો હોં...!***

- **સંવેદના :**

*'દાદાનો મેં ડંગોરો લીધો, તેનો તો મેં ઘોડો કીધો...'* બાલગીત યાદ હશે જ. ■

# વડોદરાના પ્રતાપનગર પોલીસ હેડક્વાર્ટરમાં શીખવાડાતી ઘોડેસવારી

મનીષ જોષી 'મૌન'

## વર્ષ ૨૦૧૫થી શરૂ થયેલી તાલીમ માટે પુરુષોની સાથે મહિલાઓ પણ ઉત્સુક : ૪૩૪નું વેઇટિંગ

હમણાં હમણાં નવરાત્રી પૂર્ણ થઈ. નવરાત્રી દરમ્યાન આપે – ''હાલાજી તારા હાથ વખાણું... કે 'પટ્ટી' તારા પગલા વખાણું...' આ લોકગીત સાંભળ્યું જ હશે.

આ લોકગીતમાં 'પટ્ટી'નો ઉલ્લેખ છે, એ ઘોડીનું નામ છે. તેના વખાણ લોકકવિએ કર્યા છે. પહેલાના જમાનામાં યુદ્ધ માટે કે આવાગમન માટે ઘોડો જ મુખ્ય સાધન હતું. માનવીનો વફાદાર મિત્ર ગણાતો ઘોડો, આજે તો વરઘોડા વખતે જોવા મળતો હોય છે. આ ઘોડા વિશે જાણવા તાલાવેલી જાગી. એટલે પહોંચ્યો વડોદરાના પ્રતાપનગર વિસ્તારમાં આવેલા પોલીસ હેડ ક્વાર્ટરમાં.

મુખ્ય પ્રવેશદ્વાર પસાર કરી 'એલ' આકારના પાકા રસ્તા પરથી માતાજીના મંદિરના સાંનિધ્યમાં આવેલી ઓફિસમાં પહોંચ્યો. ત્યારે પોલીસ ઇન્સ્પેક્ટર પી. આઈ. સૈદાના સાહેબે હસતા મુખે સ્વાગત કર્યું.

સૈદાના સાહેબ ઘોડેસવારી અને રાઇફલ શુટિંગ શીખવવા માટે પ્રતિબદ્ધતા ધરાવે છે.

એમના કહેવા મુજબ પોલીસ કમિશનર સમશેરસિંઘ ઇચ્છે છે કે 'પોલીસ પ્રજાનો મિત્ર' એ સૂત્ર ખરા અર્થમાં સાર્થક થાય. એટલે તેઓ માર્ગદર્શન માટે સતત સંપર્કમાં હોય છે. સિંઘ સાહેબ શહેરીજનોને અને એમાં પણ ખાસ કરીને મહિલાઓ ઘોડેસવારી અને રાઇફલ શુટિંગ શીખે એ માટે ધ્યાન કેન્દ્રિત કરતા હોય છે. (રાઇફલ શુટિંગ વિશે ફરી ક્યારેક)

પી.આઈ. સૈદાના સાહેબની ટીમમાં તેમના ખભેખભા મિલાવતા પી.એસ.આઈ. જી.એન. જાડેજા અને એ.એસ.આઈ. ભગવાનસિંહ ગુલાબસિંહ પણ ખૂબ જ ઉત્સાહી છે.

કચ્છની ધીંગી ધરાના ખમીરવંતા જાડેજા સાહેબ ઘોડાની નસેનસને પારખે છે. તેમની સારસંભાળ હેઠળ વડોદરામાં ડાયમંડ, શેરા, ચાંદની, પૂજા, જેસ અને સ્ટ્રોમી નામના ૬ ખમીરવંતા ઘોડા હણહણી રહ્યા છે.

આ ઘોડાઓની જાતિ પણ જાણવા જેવી છે. કાઠિયાવાડી, મારવાડી, થ્રોબીટ સહિતની હોય છે.

ઘોડાની વાત આવે એટલે આપણને 'રવાલ' ચાલ યાદ આવે. પરંતુ પોલીસની અંદરના ઘોડાઓ માટે રવાલ ચાલ મહત્ત્વની નથી. તેથી ઘોડાઓને તે ચાલ ભૂલાવી દેવાય છે.

ઘોડો ત્રણ વર્ષનો થાય ત્યારે તેનો અસવાર પણ નક્કી થાય અને એ અસવાર જ ઘોડાને તાલીમ આપે છે, જતન કરે છે. ૨૦ વર્ષે ઘોડાને રીટાયર કરી દેવામાં આવે છે પણ આજીવન તેની સારસંભાળ રાખવામાં આવે છે.

દર માસે ઘોડાના પગમાં નવી નાળ નાખવામાં આવે છે. નાળને પવિત્ર ગણવામાં આવતી હોઈ ઘણા લોકો તેની માંગ કરતા હોય છે એમ ભગવાનસિંહ કહે છે.

ઘોડાને પોલીસ વિભાગમાં લીલો ઘાસચારો આપવામાં આવતો નથી.

સવારે ૬ વાગે ચણાનો નાસ્તો અપાય. સવારે ૧૦ વાગે ચણા અને જુવારનું બાટું આપવામાં આવે. દિવસ દરમ્યાન ૧૫થી ૨૦ લીટર પાણી, સવારે ૯, પછી ૧૨, પછી ૪ અને રાત્રે ૮ વાગ્યા દરમ્યાન પીવડાવવામાં આવે છે. ભોજનમાં ચણા ૨ કિલો, જવ ૧ કિલો, ગેસ ન થાય એ માટે કાળીજીરી ૨૦ ગ્રામ, સિંધવ ૨૦ ગ્રામનું ચાટણ પણ કરાવવામાં આવે છે.

ઘોડો ઉભા ઉભા ઊંઘ લેતો હોય છે. ઘોડો પોતાના હોઠ ચાવે તેને ફ્લેક્સિંગ કહેવાય.

જાડેજા સાહેબ અને ભગવાનસિંહ દરરોજ સવારે ૨ કલાક દરમ્યાન ૩૦ મિનિટની બેચની અંદર મહિલાઓ, વિદ્યાર્થીઓ અને ઘોડેસવારી પ્રેમીઓને ઘોડેસવારી કેમ કરવી? તેની તાલીમ આપે છે. જેમાં પ્રથમ ઘોડાથી નજીક કેમ જવું તે શીખવાય. ઘોડા સાથે પરિચય કરાવાય, કંટ્રોલ કેમ કરવો તે શીખવાય. તે પછી વૉક, થ્રોટ (એટલે કે ચાર પગે ચાલે તે) સ્લો કેન્ટર શીખવાય. (જે અસવારની શીખવાની ક્ષમતા આધારીત હોય). આ ઉપરાંત ઘોડાની ગેલેપ (એટલે કે બેફામ) ચાલ હોય છે.

જાડેજા સાહેબ કહે છે કે વર્ષ ૨૦૨૧ના જાન્યુઆરી માસથી

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૫ ઉપર)

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૧૬

### શ્રી ભદ્રેશ્વર તીર્થ
### (શ્રી મહાવીર ભગવાન)




વિશાળ સમુદ્ર કિનારે આવેલા ભદ્રેશ્વર ગામની બહાર પૂર્વમાં લગભગ ૧ કિ.મી. દૂર આ રમણીય તીર્થ આવેલું છે. એમાં મૂળનાયક શ્રી મહાવીર ભગવાનની શ્વેત વર્ણની ૬૧ સે.મી.ની ઊંચાઈ ધરાવતી પદમાસનસ્થ પ્રભાવક પ્રતિમા છે. પ્રાચીન કાળમાં આ નગર ભદ્રાવતીને નામે વિખ્યાત હતું અને જૈન ધર્મનું મોટું તીર્થસ્થાન હતું. આ તીર્થની સ્થાપનાનો કથાતંતુ છેક ૨૫૦૦ વર્ષ જેટલો જૂનો છે. લગભગ અઢી લાખ ચોરસ ફૂટના વિશાળ મેદાનમાં સુશોભિત દેવવિમાન તુલ્ય આ મંદિર અદ્‌ભુત અને મનોહર લાગે છે. એનું પ્રવેશદ્વાર નાનું હોવા છતાં પ્રભુના દર્શન બહારથી કરી શકાય છે. ૨૫૦૦ વર્ષ પહેલાં ભદ્રાવતી નગરીમાં દેવચંદ્ર નામના ધર્માનુરાગી જૈન શ્રેષ્ઠીને ૨૩મા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવવાની ભાવના જાગી. ભગવાન મહાવીરના નિર્વાણ પછી તેવીસમા વર્ષે એક ભવ્ય જિનમંદિર ચણાવીને એમાં ભગવાન પાર્શ્વનાથની પ્રતિમાની કપીલ કેવળીના હાથે પ્રતિષ્ઠા કરાવી પોતાનું સ્વપ્ન સાકાર કર્યું. ત્યારથી ભદ્રાવતી – ભદ્રેશ્વર કચ્છની ભૂમિનું એક પ્રસિદ્ધ જૈન તીર્થ બન્યું. એ પછી વિ.સં. ૧૧૩૪માં શ્રીમાળી ભાઈઓએ અને વિ.સં. ૧૩૧૩-૧૪માં પ્રસિદ્ધ દાનવીર જગડુશાએ આનો જીર્ણોધ્ધાર કરી પુનઃ પ્રતિષ્ઠા કરી. વિ.સં. ૧૬૮૨માં શ્રેષ્ઠી વર્ધમાન શાહે પ્રતિષ્ઠા કરાવી. અંતિમ જીર્ણોધ્ધાર અને પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૩૯માં માંડવી નિવાસી શેઠ મોનશી તેજસીએ કરીને પોતાનું જીવન ધન્ય બનાવ્યું. ભદ્રેશ્વર મંદિરમાં **૫૨** દેરી, **૨૧૮** સ્તંભ અને **૫૩** શિખરો આવેલાં છે. શ્વેત સંગેમરમરમાં ઘડેલી મૂળનાયક ભગવાન શ્રી મહાવીર સ્વામીની પ્રતિમા ગંભીર, સપ્રમાણ અને ચિત્તને આહલાદ ઉપજાવે તેવી છે.

## તીર્થ દર્શન-૧૭

### શ્રી સુથરી તીર્થ
### (શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાન)



કચ્છ – ભુજના અબડાસા પંચતીર્થીનું આ એક મુખ્ય તીર્થ ચમત્કારીક પ્રભુ પ્રતિમાને કારણે ખૂબ ખ્યાતિ પામ્યું છે. વિ.સં. ૧૮૯૫માં વૈશાખ સુદ આઠમે પ્રતિષ્ઠા પામેલું આ મંદિર સુથરી ગામની વચ્ચે આવેલું છે. મંદિરના શિખરની કલા અત્યંત આકર્ષક છે. મંદિરની બાંધણી અને છેક નીચેથી માંડીને શિખર સુધી કરવામાં આવેલું સોનેરી ભૂરા રંગનું કામ દર્શનીય છે. આ તીર્થમાં મૂળનાયક શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણવાળી લગભગ ૩૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમાજી આવેલી છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનના આ વિશેષણની પાછળ એક ચમત્કારપૂર્ણ કથા રહેલી છે. ઉદેશી નામનો શ્રાવક એક ગરીબ માણસ પાસેથી શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ ખરીદે છે. એણે પોટલામાં બાંધેલી આ મૂર્તિને પોતાના અનાજના ભંડારીયામાં મૂકી. બીજે દિવસે જોયું તો આખોય અન્નભંડાર ખાદ્ય પદાર્થોથી ભરાઈ ગયો હતો. આશ્ચર્યચકિત બનેલા ઉદેશીએ સુથરીમાં બિરાજમાન એક યતિજીને આ વાત કરી. યતિજીએ એક નાની દેરી બંધાવી એ મૂર્તિને એમાં પ્રતિષ્ઠિત કરી. આ શુભ અવસરે યોજેલા સ્વામિવાત્સલ્યમાં એક જ વાસણમાં રાખેલું ઘી ખૂબ વપરાયું છતાં સહેજે ઘટ્યું નહીં. એ વાસણમાં હાથ નાખીને જોયું ત્યારે એ જ પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ જોવા મળી અને તેને બહાર કાઢી ફરી જયઘોષણા સાથે વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરી. આથી તેનું નામ 'ધૃતકલ્લોલ પાર્શ્વનાથ' તરીકે જનસમૂહમાં જાણીતું બન્યું. આ મંદિરમાં ગૌતમ સ્વામિજી અને પદ્માવતી દેવીની પ્રાચીન અને અનોખા પ્રકારની મૂર્તિઓ પણ મળે છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) – અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

કચ્છમાં જૈનોની નાની પંચતીર્થી : લેખાંક-૪

# માંડવી શહેરનાં દર્શનીય જિનાલયો



ભરત'કુમાર' પ્રા. ઠાકર

કચ્છની 'નાની જૈન પંચતીર્થી'ની આપણે યાત્રા કરી રહ્યા છીએ. ગત ત્રણ લેખાંકોમાં મુંદ્રા, ભુજપુર, મોટી ખાખરના છ અને માંડવી તાલુકાનાં નાની ખાખર, બિદડા, જૈન આશ્રમનાં ત્રણ – એમ કુલ નવ જિનાલયોની વાત જોઈ ગયા. હવે આ લઘુ શ્રેણીના અંતિમ લેખાંક-૪ માં માંડવી શહેરનાં સાત સુંદર દેરાસરોની સ્પર્શના કરી નાની પંચતીર્થીની યાત્રા પૂર્ણ કરીએ.

મહાતીર્થ 'બૌંત્તેર જિનાલય' અને 'જૈન આશ્રમ'ની સમીપ આવેલું માંડવી શહેર કુલ સાત સુંદર જિનાલયોથી શોભી રહ્યું છે. તેમાં ખરતરગચ્છનાં બે (ધર્મનાથ, કલ્યાણ પાર્શ્વનાથ), તપગચ્છનાં બે (શીતલ પાર્શ્વનાથ, મહાવીર સ્વામી) તથા અચલગચ્છનાં ત્રણ (શાંતિનાથ, અજિતનાથ, સુમતિનાથ) દેરાસરોનો સમાવેશ થાય છે. આમાં સુમતિનાથનું દેરાસર એ 'ઘર-દેરાસર' છે, જ્યારે બાકીના છ શિખરબંધ દેરાસરો છે. સંચાલનની દૃષ્ટિએ અજિતનાથ દેરાસર કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજનનું છે, જ્યારે બાકીનાં છ દેરાસરો કચ્છી વીસા ઓસવાળ જૈન ગુર્જર સમાજના જે તે ગચ્છના જૈન સંઘોના સુસંચાલન હેઠળ છે. આપણે ઉક્ત ક્રમ અનુસાર જ પરિચય લેતા જઈશું...

## ખરતરગચ્છના જિનાલયો

### ૧. ધર્મનાથ દેરાસર :

માંડવીની ભડાલા પોળમાં જમણી બાજુ (શીતલનાથ દેરાસર સામે) ખરતરગચ્છ જૈન સંઘ સંચાલિત આ સુંદર દેરાસર પૂર્વાભિમુખ આવેલું છે, જેમાં જૈન ચોવીસીના પંદરમા તીર્થંકર ભગવાન ધર્મનાથ સ્વામી મૂળનાયક તરીકે બિરાજમાન છે. ગુંબજમાં અષ્ટમૂર્તિ રાસિકામંડળ અને રંગમંડપમાં ચારે તરફની દીવાલો પર જડિત આકર્ષક કાચકામ ખાસ ધ્યાન ખેંચે છે. આને કારણે ધર્મનાથ દેરાસરની ઓળખ 'કાચના દેરાસર' તરીકે પણ અપાય છે.

લગભગ સવા બસો વર્ષ જૂના મનાતા ધર્મનાથજીના દેરાસર ઉપર સુપાર્શ્વનાથજીનું ઉપ-દેરાસર પણ આવેલું છે. દેરાસરમાં પ્રવેશતાં જ હોલમાં સામે ગુરુઓની દેરીઓ છે. દેરાસરની બાજુમાં જ માંડવીનું સુપ્રસિદ્ધ કલ્યાણેશ્વર મહાદેવનું મંદિર જોવા મળે છે. માંડવીની ભડાલા પોળમાં સામસામે આવેલાં ધર્મનાથ અને શીતલનાથનાં બંને દેરાસરોમાંથી આમને-સામનેના દેરાસરનાં દર્શન થઈ શકે છે.

મુનિ જયાનંદજી મહારાજ સાહેબના આશિષ સાથે સંઘપતિ ઝુમખલાલ મલુકચંદ શાહ અને ઝવેરબાઈ શાહના સ્મરણાર્થે અહીં ઉપર-નીચે પ્રત્યેક ૧૫૦૦ ફૂટનાં બે આધુનિક ધાર્મિક સભાખંડો ધરાવતું 'ધર્મભુવન' બાંધવામાં આવ્યું છે. જેનું ઉદ્‌ઘાટન ૨૨મી મે, ૧૯૯૬ના થયેલ. માંડવીના ત્રણ ગચ્છોમાં આ પ્રકારનો ધાર્મિક હોલ પહેલી જ વાર બંધાયો છે.

### ૨. કલ્યાણ પાર્શ્વનાથ

માંડવી શહેરમાં પ્રવેશતાં પૂર્વે રુકમાવતી નદીકિનારે અને તેના ઐતિહાસિક પૂલ સામે ખરતરગચ્છીય લબ્ધિધારી જિનદત્ત સૂરીશ્વરજી (૧૦૭૬-૧૧૫૫) જૈન દાદાવાડી આવેલ છે, જેમાં જૈન ચોવીસીના ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ ભગવાનનાં ૧૦૮ નામો પૈકીના એક 'કલ્યાણ પાર્શ્વનાથ'નું દેરાસર સ્થાપિત છે. દેરાસરમાં પાર્શ્વનાથની ત્રણ મૂર્તિઓ બિરાજિત છે.

સંકુલમાં પ્રવેશતાં સન્મુખે દાદાવાડીનાં દર્શન થાય છે, જેનો સંવત ૨૦૪૯ (સન ૧૯૯૩)માં પુનરુદ્ધાર કરાયો છે. તેમાં જિનદત્તસૂરિ, જિનચંદ્રસૂરિ અને જિનકુશલસૂરિ મહારાજ સાહેબોની પ્રતિમાઓ અને પાદુકાઓની પધરામણી કરાવવામાં આવી છે. તેની ડાબી બાજુ આરસનું શત્રુંજય પટ છે. અહીં કાર્તિકી અને ચૈત્રી પૂનમે નવ્વાણું પ્રકારની પૂજા ભણાવવામાં આવે છે.

દાદાવાડી અને દેરાસરના સમગ્ર સંકુલને 'જિનદત્ત નગર' એવું નામ અપાયું છે. તેનાં પ્રવેશદ્વારો, ફરતી દીવાલો વગેરેનું કામ માંડવીના પોપટભાઈ ઠાકરશી શાહના સ્મરણાર્થે સંવત ૧૯૯૬ (સન ૧૯૪૦)ના કારતક સુદ બીજ (યમ દ્વિતીયા)ના અગિયાર હજાર કોરીના ખર્ચે કરાવવામાં આવેલ એવા શિલાલેખો જોવા મળે છે. શહેરમાંના ધર્મનાથજી ઉપરાંત દાદાવાડીમાંના કલ્યાણ પાર્શ્વનાથ દેરાસરનો વહીવટ પણ ખરતરગચ્છ જૈન સંઘ કરે છે.

## તપગચ્છનાં જિનાલયો

### ૧. શીતલ પાર્શ્વનાથ :

શહેરના ધમધમતા કે.ટી. શાહ રોડ ઉપરથી ભડાલા પોળમાં

વળતાં ડાબે શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ સંચાલિત આ ભવ્ય દેરાસર આવેલું છે. જે તેની કાષ્ટ કોતરણી અને લાકડાની શિલ્પકળા માટે વિખ્યાત છે. અહીં એક સ્થળે બે (શીતલનાથ અને ભીડભંજન પાર્શ્વનાથનાં) દેરાસરો આવેલા છે. પૂર્વાભિમુખે રહેલા શીતલનાથ દેરાસરની મધ્યમાં જિન ચોવીસીના દસમા તીર્થંકર શીતલનાથ સ્વામી, જમણે પાંચ અને ડાબે સાત સહિત કુલ તેર ભગવંતોની મૂર્તિઓ બિરાજિત છે.

બીજા દેરાસરમાં વચ્ચે ભીડભંજન પાર્શ્વનાથ, તેની જમણે શાંતિનાથ અને ડાબે ધર્મનાથની મૂર્તિઓ છે. ભીડભંજન પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા વિશે એવું કહેવાય છે કે પ્રભાતે, મધ્યાહ્ને અને સંધ્યાએ દર્શન કરતાં એમનું ત્રિવિધ સ્વરૂપ નિહાળવા મળે છે. સવારનાં દર્શન કરતી વેળાએ બાળક જેવા, બપોરના યુવાન જેવા અને સાંજના સમયે પ્રૌઢ જેવા ભાવો પ્રતિબિંબિત થાય છે!

દેરાસર સંકુલમાં ચિંતામણિ પાર્શ્વનાથની પંચધાતુની ચોમુખ પ્રતિમા, પ્રભુ પગલાંની દેરી, આરાધના હોલ, માણિભદ્ર દાદાની દેરી વગેરે પણ આવેલાં છે. માણિભદ્રવીર તપગચ્છના રક્ષક અધિષ્ઠાયક દેવ ગણાય છે અને પ્રાયઃ બધા જ જૈનો પોતાની મુશ્કેલીના સમયે તેની બાધા-આખડી રાખે છે.

આજે કચ્છ સંગ્રહસ્થાન (ભુજ)ની શોભા બનેલ અને પ્રાચીન કલાકૃતિ તરીકે સંરક્ષિત રહેલ 'ઐરાવત હાથી'ની મૂળ કૃતિ લગભગ ૧૯૭૦ આસપાસ આ દેરાસર પાસેથી ખરીદાઈ હતી. સાત સૂંઢવાળો અને પૈડાંવાળી ગાડી ઉપર સવાર દૂધલ શ્વેતરંગી ઐરાવત હાથી પ્રારંભિક ૧૯મી સદી (અર્થાત્ બસ્સો વર્ષ પહેલાં)નો કલાત્મક કાષ્ટ નમૂનો છે. ૨૭મી જુલાઈ, ૧૯૭૮ના 'ભારતીય સંગ્રહાલયો' વિષયક ચાર ખાસ ટપાલ ટિકિટોનો જ સંપુટ બહાર પડ્યો તેમાં ૨૫ પૈસા મૂલ્યની કચ્છ મ્યુઝિયમની ટિકિટ ઉપર આ ઐરાવત હાથીનું ચિત્ર મૂકાયું છે.

અત્રેના દેરાસરમાં નૂતન ગુરુ મંદિરનું પણ નિર્માણ કરાયું છે, જેની ખનનવિધિ સંવત ૨૦૬૧ના મહા સુદ ત્રીજ અને તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૦૫ના થયેલી. તેમાં કનકસૂરિજી (૧૮૮૩-૧૯૬૩), દેવેન્દ્રસૂરિજી (૧૮૯૨-૧૯૭૩) અને કલાપૂર્ણસૂરિજી (૧૯૨૪-૨૦૦૨)ની પ્રતિમાઓનો ત્રિ-દિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ ૩૦મી મે થી ૧લી જૂન, ૨૦૦૬ સુધી ઉજવાયો હતો.

### ૨. મહાવીર સ્વામી :

ગોકુલદાસ બાંભડાઈ રોડ ઉપર અપના બજાર પાસે અગાઉ જિન ચોવીસીના અંતિમ ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીનું નાનું ઘર-દેરાસર હતું. પૂર્વે આ દેરાસર ગોરજીઓનું હતું, જે પાછળથી તપગચ્છ જૈન સંઘને સોંપાયેલું. જીર્ણોદ્ધાર પૂર્વે સાદા મકાનના એક નાના ખંડની દેરીમાં પ્રભુજીની અત્યંત નાજુક અને મનોરમ્ય પ્રતિમા પ્રતિષ્ઠિત હતી. ખંડમાં પાદુકાજી, માણિભદ્ર, ક્ષેત્રપાળ, ગણેશ, હનુમાન, મહાકાલીની મૂર્તિઓ પણ સ્થાપિત હતી.

દાયકાઓ બાદ આ ગૃહ-ચૈત્યનો પુનરુદ્ધાર કરાતાં હવે ત્યાં શિખરબંધ જિનાલય આકાર પામ્યું છે. તેની પુનઃ પ્રતિષ્ઠાનો અષ્ટાન્હિકા મહોત્સવ સંવત ૨૦૬૯ના પોષ મહિનામાં તારીખ ૧૦મીથી ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૩ સુધી યોજાયો હતો.

## અચલગચ્છનાં જિનાલયો

### ૧. શાંતિનાથ દેરાસર

શહેરના વિખ્યાત આંબા બજાર (ઝાંસી કી રાણી રોડ) વિસ્તારમાં વોરા શેરી પાસે માંડવી અચલગચ્છ જૈન સંઘ સંચાલિત શાંતિનાથ સ્વામીનું ભવ્ય દેરાસર આવેલું છે. દેરાસરમાં પ્રતિષ્ઠિત પ્રતિમા ખૂબ પ્રાચીન લેખાય છે અને કહેવાય છે કે મૂળનાયક શાંતિનાથજીની આ મૂર્તિ સાત સદી પૂર્વે કંદોઈ લોકો પ્રાયઃ જામનગરથી આ શહેરમાં લાવ્યા હતા.

ઉત્તરાભિમુખ રહેલા આ દેરાસરના ગભારામાં વચ્ચે વર્તમાન જિન ચોવીસીના સોળમા તીર્થંકર શાંતિનાથ ભગવાનની પંચધાતુની પ્રશમરસ ઝરતી પ્રતિમા, જમણે આઠ અને ડાબે છ સહિત કુલ પંદર ભગવંતોની મૂર્તિઓ બિરાજિત છે. રંગમંડપ સુંદર ચિત્રોથી સુશોભિત છે. દેરાસર ઉપર પણ વિવિધ ચાર ભગવંતો સમેત પાર્શ્વનાથજીનું બીજું નાનું દેરાસર છે.

સવા બે સદી ઉપરાંત જૂના અત્રેના વિશાળ જિન મંદિરનું નિર્માણ સંવત ૧૮૫૦ / સન ૧૭૯૪માં સ્થાનિક જૈન સંઘે કર્યું છે. આ સુંદર દેરાસર સંકુલમાં મહાવીર સ્વામી ચોમુખી પ્રતિમા (સંવત ૨૦૦૫ / સન ૧૯૪૯) અને તેની આજુબાજુ મહાતીર્થોનાં ચિત્રપટો, કલ્યાણસાગર સૂરીશ્વરજી ગુરુમંદિર (સંવત ૧૯૭૧ / સન ૧૯૧૫), પાર્શ્વનાથ પ્રતિમાનું દેરું (સંવત ૨૦૪૭ / સન ૧૯૯૧), ભોંયતળિયે પુસ્તકાલય ભંડાર (સંવત ૧૯૭૨ / સન ૧૯૧૬) વગેરે પણ આવેલાં છે.

ઉપરાંત છાપરા શેરી ખાતે સંઘ સંચાલિત અને જીર્ણોધ્ધાર બાદ નવનિર્મિત 'ગૌતમ-ગુણ-ગુલાબ ઉપાશ્રય'નું તાજેતરમાં સંવત ૨૦૭૬ના મહા સુદ ચૌદસ અને તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના ઉદ્‌ઘાટન થયું છે.

### ૨. અજિતનાથ દેરાસર

બંદર રોડ પર પૂર્વાભિમુખે અજિતનાથ પ્રભુજીનું અચલગચ્છીય દેરાસર આવેલું છે. બંદરની તદ્દન નજીક આવેલું હોવાથી લોકોમાં તે 'કાંઠાવાળા દેરાસર' તરીકે પણ પ્રસિદ્ધ છે. સુથરી (તા. અબડાસા)ના ઠાકરશી વેરશી લોડાયાએ આ દેરાસરની વિવેકસાગર સૂરીશ્વરજીના પદે પ્રતિષ્ઠા કરાવીને સંવત ૧૯૩૭ (સન ૧૮૮૧)ના મહા સુદ પાંચમ (વસંત પંચમી)ના કચ્છી દશા

ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજનને અર્પણ કર્યાનો જૂનો શિલાલેખ દેરાસરમાં પ્રવેશતાં ડાબી બાજુ ઓટલા નીચે જડેલો છે.

ગભારામાં જિન ચોવીસીના બીજા તીર્થંકર અજિતનાથ સ્વામીની મુખ્ય મૂર્તિ ઉપરાંત જમણે અરનાથ, શ્રેયાંસનાથ, શાંતિનાથ તથા ડાબે મહાવીર સ્વામી, શાંતિનાથ, આદિનાથ, પદ્મપ્રભુ સહિત કુલ આઠ મૂર્તિઓ બિરાજિત છે. રંગમંડપમાં કાચનાં આકર્ષક ઝુમ્મરો, મોટી પંચતીર્થીનાં દેરાસરોની પ્રતિકૃતિ રૂપ ચિત્રો ઉપરાંત જૈન મહાતીર્થોનું સુશોભિત ચિત્રકામ ધ્યાન ખેંચે છે. ઉપર ગોળ ગુંબજમાં મહાવીર સ્વામીના જીવન પ્રસંગો આલેખતી ચિત્રપટી અને દીવાલો ફરતે કાચકામ ખૂબ જ આકર્ષક છે.

આ દેરાસરના જીર્ણોધ્ધાર બાદ પુનઃ પ્રતિષ્ઠાનો પંચાન્હિકા મહોત્સવ ગુણોદયસાગર સૂરીશ્વરજીની નિશ્રામાં તારીખ ૨૯મી ફેબ્રુઆરીથી ૧લી માર્ચ, ૨૦૧૨ સુધી યોજાયો હતો. દેરાસર દરિયાઈ રેતીના ઢગલાઓ વચ્ચે આવેલું હોઈ તેમાં પ્રવેશવા દરિયાઈ સપાટીથી નીચે ઉતરવું પડે છે. એટલે જાણે દેરાસર ભૂગર્ભમાં હોય એવો બહારથી ભાસ થાય છે.

### ૩. સુમતિનાથ દેરાસર

માંડવીનાં સાત દેરાસરોના ઝુમખામાં છેલ્લો નવતર ઉમેરો માંડવી અચલગચ્છ જૈન સંઘ સંચાલિત આ ઘર-દેરાસરથી થયો છે. અચલગચ્છાધિપતિ ગુણોદયસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ (૧૯૩૨-૨૦૨૦) અને દેવરત્નસાગર મહારાજ સાહેબની પ્રેરણાથી તથા રવિલાલ તારાચંદ શાહ પરિવારના આર્થિક સહયોગથી માંડવીના બાબાવાડી વિસ્તારમાં નવનિર્મિત આ ગૃહચૈત્યની પ્રતિષ્ઠા ૨૭મી નવેમ્બર, ૧૯૯૬ (સંવત ૨૦૫૩ના કારતક મહિનામાં) થઈ હતી, જેમાં જિન ચોવીસીના પાંચમા તીર્થંકર સુમતિનાથ પ્રભુ પ્રતિષ્ઠિત થયા છે.

*(શ્રેણી પૂર્ણ)*

***'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧,***
***ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ,***
***અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.***
***ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦***

## ગામ નામકરણ પર વનસ્પતિ પ્રભાવ : પીલુ ★ "વાગડ જાઉં ને પીલુ ખાઉં"

ગામોનાં નામકરણ પર વનસ્પતિ પ્રભાવ અંગે આંતરરાષ્ટ્રીય ખ્યાત ઇતિહાસવિદ્ શંભુપ્રસાદભાઈ દેસાઇએ મને પત્ર દ્વારા શુભેચ્છા પાઠવી આ કાર્યને વેગ મળવો જોઈએ એવી લાગણી દર્શાવી હતી. તો સવાયા કચ્છી ડૉ. ગોવર્ધન શર્માએ મને પત્રમાં લખ્યું હતું કે, 'હું બગોદરાથી બાવળા આવી રહ્યો હતો ત્યારે માર્ગમાં એક ગામનું નામ પીલુ જોયું અને ખરેખર ત્યાં પીલુના ઝાડ પુષ્કળ પ્રમાણમાં હતા. આથી આ માન્યતાને પુષ્ટિ મળે છે.'

જો કે મને એનાથી વિપરીત અનુભવ થયો હતો. હું ખાખર ગયો, તો ત્યાં આસપાસ ક્યાંય ખાખરાનાં વૃક્ષ ન દેખાયા. પણ ગામ લોકોએ કહ્યું કે, ગામનું નામ ખાખરાના વૃક્ષ પરથી જ પડ્યું છે. એટલે એક સમયે અહીં ખાખરાના વૃક્ષ ઘણા હશે એમ ગામ નામ સ્વયં બોલે છે. પીલુડી કચ્છનું મિત્ર વૃક્ષ છે. આમ તો પીલુડી ત્રણ જાતની થાય છે. કચ્છીમાં એને જાર કહે છે. ત્રૈજાર, અંતરજાળ. કચ્છમાં પીલુની બે જાત જોવા મળે છે : મીઠી અને કડવી. ઘાટો છાંયડો આપતી પીલુડી કુદરતી રીતે ઊગતું એક જંગલી વૃક્ષ છે. એને રેતાળ અને ઓછા વરસાદવાળા વિસ્તાર પણ અનુકૂળ છે. એના ફળને પીલુડાને વીણતા ખરી પડવાની ટેવ હોઈ, એને 'આંસુડાં' પણ કહે છે. વીણવા ઉપરાંત એને ખાવાની પણ એક કલા છે. પીલુ એક એક કરીને ખાઈએ તો જીભ પાકી આવે. એના તો ફાંકડા જ ભરાય.

ભર ઉનાળામાં લૂ સાથે અસહ્ય ગરમી હોય છે. પીલુના ઝાડની રોનક સીમાડાને રંગીન કરી નાખે છે. ગરમ વાયરા પીલુના ફાલને બહુ માફક આવે છે.

કચ્છનો વાગડ વિસ્તાર તો પીલુડીનાં ફળ માટે સુવિખ્યાત છે. કહેવત છે કે, 'વાગડ જાઉં ને પીલુ ખાઉં.'

રણકાંધીની આ વનસ્પતિ આખા કચ્છમાં થાય છે. આ વૃક્ષ વગડામાં અનેક જીવો માટે આધાર બની રહે છે. કચ્છના હવામાનમાં કુદરતી રીતે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખતું આ વૃક્ષ નિરૂપદ્રવી છે. ખેતરના શેઢાઓ પર વાવવાથી એ રેતીને આવતી અટકાવે છે. એ સદાપર્ણ વૃક્ષ હોવાથી ઉનાળામાં માનવ તેમજ પશુઓને છાંયો આપે છે. વાગડ, પાવરપટ્ટી, રણ પંથક, ડુંગરાળ અને દરિયા કિનારા તેમજ ખારાપાટમાં વધારે જોવા મળે છે. ખારી પીલુડીમાં જાન્યુઆરીથી ફેબ્રુઆરી દરમિયાન ફળ આવે છે, જે ચણોઠીના દાણા જેવડા હોય છે અને એમાં બી હોતા નથી. જ્યારે માર્ચ એપ્રિલ પછી મીઠી પીલુડી પર ફાલ આવે છે. આ ફળમાં બી હોય છે. કેટલાક લોકો આ ફળની સૂકવણી કરી રાખે છે. ફળની અંદરનું પાણી ઉડી ગયા પછી ચીમળાઇ ગયેલું ફળ સ્વાદમાં ગળચટ્ટું લાગે છે. સામાન્ય રીતે મીઠું ઝાડ ત્રણથી પાંચ કિલો ઉતાર આપે છે.

કચ્છમાં વન ખાતું દર વર્ષે વૃક્ષો ઉછેરે છે. વન ખાતાએ હજી પીલુડીનાં બી વાવવા જોઈએ. કુદરતી રીતે ઉગતું પીલુડીનું વૃક્ષ ભલે સીધી રીતે ઉત્પાદન આપતું ન હોય પણ એનું લાકડું બળતણ તરીકે ઉપયોગી છે. તેમ પર્યાવરણની સમતુલા જાળવવામાં પણ ખૂબ જ ઉપયોગી છે. એ ખારી જમીનનું ધોવાણ અટકાવે છે. અનેક વન્યજીવોને રક્ષણ આપે છે. એ ઉધઇને પોષે છે અને ઉધઈ જમીનમાં સેન્દ્રિય ઘટકોના વિઘટનની પ્રક્રિયામાં ઉપયોગી છે. કચ્છમાં આડેધડ પવનચક્કીઓ સાથે ઝડપી ઔદ્યોગિકીકરણને લીધે વન સંપદાનો નાશ થઈ રહ્યો છે. ઓછા પાણીએ ભયંકર ગરમીમાં લીલુંછમ ઉગીને એક હજાર વર્ષનું આયુષ્ય ધરાવતા કચ્છના પર્યાવરણને સાચવતાં પીલુનાં વૃક્ષને સાચવવાની લોકોની ફરજ છે. એને પાનખરની બીક લાગતી નથી. માત્ર પ્રારંભિક ઉછેર કરવો પડે. બાકી એને કુદરત સાચવી લે છે.

***– જગદીશચંદ્ર છાયા***

# જીવદયા એટલે શું?



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, આ લેખ માહિતી આધારીત છે, જેની નોંધ લેવા વિનંતી. મેં વિવિધ માહિતીના આધારે લેખ લખ્યો છે. દરેક ધર્મનો આધાર અહિંસા જ છે. એટલે દરેક જીવ પર પ્રેમ, લાગણી અને દયા હોય એ તો જાણે સ્વાભાવિક છે. જીવમાત્ર પર દયા રાખવાની સલાહ દરેક ધર્મ આપે છે. પછી ભલે તે મનુષ્ય હોય, પશુ-પંખી હોય, ઝાડપાન-વનસ્પતિ કે કીડા મંકોડા હોય. દરેકમાં આત્મા છે અને આપણા જેવું જ દુઃખ સર્વને થાય છે. જેથી આપણને જે ન ગમે તે આપણે પણ અન્ય સાથે ન કરવું જોઈએ. વળી દરેક ધર્મ કર્મોમાં માનવાવાળો ધર્મ છે. જે અનુસાર જેવું કરો તેવું જ મેળવો છો. એટલે કે કોઈનું ખરાબ કરશો તો તમારું પણ ખરાબ જ થશે. **હવે તો વિજ્ઞાને પણ સ્વીકાર્યું છે કે સમગ્ર બ્રહ્માંડ એક યુનિટી છે, જેમાં એકના સુખનો આધાર બીજા પર રહેલો છે.**

૧૯૫૦માં જીઓજારજી જીઓડીએ કોસ્મિક કેમેસ્ટ્રી નામનું વિજ્ઞાન શોધ્યું. જે અનુસાર સમગ્ર બ્રહ્માંડ એકબીજા સાથે જોડાયેલું છે અને એકબીજાથી અસર પામે છે. સૂર્ય પરનું પરિવર્તન સમગ્ર પૃથ્વીના જીવોને અસર કરે છે. બ્રહ્માંડનું સૌથી રહસ્યમય તત્ત્વ પાણી છે કેમકે અંતરીક્ષની, નક્ષત્રોની, ગ્રહોની જે કોઈ અસર જીવસૃષ્ટિ પર પડે છે, તે પાણીને આભારી છે. ગર્ભમાં માતા અને બાળકનું જોડાણ પાણીને લીધે છે.

ચંદ્ર સાગરને અસર કરે છે. એટલે કે ચંદ્રની કળા અનુસાર સાગરમાં ભરતી અને ઓટ આવે છે. તો સાગર જેવી જ વ્યવસ્થા માનવ શરીરની છે. તેમાં પણ ૭૦% પાણી છે અને ક્ષાર છે. તો ચંદ્રની અસર માનવ શરીર પર કેમ ન થાય? વૈજ્ઞાનિક સંશોધનો જણાવે છે કે મહત્તમ પાગલપનના કિસ્સા પૂનમે નોંધાયા છે. એક અભ્યાસ પ્રમાણે મોટાભાગની માછલી ઓટના દિવસોમાં ઈંડા મૂકે છે અને પંદર દિવસ પછી ભરતીના દિવસોમાં ઈંડામાથી બચ્ચા બહાર આવે છે અને સાગરની લહેર તેમને અંદર પાણીમાં લઈ જાય છે.

આજ સુધી એ ખબર નથી પડી કે માછલીને ભરતી અને ઓટની ખબર કેવી રીતે પડે છે? આ તમામ પાછળ ચંદ્રની સંવેદના જવાબદાર છે. માછલી ચંદ્રની સંવેદનાને ઓળખે છે. એ જ કારણ પક્ષીઓના સીઝન પ્રમાણે પ્રદેશ બદલવા પાછળ જવાબદાર છે. આમ, ગ્રહો સમગ્ર જીવસૃષ્ટિને અસર કરે છે. ગ્રહો અને નક્ષત્રોની ચાલ પરથી જાપાનમાં એક ચકલી ધરતીકંપના ૨૪ કલાક પહેલા પ્રદેશ છોડી દે છે. આમ, બ્રહ્માંડ પરનું કોઈ જીવન વિભક્ત નથી. બધા એકબીજા સાથે જોડાયેલા છે. જેથી પ્રકૃતિને ખલેલ પહોંચે તેવું કોઈ કામ માનવ દ્વારા ન થવું જોઈએ. નહીં તો સૌથી પહેલું નુકસાન વ્યક્તિએ પોતે જ સહન કરવું પડે છે.

આમ, પ્રકૃતિની સાચવણી, પર્યાવરણની દેખભાળ મનુષ્ય જીવનની પ્રથમ ફરજ છે. ઈશ્વરે જે જીવસૃષ્ટિ બનાવી છે તેમાં દરેક જીવનનું એકસમાન મહત્ત્વ અને ઉપયોગીતા છે. એમાંથી કોઈ એકનો પણ નાશ, સમગ્ર સૃષ્ટિ માટે જોખમકારક છે. જેમકે વનસ્પતિ અને ઝાડપાનને કરાતું નુકસાન અંતે તો મનુષ્યએ જ ભોગવવું પડે છે. કેમકે તેનાથી ઓક્સિજનની અછત, પ્રદૂષણ, ગ્લોબલ વોર્મિંગ જેવા અનિષ્ટોનું સર્જન થાય છે.

જેથી દરેક ધર્મ દરેક જીવ પર દયા રાખવાનું સૂચન કરે છે. વળી જીવદયા એટલે પરોપકારની ભાવના. જે અન્ય કરતા વધુ આપણને પોતાને અસર કરે છે. અમેરિકામાં મધર ટેરેસાના પરોપકારની વાર્તાઓ કહેવા માટે એક મીટિંગનું આયોજન સ્કૂલમાં કરવામાં આવ્યું. જેમાં મધર ટેરેસાનું જીવન ચરિત્ર અને તેમના દ્વારા કરવામાં આવેલા પરોપકારના વીડિયો વિદ્યાર્થીઓને બતાવવામાં આવ્યા અને ત્યારબાદ બાળકોનું વૈજ્ઞાનિક પરીક્ષણ કરવામાં આવ્યું, એ તપાસવા માટે કે આવી બાબતોની બાળકો પર કેવી અસર પડે છે. **વિજ્ઞાન માને છે કે પરોપકારની ભાવનાથી વ્યક્તિની લાળમાં રોગપ્રતિકારક શક્તિ વધે છે.**

આ સંશોધનમાં થયેલ પરીક્ષણ દ્વારા સાબિત થયું છે કે વિદ્યાર્થીઓની લાળમાં વધુ રોગપ્રતિકારક જંતુનાશક તત્ત્વો જોવા મળ્યા. ટૂંકમાં, જીવદયાના કામોથી અન્યને તો ફાયદો થાય જ છે પરંતુ પોતાની જાતને પ્રથમ ફાયદો થાય છે. ઈશ્વરે સર્જેલા કોઈપણ જીવને આપણે ખતમ કરીએ છીએ ત્યારે પર્યાવરણનું સમતુલન બગડી જાય છે અને તેની કિંમત પણ આપણે ચૂકવવી પડે છે. જેથી દરેક જીવ પર દયા રાખી તેમને મદદ કરવાની સલાહ દરેક ધર્મ આપે છે, જે ખૂબ વૈજ્ઞાનિક છે. સંપૂર્ણ દરેક ધર્મનો આધાર જ અહિંસા છે. એટલે દરેક જીવ પર પ્રેમ, લાગણી અને દયા હોય એ તો જાણે સ્વાભાવિક છે. આમ, વિજ્ઞાને સ્વીકાર્યું કે પરોપકાર કરવાથી કે પરોપકારની વાતો સાંભળવાથી

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૧ ઉપર)

## પ્રતિભાના પોંખણા : કડી-૩

# સુરભિ નીરવ વસા



શ્રીમતી ફાલ્ગુની હિરેન



શ્રીમતી સુરભિ નીરવ વસા

કચ્છના ભુજમાં એક સીધો સાદો પરિવાર રહે. પતિ-પત્ની, બે બાળકો અને દાદા-દાદીનો સુખી પરિવાર. નાનકડું ઘર. આગળ ડેલી. માતા-પિતા અને દાદા-દાદીની નિશ્રામાં આંગણામાં હસતા રમતા બાળકોની ગૂંજ ફેલાતી રહેતી. બાળકો મોટા થતા ગયા. દીકરીને માતૃછાયા સ્કૂલમાં ભણવા મૂકી અને દીકરાને પ્રથમ સ્વામિનારાયણની શાળામાં અને ત્યારબાદ વી. ડી. હાઈસ્કૂલમાં. દીકરી ભણવામાં હોંશિયાર. અવ્વલ નંબરે રહે. શાળાની બધી જ ઈતર પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર સામેલ થાય. ૧૦મા, ૧૨મા માં અને કોલેજમાં પણ પ્રથમ ક્રમે જ રહે. એની લખેલી નોટ્સ અન્ય વિદ્યાર્થીઓ પણ કોપી કરવા લઈ જાય. ગરબાનો શોખ. માતૃછાયા સ્કૂલમાંથી ગણતંત્ર દિવસની પરેડ માટે ગરબા માટે પણ પસંદ થયા. અમદાવાદ દૂરદર્શન કેન્દ્ર ખાતે પણ ગરબા વૃંદના કલાકાર તરીકે ભાગ લીધો. રાખી બનાવવા જેવી અનેક સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં બધે એ આગળ રહે. પરંતુ વક્તૃત્વ સ્પર્ધાની વાત હોય, સ્કૂલમાં સૌની સામે કંઈક બોલવાની વાત હોય કે ચાર જણની હાજરીમાં કંઈક કહેવાની વાત આવે તો એ સાવ પાછળ જતી રહે. લોકોની સામે કંઈ પણ બોલવાની અસમર્થતા, એ એની મોટી નબળાઈ. સ્કૂલમાં પ્રાર્થનાસભામાં પણ કશુંક બોલવાનું આવે તો ગભરાઈને ઘસીને ના પાડતી દીકરી આજે પોતાની યુ-ટ્યુબ ચેનલ પર લોકોને વાનગી બનાવતા શીખવે છે. રસોઈ માટે ટીપ્સ આપે છે અને આજની તારીખમાં એક લાખ ૧૬ હજાર સબસ્ક્રાઈબર્સ તેમની વાતોને ધ્યાનથી સાંભળે છે અને એમની પાસેથી શીખે છે. ખાન-પાનના ક્ષેત્રમાં જૈન વાનગીઓ સાથે પોતાના નામનો ડંકો વગાડનાર વ્યક્તિ એટલે પુત્રવધૂ તરીકે આપણા સમાજના સભ્ય બનનાર દીકરી – **શ્રીમતી સુરભિ નીરવ વસા. 'રસોડાની મહારાણી'**ના બિરૂદથી ઘરઘરમાં જાણીતા બનેલા સુરભિ વિશે આ કડીમાં વાત કરીશું.

સમાજમાં કાર્યરત એવા શ્રી દિનેશભાઈ શાહ અને રંજનબહેનના દીકરી સુરભિ. કિચન ક્વિન બનનાર સુરભિને નાનપણમાં ભણવામાં અને અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવામાં જ રસ હતો. રસોઈના ક્ષેત્રમાં કોઈ ખાસ લગાવ નહોતો. રોજિંદી રસોઈ – રોટલી, દાળ-ભાત, શાક બનાવવામાં છોકરીઓ મા કે દાદીને મદદ કરે. બસ એટલા પૂરતું જ સુરભિનું યોગદાન રહેતું. કંઈક વિશેષ બનાવવાનો તો વિચારેય ન આવતો. એમાં એકવાર માસીના ઘરે કંઈક નવું બનાવવાની હિંમત કરી હતી. માસીના દીકરાએ પંજાબી શાકની ફરમાઈશ કરી હતી. સુરભિએ પહેલો પ્રયોગ કરીને શાક બનાવીને પીરસ્યું. સવાલ આવ્યો, 'સુરભિ, આ શું બનાવ્યું છે?'. જવાબ આપ્યો, 'પંજાબી શાક.' તો ભાઈએ ટકોર કરી : 'આમાં તો પાણી જ દેખાય છે.' સુરભિએ નક્કી કર્યું કે આવું તો ન ચાલે. રસોઈ તો શીખવી પડે. પણ એ વિચાર આવ્યો એટલું જ. પાકશાસ્ત્રમાં આગળ વધવા અંગે તો સ્વપ્નેય વિચાર્યું ન હતું. પણ હા, સૌ એમને નામથી ઓળખે એવું કંઈક કરવાની ધગશ ખરી.

B.Com. કર્યા પછી એમને M.B.A. કરવાની ઈચ્છા હતી. ત્યારે M.B.A. નો અભ્યાસ કરવા આદિપુર કે પછી અમદાવાદ સુધી લાંબા થવું પડતું. દાદાએ અમદાવાદના વિકલ્પ ઉપર તો ચોકડી જ મારી દીધી. પરંતુ આદિપુર અપ -ડાઉન કરવાની વાત માટે પણ તેઓ સંમત ન હતા. તોય સુરભિએ પ્રવેશ પરીક્ષા આપી. ચર્ચા ઈન્ટરવ્યુ, વાઈવા બધા પડાવો પાસ કર્યા. તેમ છતાં દાદાએ ભુજ બહાર જઈને ભણવાની વાત નકારી દીધી. એટલે સુરભિએ ગુસ્સામાં M.Com. કે L.L.B. કરવાના પ્રસ્તાવને નનૈયો ભણી દીધો. પછી એકાદ વર્ષ બાદ ૧૯૯૭માં તેમના લગ્ન અમદાવાદ નિવાસી નીરવ વસા સાથે થઈ ગયા. સુરભિ ભુજથી અમદાવાદ આવી ગયા. સમાજના સભ્ય બની ગયા.

સુરભિના સાસુ ઉર્મિલાબેનને રસોઈ બનાવવાનો ખૂબ શોખ. એ નવી નવી વાનગીઓ બનાવતા અને એમાં સુરભિને જોડતા. રોજ બપોરે ટી.વી.માં દર્શાવાતા રસોઈ શો નિયમિત

રીતે જોતા. સુરભિને પણ શો જોવાનું કહેતા. પણ સુરભિને રસ ન પડતો. આપણા સમાજના મહિલા મંડળ દ્વારા યોજાતી વાનગી હરીફાઈમાં ભાગ લેવા માટે તેઓ સુરભિને પ્રોત્સાહન આપતા. સર્જનશીલતા તરફ ઝોક હોવાથી કંઈક નવું કરવા માટે સુરભિએ વાનગી સ્પર્ધામાં ભાગ લીધો અને પ્રથમ નંબર મેળવ્યો. પાલકના પાનની ચાટ કે રોટીની ચોટી જેવી નવી વાનગીઓ સમાજની સ્પર્ધામાં બનાવી હતી. સમોસા જેવી સાદી વાનગીને પણ સુરભિ મૌલિકતાના સ્પર્શે ખાસ બનાવી દેતા. એક પછી એક ૩-૪ હરીફાઈઓમાં વિજેતા બનતા સુરભિને કુકિંગમાં રૂચિ પેદા થઈ. રસોઈકળામાં પણ પોતાની આવડત અંગે આત્મવિશ્વાસ પેદા થયો. એ સમયે ઈ-ટી.વી. પર રસોઈ સ્પર્ધાની જાહેરાત થઈ. સાસુએ સૂચવ્યું કે તારે આ સ્પર્ધામાં ભાગ લેવો જોઈએ. પરંતુ લોકોની હાજરીમાં બોલવાનો સંકોચ થતો હોય ત્યારે ટી.વી. જેવું માધ્યમ તો વધુ અઘરી વાત બને. એમ ધારીને વિચાર પડતો મૂક્યો.



રસોઈની મહારાણીની બીજી સીઝન આવી. ૨૦૦૨માં સુરભિએ દીકરી અદિતિને જન્મ આપ્યો. એ દરમ્યાન સીઝન-૩ પણ આવી ગઈ. સાસુમાએ સુરભિને ફરી ઈજન આપ્યું, 'આમાં ભાગ લે. એક વખત તારી વાનગીની રીત લખીને મોકલી તો જો.' સુરભિએ લખેલ રેસિપી પહેલા રાઉન્ડમાં પસંદ થઈ. બીજા રાઉન્ડમાં એ જ વાનગી બનાવીને લઈ જવાની હોય. એ રાઉન્ડમાં તે ડિશ સિલેક્ટ ન થઈ. તો સુરભિ તો રાજી થયા કે, હાશ! ઝંઝટ ટળી.

પછી સીઝન-૪ આવી. વળી સાસુમાએ પ્રોત્સાહન આપ્યું. આ વખતે સિલેક્ટ ન થઈ તો કાંઈ નહીં. તારે આ વખતે ફરી ટ્રાય કરવો જોઈએ. સુરભિ સહમત થયા અને નવી વાનગી લખીને મોકલાવી - જૈન પંજાબી સબ્જી. બીજા રાઉન્ડમાં એ વાનગી બનાવીને લઈ ગયા. એમાં પણ તેઓ પાર ઉતર્યા અને વાઈવાના ત્રીજા રાઉન્ડમાં પહોંચ્યા. જેમાં સ્પર્ધકના પાકશાસ્ત્રનું જ્ઞાન ચકાસવામાં આવતું. સ્પર્ધકની નિપુણતા માત્ર એક વાનગી પૂરતી સીમિત છે કે રસોઈકળા માટે સમગ્રતયા વ્યાપ્ત છે તેનું પરીક્ષણ થતું. સવાલ-જવાબ થાય. આ વાત છે વર્ષ ૨૦૦૭ની. એ વખતે રસોઈ શોની લોકપ્રિયતા ટોચ ઉપર હતી. ગુજરાતભરથી ૬-૭ હજાર એન્ટ્રીઓ આવી હતી. એમાંથી વાઈવા રાઉન્ડ સુધી ૩૦ સ્પર્ધકો પહોંચ્યા હતા. વાઈવા પછી પસંદ થયેલા ૧૫ હરીફોમાં એક સુરભિ પણ હતા. સ્પર્ધા જેમ જેમ આગળ વધતી ગઈ, તેમ તેમ એ વધુ પડકાજનક બનતી ગઈ. હવે પછીના રાઉન્ડ્સ 'લાઈવ ડેમોન્સ્ટ્રેશન'ના હતા.

પરિવારમાંથી મળેલા જૈન ધર્મના સંસ્કારોને કારણે સુરભિએ સ્પર્ધામાં ઉતરતા પહેલા જ નક્કી કરી લીધું હતું કે તેઓ માત્ર જૈન વાનગીઓ બનાવશે. પરંતુ આગળ વધતા તેમને ઘણાએ સૂચનો કર્યા કે તમે જો નિયમિત (જૈનેતર) વાનગીઓ ન બનાવો, તો તમે રસોઈ નિષ્ણાત કહેવાઓ જ નહીં. પ્રવિણ પાકશાસ્ત્રીએ તો દરેક પ્રકારની વાનગીઓમાં નિપુણતા કેળવવી જ પડે. આ બધી વાતો - ચર્ચાઓ - સલાહો પછી પણ સુરભિએ પોતાના મનનું જ માન્યું અને જૈન પંજાબી શાક જ બનાવ્યું. પેનલના ત્રણેય જજીસનો અભિપ્રાય એક જ હતો કે, 'તમે જૈન ડિશ બનાવી છે, એ તો તમે કહ્યું એટલે ખબર પડી. માત્ર સ્વાદથી પરખાયું નહીં કે આ વાનગી જૈન છે. એકદમ રેસ્ટોરન્ટ સ્ટાઈલથી તમે ડિશ બનાવી છે.' નિર્ણાયકોનો આ મત સાંભળીને સુરભિનો આત્મવિશ્વાસ બેવડાઈ ગયો કે જૈન વાનગીઓ સાથે પણ જરૂર આગળ વધી શકાય છે અને હવે તો આગળ વધવું જ છે.

આપને જણાવી દઈએ કે આ નિદર્શન રાઉન્ડ્સનું ટી.વી. પર જીવંત પ્રસારણ થતું. નાનકડી ગભરૂ બાળા સુરભિનો બોલવાનો સંકોચ અને જાહેર અભિવ્યક્તિનો ડર તો ક્યારે છૂટી ગયો, એ એમને પણ યાદ નથી (આ સમગ્ર પ્રક્રિયા દરમ્યાન). બે-ચાર જણાની હાજરીમાં બોલતા ગભરાતી છોકરી હવે ઓડિયન્સથી ભરેલા હોલમાં નિર્ણાયકો સામે અને કેમેરાથી આંખ મિલાવીને પોતાની વાનગી વિશે જણાવતી થઈ ગઈ.

પછી લાઈવનો બીજો રાઉન્ડ સરૂ થયો. એ હતો સ્ટાર્ટર્સનો રાઉન્ડ. એમાં નવો પડકાર હતો. માત્ર ૧૦ જ વસ્તુઓ - સામગ્રીઓનો ઉપયોગ કરીને વાનગી બનાવવાની. આ ૧૦ ઈન્ગ્રેડિયન્ટ્સમાં પાણી પણ આવી ગયું! સુરભિએ શેકેલા બ્રેડની બાસ્કેટ બનાવીને એમાં મકાઈ અને કેપ્સીકમનું ફિલીંગ કરીને ચટપટી વાનગી બનાવી. એ વાનગી પણ નિર્ણાયકોને પસંદ પડી. બીજા રાઉન્ડમાં પાર ઉતર્યા પછી સુરભિએ આ દિશામાં મહેનત કરવી શરૂ કરી. ઘરમાં, પાસ-પડોશમાં કે હોટેલમાં / રેસ્ટોરન્ટમાં જમ્યા હોઈએ એ વિશે જ જાણકારી હતી. એટલે દુનિયાની રાંધણકળા વિશે વધુ જ્ઞાન મેળવવા રીતસરના પ્રયત્નો શરૂ કર્યા. રોજ બે-ચાર કલાક 'ક્રોસ વર્ડ'માં ગાળવા લાગ્યા. રસોઈ અંગેના પુસ્તકો વાંચ્યા. World Cuisine ની પદ્ધતિઓ, સામગ્રીઓ અને સ્વાદ વિસે માહિતી મેળવી. ત્યારે હજી ગૂગલ સર્ચ હાથવગું

ન હતું. રસોઇ અંગેના પુસ્તકો પણ ખૂબ જ મોંઘા રહેતા. એટલે વધુ પુસ્તકો વસાવવાનું શક્ય ન હતું.

સ્પર્ધા આગળ વધી. ત્રીજા રાઉન્ડમાં મીઠાઈ બનાવવાની હતી. એમાં સુરભિએ આપણી પરંપરાગત મીઠાઈ સાકર પાપડી બનાવી. ચાસણીવાળી આ વાનગી આમ પણ પડકારજનક હતી. એટલે લોટ શેકવા અને ચાસણી બનાવવામાં ચોક્સાઇ લાવવા માટે ઘરે ૮-૧૦ વખત એ વાનગી બનાવવાની પ્રેક્ટિસ કરી. એ દિવસે નિર્ણાયકોને લાગ્યું કે વાનગીમાં લોટ સફેદ જ રહ્યો છે, જરા ઓછો શેકાયો છે. એ દિવસે શૂટિંગ પણ મુશ્કેલ રહ્યું. ઘણી ટેકનિકલ તકલીફો આવી. રાત્રે મોડે સુધી કામ ચાલ્યું. એટલે સુરભિ થોડા નાસીપાસ થઈ ગયા હતા. પણ એમને સાસુએ સધિયારો આપ્યો. એમના સાસુ દરેક રાઉન્ડમાં, દરેક શુટમાં હાજર રહીને સુરભિનું મનોબળ વધારતા. સાસુ-વહુ બંને ઘરના કામ અને રસોઈ પતાવીને ઘરેથી નીકળી જતા. પાછળ નાનકડી અદિતીને દાદા સાચવતા. એને જમાડતા, એનું ધ્યાન રાખતા. શૂટમાં ખૂબ મોડું થઈ જાય તો નીરવ બધા માટે બહારથી જમવાનું મંગાવી લેતા. સફળતાની આ સફરમાં સાસુનો તો મજબૂત ટેકો અને પ્રોત્સાહન હતા જ, સાથે આખાય પરિવારનો સમજણ સાથેનો સપોર્ટ પણ હતો. જે સુરભિની મહેનતમાં વધુ ઉર્જા ભરતા.

ચોથા રાઉન્ડ સુધી ચાર હરીફો બચ્યા. એમાં સ્પર્ધકે પોતાની મનપસંદ વાનગી બનાવવાની હતી. એક કલાકનો સમય આપવામાં આવ્યો હતો. ઠાકોરભાઈ દેસાઈ હોલમાં ૬૦૦ જણાની સામે વાનગી બનાવવાની હતી. શરત એ હતી કે તમને જે સામગ્રી આપવામાં આવે, એમાંથી વાનગી બનાવવાની. કાપવા - સમારવા - કુટવા કે ફુણવવા સાથે વાનગી બનાવવા ૫૦ મિનિટ અને એના સુશોભન અને પ્રસ્તુતિકરણમાં ૧૦ મિનિટ ફાળવાઈ હતી. એ રાઉન્ડ માટે સુરભિએ થોડી તૈયારીઓ કરી હતી કે જો ફલાણી સામગ્રી મળે તો શું બનાવવું અને ઢીંકણી વસ્તુઓ સામે આવે તો શું બનાવવું. જો કે બીજી શરત એ પણ હતી કે આપેલ કાચી સામગ્રીમાંથી ૬૦% વસ્તુઓનો ઉપયોગ ફરજિયાત કરવાનો. એટલે મોટી ચિંતા એ હતી કે જો સામગ્રીમાં કાંદા - લસણ આપવામાં આવશે તો? પરંતુ નસીબજોગે એમ ન થયું. લોટનો બેઝ લઈને એમણે રોટલીના પોકેટ્સ બનાવી એમાં સ્ટફિંગ કર્યું. ભરૂચ, ભાવનગર અને રાજકોટના અન્ય સ્પર્ધકોએ પણ પોતપોતાની રીતે અવનવી વાનગીઓ બનાવી હતી. કાંદા લસણ સહિતની એમની વાનગીઓ સામે સ્વાદિષ્ટ જૈન વાનગી બનાવવી એ મોટો પડકાર હતો. ૬૦-૬૫ વર્ષના સ્પર્ધકોનો અનુભવ અને રસોઈકળાની હથરોટી સામે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવી એ વળી નવી ચેલેન્જ હતી. નાનપણમાં દાદા-દાદી અને મમ્મીને જોઈને સુરભિ પણ કાંદા લસણ ન ખાતા. પરણીને આવ્યા પછી પતિ નીરવની સાથે ખાવાનું શરૂ કરીને વળી થોડાક સમયમાં જ છોડી દીધું અને હવે તો ઘણા વર્ષોથી એમના ઘરમાં કાંદા-લસણને પ્રવેશ જ નથી. પીયરમાં પણ ઘરની સામે જ દેરાસર. રોજ દેવદર્શન તો કરવા જ એવો નિયમ. એટલે જૈનીઝમના સંસ્કારો તો મૂળમાં જ મળ્યા હતા. રસોઈ સ્પર્ધામાં જ્યારે નક્કી કર્યું કે માત્ર જૈન વાનગીઓ જ બનાવશે ત્યારે સુરભિએ મનોમન ભગવાનને વિનંતી પણ કરી દીધી હતી કે ‘જો સાચી હોઉં તો સાથ આપજે, નહિંતર મને અહીં જ અટકાવી દેજે. જો આગળ ઉપર કાંદા - લસણના ઉપયોગ વગર ન જ વધી શકું એમ હોય તો મને અહિયા ને અહિયા જ રોકી દેજે.’ સુરભિનો એવો મજબૂત મત, કે હું કાંદા - લસણ ન ખાતી હોઉં તો એની વાનગી બનાવી, બધાને બતાવી, પાપમાં કેમ પડું? અને કાંદા લસણ વગરનું ભોજન સાત્વિકતાની દૃષ્ટિએ પણ વધુ હિતકારક છે. એટલે આ દૃઢ ધાર્મિક માન્યતાને કારણે સુરભિએ એમની આખીયે કારકિર્દીમાં હંમેશાં જૈન વાનગીઓ જ બનાવી છે.

મૂળ વાત પર પરત ફરીએ. અંતિમ રાઉન્ડમાં છ નિર્ણાયકોની પેનલ હતી. એ તમારી વાનગીનો દેખાવ, ડેકોર વગેરે જુએ, ચાખે અને વાનગી અંગેના પ્રશ્નો પૂછે અને અંતે વિજેતા તરીકે સુરભિનું નામ જાહેર થયું. એ સમયની લાગણી સુરભિ માટે અવર્ણનીય છે.

ભુજના એક સામાન્ય પરિવારની દીકરી. હંમેશાં કંઈકને કંઈક કરતી રહેતી દીકરી. જે વેકેશનમાં બ્યુટી પાર્લરનું કામ કર્યું, મામીના ડ્રેસ ડિઝાઇનિંગ માટે કચ્છી ભરતકામ - મોતીકામ શીખ્યું અને કર્યું. એકાદ વર્ષ બેંકમાં પણ જોબ કરી. LIC માં પણ પાર્ટ ટાઈમ નોકરી કરી. એટલે ઘરમાં નવરા બેસી રહેવાને બદલે, સતત પ્રવૃત્તિશીલ રહેતાં સુરભિની વર્ષોની એક ઇચ્છા હતી કે, ‘લોકો મને મારા નામથી ઓળખે.’ આ પૂર્વભૂમિકા પછી ૨૦૦૭માં ઠાકોરભાઈ દેસાઈ હોલમાં ૭૦૦ લોકોની હાજરીમાં જ્યારે રસોઈ સ્પર્ધા-૪ ના વિજેતા તરીકે સુરભિનું નામ જાહેર થયું ત્યારે તેમને લાગ્યું કે વર્ષો જૂનું સ્વપ્ન સાકાર થયું. ‘‘રસોઈની મહારાણી’’નું બિરૂદ સાથેની ઓળખ મળી. પછી તેમને એક કૂકિંગ એક્સપર્ટ તરીકે ટી.વી. શો માં જોડાવાનું આમંત્રણ મળ્યું. ચેનલ તરફથી તેમને વિષય આપવામાં આવતા જેમકે પર્યુષણ, નવરાત્રિ કે દિવાળી પર્વ, કે પછી સૂપ, સલાડ કે સ્ટાર્ટર. એને અનુરૂપ કઈ વાનગી બનાવવી એ તમારે પસંદ કરવાનું. ત્યારે સુરભિને ખબર પડી કે સ્પર્ધામાં વિજય તો એક શરૂઆત છે, હવે અહીંથી નવી સફર શરૂ થાય છે. અહીંથી આગળ વધવા માટે હજી ઘણી મહેનત કરવી પડશે, ઘણું શીખવું પડશે. ને શરૂ થઇ સુરભિની Learning Process – શીખવાની પ્રક્રિયા.

શરૂના છ મહિના, એ ટ્રાયલ પીરીયડના હતા. કારણકે રસોઈ સ્પર્ધા જીતવી એક વાત છે અને કેમેરા સામે રસોઇ બનાવતા શીખવી, અનેક લોકોને જીતી લેવા એ બીજી વાત છે. શરૂમાં આ કામ સુરભિને ખૂબ જ અઘરૂં પડ્યું. જરાય અચકાયા કે ખચકાયા વગર કેમેરા સામે રેસિપી બોલવી, સમજાવવી એ

અનિવાર્ય હતું. એટલે સુરભિ એક શૂટની ૬-૮ વાનગીઓની સ્ક્રીપ્ટ લખીને, એને મોઢે કરીને અરીસા સામે ઊભા રહીને બોલવાની પ્રેક્ટિસ કરતા. એટલે માત્ર સારી વાનગી બનાવવી જરૂરી નથી, પરંતુ ટી.વી. શો માટે તમારી અભિવ્યક્તિ, દેખાવ એ બધું પણ એટલું જ મહત્ત્વનું બની રહે છે. સુરભિએ આ પડકાર ઝીલી લીધો. મહેનત કરવા મન બનાવી દીધું. આ પડાવમાં પણ તેમની પડખે ઊભા રહીને હિંમત આપી એમના સાસુમાએ. શરૂઆતના ૨-૩ મહિનાઓ સુધી સુરભિના દરેક એપિસોડના શુટિંગ માટે તેઓ સુરભિની સાથે જતા. સુરભિ ક્યાંક અટકે કે પાછા પડે તો તેને પોરસ ચઢાવતા, પ્રોત્સાહિત કરતા. એમ કરતાં કરતાં સુરભિનો આત્મવિશ્વાસ મજબૂત બનતો ગયો. ૨૦૦૮થી શરૂ કરેલ એ કામ આજે ચૌદ વર્ષે પણ અવિરત ચાલી રહ્યું છે.

પછી મહારાણીની છઠ્ઠી સીઝનમાં નિર્માતાઓએ સુરભિને સ્પર્ધાના નિર્ણાયકની પેનલમાં બેસાડ્યા. જે નિષ્ણાતોએ સુરભિની પરીક્ષાઓ લીધી હતી, એમની સમકક્ષ બેસીને હવે તેમણે નવા સ્પર્ધકોને ચકાસવાના હતા. સફળતા અને સન્માનનું વધુ એક સોપાન તેમણે સર કર્યું.

દરમ્યાન વર્ષ ૨૦૧૮માં સુરભિને જજ તરીકે મસ્કત જવાનું આમંત્રણ મળ્યું. તેઓ મસ્કતમાં હતા ત્યારે જ E-TV નું Colours TV માં રૂપાંતરણ થયું. પ્રોડક્શન હાઉસ બદલાઈ ગયા. મુંબઈના એક પ્રોડક્શન હાઉસે રસોઈ શૉ સંભાળ્યો. ત્યારે તેમણે જાહેર કરી દીધું કે હવે અમને ફ્રેશ ફેઈસ જોઈએ છે. જૂના બધા જ ચહેરાઓની જગ્યા હવે નવા ચહેરાઓ લેશે. પરિવર્તન એ પ્રકૃતિનો નિયમ છે. એમ સ્વીકારવાની તૈયારી છતાં મન અસંમજસમાં થોડું ખાટું પણ થઈ ગયું. હવે શું થશે? એવો સવાલ માથે લટકી રહ્યો હતો. એવામાં ચેનલ તરફથી કૉલ આવ્યો કે હું અને અન્ય એક સાથી જ શૉ માં રહીશું. અન્ય અમારા સિનિયર્સ બધાએ શૉ છોડવો પડશે. આનંદાશ્ચર્યની એ મીઠી અનુભૂતિ હતી. એ પછી સુરભિ ચેનલમાં સિનિયર બની ગયા. એટલે નવી જવાબદારી સમજીને વધુ જ્ઞાન સાથે રેસિપી બતાવવી શરૂ કરી.

વર્ષ ૨૦૧૫માં સુરભિએ એમનું પહેલું પુસ્તક બહાર પાડ્યું : "ટેસ્ટી જૈન વાનગીઓ." એની બીજી આવૃત્તિ પણ પ્રકાશિત થઈ ચૂકી છે. હાલ તેઓ રેડિયો ભુજ સાથે પણ કામ કરી રહ્યા છે. દર રવિવારે 'સુરભિની સોડમ' નામથી એક રસોઇ શૉ પ્રસારિત થાય છે. ઓસ્ટ્રેલિયન રેડિયો માટે પણ તેમણે પ્રોગ્રામ્સ કર્યા છે. કોરોના દરમ્યાન સીમિત સામગ્રી સાથે રસોઇને રસદાર કેમ કરવી એ પણ તેઓ શીખવી ચૂક્યા છે.

ભુજની માતૃછાયા સ્કૂલને તાજેતરમાં જ ૪૦ વર્ષ પૂર્ણ થયા. એ નિમિત્તે શાળામાં ભણી ગયેલી અને જે-તે ક્ષેત્રમાં ઝળકી ઊઠેલી પૂર્વ છાત્રાઓને સન્માનિત કરાઈ હતી. એવા દસ માનુનીઓમાં સુરભિ પણ સામેલ હતા. શાળાની વિદ્યાર્થિની તરીકે જેમનાથી ડરતા હતા એવા શિક્ષિકાઓએ પણ ખુશ થઇને એમની સાથે ગર્વથી ફોટા પડાવ્યા. એ વખતે પહેલીવાર સુરભિને સેલિબ્રિટી જેવી લાગણી થઈ.

સુરભિને નવી રેસ્ટોરન્ટ ખોલવાની પણ ઑફર મળે છે. (સુરભિને પેઇન્ટીંગનો પણ શોખ છે.) પરંતુ સુરભિ પૈસા માટે નહીં પરંતુ સંતોષ માટે, સર્જનશીલતા માટે, નિજાનંદ માટે કામ કરવામાં માને છે.

તાજેતરમાં લોકડાઉન દરમ્યાન તેમણે ઘરેથી જ રેસિપીનું શૂટિંગ કરીને મોકલાવી હતી. પણ હજી ફાજલ સમય રહેતો, એટલે કંઈક નવું કરવાનું વિચાર્યું. દીકરીએ સૂચન કર્યું કે રસોઈની ટીપ્સ આપવી શરૂ કર. જેમકે ભજિયા બનાવીએ તો એમાં તેલ કેમ ભરાય કે ખાતી વખતે ડૂચા કેમ વળે, એ સમજાવ. રેસીપિ તો ઘણી મળી રહેશે. એટલે દર શનિવારે આવી ટીપ્સ આપતો વીડિયો ફેસબુક પર મૂકવાનું શરૂ કર્યું. એ જોઈને યુ-ટ્યુબ ચેનલ શરૂ કરવાની દરખાસ્ત આવી. એટલે મે-૨૦૨૦માં ચેનલ શરૂ કરી : 'ફૂડમંત્ર બાય સુરભિ વસા.' એક જ દિવસમાં એમના એક હજાર સબસ્ક્રાઇબર્સ બની ગયા. અને બે દિવસમાં ચાર હજાર કલાકનો વૉચ ટાઈમ મળી ગયો. લોકોને જે પડાવ પર પહોંચવામાં વર્ષ - બે વર્ષ નીકળી જતા હોય, ત્યાં સુરભિ બે દિવસમાં પહોંચી ગયા. ચેનલમાંથી પણ કમાણી શરૂ થઈ ગઈ. એટલે સુરભિને વધુ બુસ્ટ મળ્યું. એમના વીડિયોનું એડિટીંગ અને અપલોડિંગનું કામ એજન્સીએ સંભાળી લીધું. એટલે સુરભિ નિયમિત રીતે ટીપ્સના વીડિયો મૂકવા લાગ્યા. છએક મહિનામાં તો લોકો માંગણી કરવા લાગ્યા રેસિપીની. એટલે પછી યુ-ટ્યુબ પર રેસિપી બતાવવી પણ શરૂ કરી. એક લાખનો મહત્ત્વનો પડાવ પાર કરીને આજે તેમના સબસ્ક્રાઈબર્સ એક લાખ ૧૬ હજાર પર પહોંચી ગયા છે. માત્ર દોઢ વર્ષના ટૂંકા ગાળામાં આ સિધ્ધિ મળતાં સુરભિને વધુ પ્રોત્સાહન પણ મળ્યું.

આ ચેનલ પર દર્શાવાયેલ પરંપરાગત વાનગીઓ જેવી કે ગોળના લાડુ, રણકલી કે કચ્છી ઢોકળિયું વગેરેને તો બે-ત્રણ દિવસમાં જ ૪-૫ લાખ Views મળી જાય છે. સુરભિ માને છે કે પોતાના મૂળથી જોડાયેલા લોકો જ આગળ વધી શકે છે. આપણે આપણો વારસો આગળ વધારવો જ જોઈએ. Rootsને ભૂલીને Fancy બનીશું, તો પરંપરાથી પર થઇશું જ. સાથે આપણા પરિવાર અને તેના સ્વાસ્થ્યને નુકસાન કરી બેસીશું.

આ ચેનલના માધ્યમથી સુરભિને લોકોના પ્રતિભાવો પણ મળતા ગયા. લોકોના વખાણ તો સાંભળવા મળે જ. સાથે કોઈ તો એમને સાક્ષાત અન્નપૂર્ણાનું બિરૂદ આપી દેતા. આવી કોમેન્ટ્સ અને આટઆટલો પ્રેમ પ્રાપ્ત થયો છે. લોકો તમને સેલિબ્રિટી જેવું માન આપે. રેસિપી માટે પણ ખૂબ લોકોના ફોન આવે, સવાલો પૂછે. ક્યારેક કોઈ વ્યસ્તતાના સમયમાં લોકોના ફોન આવી જાય, તો પણ સુરભિ શાંતિથી જવાબ આપે. તેઓ માને છે કે, સફળતા મગજમાં ન જવી જોઈએ. માત્ર અમદાવાદ કે

ગુજરાત જ નહીં, દુબઈથી કે અમેરિકાથી પણ કૉલ આવે. ક્યારેક એકદમ કટાણે ફોન આવી જાય, દિવસ-રાતના ટાઈમ ઝોનના ફરકને કારણે. પરંતુ સુરભિ જાણે છે કે એ લોકોનો પ્રેમ જ છે અને શક્ય તેટલી નમ્રતાથી એમની સાથે વાત કરે છે. હવે યુ-ટ્યુબ ચેનલ આવી ગયા પછી થોડી સરળતા પણ થઈ ગઈ છે. માહિતી માંગી રહેલાને એ તરત જ Link મોકલાવી શકે છે.

લોકોને અવનવું, ચટપટું અને સ્વાદિષ્ટ ભોજન બનાવતા શીખવનાર સુરભિની પોતાની મનગમતી વાનતી સીધી સાદી ખીચડી છે. બે વર્ષ પહેલાં એમણે ખીચડીની સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આશરે દોઢસો સ્પર્ધકો અને ૭૦૦ દર્શકો એમાં જોડાયા હતા. ખૂબ સફળ ઈવેન્ટ રહી હતી કે લોકો આવા બીજા કાર્યક્રમની રાહ જુએ છે. હોટેલ રીજન્ટાના સલાહકાર તરીકે તેઓ કામ કરી રહ્યા છે. યુ-ટ્યુબ થકી જ હોટલની અમદાવાદ, બરોડા અને ભુજ – ત્રણેય જગ્યાએ ગુજરાતી અને જૈન ભોજન માટે કન્સલન્ટન્ટ તરીકે તેઓ મેનુ પ્લાનિંગ, શેફ ટ્રેનિંગ વગેરે કામ કરે છે.

સામાન્ય રીતે બધા જ ઘરોમાં ગૃહિણીઓને પજવતો એક રોજિંદો સવાલ હોય છે કે, 'આજે જમવામાં શું બનાવીશું?' જ્યારે સુરભિ તો ૨૦૦૮થી ટી.વી. પર અને હમણાં એમની ચેનલ પર નવી નવી વાનગીઓ રજૂ કરી રહ્યા છે. આ કેવી રીતે શક્ય બન્યું? એ સવાલના જવાબમાં સુરભિએ જણાવ્યું કે તેઓ હજી રસોઈ અંગે નવું નવું વાંચી રહ્યા છે, નવા પ્રયોગો કરી રહ્યા છે. જે માટે પરિવારના સભ્યોનો ઘણો સાથ મળ્યો. એમના પ્રયોગોરૂપે બનેલ નવી વાનગી સૌ ખુલ્લા મને ચાખે અને મત પણ આપે. ઘરમાં ખાવાના તો સૌ શોખીન છે, પણ ખાસ કરીને એમના સસરા વાનગીનું - સ્વાદનું વિશ્લેષણ કરીને સૂચન પણ કરતા. આજે ફલાણી ડિશમાં હીંગ થોડી ચડિયાતી છે, કે પછી આમાં ધાણાજીરૂ વાપરીશ તો સ્વાદ વધુ સારો થશે. એટલે સુરભિની વાનગી ટી.વી.થી લોકો સુધી પહોંચે તે પહેલાં ઘરમાં જ તેની ટ્રાયલ થઈ જાય અને મૂલવણી પણ થઈ જાય. સુરભિ માને છે કે આજેય કોઈવાર મારું ભીંડાનું શાક બગડી જાય છે કે ક્યારેક બનાવવા કંઈક જઈએ અને બની કંઈક જાય છે, ત્યારે ભૂલ સ્વીકારી લઉં છું અને સુધારો કરી આગળ વધું છું.

આજકાલ તો ૫ જણાના ન્યુક્લિયર ફેમિલીમાં પણ દરેકની ફરમાઇશ અલગ હોય છે. ખાસ કરીને બાળકોમાં ફાસ્ટ ફૂડનું ચલણ ભયજનક રીતે વધી ગયું છે. એવા સંજોગોમાં સુરભિ મેનુના દિવસ નક્કી કરી વારાફરતી દરેકને ગમતું ભોજન બનાવવાનું સૂચન કરે છે અને ખીચડી કે દાળ ઢોકળી જેવા દેશી મેનુમાં થોડી મૌલિકતા ઉમેરી છોકરાઓને ઘરમાં જ સ્વાદ આપવાની હિમાયત કરે છે. ચીઝ, મેયોનીઝ કે ચીપોટલે જેવા સોસનો ઉપયોગ કરીને બાળકોને ઘરના ભોજનના પ્રેમમાં પાડવાની વાત કરે છે. સ્વાદિષ્ટ સાથે પૌષ્ટીક વાનગી બનાવી પરિવારને ખુશ રાખવાની સાથે તંદુરસ્ત રાખવાની મહત્ત્વની ચાવી તેઓ આપે છે. આજની યુવા વહુ-દીકરીઓ જે રસોડાથી થોડી દૂર થઈ ગઈ છે કે થઈ રહી છે, એમને એ વર્ષો જૂનું સૂત્ર આપીને સમજાવે છે કે, 'કોઈપણ વ્યક્તિના દિલને જીતવાનો રસ્તો એના પેટમાં થઈને જાય છે.'

આપણા દેશમાં સામાન્ય રીતે દીકરીના લગ્ન થાય એટલે એની ગૃહિણી તરીકેની જવાબદારીઓ એવી થોપાઈ જાય, કે એને પોતાની કારકિર્દીને તો ભૂલી જ જવી પડે. પરંતુ સુરભિના કેસમાં તો તદ્દન ઊંધું બન્યું. માત્ર લગ્ન જ નહીં, માતા બન્યા પછી સુરભિની કારકિર્દી શરૂ થઈ. આમ તો લગ્ન પછી સુરભિએ ડ્રેસ ડિઝાઈનિંગ કર્યું, બ્યુટી પાર્લર શરૂ કર્યું. દીકરી જન્મી એટલે પાર્લર પણ બંધ કર્યું. વળી પાછો કંઈક કરવાનો કીડો સળવળ્યો એટલે એમના સસરાએ એમના શેર બજારના કામમાં મદદ કરવા કહ્યું. થોડો સમય એ કામ પણ કર્યું. પરંતુ બહુ મજા ન આવી, ને સાસુના આગ્રહથી રસોઇ ક્ષેત્રમાં પદાર્પણ થયું.

★ મારે ટ્રેન્ડ પ્રમાણે ચાલવાનું નથી, મારે ટ્રેન્ડ ચલાવવાનો છે.
★ નવી જનરેશન માટે સંદેશ છે કે Hard work નહીં, Smart work કરી શકો એવો માહોલ છે, તો રસોડું છોડી ન દો.
★ થોડી જાગૃતતા, થોડી તકેદારી રાખીને આવતી પેઢીના ભાવિને સુરક્ષિત કરી શકાશે.
★ દાદી-નાની પાસેથી પરંપરાગત વાનગીઓ શીખી લો, તો જૂનું સચવાશે, વારસો સચવાશે, ખજાનો મળશે.

પહેલાના સમયમાં આધુનિક સાધનો ન હતા, જે રસોઈમાં મદદરૂપ થઈ શકે. હવે તો ટેકનોલોજી બધી રીતે તમને સહાય કરી શકે એમ છે. તો ઘરે રસોઈ બનાવવાની ટેવ એક વ્યક્તિ કે પરિવાર માટે જ નહીં, સમગ્ર દેશ માટે ફાયદાકારક છે. નવજાતને માના ધાવણ ઉપરાંત સેરેલેક કે સીરીયલને બદલે મગનું પાણી આપો, ભાતનું ઓસામણ આપો. આપણી આ બધી પરંપરાઓનું મહત્ત્વ આપણે નહીં સમજીએ તો પછી વિશ્વમાં એનું અસ્તિત્વ કેવી રીતે ટકશે.

(મહેન્દ્રભાઈ વસા અને ઉર્મિલાબહેન વસાના પુત્ર નીરવ વસા) નીરવભાઈ સિટીઝન ઇન્ડસ્ટ્રીઝ નામની કંપનીમાં માર્કેટીંગ હેડ છે. અદિતી કમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરીંગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે.

સુરભિ એમની આજની સફળતા અને ખ્યાતિનો પૂર્ણ શ્રેય એમના સાસુ ઉર્મિલાબહેનને જ આપે છે. સુરભિને સમાજની વાનગી હરીફાઈથી લઈને ટી.વી. સ્પર્ધામાં ભાગ લેવા રીતસરનું દબાણ કરવાથી લઇને એમને મહારાણી બનાવવા સુધીના દરેક પડાવોમાં, દરેક મુશ્કેલીઓમાં તેઓ સુરભિની સાથે જ ઊભા રહ્યા અને પછીની સફરમાં પણ પ્રોત્સાહન આપતા રહ્યા છે. ■

ભારતીય નૃત્યકલામાં નામના મેળવનાર અને
કન્યા કેળવણીના પ્રખર પથદર્શક

# ડૉ. સવિતાબેન નાનજી મહેતા



સંજય પી. ઠાકર

*મણિપુરી નૃત્ય શૈલીના શ્રેષ્ઠ નર્તન કલાકાર અને આચાર્ય, પોરબંદરના આર્ય કન્યા ગુરુકુળના સંવાહક અને સંવર્ધક તથા 'મણિપુરી - નટ સંકીર્તન' મહાગ્રંથના રચયિતા ડૉ. સવિતાબેન નાનજી કાલિદાસ મહેતા ગુજરાતના પ્રતિષ્ઠિત નારી પ્રતિભામાં સ્થાન ધરાવે છે. અનેક સન્માન અને પુરસ્કાર મેળવનાર સવિતાદીદીની જન્મ શતાબ્દી ગયા વર્ષે ઉજવાઈ હતી!*

ભારતીય નૃત્યકલા ક્ષેત્રે દેશ દેશાવરમાં નામના મેળવનાર જૂજ ગુજરાતી મહિલાઓ પૈકીના એક એવા ડૉ. સવિતાબેન નાનજીભાઈ મહેતા (સવિતાદીદી) કન્યા શિક્ષણ સેવા ક્ષેત્રે પણ જાણીતા છે. રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્ત્વનું સ્થાન અને માન પ્રાપ્ત કરનાર ગુજરાતની સન્નારીએ પૂર્વ ભારતની મણિપુરી નર્તનશૈલીને અપનાવી અનેરી સિદ્ધિ હાંસલ કરી છે. સવિતાબેનનું જીવન એક સાધક જેવું રહ્યું છે. મુખ્યત્વે તેમનું પ્રદાન મણિપુરી નૃત્ય વિશારદ તરીકે, નારી સ્વાતંત્ર્યના મશાલચી તરીકે, સ્ત્રી શિક્ષણના પ્રસારક અને પ્રયોગકર્તા તરીકે, સાહિત્ય, ધર્મ, સંસ્કૃતિ, લોકસંસ્કૃતિ, ઇતિહાસ, પુરાતત્ત્વ તથા જીવનધર્મ સંસ્કૃતિના પરિવ્રાજક તરીકે શિષ્ટ માન્ય બન્યું છે. ગુજરાતના આગેવાન મહાજન રાજરત્ન નાનજી કાલીદાસ મહેતા અને સંતોકબેન (પોરબંદર)ના દુહિતા સવિતાબેનનો જન્મ આજથી બરાબર એક સૈકા પહેલાં શ્રાવણ સુદ ૧૩, વિ.સં. ૧૯૭૭ (તા. ૧૬ ઓગસ્ટ, ૧૯૨૧)ના દિવસે ઈસ્ટ આફ્રિકા - યુગાન્ડાના જીંજા ગામમાં થયો હતો. પ્રારંભિક પ્રાથમિક શિક્ષણ તેમણે જીંજામાં જ મેળવ્યું. એ પછી આર્ય કન્યા વિદ્યાલય, વડોદરામાં અભ્યાસ કર્યો. નૃત્ય યાત્રાના શ્રીગણેશ પણ આ વિદ્યાલયથી જ થયા હતા. અહીં સાક્ષરી શિક્ષણ સાથે યોગ, નાટક, વક્તૃત્વ, રમતગમત, સંગીતની સાધના અવિરત ચાલુ રહી હતી.

શ્રેષ્ઠ નર્તન કલાકાર સવિતાબેનના અંગેઅંગમાં ભારતની સંસ્કૃતિના નૃત્યનો ઝંકાર હતો અને ભારતીય નૃત્યકલાને તેઓ સમર્પિત હતા. તેઓ બહુધા સવિતાદીદીના હુલામણા નામે ઓળખાતા હતા. ગુજરાતમાં ઓછા સ્વીકૃત અને ઓછું પ્રચલન ધરાવનાર મણિપુરી નૃત્ય પ્રકારમાં સવિતાબેને વિરલ સિદ્ધિ પ્રાપ્ત કરી અનેક સન્માનો મેળવ્યા છે. મણિપુરની નૃત્ય અકાદમીમાં અભ્યાસ કરી ૧૯૫૫માં ડિપ્લોમા મેળવનાર તે સર્વપ્રથમ વિદ્યાર્થિની હતા. તે જ રીતે મણિપુરની બ્રહ્મસભામાં અભ્યાસ કરી તેમણે સ્નાતકોત્તર પદવી 'નર્તન આચાર્ય' પણ મેળવી હતી. લંડન યુનિવર્સિટીમાં કરેલા અભ્યાસથી પૂર્વ અને પશ્ચિમનાં દૃષ્ટિકોણનો તેમનામાં સમન્વય સધાયો હતો. પછી તો તેમનાં નર્તન - નૈપુણ્ય દ્વારા અનેક ઍવોર્ડ - પુરસ્કારો પ્રાપ્ત કર્યા હતા. તેમાં મણિપુરના મહારાજા બોધચંદ્રસિંઘ દ્વારા 'ઉત્તમ મણિપુરી નર્તન - ગુરુ'નો, મહારાણી ધનમંજરીદેવી દ્વારા 'અમર ઉષા', તાંડવ અને લાસ્ય માટે 'ચંદ્રપ્રભા', ગુજરાત રાજ્ય સંગીત-નાટક - નૃત્ય અદાકમી દ્વારા તામ્રપત્ર (૧૯૭૩) વગેરે મુખ્ય છે. ૧૯૮૬માં ગુજરાતની 'વિશ્વગુર્જરી' સંસ્થાએ પણ પ્રતિષ્ઠિત ગૌરવ પુરસ્કારથી તેમને નવાજ્યા છે. મણિપુર રાજ્યની કલા અકાદમીએ તેઓને ફેલોશિપ અર્પણ કરી હતી. ૧૯૯૨માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પોરબંદર આર્ય કન્યા ગુરુકુળની તપોભૂમિ પર આવીને સવિતાદીદીને 'ડી.લિટ'ની પદવી એનાયત કરી તેમની શિક્ષણ, કલા અને સંસ્કૃતિ પ્રત્યેની સેવાને નવાજી છે જ્યારે ૧૯૮૬માં પૂર્વ રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંઘે 'યોગ શિરોમણિ'ના ઇલકાબથી પોંખ્યા હતા. દેશ વિદેશમાં સંખ્યાબંધ કાર્યક્રમો આપી તેમજ તેના શિક્ષણ દ્વારા સવિતાબેને ભારતના શાસ્ત્રીય મણિપુરી નર્તનને ગૌરવ સાથે પ્રસાર્યું છે.

સવિતાદીદી ભરત નાટ્યમ, સહુ પ્રથમ તાંજોરના શ્રીમતી લક્ષ્મીકાન્તમ્ અને ટી.કે. મહાલિંગમ્ પિલ્લાઈ પાસે શીખ્યા. કથક ગુરુ રાધેલાલજી પાસે શીખ્યા. મણિપુરી નૃત્ય મુંબઈમાં શીખ્યા જ હતા પણ મણિપુર જઈને આ નૃત્યને પામવાની ઈચ્છાથી ૧૯૫૪માં મણિપુર ગયા. અહીં ગુરુ તોમ્બાસિંઘ, ગુરુ અમુબી સિંઘ અને ગુરુ અમુદન શર્મા પાસેથી મણિપુરી નૃત્યની તાલીમ લીધી. સાથે મણિપુરી નૃત્યના ગહન ઈતિહાસનો પણ અભ્યાસ કર્યો. મણિપુરી ડાન્સ કોલેજ, ઇમ્ફાલમાં મે - ૧૯૫૫માં પદવી હાંસલ કરી. મણિપુરી નર્તનમાં સોલો (એકાંકી) નૃત્યના પ્રયોગો તેમણે સૌ પ્રથમવાર કરીને મણિપુરી નર્તનાચાર્યોની પ્રશંસા મેળવીને તેમણે આ પ્રાચીન કલામાં નૂતન તત્ત્વોને

## સમર્થતા અને સંસ્કારની કેળવણીનો કચ્છનો કિસ્સો

*૧૯૪૦ના દાયકામાં જ્યારે સવિતાદીદીએ આર્ય કન્યા ગુરુકુળ, પોરબંદરનો કાર્યભાર સંભાળ્યો ત્યારે ફક્ત ૬૦ બાળાઓ જ હતી. જન સામાન્યને ગુરુકુળ વિશે માહિતી હતી જ નહીં. તે સમયે ટી.વી. કે કમ્પ્યુટર્સ ક્યાં હતાં કે વેબસાઈટ પર પ્રચાર કરી શકાય. તેથી સવિતા દીદીએ તે સમયે વેકેશનમાં કચ્છ - સૌરાષ્ટ્રના પ્રવાસનું આયોજન કરી બધી જ બાળાઓને લઈ ઠેરઠેર ફર્યા. ગુરુકુળની બાળાઓનાં નૃત્ય, સંગીત અને વ્યાખ્યાનો જાહેરમાં રજૂ કર્યા ત્યારે લોકોને થયું કે ખરેખર દીકરીઓ માટે તો ગુરુકુળ ઉત્તમ સંસ્થા છે! જામનગર, રાજકોટ, વાંકાનેર વગેરે શહેરમાં તો ખૂબ જ ઉમળકાભેર આવકાર મળ્યો. કચ્છ વિસ્તારમાં એમણે અને બાળાઓએ પગપાળા પ્રવાસ કર્યો ત્યારે થોડી મુશ્કેલીઓ વેઠવી પડી પણ બાળાઓને મન તો 'દીદી હોય ત્યાં ચિંતા શાની?' અને... ખરેખર જરૂર પડી છે ત્યાં દીકરીઓની ઢાલ બની દીદી ઊભા રહ્યા છે.*

*સવિતાદીદીને ગુરુકુળની બાળાઓના રક્ષણહાર તરીકે પુરવાર કરતો એક પ્રસંગ કચ્છના એક ગામમાં બન્યો. થયું એવું કે એક વિદ્યાર્થિનીએ તેના વક્તવ્યમાં સ્વામી દયાનંદના સિદ્ધાંત પ્રમાણે સનાતનીઓમાં પ્રવર્તતી પ્રવૃત્તિઓ અંગે ટીકા કરી. પછી તો પૂછવું જ શું? કચ્છના અખાડાવાળાઓથી આ કેમ સહન થાય? તેઓ તો ઊભા થઈ ગયા. ગુરુકુળના સર્વેને મારવા તૈયાર થઈ ગયા. પ્રેક્ષકોમાં પણ નાસભાગ થવા લાગી. આ બધી ધાંધલ ધમાલ જોઈ આયોજકોએ સવિતાદીદીને વિનંતી કરી, 'બહેન, તમે છાનામાનાં આ કન્યાઓને લઈ ઉતારે ચાલ્યા જાવ. અહીં અમે બધું સંભાળી લઈશું.' ત્યારે દીદીએ કહ્યું, 'એ નહીં બને! હું અને કન્યાઓ તો અહીં જ રહીશું. એ લોકોને જે કરવું હોય તે કરે!' પછી દીદી એક ટેબલ પર ઊભા થઈ ગયા. બધી કન્યાઓને હાથમાં ભાલા પકડાવી દીધા અને એક કતારમાં શિસ્તબદ્ધ ઊભી રાખી દીધી. પછી દીદીએ સુંદર ભજન ગાવાનું શરૂ કર્યું અને કન્યાઓ ભજન ઝીલવા લાગી. ભજનના ભક્તિમય સૂરોએ તો જાણે જાદુ કર્યો! સભા છોડી નાસભાગ કરતા લોકો પોતાની બેઠક પર પાછા બેસી ગયા અને આખો કાર્યક્રમ ખૂબ જ શાંતિપૂર્વક બધાએ માણ્યો. કાર્યક્રમ પૂરો થયા પછી ગામનું મહાજન દીદી પાસે આવી હાથ જોડી બોલ્યું, 'દીકરી, ગજબની છે તારી હિંમત, ખરેખર દીકરિયું તો આવી જ હોવી જોઈએ.' ત્યારે દીદી માંડ ત્રેવીસ-ચોવીસનાં પણ તેમની આંતરિક શક્તિ એટલી પ્રબળ હતી કે, ગમે તેવી પરિસ્થિતિ આવી પડે તો પણ તેઓ અડગ રહી સામનો કરી શકતા. લોકોને થયું કે સમર્થતા અને સંસ્કાર કેળવવા હશે તો આપણી દીકરીઓને પણ ગુરુકુળમાં મોકલવી પડશે અને સાચે જ એક જ માસમાં ૧૦૦ નવી બાળાઓએ ગુરુકુળમાં પ્રવેશ લીધો.*

*(નિર્મલાબેન ખટાઉ કૃત ગ્રંથ 'અગમપથનાં યાત્રી ડૉ. સવિતાદીદી મહેતા'*

આવિષ્કાર કરનાર દેશના સર્વપ્રથમ મહિલા બનવાનું સન્માન પ્રાપ્ત કર્યું.

નૃત્યકલાના નિદર્શન માટે કલા સ્વામિની સવિતાદીદીએ વિશ્વ ભ્રમણ કર્યું હતું. સ્વિટ્ઝરલેન્ડ, જીનિવા, પેરીસ, ઈંગ્લેન્ડ, યુગાન્ડા, કેન્યા અને ટાંઝાનિયા સહિતના દેશો તથા મુંબઈ, દિલ્હી, મદ્રાસ, કલકત્તા, ગૌહાટી, અમદાવાદ, પોરબંદર, રાજકોટ સહિતના ભારતના પ્રમુખ શહેરોના સંસ્કારી નાગરિકોને રસ અને ભાવની સૃષ્ટિમાં રમમાણ કરાવ્યા હતા. જ્યાં પ્રાચીન - અર્વાચીન શિક્ષણ પ્રણાલીનો અદ્ભુત સમન્વય જોવા મળે છે એવા પોરબંદરના આર્ય કન્યા ગુરુકુળ નામની સંસ્થાએ જીવનલક્ષી શિક્ષણના સંસ્કારોનું સિંચન કર્યું છે. તેના સંસ્થાપક નાનજીભાઈ કાલીદાસ મહેતાની પરિકલ્પના અનુસાર તે સંસ્થામાં જાન રેડી અપૂર્વ આકૃતિ અર્પી સવિતાદીદીએ. પોરબંદરનું આર્ય કન્યા ગુરુકુળ એટલે મહિલાઓનું તપોવન અને સૌરાષ્ટ્રનું શાંતિ નિકેતન. અહીં અનોખા શૈક્ષણિક પ્રયોગો કરાયા, જે આદર્શ પ્રતીક બન્યા. જૂન ૧૯૩૭થી વિધિસર શરૂ કરેલા આર્ય કન્યા ગુરુકુળ, પોરબંદરનો કાર્યભાર ૧૯૪૦થી સવિતાદીદીએ સંભાળ્યો. અહીં 'સવિતા'નું પ્રેમાદરથી 'સ્નેહમયી દીદી'માં રૂપાંતર થયું. દીદીએ ૧૯૫૫માં પૂર્વ આફ્રિકાના નાનકડા નગર લુગાઝીમાં પરિમલ આર્ટ એકેડેમિની સ્થાપના કરી હતી. ૧૯૪૯-૫૦માં લંડન યુનિ.ની ઈન્સ્ટિ. ઓફ એજ્યુકેશનમાં 'ડિપ્લોમા ઈન એજ્યુકેશનલ થોટ એન્ડ પ્રેક્ટિસ'નો અભ્યાસ કર્યા બાદ આર્ય કન્યા ગુરુકુળના માનદ્ આચાર્યપદે રહીને સાડા છ દાયકાથીયે વધુ સમય સુધી સવિતાદીદીએ અંદાજે ૩૦ હજાર વિદ્યાર્થિનીઓનાં વ્યક્તિત્વનું ઘડતર કર્યું છે. ભારતની આ આદર્શ કન્યા કેળવણી સંસ્થાના ઉત્કર્ષ માટે સવિતાદીદીએ પોતાનું સમગ્ર જીવન ન્યોચ્છાવર કરી દીધું હતું. આર્ય કન્યા ગુરુકુળનો વાર્ષિક રસોત્સવ એટલે જાણે કલાસભર પ્રયોગોની રસલહાણ!

સવિતાદીદી ઉત્તમ વિચારક અને પ્રભાવશાળી વક્તા હતા. આ અભ્યાસનિષ્ઠ વિદુષીના રસના વિષયો ધર્મ, અધ્યાત્મ, જ્યોતિષ, ગૃહવિજ્ઞાન, સંસ્કૃત, સાહિત્ય, ઇતિહાસ, ભૂગોળ, ખગોળ, પ્રાણી અને વનસ્પતિ શાસ્ત્ર, પુરાતત્ત્વ અને સંશોધન, મણિપુરી સહિતની અન્ય નૃત્ય કલાઓ, આ અને

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૦ ઉપર)**

# દીવાદાંડી

શ્રીમતી પુષ્પા ક. શાહ

ઊંચે આકાશમાં વાદળોની સાથે માંડીને વાતું કરતો ગઢ ગિરનાર. એવા ગિરનારને ખોળે જંગલો છે, ગુફાઓ છે, પશુઓ છે, પક્ષીઓ છે, ખળખળ વહેતાં ઝરણાં છે. પોતાની સમૃદ્ધિથી સંતુષ્ટ એવો આજે કંઈક ઓર આનંદમાં છે. એનો દમામ રોજ કરતાં જુદો છે. આકાશના વાદળોને વાત કરવા ઉત્સુક છે. એને આજે જગતમાં સંદેશો વહેતો મૂકવો છે. તેના શિખરે વિસામો લેતાં વાદળને એણે કહ્યું, 'હે ઘનશ્યામ વાદળ, તમે જ્યાં જાઓ ત્યાં કહેજો કે ગિરનાર પુણ્યશાળી છે, ગૌરવવંતો છે. એની ગોદમાં ભગવાન શ્રી નેમિનાથ બિરાજે છે. પ્રભુના પાવન પગલે ગિરનારનું રોમેરોમ હરખે છે. એની ધરતીની રજેરજ, એનાં વૃક્ષો અને વેલાઓ, પશુઓ અને પંખીઓ, ભેખડો અને ગુફાઓ ધન્ય બન્યા છે.' વરસતા વાદળોએ પવનની લહેરે સંદેશો વહેતો મૂક્યો. લોકોનાં ટોળેટોળાં ભગવાનનાં દર્શને ઉમટ્યાં. ભાવિકો ચાલ્યા અને ભક્તો ચાલ્યા; સાધુ મુનિરાજો શ્રાવકો ચાલ્યા.

બાલ બ્રહ્મચારી તપસ્વીની સાધ્વીજી રાજેમતિ પણ ભગવાનના દર્શને નીકળ્યા. હૈયે પ્રભુ દર્શનની ઝંખના છે. ગિરનારની ઊંચીનીચી ધરા પર ઉતાવળાં કદમ ભરતાં આગળ વધે છે. એવામાં અચાનક પવન બદલાયો. વાદળોને અહીં જ વરસવાનું મન થયું. સાધ્વીજીનાં ચીર ભીંજાયા. સાધુ જીવનમાં ભીંજાયેલાં વસ્ત્રો કલ્પે નહીં, દોષ લાગે, પ્રાયશ્ચિત લેવું પડે. એટલે તેઓ એક ગુફામાં ગયા. ગુફામાં ઘોર અંધકાર હતો. અહીં કોઈ નથી એમ જાણી વસ્ત્રો ઉતાર્યા અને સૂકવવા મૂક્યા.

વરસાદ વધતો ચાલ્યો. વાદળોનાં ગડગડાટ સાથે વીજળી ઝબુકવા માંડી. એક જોરદાર ઝબકારો થયો. ગુફામાં પ્રકાશ પથરાઈ ગયો. વીજળીના એ ઝબકારે જોયું તો આ શું? ગુફામાં પોતે એકલા નથી. ધ્યાનસ્થ દશામાં એક મુનિ ઊભા છે. ઓળખાણ પડી. એ તો રહનેમી? નેમજીના નાના ભાઈ. એમનું ધ્યાન છૂટ્યું. આંખો ખોલી. આંખોની સામે કોણ? રૂપસુંદર રાજેમતિ! અને તે પણ નિર્વસ્ત્ર દશામાં!

મુનિનું હૈયું હાથ ન રહ્યું. વાસનાનો કીડો સળવળ્યો. વિકાર જાગી ઊઠ્યા. લજ્જાતી, ભયભીત થયેલી રાજુલ પાસે એમણે ન કરવાની માંગણી કરી. ઘનઘોર આકાશ, નીરવ એકાંત, સંસારીના હૈયા હાથ ન રહે એવું માદક વાતાવરણ. પર્વતીય પ્રદેશ. આખરે તેઓ પણ એક છદ્મસ્થ મનુષ્ય હતા. સરી પડતાં વાર ન લાગી. રાજેમતિ સાથે સંસારસુખ માણવા તડપી રહ્યા.

ક્ષણવાર માટે તો રાજેમતિ પણ દિગ્મૂઢ થઈ ગયા. લજ્જા કેમ જાળવવી. સંયમ કેમ સાચવવો! બીજી જ ક્ષણે એમનાં તપ અને ત્યાગ જાગી ઉઠ્યા. સંયમ હુંકાર કરી રહ્યો. ઊભા થઈ વસ્ત્રો લઈ ઓઢી લીધાં. અબળા મટીને સબળા થયા. પડતા રહનેમીને ધિક્કારના શબ્દો કહી આત્મભાન કરાવ્યું. સંયમપંથે પાછા વાળ્યા, બંને જણ કઠિન તપશ્ચર્યા કરી જીવન સાર્થક કરી ગયા.

આ આખી ઘટના જૈન શાસ્ત્રોમાં વાંચવા, સાંભળવા મળે છે. રાજુલના ત્યાગ અને વૈરાગ્ય માટે મસ્તક નમે છે. સ્ત્રીશક્તિ માટે આદર જાગે છે. ધર્મશાસ્ત્રોમાં આવતી આવી કથાઓ અને આવા પ્રસંગો સામાન્ય જનોના જીવનના રસ્તે વિધવિધ દિશાએથી પ્રકાશ પાથરે છે.

ઉપરના પ્રસંગને જ વિચારોની ખરલમાં ઘૂંટીએ તો સૌથી પહેલી એ બાબત જોવા મળે કે સ્ત્રીશક્તિ અદ્‌ભુત છે. સ્ત્રી 'નારી નરકની ખાણ' નહીં પણ 'નારી તું નારાયણી' છે. સ્ત્રી વશ થયાં હોત તો બંનેનું પતન થાત. એક ઉચ્ચ સાધક જીવન બાજુએ રહી જાત અને ભોગવિલાસની ગર્તામાં ડૂબી જાત. આજે સમાજમાં છાશવારે આવા પ્રસંગો જોવા મળે છે. એકાંતે સર્જેલા અનૈતિક સંબંધો માણસને પતનની ખાઈમાં લઇ જાય છે. જીવનની આવી પળો વચ્ચે પડતાં અટકાવે છે. આવા પ્રસંગોનું વાંચન અને સમજણ એ રીતે થયેલું સંસ્કારનું ઘડતર વ્યક્તિને બચાવી શકે છે.

રસ્તે ચાલતાં આવતો પથ્થર ઠોકર પણ બને છે અને વિસામો પણ. દૃષ્ટિ ઊંચે હોય તો પથ્થરની ઠેસ વાગે છે; નીચે હોય તો બેસીને થાક ઉતારી શકાય છે. ફરક છે માત્ર વિચારધારાનો. રહનેમીના સાધકપંથે રાજેમતિ આવ્યાં. કુદરત પણ સોળે શણગાર સજીને કસોટી કરવા ઊભી રહી. તે સમયે રાજુલ એમના રસ્તાનો પથ્થર હતા, જેમની ઠોકર વાગી. બીજી ક્ષણે એ પથ્થર વિસામો બન્યો. એમણે જાતને સંભાળી લીધી. પડતાં અટક્યાં, થાક ઉતારી, નવો ઉત્સાહ લઈ, ઉચ્ચ કોટીની સાધના કરી મુક્તિગામી બન્યાં.

ત્રીજી બાબત છે શિયળના પ્રભાવની. આધુનિકતાના અંચળા નીચે મુક્ત જાતીય જીવન, મુક્ત સહચારની ફેશનમાં તન, મન અને ધન – ત્રણેને વેડફી નાખતી અને છેવટે કમજોરી અને લાચારીમાં સબડતી આજની ફેશન પરસ્ત નારીને શિયળના પ્રભાવની શી સમજ હોય! સમુદ્રકાંઠે શંખલા છીપલાંથી રમનારને મહેરામણના ખોળે રહેલાં મોતીની ઓળખાણ ક્યાંથી હોય? રાજેમતિ ગુફામાં એકલા હતા. શરીરે તદ્દન નગ્નાવસ્થામાં. શરીરની તાકાત સ્વાભાવિક રીતે જ પુરુષની વધારે હોય. આ પરિસ્થિતિમાં કુદરતી રીતે જ ભય અને લજ્જા ઘેરી વળે છે પરંતુ સમય આવ્યે એ વાદળાં વિખરાતાં વાર નથી લાગતી. કોમળતા પ્રચંડતામાં પલટાઈ જાય છે અને તેજસ્વી સૂર્ય ઝળહળી ઊઠે છે. એની સામે જગતની સર્વ તાકાત પરાજય પામે છે.

અતુલ બળનો ધણી દસ માથાવાળો રાવણ સીતાને હાથ લગાડી શક્યો નહોતો. એનું કારણ હતું એકમાત્ર સ્ત્રીત્વનું તેજ. સતીનાં શિયળનાં તેજ પાસે રહનેમીનાં વિકારના બીજ બળી ગયાં.

પ્રસંગને વધુ વિચારતા જણાય છે કે માણસના મનનાં પરિણામો હંમેશાં બદલાતા રહે છે. પૂર્વ જીવનનો વ્યભિચારી, ચોર, લૂંટારો પશ્ચાત્ જીવનમાં સંત હોઈ શકે. સંતજીવન ગાળતી વ્યક્તિ ક્યારે કુસંસ્કારે ચડી જાય તે કહેવાય નહીં. સામાન્ય વ્યવહારમાં આપણે ઘણીવાર અનુભવીએ છીએ કે એક સમયે આપણી સાથે ખૂબ સજ્જન, આત્મિયતાપૂર્વક વ્યવહાર કરનાર અન્ય પ્રસંગે મોઢું ફેરવી લેતા લાગે છે. એનું કારણ મનનાં પરિણામ હંમેશાં બદલાતા રહે છે. દરેક સંતને એનો ભૂતકાળ હોય છે. દરેક પાપીને એનું ભવિષ્ય. એટલે જ જ્ઞાનીજનો કહે છે કે પાપીને નહીં પાપને ધિક્કારો. રાજેમતિએ રહનેમીના પાપને, પાપી વિચારને ધિક્કાર્યા પણ રહનેમીને નહીં. રહનેમી પણ પૂર્વના યોગીશ્વર હતા. એમના મનના પરિણામ બદલાયા. ઉગ્ર તપશ્ચર્યા કરી, સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષગતિને પામ્યા.

એક ભજનમાં સતી પાનબાઈ ગાય છે : 'વીજળીના ઝબકારે મોતી પરોવવા રે પાનબાઈ' સાધનાનો પંથ એવો વિકટ છે. રાજુલ રહનેમીના પ્રસંગમાં વીજળીનો ઝબકાર એક સંકેત બનીને આવે છે. પહેલા ઝબકારે રહનેમીને દેહદર્શન થયું, બીજા ઝબકારે પ્રભુદર્શન. એક ઝબકારે સ્ત્રીના શરીરનું દર્શન, બીજા ઝબકારે સતીના શિયળનું દર્શન. વરસાદ પણ પહેલો વરસ્યો વાસનાનો, બીજો વરસ્યો પશ્ચાતાપનો. પહેલા વરસાદે સળગ્યા, બીજા વરસાદે નાહી, સ્વચ્છ - શીતલ બન્યા. આ એમના જીવનનો ટર્નિંગ પોઈન્ટ હતો. એ વળાંકે એમણે જાતને સાચવી લીધી. પ્રલોભનનાં પ્રબળ નિમિત્તમાં સપડાવા છતાં અડગ રહ્યા. દરેક વ્યક્તિ જીવનમાં આવતા આવા વળાંકો વચ્ચે જાતને જાળવી લે, સાચવી લે તો જીવન સાર્થક બને.

છેલ્લે સૌથી મહત્ત્વની બાબત છે ઈશ્વર પ્રત્યેની અનન્ય શ્રદ્ધા. બંને રાજુલ અને રહનેમી - જિનમાર્ગી હતા, ભગવાન નેમનાથના અનુયાયી હતા. સંસારપક્ષે રાજેમતિ તો નેમનાથના વાગ્દત્તા અને રહનેમી એમના જ નાના ભાઈ થતા હતા. નેમનાથજી તોરણેથી પાછા વળ્યા. સંસાર ત્યાગી ગયા. આ બંને પણ એમના જ પગલે ચાલ્યા. ત્યાગ, તપ અને સંયમનો પંથ સ્વીકારી લીધો. બંનેના અંતસ્તલમાં ધર્મ પ્રત્યેની શ્રદ્ધાનો દીપક જલતો હતો. એ શ્રદ્ધાએ એમને તાર્યા.

શ્રદ્ધાના સુમન વેરતી, શિયળના પ્રભાવને બિરદાવતી, નારી શક્તિનો મહિમા ગાતી, પશ્ચાતાપ અને પ્રાયશ્ચિતનો રાહ બતાવતી **આ કથા માનવપંથે દીવાદાંડીનું કામ કરે છે.** જિજ્ઞાસુના અંતરમાં જ્ઞાન અને વૈરાગ્યનો દીપક પ્રગટાવી જાય છે.

*પલ્લવી ક્લિનિક - મુંદ્રા*

## ડૉ. સવિતાબેન નાનજી મહેતા

**(અનુસંધાન : પાના નં. – ૪૮ ઉપરથી ચાલુ)**

આવા અન્ય વિષયો ઉપર દીદીનું પ્રભુત્વ એક અભ્યાસીને છાજે એવું ગૌરવવંતું રહ્યું હતું. એમણે ૪૦૦ પાનાનો 'મણિપુરી - નટ સંકીર્તન' સચિત્ર મહાગ્રંથ પણ તૈયાર કર્યો હતો. મણિપુરી નૃત્યશૈલીના આરાધકો અને ઉપાસકોને વર્ષો સુધી પ્રેરણા પૂરી પાડે એવો અલભ્ય ગ્રંથ તૈયાર કરવા એમણે ૨૦ વર્ષથી વધુનું અધ્યયન, ચિંતન કર્યું હતું. **નવેમ્બર ૨૦૧૧માં પ્રખ્યાત નૃત્યાંગના અને અભિનેત્રી હેમા માલિનીએ આ ગ્રંથનું પોરબંદર ખાતે વિમોચન કર્યું હતું.**

સવિતાદીદીના જીવન કથન અને વ્યાખ્યાનો વિશે બે દળદાર ગ્રંથો લખનાર નિર્મલાબેન ખટાઉ લખે છે કે, 'દીદીનું જીવન જ્ઞાન, કર્મ અને ભક્તિના ત્રિવેણી સંગમ સમું હતું. જ્ઞાનમાર્ગના સાધિકા, કલાનાં ઉપાસિકા, ગુરુકુળ તપોભૂમિનાં સર્જિકા દીદીનું સમગ્ર જીવન મહાયજ્ઞ સમું હતું. એમાંય આર્ય કન્યા ગુરુકુળ તો એમની કર્મભૂમિ રહી હતી. પોતાની સમગ્ર ચેતના રેડીને એમણે ગુરુકુળ સંસ્થાને ભારતીય સંસ્કૃતિના ઉદાત્ત મૂલ્યોનું સિંચન કરતી આદર્શ શિક્ષણ સંસ્થાના રૂપમાં કંડારી છે. 'કલા પરંપરાના કીર્તિમંદિર કહેવાતા અને ભારતીય શિક્ષણ પ્રણાલીના સંવર્ધક સવિતાદીદી ૧૨ ઓગસ્ટ, ૨૦૦૬ના ૮૫ વર્ષની વયે મુંબઈ ખાતે દેહાવસાન પામ્યા હતા. એમનાં અંતિમ સંસ્કાર પોરબંદર ખાતે કરાયા હતા.

*'ખિંકાર', પ્લોટ ૧૮૯-૧૯૦, આઈયા નગર,*
*મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*

# દૈનિક જીવનમાં યોગ

કમલકાંત ભટ્ટ

આજે વિશ્વના આધ્યાત્મિક સંક્રમણનો કાળ છે. દુનિયાના તમામ લોકો આજે એક ચાર રસ્તા વચ્ચે ઊભા છે. એક દર્શન બીજા દર્શનને પડકાર આપે છે, એક ધર્મ બીજા ધર્મને ચેલેન્જ આપે છે, એક વિજ્ઞાન બીજા વિજ્ઞાનને પડકારે છે. આજે લોકો જાણવા માંગે છે કે અમારે કયા માર્ગે જવું છે? આવી સ્થિતિમાં યોગ તેમને તમામ માર્ગદર્શન પ્રદાન કરી શકે છે. આ ઉત્તમ માર્ગદર્શનથી જીવનમાં અસીમ આનંદપૂર્ણ સ્થાન અને શાંતિ પામી શકે છે.

યોગ માત્ર આધ્યાત્મિક વિજ્ઞાન નથી પણ એક આધ્યાત્મિક સંસ્કૃતિ પણ છે અને આ સંસ્કૃતિનું ઉદ્‌ગમ સ્થાન ભારત છે. અહીંના પ્રાચીન ઋષિ મુનિઓએ આ સંસ્કૃતિનું નિર્માણ સમજી વિચારીને કર્યું હતું. માત્ર બૌદ્ધિક તથ્યોથી પ્રભાવિત થઇને તેમણે આ વિદ્યાનું નિર્માણ નહોતું કર્યું પણ આત્મજ્ઞાન દ્વારા તેને સારી રીતે સમજીને તે સમયના સમાજ સામે તેનું અદ્‌ભુત રૂપ પ્રસ્તુત કર્યું હતું. પણ આપણે આ વિદ્યાને ભૂલતા ગયા.

ત્યારે યોગનો સંબંધ અભ્યાસથી માનવામાં આવ્યો, જાદુ-ટોનાને મંત્રથી માનવામાં આવ્યો. યોગનો સંબંધ એવી જીવન પદ્ધતિથી લગાવવામાં આવ્યો કે જેને વાસ્તવિક્તા અને સમજથી કોઈ મતલબ નહોતો. એટલે આપણી જનતા યોગથી વંચિત થઈ ગઈ ને લોકો યોગના નામથી ડરવા લાગ્યા. પણ આપણે આપણી ભૂલ સુધારવાનો પ્રયાસ કરતા નથી. આપણા મનમાં હજી પણ એવી શંકા ઘૂસી ગઈ છે કે યોગ ક્યાંક આપણને ઘરબાર છોડવા મજબૂર ન કરી આપે, આપણને સંન્યાસી ન બનાવી આપે.

હું માનું છું કે, જમીનમાં સમાધિ લેવી બહુ જ મુશ્કેલ છે. નાઈટ્રીક એસિડ પીવું ઓછું ખતરનાક નથી, પણ હું એમ નથી માનતો કે આ અસંભવ છે. આ હું પણ કરી શકું છું પણ એથી જીવનમાં તો કાંઈપણ પ્રાપ્તિ નહીં થાય. આ મહત્ત્વપૂર્ણ કાર્ય નથી.

આપણે આ પ્રકારે ચમત્કારો તરફ આગળ નથી વધવું, આપણે તો જીવનના વાસ્તવિક રહસ્યો તરફ આગળ વધવું છે. જ્યાં મનુષ્યની શારીરિક-માનસિક ને દૈનિક જીવનની સમસ્યાનું સમાધાન પૂર્ણરૂપથી વિદ્યમાન છે અને આ બધું યોગની અંદર અત્યાધિક માત્રામાં છૂપાયેલું છે. જે દિવસે આપણે યોગને દૈનિક ને વ્યવહારિક જીવનમાં સ્થાન આપશું તે દિવસથી આપણે સમસ્યાઓ, તાણ અને સાંસારિક દુઃખોથી મુક્ત થઈ જશું.

આપણે એ વિદ્વાન વૈજ્ઞાનિકો અને ડોક્ટરોનો આભાર માનવો પડશે કે જેમણે ભારતથી બહાર ભારતીય મર્યાદાથી ખૂબ દૂર હોવા છતાં ભારતીય સનાતન પરંપરાથી અજાણ હતા તો પણ એવો સંકેત આપ્યો કે યોગ સાધારણથી સાધારણ અને મહાનથી મહાન વ્યક્તિઓ માટે છે. જેમણે પોતાના ધર્મની મર્યાદા હોવા છતાં પોતાના ધર્મને પ્રાચીન માન્યતાઓના પરિઘથી બહાર આવીને કહ્યું, યોગ મનુષ્યના જીવનની મોટામાં મોટી ઉપલબ્ધિ છે. દા.ત. રાતનો સમય હતો. એક છોકરો સાઈકલ ઉપર બહુ જ ઝડપથી જતો હતો. ચાર રસ્તા પર પોલીસે તેને જોઈને કહ્યું, એ છોકરા સાઈકલ રોક, તારી સાઈકલમાં બત્તી નથી (એ જમાનામાં સાઈકલમાં રાત્રે લાઈટ ન હોય તો પોલીસ પડકારતી હતી.) ત્યારે છોકરાએ જવાબ આપ્યો, સિપાહીજી, રસ્તામાંથી જલ્દી હટી જાઓ, મારી સાઈકલમાં બ્રેક પણ નથી... બસ, આ જ પ્રકારે જેના જીવનમાં સંયમ નથી - પ્રકાશ નથી – યોગ તેમના માટે એક આવશ્યક અને અનિવાર્ય વસ્તુ છે. જેમનું જીવન સંતુલિત થઈ ગયું છે, જે પોતાના મન-વચન-કર્મને વિચારીને સમતોલ કરી શકે છે તે સ્વયં યોગસિધ્ધ છે. તેમને યોગ કરવાની શું જરૂર છે? પણ જેમણે સાંસારિક વાસનાઓના અતિ ઉપયોગથી પોતાના શરીરને જર્જરીત કરી નાખ્યું છે, જે મનની ઈચ્છાઓને નિયંત્રિત નથી કરી શકતા, તેમના માટે યોગ જરૂરી છે એવું હું માનું છું. ■

## જીવદયા એટલે શું?

(અનુસંધાન : પાના નં. – ૪૧ ઉપરથી ચાલુ)

વ્યક્તિની આવરદા વધે છે.

ઈશ્વરે સર્જેલા કોઈપણ જીવને આપણે ખતમ કરીએ છીએ ત્યારે પર્યાવરણનું સમતુલન બગડી જાય છે અને તેની કિંમત પણ આપણે ચૂકવવી પડે છે. **જેથી દરેક જીવ પર દયા રાખી તેમને મદદ કરવાની સલાહ દરેક ધર્મ આપે છે, જે ખૂબ વૈજ્ઞાનિક સલાહ છે.** કેન્દ્ર અને રાજ્ય સરકાર પણ વખતોવખત જીવદયા માટેના કાયદાઓ અને તેનો અમલ કરાવતી હોય છે અને જીવદયા પ્રેમી અનેક સેવા સંસ્થાઓ અને વ્યક્તિઓને વિવિધ પુરસ્કાર અને સહાય આપતી હોય છે.

*સંદર્ભ : વીકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલો, જૈન ધર્મ અને જીવદયા*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,***
***વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

# એક અનોખી હેલ્થ યુનિવર્સિટી!
# વિશ્વવિખ્યાત નેચરોપેથ
# ડૉ. જય સંઘવીના સ્મારક સમું આનંદધામ



કેશુભાઈ દેસાઈ

હજી કેદારસિંહે આનંદધામના અતિથિઓને જગાડવાનો ઘંટ વગાડ્યો નથી. પણ હું તો બ્રાહ્મમુહૂર્તમાં જાગી જ જાઉં છું, ઊઠું છું. કમરનો દુઃખાવો ગાયબ થઈ ગયો છે. સ્પાઈનલ મસાજને કારણે પગનાં તળિયાં સુધી રાહત અનુભવી રહ્યો છું. મેઘાલયથી કચ્છના વાગડ સુધીની સુદીર્ઘ યાત્રા કરીને થેરાપિસ્ટ તરીકે સેવા આપતા બિપોલનાં ટેરવામાં જાદુ છે. એણે મારા રુગ્ણ સ્નાયુઓને એવી સિફતથી ઢંઢોળ્યા છે કે એ રાતોરાત ડાહ્યા ડમરા થઈ ગયા છે. નહિંતર એવા કણસતા હતા કે વારંવાર પડખાં ફર્યા છતાં સરખી ઊંઘ નહોતી આવતી. સ્નાયુ ‘સ્ટીફ’ બની જતા, ખેંચાઈ જતા. ચીસ નીકળી જાય એવી પીડા થતી. આનંદધામમાં આવીને એ આરામથી ઊંઘતાં શીખી ગયા છે. હજી મડ થેરાપી બાકી છે; શિરોધારા પણ લેવાની છે. અઠવાડિયાનો સમય ફાળવીને આવ્યો છું. ‘સુવર્ણપુરના અતિથિ’ જેવી જ મનોદશા અનુભવું છું. સરસ્વતીચંદ્રે અપરમાના ત્રાસથી ઘર ત્યજીને રઝળપાટ શરૂ કરી હતી. મને એવો કોઈ ત્રાસ નથી. છતાં વરસમાં બે વાર આ આનંદભૂમિના અતિથિ બનવા દોડી આવું છું. આવું છું ત્યારે શરીરની લગભગ બધી જ સિસ્ટમની ખાનાખરાબી કરી દીધેલી હોય છે. એ બધી જ તકલીફોનું કોઈ પણ જાતની દવાગોળી કે ઈંજેક્શન વગર અહીં નિવારણ થઈ જાય છે.

...આ તો મારી ચોથી મુલાકાત છે.

હમીદ કુરેશીનું નામ સાંભળ્યું છે? એ મહાત્મા ગાંધીના ખોળામાં ઊછરેલા નસીબદાર મહામાનવ હતા. એમના સુપુત્ર આકીલ કુરેશી કોઈ રાજ્યમાં હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ પદે સેવા આપે છે. આપણા પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી અને હમીદભાઈએ વકીલાત માટે સહિયારી ઑફિસ રાખેલી. હમીદ કુરેશીના નાના ઈમામ સાહેબના હુલામણા નામે ઓળખાતા હતા. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ કરેલા સત્યાગ્રહના સાથી અને ફિનિક્સ આશ્રમના અંતેવાસી ઈમામ સાહેબ પણ એમની સાથે જ ૧૯૧૫માં હિંદુસ્તાન આવી ગયેલા. ગાંધીજી એમને ‘સહોદર’ કહીને બિરદાવતા અને તેઓ જ્યારે ‘વૈષ્ણવજન’ ગવડાવતા ત્યારે ઈમામ સાહેબ સિફતપૂર્વક મુખડું બદલીને ગાતાઃ

*‘મુસ્લિમ જન તો તેને રે કહીએ*
*જે પીડ પરાઈ જાણે રે...’*

આ મુસ્લિમ જનની લાડકી દીકરી અમીનાને ગાંધીજીએ પોતાના હાથે કંકોતરીઓ લખીને ધંધુકાના ગુલામ હૈદર કુરેશી સાથે પરણાવી હતી. ‘મારા સહોદર ઈમામ બવાઝીર સાહેબની પુત્રી...’ એવા શબ્દો સાથે પોતાની સહીથી કંકોતરી પાઠવી હતી.

ઈમામ સાહેબ માટે સાબરમતી આશ્રમમાં ‘ઈમામ મંજીલ’ નામે બેઠા ઘાટનું ઘર પણ બનાવી આપ્યું હતું. હજી હયાત છે.

– એ ઈમામ સાહેબના ભાણેજ અને પ્રખર ધારાશાસ્ત્રી તરીકે જાણીતા હમીદ કુરેશીને એમની ઢળતી વયે ફેફસાંનો ફાઈબ્રોસીસ થયો હતો. ડૉક્ટરોની દવાઓ કારગત ન નીવડી. શ્વાસ રૂંધાતા જતા હતા. એક દિવસ હું ગાંધીનગરના સેક્ટર-૧૯માં આવેલા માધવસિંહ સોલંકીના નિવાસ સ્થાને એમની સાથે ગપશપ કરી રહ્યો હતો ત્યાં હમીદભાઈનો ફોન આવ્યો : ‘ડૉક્ટરો છૂટી પડ્યા છે. શ્વાસ રૂંધાતા જાય છે...’

માધવસિંહે મારી સામે પ્રશ્નસૂચક દૃષ્ટિ કરી. મેં વગર પૂછ્યે સલાહ આપી : નેચરોપથી અજમાવી શકાય! ડૉ. જય સંઘવીનું નામ સાંભળ્યું છે? કચ્છના આ નિસર્ગોપચાર નિષ્ણાતની આખા ઈન્ડિયામાં બોલબાલા છે. એમને ફોન કરી જુઓ.

માધવસિંહે ટેલિફોન નંબરોની સુઘડ હસ્તાક્ષરે લખેલી ડાયરી ખોલી. જય સંઘવીનો નંબર સેકંડોમાં શોધી કાઢ્યો. મને આશ્ચર્ય થયું. જય સંઘવીનો નંબર જોડીને એ બોલ્યા : માધવસિંહ બોલું છું. જયભાઈ સાથે વાત થઈ શકશે?

ડૉ. જય સંઘવીને એમણે હમીદભાઈની બીમારીની જાણ કરી. વયોવૃદ્ધ છે એટલે કચ્છ સુધી તો નહીં આવી શકે. આપ તકલીફ લેશો તો અમને આનંદ થશે. જાણીતા લેખક ડૉ. કેશુભાઈ દેસાઈએ આપનું નામ સૂચવ્યું એટલે આ તકલીફ આપું છું.

ડૉ. જય સંઘવી મારતી મોટરે અમદાવાદ પહોંચ્યા ત્યારે અમે બેઉ હમીદભાઈના બંગલે એમની રાહ જોતા હતા.

એકાદ કલાકની મુલાકાતમાં એમણે હમીદભાઈને તપાસીને જરૂરી સૂચનો કર્યાં. દવા લખી આપી. હમીદભાઈ પૂરાં બે-અઢી વર્ષ આરામથી જીવ્યા.

ડૉ. જય સંઘવીના એ હળુ હળુ વ્યક્તિત્વથી હું અંજાઈ ગયો હતો. છેક ભુજથી ગરમીની સીઝનમાં જાતે ગાડી ચલાવીને પહોંચ્યા, ટ્રીટમેન્ટ કરી અને માત્ર મીઠું સ્મિત વસૂલીને પાછા

વળી ગયા. મને કહેતા ગયા : તમે તો જૉસેફ મેકવાન સાથે આવવાના હતા ને? કેમ ના આવ્યા?

મેં એમને વચન આપ્યું કે હવે જૉસેફ તો પરમાત્માના રાજમાં મહાલતા હશે પણ હું 'આનંદધામ' જરૂર આવીશ.

— ને એમ ખાસ્સી રાહ જોવડાવ્યા પછી એક દિવસ હું અગાઉથી શરત કરીને આનંદધામ પહોંચી ગયો હતો. શરત હતી : ડૉક્ટર સાહેબ, આપને પણ એટલા દિવસ પૂરતા ફરજિયાત મને કંપની આપવા આવવું પડશે!

ભચાઉથી વીસેક કિલોમીટર દૂર ખારોઇના વગડામાં વિકસેલા વૃંદાવન જેવા આનંદધામમાં પ્રવેશતાં જ કોઈ નવી દુનિયામાં દાખલ થઈ ગયા હોઈએ એવો અહેસાસ થાય છે. મૂળે વાગડના સંભ્રાંત ધનકુબેર દાતા પરિવારે વિશાળ ભૂમિ પટ પર વૃદ્ધાશ્રમ માટે બનાવેલ ઈમારતો અને કુટીરો ડૉ. જય સંઘવીના નિસર્ગોપચાર કેન્દ્ર માટે ભાડાપટ્ટે આપીને ખારોઇને આંતરરાષ્ટ્રીય ઓળખ સંપડાવી છે. ઉદાત્ત પ્રકૃતિ અને શુદ્ધ સંકલ્પના મહાનુભાવો એકમેકને કેવા પૂરક બની શકે અને કરોડોની મિલ્કત ટોકન ભાડે આપીને કેવો આત્મસંતોષનો ઓડકાર લઈ શકાય એનું આ સંકુલ જાજરમાન અને ઝળહળતું ઉદાહરણ છે.

'શ્વાસ' જેવા ટૂંકા નામે ઓળખાતા પ્રતિષ્ઠાન દ્વારા ચાલતો આ સ્વાસ્થ્ય યજ્ઞ ડૉ. જય સંઘવીના અકાળ અવસાન પછી તો વધુ વેગવંતો બની ગયો છે. એ જય સંઘવીનું સાચું સ્મારક છે. યજ્ઞના હોતા તરીકે પોતાની હયાતીમાં જ જયભાઈએ ખંતપૂર્વક ટ્રેઈન કરેલી કુશળ સંચાલક બેલડી અને નિસર્ગોપચાર તજજ્ઞ ડૉક્ટરો તથા નેચરોપેથ મંડળી છે. સવારે સાડા પાંચ વાગે સમર્પિત દરવાન કેદારસિંહ ઘંટ વગાડે છે અને આખું આનંદધામ જાગી ઊઠે છે. પછીનો કાર્યક્રમ સેનાના સમયબદ્ધ કાર્યકલાપ જેવો છે. છ વાગે યોગ માટેના વિશાળ સભાખંડમાં નિવાસી દર્દીઓ પહોંચી જાય છે. તજજ્ઞ ડૉક્ટર કે યોગનિષ્ણાત આવીને પૂરા એક કલાક સુધી બહુ જ પદ્ધતિસરનાં યોગાસનો અને પ્રાણાયામ કરાવે છે. ૐકારના ગુંજારવથી શરૂ થયેલો કર્મકાંડ શાંતિમંત્ર પૂર્વક પૂર્ણ થાય છે કે તરત 'નસ્યમ્' શુશ્રૂષા માટે તાલીમબદ્ધ નેચરોપેથ હાજર થઈ જાય છે. એ પછી નેત્ર અંજન!

અને પછી ભૂખ્યા પેટે યોગાસનો તથા પ્રાણાયામ કરી 'ઊર્જાગ્રસ્ત' થયેલા અતિથિઓ ભોજનગૃહમાં 'કડું કરિયાતું' પીવા પ્રસ્થાન કરે છે. મારે તો ઊઠતાંવેંત ચા જોઈએ. અહીં ચાને ગાંધીચીંધ્યા માર્ગે પ્રવેશબંધી ફરમાવાયેલ હોઈ મારે સંચાલિકા સ્વાતિની સામે ઓશિયાળી આંખે જોવું પડે! એ એના ઘરે લઈ જઈ આખો મગ ભરીને મારી ચા-પિપાસા બુઝાવે. આવો અપવાદ ફક્ત મારા માટે જ હોં કે! કારણકે હું દર્દી કરતાં વધુ તો જય કાકાનો દોસ્ત. વળી 'નામચીન' લેખક. પણ પછી સાંજે તો મારે દુખિયારાંના બેલી અરુણ ગાવંડેનું જ શરણું શોધવું પડે. કોઈને જાણ કર્યા વગર એ એમની કારમાં ઢબૂરીને મને એમની મનપસંદ કીટલીએ લઈ જઈ બે કપ ચા પીવડાવે ત્યારે જ એમને જંપ વળે. આ અરુણભાઈ વિશે તો આખું પુસ્તક લખીએ તોય ઓછું પડે. વરસે દહાડે પાંચ હજાર વૃક્ષો ઉછેરવાની પ્રતિજ્ઞા લઈ બેઠેલ આ 'પર્યાવરણ પુરુષ' આનંદધામના કાયમી અંતેવાસી અને અતિથિ બની ગયા છે. ઘર છોડી દીધું છે. ઘર બાળીને તીરથ કરનારા દિલાવર મસ્ત ફકીર છે. ઉત્તમ ચિત્રકાર હોવા ઉપરાંત સૃષ્ટિ પરથી જે પ્રજાતિ નામશેષ થવાની કગાર પર છે એવા સાચા 'માનવ' છે. કવિએ કહ્યું છે : **'હું માનવી ટેકું વસુંધરાનું : હું માનવી માનવ થાઉં તો ઘણું!'** — અરુણ ગાવંડેના દર્શન કરજો. માનવ જોયાનો ધરવ થશે.

હું તો ત્યાં સુધી કહું કે 'આનંદધામ' આવો પણ શિરોધારા જેવી એકાદ વિશેષ સારવાર અધૂરી રહી જાય તો ચાલશે; અરુણભાઈ ગાવંડે સાથે એકાદ કલાક ગાળશો તો કદાચ શિરોધારા લેવાની જરૂર જ નહીં રહે! એમને મળ્યા વગર યાત્રા અધૂરી જ લેખાશે. અને જાઓ તો એમના અદ્ભુત તથા અઢળક પુસ્તકોના ખજાના જોવાનું ભૂલતા નહીં.

અને હા, હવે હું 'આનંદધામ'નો આખેઆખો ખજાનો ખુલ્લો મૂકી દઈ તમારું કુતૂહલ મરી જાય એવું નહીં જ ઈચ્છું. તમે પણ જીવો, શતાધિક વર્ષો જીવો અને તમારી અંદર ઢબુરાયેલું કુતૂહલ પણ જીવે. કુતૂહલ એ બાળકનો સ્થાયીભાવ છે, જે માણસમાં કુતૂહલ જીવે છે એ ક્યારેય 'ઘરડો' નથી થતો. આનંદ ધામ તો વળી એવી જગ્યા છે કે જ્યાં જીવવાની આશા છોડી દઈને ફક્ત છેલ્લો 'ટ્રાય' કરી લેવા આવેલા અરુણ ગાવંડે જેવાનો નખશિખ કાયાકલ્પ થઈ જાય છે અને એક ડગ ભરતાં શ્વાસ ચડી જતો એ માણસ આજે જંગલી નીલગાયની જેમ ઠેકડા ભરે છે! ધીમે તો એ ચાલી જ નથી શકતા. એવી અદાથી ચાલે છે કે જાણે ગ્રીક યોદ્ધો - સિકંદરની સેનામાંથી ભૂલો પડીને કચ્છમાં ના રહી પડ્યો હોય એવો ભાસ થાય. ડાયાબિટીસના અનિયંત્રિત તબક્કે પહોંચી ગયેલા, ફોફરાઈ ગયેલા શરીરવાળા અરુણ ગાવંડે ક્યાં અને એંસીએ પહોંચવા આવેલા આ તરવરિયા તોખાર ક્યાં? નિસર્ગોપચારે પોતાને નવી જિંદગી આપી છે તો સામે પોતે પણ નિસર્ગને કંઈક આપવું જોઈએ એવા શુદ્ધ સંકલ્પ સાથે અરુણભાઈએ આનંદધામમાં અડિંગો જમાવી દઈ આખા પરિસરનો કાયાકલ્પ કરી દીધો છે.

આનંદધામે અરુણભાઈ જેવા સેંકડો દર્દીઓને સાવિત્રીની જેમ યમદ્વારેથી પાછા વાળ્યા છે અને તે પણ કોઈ ટેબ્લેટ - ઈંજેક્શન કે ઑપરેશન વગર. એનો સિદ્ધાંત જ શરીરની સેલ્ફ હીલિંગ કેપેસિટી પર કેન્દ્રિત છે. શરીરને બીમાર રહેવું નથી ગમતું. એટલે જેવો બીમારીનો હુમલો આવે છે કે તાબડતોબ એને મારી હટાવવા એ સજ્જ બની જાય છે. એની પાસે પૂરાં સો

વર્ષ જીવવાની અંતર્નિહિત ક્ષમતા છે જ. માનવી જાતે જ એના આહારવિહાર પ્રત્યે બેધ્યાન રહીને, જંક ફૂડ પેટની પેટી (કચરાપેટી ન હોય જાણે!)માં પધરાવીને અને કુદરતના વૈભવથી વિમુખ રહીને માંદો પડે છે. કુદરતનો વૈભવ તો એને કોઈ પણ પ્રકારની દવા વગર જ તંદુરસ્ત અને મનદુરસ્ત રાખે. પણ આધુનિક જીવનશૈલીની હાયવૉય, માનસિક તણાવ અને ઊડઝૂડ ખાણીપીણી એની જીવનદોરી પર ડગલે ને પગલે ઘા કરે છે. એ રાતે મોડો મોડો પથારી ભેગો થાય છે, સવારે સૂરજ રાશ-વા ચડે ત્યાં સુધી ઘોરતો રહે છે અને બાકીના સમય દરમિયાન ભાગંભાગી તથા કોઠાંકબાડાં કરતો રહે છે. પ્રાણીઓ કે પક્ષીઓ માનવીની સરખામણીમાં કેમ ઓછાં બીમાર પડે છે? એમને કોરોના કેમ નડતો નથી? કારણ કે એમની અંતર્નિહિત કુદરતી શક્તિ મહદાંશે અકબંધ રહે છે. એમને બંગલા બંધાવવાની કે મોંઘી મોટરકાર વસાવવાની કલ્પના પણ નથી આવતી. એ કુદરતી જીવન જીવે છે એટલે કુદરત એમના પર મહેરબાન છે. કુદરત જ એમના આહારવિહારની વ્યવસ્થા અને નિયમન કરે છે.

કુદરત માટે તો જીવસૃષ્ટિના તમામ જીવ સરખા જ હોય. પણ માનવીએ આખી કુદરતને જ ગળી જવાના પિશાચી કારસા રચવા માંડ્યા. એટલે દેખીતી રીતે એ અળખામણો થઈ ગયો. પોતે કેટલો વામણો છે એનો અંદાજ એને બીમાર થઈને ખાટલે પડે છે ત્યારે આવે છે.

આનંદધામના સંવાહકો અને ડૉક્ટરો આ મુદ્દે બહુ જ સ્પષ્ટ છે. ડૉ. વંદનાને વહેલી સવારે પરિસરમાં દૂઝતા ઓઝોન અને ઑક્સિજનને ફેફસામાં સમાવી લેવા સુપર ફાસ્ટ વૉક લેતાં જોવાં એ પણ લહાવો છે. વીજળીની જેમ એ જોનારની આંખોથી ઓઝલ થઈ જાય છે. યોગનો ક્લાસ લેતી વખતે પોતે તમામ આસનો પરફેક્ટ ચુસ્તીપૂર્વક કરતાં જાય અને માર્ગદર્શન આપતા જાય. એમની એકવડિયા બાંધાવાળી તંદુરસ્તીને સો વર્ષે પણ બીમારી સ્પર્શી જ ન શકે. દર્દીઓ સાથે મુદ્દાસર વાત કરતાં હોય કે ડીનર પછી સ્વાસ્થ્ય વિષયક વ્યાખ્યાન આપતાં હોય ત્યારે એમના નિર્દોષ ચહેરા પર રમતું મોહક સ્મિત અને હાથની મુદ્રાઓ જેવી ભાવભંગિમા એમની રજૂઆતમાં પ્રાણ પૂરી દે છે. એમને નિસર્ગોપચારનું તો ગહન અધ્યયન હોય જ; એલોપથી અને આયુર્વેદમાં પણ એ અવગાહન કરી લે છે. રોગનું મૂળ તો આપણી કુટેવોમાં જ પડેલું છે એ બહુ જ સહજતાપૂર્વક સમજાવી શકવાની એમની ક્ષમતા કાબિલેદાદ છે. શરીરને એના ધર્મો પાળવા દઈએ તો 'જીવેમ શરદઃ શતમ્'ની પ્રાર્થના ફળે જ. પરંતુ શરીર પર મનનું માંકડું હાવી થઈ જાય અને આહારવિહાર તથા આચારવિચાર આડા પાટે ચડી જાય તો પછી એનાં માઠાં ફળ ભોગવ્યે જ છૂટકો.

ડૉ. વંદનાનાં સહયોગી ડૉ. પૂનમ આરોગ્યપ્રદ રેસીપીનાં નિષ્ણાત છે. એમણે આયુર્વેદમાં સ્નાતક થયા પછી યોગ અને નિસર્ગોપચારમાં તજજ્ઞતા કેળવી છે. 'આહાર એ જ ઔષધ' એ સિદ્ધાંત પર નિસર્ગોપચાર કેન્દ્રમાં ભાર દેવામાં આવે છે. એવો આહાર લેવાય જે આપણા શરીર માટે પૌષ્ટિક હોય પણ મેદમાં ન પરિણમે, સુપાચ્ય હોય, સમયસર અને યોગ્ય સમયાંતરે લેવાયો હોય. એલોપથી જેને હાનિકારક ગણે છે એવા જંક ફૂડ, તૈલી-તળેલા પદાર્થો તથા ચરબીવાળા અને વધુ પડતા કાર્બોહાઇડ્રેટવાળા આહારથી બચતા રહી અહીંના ભોજનગૃહમાં એવી 'રેસીપી' અજમાવાય છે જે શરીરને હલકુંફૂલ રાખે. સલાડ, શાકભાજી અને ફળોનું વિશેષ પ્રમાણ આપોઆપ કેલરી ઇનટેક ઘટાડે છે. જય સંઘવીના પ્રારંભિક તબક્કે અહીં સેવા આપી ગયેલાં ડૉ. પૂનમ એમના નામની જેમ આઠે પહોર પૂર્ણપણે ખીલેલાં રહે છે. એકે એક દર્દીને અંગત રીતે મળીને એ પારિવારિક અહેસાસ કરાવે છે. એમનું નિરભિમાન અને નિખાલસ વ્યક્તિત્વ આખા પરિસરને પ્રફુલ્લિત બનાવી મૂકે છે. તેઓ 'સ્પેશિયલ યોગ'નો ક્લાસ પણ લે છે અને દર્દીને જરૂરી હોય એટલાં આસનો પ્રેમપૂર્વક શીખવે છે.

આ બેઉ યુવાન મહિલા તબીબો સાથે સંચાલિકા સ્વાતિનો સંગમ રચાય છે ત્યારે આનંદધામ એક અભિનવ ત્રિવેણી સંગમ ધરાવતું પ્રયાગતીર્થ બની જાય છે.

હું આનંદધામને તીર્થથી ઊણું નથી આંકી શકતો. આનંદધામના કર્ણધાર સંજયસિંહની કરુણા અને સ્વાતિબહેનનું સ્મિત અહીં આવનાર દરેક જણ માટે એક ઇમ્યુનિટીવર્ધક સપ્લીમેન્ટની ગરજ સારે છે.

જૂનાં હઠીલાં દર્દો અને જીવનશૈલી પ્રેરિત બીમારીઓને વગર દવાએ મટાડી માણસને હસતા મોઢે, ઠેકડા ભરતો ઘરે મોકલવાનો આ સ્વાસ્થ્ય યજ્ઞ મૂળે આયુર્વેદ, નિસર્ગોપચાર અને યોગના ત્રિવિધ ઉપચાર દ્વારા નિરંતર ચાલતો રહે છે. પાયાનો સિદ્ધાંત એ છે કે શરીર જ શરીરને સાજું કરે છે. જીવનશૈલીમાં મામૂલી ફેરફાર કરવાથી હઠીલા રોગો કાબૂમાં આવી શકે છે. શરીરને માંદગી સદતી નથી, પરંતુ કેટલીક કુટેવો અને સવિશેષ આહાર અંગેની ઓછી કે ખોટી સમજણને કારણે એ માંદું પડે છે. એને સાજુ થવામાં અહીંના આહારવિહાર અને વાતાવરણ મદદરૂપ બને છે. થેરાપિસ્ટ પંચતત્ત્વોમાંથી જ થેરાપી ઉપલબ્ધ કરાવે છે. મસાજ, પાણી અને માટીના લેપ, શેક, વરાળ, એક્યુપ્રેશર વગેરે ઉપક્રમોથી શિથિલ થયેલું તંત્ર સતેજ થઇ 'તરોતાજા' બની રહે છે અને માણસને કાયાકલ્પ થઇ રહ્યો હોય એવી આહ્લાદક અનુભૂતિ થાય છે. બાકી પાયાની વાતને તો ખુદ ડૉ. વંદના ગુપ્તા વળગી જ રહે છે : તમે એવું ના માનશો કે તમને ડૉક્ટર સાજા કરે છે. ડૉક્ટર તો તમને માત્ર દિશાસૂચન કરે છે. તમારું શરીર એની મેળે જ પોતાનામાં પ્રવેશી ગયેલી

વિકૃતિઓને મારી હટાવી તમને સાજા-નરવા કરી શકે. ડૉક્ટર અને થેરાપિસ્ટ તો ફક્ત 'સપોર્ટિંગ રોલ' ભજવે છે. આ મુદ્દો દર્દીના મગજમાં ઠસાવવા તેઓ ફ્રેક્ચરનું ઉદાહરણ ટાંકે છે. ફ્રેક્ચર થાય છે ત્યારે ઓર્થોપેડિક સર્જન કે જૂના જમાનાનો હાડવૈદ શું કરે છે? તૂટેલા હાડકાના બે ટુકડાને સરખા ગોઠવે છે. 'હીલિંગ' તો આપમેળે થાય છે. પડવા વાગવાથી શરીર પર કાપા કે ઉઝરડા પડે છે કે ક્યારેક રસોઈ કરતાં દાઝી જવાય છે ત્યારે ચામડીનો એ છોલાઈ ગયેલો ભાગ કે દાઝી ગયેલો હિસ્સો સમય જતાં આપોઆપ નોર્મલ ચામડી જેવો બની જાય છે. આ છે શરીરની અદ્‌ભુત સેલ્ફ હીલિંગ પ્રોસેસ.

આધુનિક જીવનશૈલીના અભિશાપથી જાડાપણું (વધુ પડતી ચરબી - ઑબેસિટી) અને 'ઓવરવેઈટ' એ સાર્વત્રિક સમસ્યા બની રહેલ છે. ઑબેસિટીથી અનેક વિકૃતિઓ જન્મે છે. તણાવને કારણે હાઈ બી.પી. અને આહાર પ્રત્યે બેદરકારી રાખવાથી કૉલેસ્ટેરોલ અને ડાયાબિટીસ જેવા રોગો ઘર કરી જાય છે. એથીય આગળ કેન્સર જેવી અસાધ્ય કે દુઃસાધ્ય બીમારી પણ થઈ શકે છે. આ બધાને નિયંત્રિત કરવા માટેની પ્રાકૃતિક ચિકિત્સાની એક અભિનવ પાઠશાળા – બલકે યુનિવર્સિટીનું નામ છે 'આનંદધામ.' અહીં વારંવાર વિશેષ આરોગ્ય શિબિરોનું આયોજન થાય છે. હાઈ બી.પી., ઑબેસિટી અને જીવનશૈલી સંબંધિત બીમારીઓથી છુટકારો મેળવવામાં અને ડાયાબિટીસ જેવા રાજરોગને નિયંત્રણ રાખવામાં આવા 'હેલ્થ કેમ્પ'માં લીધેલી સારવાર ખૂબ જ કારગત અને અસરકારક બની રહે છે.

એલોપથી જરૂર એક આધુનિક વિજ્ઞાન છે અને જીવનરક્ષક વિજ્ઞાન છે. પરંતુ એનો સમ્યક્ ઉપયોગ કરવાની આવશ્યક્તા છે. આડેધડ એલોપેથિક દવાઓ પેટની પેટીમાં પધરાવી દઈ આપણે અજાણતાં જ શરીરની સેલ્ફ હીલિંગ પ્રોસેસને નુકસાન કરી બેસતા હોઈએ છીએ.

ડૉ. જય સંઘવીના માનસ સંતાન સમું આરોગ્યધામ એ એમનું સાચું સ્મારક બની રહ્યું છે. 'કચ્છડો બારે માસ'ની ઉક્તિ પણ અહીંના પરિવેશ અને પર્યાવરણને જોતાં સાર્થક બની રહે છે.

– એકવાર આનંદધામ જઈ આવો તો ખબર પડે!

***સરનામું :*** આનંદધામ, મુ. ખારોઈ, તા. ભચાઉ (કચ્છ).

*સંપર્કસૂત્ર :* *સંજય સિંહ : ૯૮૭૯૬ ૦૭૫૬૯*
*ડૉ. વંદના ગુપ્તા*
*(ચીફ મેડિકલ ઑફિસર) : ૭૪૦૫૯ ૧૩૦૮૯*
*ડૉ. પૂનમ : ૬૩૫૪૫ ૨૦૨૨૫*

***૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ-૧૩૨, સેક્ટર-૧૯,***
***ગાંધીનગર-૩૮૨ ૦૨૧.***
***મો. ૮૨૦૦૦ ૭૧૩૬૩***

## સુખનું લોકેશન

કહે નથી શું આપ્યું?
પણ તે તો તારી ફૂટપટ્ટીથી જ બધુંયે માપ્યું
કહે નથી શું આપ્યું?

સરસ મજાનો ચહેરો આપ્યો ઉપર આપ્યું સ્માઈલ
તોય હજી તું કવેરી કાઢે? ફંફોસીને ફાઈલ

પૂરે પૂરું પાસ કર્યું લ્યા નથી કશુંયે કાપ્યું
કહે નથી શું આપ્યું?

ટેવ પડી ભાઈ વાતે વાતે તને પડે કા વાંકું?
શ્વાસ મજાનાં ચાલે તો પણ એમાં ગોતે ફાંકુ?

જંપ્યું ના જંપ્યું જ્યાં બે પળ ત્યાં ડૂંભાણું ચાંપ્યું!
કહે નથી શું આપ્યું?

જોઈ ઝાંઝવા પગે પડે તું ક્યાં ક્યાં ફાંફા મારે?
પડછાયાને પકડી લેવા દોટ મૂકે અંધારે

સુખનું તો લોકેસન ભીતર બહાર નથી કંઈ છાપ્યું
કહે નથી શું આપ્યું?

*– કૃષ્ણ દવે*

## વ્હાલ ઢોળે રૂપાળું

*(સૉનેટ / મંદાક્રાન્તા)*

અંગોપાંગો ક્રમશઃ બધાં હાથતાળી દઈને
ધીરે ધીરે ઢીલપ વરતી જૈ પડ્યાં છે વખારે.

સંગોપેલાં સપન સઘળાં ધૂંધળાં યાદ આવે,
પીધેલા જે અમીરસ વળી ઊતરે ઓડકારે.

યાદો કેવી અજબ હતી - એ નંદવાઈ રહી છે –
સાંજે ખાધું નવ સ્મરણમાં ઊગતું એ સવારે.

નેત્રોમાં ના નજર નરવી ના હવે કાન કાઠા;
જોધ્ધા જેવા ચરણ પણ જોઉં મૂકી જંગ નાઠા!

ભૂંસાઈ છે ભૂખ-તરસ ને કામનાઓ તમામ,
ગંઠાઈ છે રુધિર નળીઓ, કૈં થયાં દ્વાર જામ.

લાગે જાણે નજીક સરતું ગામ કેરું મસાણ,
–પ્હોંચ્યો દૂરે ક્ષિતિજ સરસો માંહ્યલો હોય ભાણ!

નિદ્રામાંથી ઝબક ઝબકી આંખ જેવી ઉઘાડું -
અંકાશે તું મરક મલકી વ્હાલ ઢોળે રૂપાળું!

***કેશુભાઈ દેસાઈ - ગાંધીનગર***
***મો. ૮૨૦૦૦ ૭૧૩૬૩***

સ્વાસ્થ્ય

# ડરની બીમારી

## (PHOBIA DISORDER)

## ભાગ-૫ : સારવાર-૨




ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા
બાળ મનોચિકિત્સક)

અત્યાર સુધી આપણે જાણ્યું કે સામાન્ય ડર તથા ડરની બીમારી ભિન્ન ભિન્ન છે. ડરની બીમારીમાં –

૧. ડર સામાન્યથી ખૂબ જ વધારે હોય છે.
૨. ડરથી વ્યક્તિ કોઈપણ હિસાબે દૂર ભાગે છે.
૩. સામાન્ય જિંદગી જીવવા માટે પરાણે બાંધછોડ કરવી પડે છે.
૪. ક્ષમતા હોવા છતાં ડરને લીધે જીવન જીવવું કઠિન બની જાય છે.
૫. ડરની બીમારીમાં મગજના જ્ઞાનતંતુઓમાં કેમિકલ (ન્યુરો ટ્રાન્સમિટર્સ) ફેરફારો થાય છે.
૬. એમીગડેલા નામના અવયવોમાં ફેરફાર થાય છે.

ડરની બીમારીની સારવારમાં (૧) દવાઓ તથા (૨) કોગ્નિટીવ બિહેવિયર થેરાપી વિશે જાણકારી મેળવી.

આ લેખમાં અન્ય પદ્ધતિઓ વિશે વૈજ્ઞાનિક જાણકારી મેળવીએ.

### ૩. કાઉન્સેલિંગ (Counselling)

આ એક વૈજ્ઞાનિક પદ્ધતિની સારવાર છે. જેમાં દર્દીના વ્યક્તિત્વ (Personality)માં રહેલા અયોગ્ય વલણ બદલ નિખાલસ ચર્ચા કરવામાં આવે છે. અલગ અલગ પદ્ધતિ દ્વારા વ્યક્તિત્વમાં રહેલા વલણ (attitudes), લાગણીશીલતા (emotionality), અપેક્ષા (expectations) વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરી એમાં સમજણપૂર્વકના બદલાવ લાવવાની જરૂરત પર ચર્ચા કરવામાં આવે છે. ખાસ કરીને નકારાત્મક લાગણીઓ વ્યક્ત કરવાની અલગ અલગ કાઉન્સેલિંગની પદ્ધતિઓ વિશે જાણકારી અપાય છે. દર્દીને અસરકારક સંવાદ (Effective communication), નેતૃત્વ લેવાની કળા (Leadership quality), એસરટીવ ટ્રેઈનિંગ (Assertive training)ની પદ્ધતિઓ વિશે ઊંડાણમાં માહિતી અપાય છે. આદર્શવાદી વલણને બદલે વ્યવહારૂ વલણ અપનાવવા સમજાવવામાં આવે છે.

ઉપરોક્ત વૈજ્ઞાનિક પદ્ધતિઓથી દર્દીમાં આત્મવિશ્વાસ વધે છે. વિપરીત પરિસ્થિતિ તથા સંજોગોનો સામનો કરવાની (stress management) માનસિક ઉર્જા વધે છે, માનસિક પ્રતિકાર શક્તિ (Psychological immunity) વધે છે, મનોબળ વધે છે, સકારાત્મક વલણ, સકારાત્મક લાગણી તથા સકારાત્મક કાર્ય (Positive attitude, positive emotions and positive actions) સકારાત્મક પરિણામ લાવે છે.

### ૪. સાયકોએજ્યુકેશન (P) :

સામાન્ય રીતે દર્દી, પરિવારજનો તથા સમાજમાં માનસિક બીમારીઓ પ્રત્યે નકારાત્મક વલણ હોય છે. સાયકોએજ્યુકેશન દ્વારા માનસિક બીમારી - ડરની બીમારી વિશે મનોવૈજ્ઞાનિક તથા વૈજ્ઞાનિક માહિતી આપવામાં આવે છે. આ માહિતી દર્દી તથા પરિવારજનો સમજી શકે એવી સાદી સરળ ભાષામાં અપાય છે. આથી દર્દી તથા પરિવારજનોમાં ગેરસમજ દૂર થાય છે તથા સમજણપૂર્વકનો સહકાર સારવાર માટે મળી રહે છે.

સૌએ તથા સમાજની વ્યક્તિઓએ સમજવાની જરૂર છે કે : (૧) ડરની બીમારી કે અન્ય માનસિક રોગ થવા એ એક બીમારી છે. (૨) બીમારી થવી એ દર્દીનો ગુનો કે ભૂલ નથી. (૩) દર્દી ઢોંગ કે નાટક કરતો નથી. (૪) બીમારીના લક્ષણો દર્દીના કાબૂમાં નથી. (૫) યોગ્ય સારવારથી બીમારી કાબૂમાં લાવી શકાય છે. (૬) સારવાર બાદ દર્દી નોર્મલ ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

### ૫. પરિવારજનોનો સમજણપૂર્વકનો સાથ સહકાર :

જે વ્યક્તિ ડરની બીમારીનો શિકાર બનેલ છે તેના પરિવારજનો તથા સ્વજનોએ દર્દીને ખૂબ જ સહાનુભૂતિપૂર્વક સમજવાની કોશિશ કરવી જોઈએ. વાણી અને વર્તણૂંકમાં સંયમ કેળવવો જોઈએ. ડરની બીમારી એક બીમારી છે, જેના પર દર્દીનો કાબૂ નથી. દર્દી ઢોંક કે નાટક કરતો નથી.

ડરની બીમારીમાં દર્દી પ્રત્યે પરિવારજનોનું નકારાત્મક વલણ અને કટુવચનો ડરની બીમારી વધારે છે. પરિવારજનોના મનમાં શું છે એના કરતાં દર્દી કુટુંબીજનોની વાણી તથા વર્તણુંકનું કેવું અર્થઘટન કરે છે એ ખૂબ મહત્ત્વનું છે. દર્દીને પરિવારજનોની હાજરીમાં સલામતી મહેસૂસ થવી જોઈએ.

પરિવારજનોએ સમજણપૂર્વકના યોગ્ય પ્રયત્નો કરવા

(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૬ ઉપર)

# સરકારશ્રીની આરોગ્યલક્ષી સેવાઓ

નીતિન એચ. સંઘવી

સરકારશ્રી દ્વારા લોકોના આરોગ્ય માટે વિવિધ યોજનાઓ સરકારે જાહેર કરેલી છે જેવી કે મા અમૃત કાર્ડ, અકસ્માત વીમા યોજના, ૧૦૮ની સુવિધા, સરકારી હોસ્પિટલોમાં વધુ બેડની યોજના, મહિલાઓ (સગર્ભા) માટેની વિવિધ યોજના – ખૂબ જ સારી બપાબત છે. આના કારણે ઘણા લોકોની જિંદગી બચી જતી હોય છે. છેક ગામડાઓ સુધીની યોજનાના કારણે બીમાર વ્યક્તિને સમયસર સારવાર મળી રહે છે.

સરકારની આરોગ્યને લગતી જે યોજના છે તે તમામ યોજના લોકો બીમાર પડે તે પછીની છે કે અકસ્માત થઇ ગયા પછીની છે. લોકો બીમાર જ ન પડે અને હોસ્પિટલ સુધી જવું ન પડે તેવી ખાસ કોઈ યોજના નથી અને જે છે તેનો પણ સખતાઈથી અમલ થતો નથી. અને તેથી લોકો બીમાર પડે છે. લોકોની પ્રાથમિક જરૂરિયાત છે : હવા, પાણી અને ખોરાક. લોકોને હવા આજકાલ શુધ્ધ મળતી નથી. હવામાં પ્રદૂષણ વધતું જાય છે. બીજું, ચોખ્ખું અને સ્વચ્છ પાણી મળવું મુશ્કેલ છે. હાલ ચોમાસામાં તો પાણીજન્ય રોગો બહુ જ થતા હોય છે. ક્યાંક તો ગટરનું પાણી પીવાના પાણીની લાઈન સાથે પણ ભળી જતું હોય છે, તો ક્યાંક દૂષિત અને ડહોળું પાણી આવતું હોય છે. અને ત્રીજી મુખ્ય પ્રાથમિક જરૂરિયાત છે – ખોરાક. અરે, ખોરાક તો શું ફળફળાદી પણ પાવડર અને ઈંજેક્શનથી પકવવામાં આવે છે.

ખેતરમાં ખોરાક ઉગે ત્યારથી જ વધારે ઉત્પાદન માટે જંતુનાશક દવાઓ એટલી બધી નાંખવામાં આવે છે કે ખોરાકના મૂળ તત્ત્વો પર ખૂબ જ અસર પડે છે. ખેતરમાંથી ખોરાક વેપારીઓ પાસે જાય ત્યાં સુધીમાં તો કેટલાય પ્રકારની ભેળસેળ થતી હોય છે. જેમ કે મરચાની ભૂકીમાં લાકડાનો વહેર, દૂધમાં યુરિયા, ફરસાણમાં ધોવાનો સોડા, ખોરાકને લાંબો સમય સાચવવા માટે પ્રિઝરવેટીવ, મીઠાઈમાં હાનિકારક કલરો, દૂધના માવામાં પણ ભેળસેળ!

સારામાં સારી પ્રખ્યાત હોટલો અને મીઠાઈ - ફરસાણની દુકાનમાં પણ મિલાવટના અનેક કિસ્સા અખબારમાં જોવા મળે છે. હવે દિવાળી આવે છે તેથી સેમ્પલો લેવામાં આવશે અને લેબોરેટરીમાં મોકલવામાં આવશે. તેનો રીપોર્ટ આવતા પહેલાં તો બધી મીઠાઈ - ફરસાણ લોકોના પેટમાં હોમાઈ ગઈ હશે. અરે! સરકારે પણ સીંગતેલ વગેરેમાં અમુક ટકા મિલાવટની છૂટ આપી છે અને લેવાયેલ સેમ્પલોમાંથી માંડ ૧૦% ફેઈલ બતાવાય છે અને તેમની પાસેથી રૂા. ૫,૦૦૦/- કે રૂા. ૧૦,૦૦૦/- સુધીનો દંડ વસુલ કરી છોડી મૂકવામાં આવે છે. જે ખોરાક ખાઈને લોકો બીમાર પડે અને કદાચ મોતને પણ ભેટે. આવા કૃત્ય માટે માત્ર મામૂલી દંડની સજા! વિદેશમાં તો તરત જ દુકાન કે સ્ટોર સીલ કરવામાં આવે અને પછી કાર્યવાહી શરૂ થાય. લોકો બીમાર પડે અને હોસ્પિટલે જાય તો દવામાં પણ ભેળસેળ કે મુદત વીતી દવાઓ કે ઈન્જેક્શન આપી દેવામાં આવે અને દવાની કિંમત પણ તકનો લાભ લઈ ઊંચી લેવામાં આવતી હોય છે. જેના પ્રત્યક્ષ ઉદાહરણ આપણે કોરોનાકાળમાં જોયા છે. લોકો દવા, ઈંજેક્શનના બમણા કે તેથી વધારે ભાવો આપીને ખરીદતા અને હોસ્પિટલમાં બેડ માટે લાઈનો લાગતી. પરંતુ તે સમયે પણ તકસાધુઓ મરજી મુજબના ભાવો લેતા હતા.

આ તો મહામારી હતી પરંતુ તે સિવાય આજે પણ મોટી હોસ્પિટલોના મોટામસ બીલો બધાને પરવડતા નથી.

વિદેશમાં અહીંની જેમ ગલીએ ગલી દવાખાના, ડૉક્ટરો કે મેડિકલ સ્ટોર્સ હોતા નથી. અરે, સ્ટોરમાં પણ ડૉક્ટરની ચિઠ્ઠી વગર દવા મળતી નથી અને વિના કારણે કોઈને ભરતી પણ કરાતા નથી. અહીં તો મોટાભાગની ડિલીવરી સીઝેરિયન કરીને થતી હોય છે. જ્યારે વિદેશમાં પ્રાયઃ નોર્મલ ડિલીવરી જ કરાવે. હા, ચોક્કસ, વિદેશમાં અમુક ટ્રીટમેન્ટ ખૂબ મોંઘી છે પરંતુ આવા સામાન્ય દર્દો માટે નથી. મોટી સર્જરી કે સારવાર માટે જ હોય છે.

અહીં તો દર્દી પણ જાણે ડૉક્ટરો અખતરા કરતા હોય તેવું લાગે. સાવ સામાન્ય તાવ કે નાનું ગુમડું ક્યારે કેન્સર કે મોટા રોગમાં પરિવર્તિત થઈ જાય તેની દર્દીને ખબર જ ન પડે.

ખરેખર જો લોકો બીમાર જ ન પડે અને તેવી સુખાકારી માટેના જે સાધનો તંત્ર છે તેને સજાગ કરવામાં આવે અને દંડ કે સજાની એવી જોગવાઈ હોવી જોઈએ કે અન્ય કોઈ ભેળસેળ કે મિલાવટ કરવાનું વિચારી પણ ન શકે. જો આવું બને અને પાણી અને ખોરાકની શુધ્ધતા પર વધારે ધ્યાન આપી તેને નિયંત્રિત કરવામાં આવે તો મોટી કે મલ્ટી હોસ્પિટલની જરૂર જ ન પડે. ઘણી વખત એમ થાય કે જેમ ડૉક્ટરો અને દવાખાના વધ્યા તેનાથી દર્દીઓ વધારે વધ્યા હોય તેવું લાગે.

જો કે, જેનરીક દવાથી લોકોને થોડો ફાયદો થાય છે પરંતુ બધી દવાઓ ત્યાં મળતી નથી. તેથી નાછૂટકે અન્ય સ્ટોરમાંથી મોંઘા ભાવની દવાઓ ખરીદવી પડે છે.

બસ, પરમાત્મા સૌનું આરોગ્ય સારું રાખે કારણ કોઈને દવાખાને જવું ગમતું જ નથી.

કોઈની લાગણી દુભાઈ હોય તો ક્ષમા.

**સર્વે ભવન્તુ સુખીના:**

*સેક્ટર-૨સી, ગાંધીનગર. • મો. ૯૮૯૮૧૧૬૭૭૧*

સત્યઘટના

# માતૃવંદના

નવલ પ્રકાશ ટેલિગ્રામ

વહુ બેટા, જુઓ તો કેટલા વાગ્યા. મારી સામયિક આવી ગઈ?

હા બા, સામાયિક પાળવાનો સમય થઈ ગયો હોં. તમે શાતાપૂર્વક સામાયિક પાળી લો.

ઘરમાં વૃધ્ધ બા રોજ શક્ય એટલો વધુ સમય ધર્મક્રિયામાં ગાળે અને ઘરના રોજિંદા કાર્યમાં જરાય માથું ન મારે. સામાયિક, પ્રતિક્રમણ, સંવર, જાપ, બા ને કરવી ધર્મક્રિયા અમાપ.

દીકરો ધંધો સંભાળે અને પાંચમાં પૂછાતો એવો શેઠ કે એની નજર માત્રથી બજાર ઉપર નીચે થઈ જાય. વહુ ઘર સંભાળે અને બા નું પણ ઉચિત ધ્યાન રાખે. પણ જ્યારથી બાને આંખે મોતિયો આવ્યો અને આંખે દેખાતું ઓછું થયું ત્યારથી બાએ સામયિક બાંધતા અને પાળતા સમયે વહુને સાદ દેવો પડે અને વહુજી પણ પ્રેમથી જવાબ આપે. પણ મોટા ઘરનાં કાર્યમાં વ્યસ્તતાને કારણે કોઈ કોઈ વાર બાએ બે-ચાર વાર સાદ દેવો પડે ત્યારે વહુ સાંભળે. બા સમજે અને બોલે કંઈ નહીં, પણ આ વાત દીકરાને ખટકે. બાએ પેટે પાટા બાંધીને અમને લાયક બનાવ્યા અને આજે એ થોડે ઘણે અંશે પણ પરવશતા અનુભવે એ કેમ ચાલે? દીકરાને લાગી આવ્યું. હું નાનો હતો અને દોડીને મા પાસે નહોતો જઈ શકતો ત્યારે મા પોતે દોડીને મારી પાસે આવી જતી. હું ચાલતા શીખ્યો ત્યારેય મા મને કાખમાં ઉપાડી લેતી, જેથી હું થાકી ન જાઉં. પોતે અડધું ખાઈને મારું પેટ પૂરું ભરાય એનો ખ્યાલ રાખતી. મને એવા સંસ્કારો આપ્યા, ભણાવ્યો ગણાવ્યો અને એવો લાયક બનાવ્યો કે આજે મારી આંખના ઈશારે આખા બજારમાં ઉથલપાથલ થઈ જાય. અને મારી મા એની પાછલી વેળાએ ધર્મ પણ પોતાની રીતે ન કરી શકે તો તો મારી માતૃભક્તિ લાજે. દીકરાને મનોમંથનમાં આવા વિચારો સતાવ્યા કરે અને દિવસે ધંધામાં મન ન લાગે કે રાતે આંખમાં નિંદર ન આવે.

અને એક દિવસ ઉઠતાની સાથે સવારમાં દીકરાએ નિર્ણય લઈ લીધો એવી જ એની આંખમાં અલગ જ ચમક આવી ગઈ. તુરત જ મુનિમજીને બોલાવ્યા અને આદેશ આપી દીધો કે આપણા ઘરની સામે જે ખુલ્લી જગ્યા છે તે આજ સાંજ સુધીમાં આપણી થઈ જવી જોઈએ. દામ જે માંગે એ આપી દો, પણ એ જમીન આજે જ ખરીદી એના કાગળિયા પર મહોર મારી દો. અને શેઠની શાખ એટલી કે સાંજ પડતાં પહેલાં જ ઘરની સામેની ખુલ્લી જગ્યા શેઠના નામે થઈ ગઈ. રાત સુધીમાં તો વિદેશના નિષ્ણાતોને કહેણ મોકલાવી દીધા ને વાત પણ થઈ ગઈ. તુરત જ વિદેશના અનુભવી નિષ્ણાતોએ શેઠના સપના પ્રમાણે નકશાઓ તૈયાર કરી આપ્યા. અનુભવી નિષ્ણાત કારીગરો પણ આવી ગયા અને સામેની ખુલ્લી જગ્યા પર ચણતર ચાલુ થઈ ગયું.

પહેલી માર્ચ અઢારસો ઓગણોસિત્તેરના રોજ પાયાનો પથ્થર નખાયો. સહુને અચંબો થયો કે શેઠ શું બનાવી રહ્યા છે. પણ કોઇને કંઈ સમજ કે ખબર ન પડી. સર ગિલ્બર્ટ સ્કોટ નામના ફોરેનના આર્કિટેક્ટના નકશા પ્રમાણે તૈયાર થયેલ એ સમયના મુંબઈમાં સૌથી ઊંચું અને એ સમયમાં સાડા પાંચ લાખના ખર્ચે તૈયાર થયેલ ટાવરનું જ્યારે ચણતર કાર્ય પૂરું થયું ત્યારે એને જોઈ સહુ કોઈ પોતાના મોં માં આંગળા નાખી ગયા.

ફરીથી ઘરમાં સાદ પડ્યો. વહુ બેટા, જુઓ તો સમય થઈ ગયો કે નહીં? અને આ વખતે વહુજીને બદલે દીકરાએ સામે આવી કહ્યું, બા, સમય થઈ ગયો અને હવે તો બસ તારો જ સમય છે. બાએ સામાયિક પાળીને દીકરાને પૂછ્યું, શું કહે છે બેટા, મને કંઈ સમજાયું નહીં. દીકરો કહે, બા, બારીમાંથી બહાર જુઓ, શું દેખાય છે? બાની આંખો પહોળી થઈ ગઈ. બા કહે, આવડી મોટી ઘડિયાળ? અને ત્યાં તો મોટા અવાજે ડંકા પડ્યા ટન... ટન... ટન... ટન... અને બાએ ગણીને કહી દીધું, આટલા વાગ્યા. બા ના મોઢા પર ખુશી અને ચમક આવી ગઈ.

દીકરો કહે, બા તારે દરેક વખતે પૂછવું પડતું હતું ને કે સામાયિકનો સમય થયો કે નહીં? તે હવે તારે બીજા કોઈને પૂછવું નહીં પડે. બા, તારે બીજા પર આધાર રાખવો નહીં પડે. આ ડંકા વાગે એટલે સામાયિક બાંધી દેવાની અને ડંકા પડે એટલે સમયનો તને ખ્યાલ આવી જશે.

બા, તને ખબર છે, આ ટાવરનું નામ તારા પરથી જ રાખ્યું છે. જેથી એને જોવા આવનારા દરેક તને યાદ કરશે અને તારા આશિર્વાદ પામશે.

એ જાજરમાન ટાવર એટલે મુંબઈનું સુપ્રસિધ્ધ રાજાબાઈ ટાવર, જે ૧૯૧૮માં વર્લ્ડ હેરિટેજ સાઈટની યાદીમાં સ્થાન પામ્યું

(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૩ ઉપર)

# સિનિયરથી પણ સિનિયર સિટીઝન્સને અર્પણ

આપણે છેલ્લા લોકો છીએ જે મોટાભાગે પોતાના નાના વાળમાં કોપરાનું તેલ લગાવીને સ્કૂલ અને લગ્નોમાં જતા હતા.

આપણે એ છેલ્લી પેઢીના લોકો છીએ જેમણે શાહીવાળા ખડિયા કે પેનથી ચોપડી, નોટ, કપડાં અને હાથપગ કાળા-વાદળી કર્યા છે. આપણે સ્લેટ પર સ્લેટ પેનથી લખ્યું છે અને તે સ્લેટ પાણીથી ધોઈ પણ છે અને તે સ્લેટ પેન ખાધી પણ છે.

આપણે એ છેલ્લા લોકો છીએ જેમણે ટીચરનો માર ખાધો છે અને ઘરમાં તેમની ફરિયાદ કરવા પર પાછો માર ખાધો છે.

આપણે એ છેલ્લા લોકો છીએ જે શેરીના વડીલ લોકોને દૂરથી જોઈને નાકા પરથી ભાગીને ઘરે આવી જતા હતા અને સમાજના મોટા વડીલ અને ઘરડા લોકોની ઇજ્જત છેલ્લી હદ સુધી કરતા હતા.

આપણે એ છેલ્લા લોકો છીએ જેમણે પોતાના સ્કૂલના સફેદ કેનવાસના બુટ ઉપર ચોકનો ભૂકો લગાવીને ચમકાવ્યા છે.

આપણે એ છેલ્લા લોકો છીએ જેમણે ગોળની ચા પીધી છે, ઘણા લાંબા સમય સુધી સવારે કાળું કે લાલ દંતમંજન કે સફેદ ટુથ પાવડર વાપર્યું છે અને ક્યારેક ક્યારેક તો મીઠું કે લાકડાના કોલસાથી દાંત સાફ કર્યા છે.

આપણે નક્કી એ જ લોકો છીએ જેમણે ચાંદની રાતે રેડિયો ઉપર BBCના સમાચાર, વિવિધ ભારતી, ઓલ ઇન્ડિયા રેડિયો, બીનાકાની ગીતમાલા અને હવા મહેલ જેવા પ્રોગ્રામ ખૂબ ધ્યાનથી સાંભળ્યા છે.

આપણે એ છેલ્લા લોકો છીએ જે સાંજ થતા જ પાણીનો છંટકાવ કરતા હતા. એ પછી સફેદ ચાદર પાથરીને સૂતા હતા. એક સ્ટેન્ડવાળો પંખો બધાને પવન માટે રાખવામાં આવતો હતો. સવારે સુરજ નીકળ્યા પછી પણ જડ બનીને સૂતા રહેતા હતા.

હવે એ સમય બધો વીતી ગયો. ચાદરો હવે નથી પાથરવામાં આવતી. ડબ્બા જેવા રૂમમાં કુલર, એ.સી.ની સામે રાત અને દિવસ પસાર થાય છે.

આપણે એ છેલ્લી પેઢીના લોકો છીએ જેમણે સુંદર સંબંધો અને તેની મીઠાશ વહેંચતા લોકો જોયા છે. જે સતત ઓછા થતા જાય છે અને આપણે એ નસીબવાળા લોકો છીએ, જેમણે સંબંધની મીઠાશ અનુભવી છે.

અને આપણે આ દુનિયાના એવા લોકો પણ છીએ જેમણે એક વિશ્વાસ ના કરી શકાય એવો નજારો જોયો છે. મહામારીના કાળમાં પરિવારના સંબંધીઓને (પતિ-પત્ની, બાપ-દીકરા, ભાઈ-બહેન વગેરે) એકબીજાને સ્પર્શ કરતા બીતા જોયા છે.

પરિવારના સંબંધીઓની તો વાત જ શું કરવી, માણસને પોતાને પોતાના જ હાથે પોતાના જ નાક અને મોઢાને સ્પર્શ કરતા બીતા જોયા છે.

અર્થીને ચાર ખભા આપ્યા વગર સ્મશાન ઘાટ ઉપર જતા જોઈ છે. પાર્થિવ શરીરને દૂરથી જ અગ્નિદાહ આપતા જોયા છે.

આપણે આજે ભારતની એકમાત્ર એ પેઢી છીએ જેમણે મા-બાપની વાત પણ માની અને બાળકોની પણ માની રહ્યા છીએ.

લગ્નમાં બુફેમાં ખાવાનો એ આનંદ નથી આવતો જે પંગતમાં બેસીને આવે છે. આજકાલ શાક આપવાવાળાને સલાહ આપે છે કે હલાવીને આપ અથવા તળિયેથી આપ.

આંગળીના ઇશારે ૨ લાડુ અને ગુલાબ જાંબુ, કાજુ કતરી લેવી, પૂરી તપાસી તપાસીને ગરમ ગરમ લેવી.

પાછળની પંગતમાં ડોકિયું કરીને શું શું આવી ગયું અને આપણી પંગતમાં શું બાકી છે અને જો બાકી છે તો એના માટે બૂમ પાડવી. પાસે બેઠેલા સંબંધીના પત્તરમાં જબરદસ્તી પૂરી મૂકાવવી. રસવાળાને દૂરથી આવતા જોઈને ફટાફટ રસની વાટકી પી લેવી.

પહેલી પંગત કેટલીવારમાં ઊભી થશે એ પ્રમાણે બેસવાની પોઝીશન બનાવવી. છેલ્લે પાણીવાળાને શોધવાનો. આ બધું ઘણું યાદ આવે છે. ■


**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

# તમે ડૉક્ટર થઇને....

ડૉ. નલિની ગણાત્રા

હું સામાન્યતઃ સીઝન વગર કે રીઝન વગર બીમાર પડવાનું પસંદ જ નથી કરતી કારણકે અમે ડૉક્ટર લોગ બીમાર પડીએ એટલે બુદ્ધિના બિસ્માર લોકો 'બ્રાન્ડેડ બોગસ' આશ્ચર્ય પ્રગટ કરે જ કે, 'લ્લે, તમે ડૉક્ટર થઈને બીમાર પડ્યા?!' કેમ જાણે – ડૉક્ટર એન્ડ કાં. પાસેથી બીમાર પડવાનો પરવાનો છીનવી લેવામાં આવ્યો હોય અને એ ગેરકાયદે બીમાર પડી ગયા હોય! મને તો એ લોકો આવો રોગવર્ધક સવાલ પૂછે ત્યારે કહેવાનું મન થઈ જાય કે, શું ડૉક્ટરો રોજ્જે બધા રોગની રસીના બાટલા ગટગટાવીને સૂઈ જાય છે, તે એમને જોતાવેંત રોગ ભડકીને ભાગી જાય? પણ પછી મને એમ થાય કે આવો રમૂજી જવાબ આપીને એ પીડાદાયી પ્રશ્નકર્તાને શું કામ હસાવવો? એટલે હું ચૂપ રહીને જ એને ચૂપ કરું. પણ મેં જોયું કે આપણે બોલીએ નહીં એટલે લોકો ફારે થાય છે. હા, જ્યારે હું નિયમિત કૉલમ લખતી'તી એ વખતે "ડૉક્ટર્સ ડે" પર મેં ડૉક્ટર વિશે લેખ ન લખ્યો એમાં તો મૂળચંદ મને કહે કે, લ્લે, તમે ડૉક્ટર થઈને 'ડૉક્ટર્સ ડે' વિશે લખવાનું ભૂલી ગયા? મેં કહ્યું કે, હું એક પ્રોફેસર પણ છું. એટલે ભૂલી જવું એ મારા અબાધિત અધિકારમાં આવે. તો કાન પકડીને કહે, સોરી હોં... એ હું ભૂલી ગયો!! હવે પ્રોફેસર કંઈ ભૂલી જાય એ તો પ્રોફેસરની ફરજમાં આવે, પણ જે પોતે પ્રોફેસર નથી એ પોતે બીજું કોઈ પ્રોફેસર છે એવું ભૂલી જાય એવાને તો પેલા ભૂલભૂલામણીના 'પાંજરામાં' જ છૂટ્ટા મૂકી દેવા પડે ને?

ઘડીક તો મારું ભેજું ફ્રાય થઇ ગયું કે અમે શું આવું બધું સાંભળવા માટે ડૉક્ટર થયા છીએ? પછી જો કે મેં મારા સ્વભાવ વિરૂધ્ધ જઇને શાંતિથી એ સંવાદદાતાને સમજાવ્યું કે અમે ડૉક્ટર એટલે અમારે તો રોજ 'ડૉક્ટર્સ ડે' જ કહેવાય. હા, કોઈ શિક્ષિત બેકાર યુવાન માટે એવું કહી શકાય કે, 'એ તો આજે છે ને કાલે નથી.' મતલબ કાલે એને નોકરી મળી જાય તો ઇચ્છવા છતાં એ બેકાર ન રહે. જ્યારે ડૉક્ટરને એકેય પેશન્ટ ન આવે એ દિવસે પણ ડૉક્ટર તો ડૉક્ટર જ રહે. અરે, ખુદ પોતે દર્દી હોય ત્યારે એ ડૉક્ટર તરીકે નાબૂદ ન થાય. કહેવાનો મતલબ 'ડૉક્ટર્સ ડે' ના ઓશિયાળા થવું અમારા માટે ફરજિયાત નથી. 'બકવાસ બારેમાસ'ની જેમ અમે ડૉક્ટર તો ડૉક્ટર વિશે ગમ્મે ત્યારે લખી જ શકીએ. અને આ લખ્યું. લો... વાંચો હવે!!

સમાજમાં ડૉક્ટરનો દરજ્જો 'મોટા' શબ્દ કરતાં પણ મોટો છે. અરે, 'તુલા' રાશિવાળા તો ડૉક્ટરને ભગવાન સાથે ત્રાજવે તોલે છે. તુલા રાશિવાળાની આ સરખામણી સાચીયે છે. એક દર્દનો ડૉક્ટર છે, તો બીજો કર્મનો ડૉક્ટર છે. એ બંને બરાબર તપાસીને જ 'ટ્રીટમેન્ટ' આપે છે. બંને મહારથી શરીર રચનાનાં જાણભેદુ છે. અને એને કેમ 'ઉકેલવું' એ પણ તેઓ જ જાણે છે. ડૉક્ટર અને ભગવાન બંને પર લોકો ભયથી જ ભરોસો અને ભયથી જ પ્રીતિ રાખે છે. ડૉક્ટરને નાજુક દર્દીની અને ભગવાનને નરસિંહ મહેતા જેવા ભાવુક ભક્તોની ઇમર્જન્સી આવી પડે તો તેઓ સામે ચાલીને વિઝીટ પણ મારી આવે છે. આ બંને ઉચ્ચ અધિકારી છે. વિપત્તિ પડે જનગણ એમના ગુણગાન ગાય છે. પરંતુ આ બંને ગુણીજન બધાને દૂરથી જ સારા લાગે છે. એમની નજીક જવા મતલબ ડૉક્ટરના દવાખાને કે ભગવાનના દરબારે જવા કોઈ રાજી નથી હોતું. જો કે અન્ડરવર્લ્ડનો ડોન હોય કે આપણી સગ્ગી બૉન હોય (બહેન હોય)... જીવનમાં એકવાર તો દરેકે એ બંને પાસે જવું જ પડે છે. જય જલારામ!

અમદાવાદની પાડાની પોળમાં એક પહોળા બહેન રહે છે (પોળ કે પહોળાઈ કશું બદલ્યું નથી.) હોંશીલા લોકો જેમ જીવતા જગતિયું કરતા હોય છે એમ આ બહેનને જીવતાનો ખરખરો કરવાની ભારે હોંશ!! કીડીના પગ જેવી અને જેવડી નાજુક ઘટનાને ક્રિટીકલમાં તબદિલ કરી દેવાની એ ગજબની આવડત ધરાવે છે. આશ્વાસન આવકાર્ય છે એવું આપણે કહેવડાવ્યું ન હોય તો પણ, આપણા ઘરમાં કોઈ બીમાર પડ્યું છે એવી ગમ્મે ત્યાંથી ખબર પડતાં જ એ 'પીપડું' એમની પહોળાઈ સાથે આપણી 'ખબર લેવા' આવી જ પહોંચે અને પોતાના સંપૂર્ણ ચહેરાની સંપૂર્ણ રેખાઓ તંગ કરીને ફિક્સ લંચ જેવા એમના ફિક્સ ડાયલોગ બોલવા માંડે.... "હાય હાય ભ'ઈ સા'બ. આ ડૉક્ટર અને દવાખાનું તો ભગવાન દુશ્મનનેય ન દેખાડે. એક તો પૈસાનું પાણી અને ઉપરથી પીડા ભોગવવાની. તમારે તો ભ'ઈસા'બ, જોને અકાળે વગર જોઈતી ઉપાધી આવી ગઈ નંઈ?" એમાં એ ભ'ઈસા'બ તો એવી રીતે બોલે કે આપણને એમ થાય કે સાંભળ્યા જ કરીએ... સાંભળ્યા જ કરીએ...! મને તો પાક્કી શંકા છે કે – ઉપાધિના બે પ્રકાર : જોઈતી અને વગર જોઈતી

– આ પહોળા બેને જ બહાર પાડ્યા છે. અમારા આયુર્વેદમાં કીધું છે કે ચિંતાથી શરીરમાં વાયુ વધે છે. એ હિસાબે આ બહેનનું શરીર લોકોની ઉપાધિની ચિંતા કરી કરીને જ વાયુ થકી ફૂલી ગયું હશે.

આ પોળીબહેનનું (પોળમાં રહેતા)નું સચિત્ર જેવું વર્ણન કરીને હું કહેવા એ માગું છું કે જો પૂર્વમાં રહેલા પોળવાસીઓને ડૉક્ટર અને દવાખાનું ન ગમતા હોય તો પશ્ચિમ વિસ્તારના લોકોને પણ શેના ગમે? અને પૂર્વ-પશ્ચિમિયાને ન ગમે તો ઉત્તર - દક્ષિણીયાને પણ શું કામ ગમે? તો અત્રે મારી લાગણી એવી છે કે ચારેય દિશાનો લોકોને ડૉક્ટર્સ વહાલા લાગે એ માટે સરકારે અને સ્વૈચ્છિક સંસ્થાઓએ કંઈક કરવું જોઈએ! લોકપાલ બીલ જેટલી જ ડૉક્ટર બીલ વિશે વિચારણા જરૂરી છે. શું કહેવું?!

● **છમ્મવડું :**

ડૉક્ટર લોકો ખરેખર કરુણાસાગર છે. લોકોની બીકમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય એટલે જ તેઓ ડૉક્ટરમાંથી 'કટર' કાઢી નાખીને ફક્ત "ડૉ." લખે છે!

*એ-૭૦૪, અંચાર્ય ટાવર, આલ્ફા મૉલની પાછળ,*
*ગુરુકુળ - વસ્ત્રાપુર રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ-૫૪.*
*મો. ૯૪૨૮૩ ૫૧૧૨૦*

## મહત્ત્વપૂર્ણ જાણકારી
## કયો દેશ ક્યારે આઝાદ થયો

| | | |
|---|---|---|
| ★ | ભારત | : ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ |
| ★ | પાકિસ્તાન | : ૧૪ ઓગસ્ટ, ૧૯૪૭ |
| ★ | અમેરિકા | : ૪ જુલાઈ, ૧૭૭૬ |
| ★ | બાંગ્લાદેશ | : ૧૬ ડિસેમ્બર, ૧૯૭૧ |
| ★ | અફઘાનિસ્તાન | : ૨૭ મે, ૧૯૧૯ |
| ★ | ઇંડોનેશિયા | : ૧૭ ઓગસ્ટ, ૧૯૪૫ |
| ★ | ફિનલેન્ડ | : ૬ ડિસેમ્બર, ૧૯૧૭ |
| ★ | સોમાલીયા | : ૧ જુલાઈ, ૧૯૬૦ |
| ★ | કેન્યા | : ૧૨ ડિસેમ્બર, ૧૯૬૩ |
| ★ | ફિલીપાઈન્સ | : ૧૨ જૂન, ૧૮૯૮ |
| ★ | સુદાન | : ૧ જાન્યુઆરી, ૧૯૫૬ |
| ★ | વિયેટનામ | : ૨ સપ્ટેમ્બર, ૧૯૬૯ |
| ★ | મેક્સિકો | : ૧૬ ડિસેમ્બર, ૧૮૧૦ |
| ★ | બર્મા (મ્યાનમાર) | : ૪ જાન્યુઆરી, ૧૯૪૮ |
| ★ | મલેશિયા | : ૩૧ ઓગસ્ટ, ૧૯૬૩ |

## ભાષાશુદ્ધિ અને શબ્દો

ગુજરાતી ભાષામાં વપરાતા, અલગ જોડણી ધરાવતા આવા બંને શબ્દ સાચા છે. આવા સેંકડો શબ્દો છે. અહીં થોડાક નમૂનારૂપે રજૂ કર્યા છે.

★ હરિ = ઈશ્વર
હરી = વશમાં કરવું, હરણ કરવું.

★ સુરત = સંભોગ, સેક્સ (એક શહેરનું નામ)
સૂરત = ચહેરો, દેખાવ

★ પાણી = જળ
પાણિ = હાથ.

★ પુર = નગર
પૂર = નદીમાં પાણીનો ભરાવ

★ ભવન = મકાન, રહેઠાણ
ભુવન = લોક, જગત

★ ચીર = વસ્ત્ર
ચિર = દીર્ઘ

★ દિન = દિવસ
દીન = ગરીબ

★ સુર = દેવ
સૂર = સંગીતનો સૂર

★ વધુ = વધારે, અધિક
વધૂ = વહુ, પુત્રવધૂ

★ શરત = હોડ બકવી, શરત લગાવવી
સરત = ધ્યાન, નજર, સ્મરણ

★ ષષ્ટિ = સાઠ, સાઠ વર્ષે ઉજવાતો ઉત્સવ
ષષ્ઠી = બાળકના જન્મનો છઠ્ઠો દિવસ, છઠ

★ વીરાંગના = બહાદુર સ્ત્રી, લડાયક સ્ત્રી
વારાંગના = ગણિકા, વેશ્યા

★ દિલ = હૃદય, મન
ડિલ = શરીર

★ ટૂંક = ટૂંકું, નાનું
ટૂક = પર્વતનું શિખર, ટોચ

★ સફર = પ્રવાસ
સફળ = કામિયાબ, કૃતાર્થ

*– રોહિત શાહ*

# એક છત્ર નીચે અલગ થયા



ડૉ. સુધીર ચી. મોદી

ફેમિલી ફિઝિશિયન તરીકેની ઘણા બધા વર્ષોની પ્રેક્ટિસ દરમ્યાન જાતજાતના પેશન્ટો, તેમની સાથે આવેલા કુટુંબીજનો, અનેક જાતના માણસો, દંપતીઓ, વડીલો, બાળકો, વૃધ્ધો વગેરે જોવા તપાસવાના મળ્યા છે. આ રીતે સમાજનું સાચું દર્પણ જોવા મળ્યું છે. ઘણા દંપતીઓ સજોડે દવાખાને આવે ત્યારે મનમાં આનંદ થાય કે કેવી સરસ જોડી છે! કોઈ વખત એવું જોવા મળે કે જાણીતી કહેવત યાદ આવી જાય : "કાગડો દહીંથરું લઈ ગયો" અથવા તેની વિરુધ્ધનું પણ હોય.

આજે વાત લખવી છે પ્રશાંતભાઈ અને પ્રજ્ઞાબેનની. પ્રશાંતભાઈ અને પ્રજ્ઞાબેન પતિ-પત્ની એક જ ઘરમાં રહે. તેમાં શું નવું છે. પતિ-પત્ની તો એક જ ઘરમાં રહે તે સ્વાભાવિક છે. પરંતુ એક જ ઘરમાં રહેવું એનો અર્થ એવો નથી કે પતિ-પત્નીના સંબંધથી જ રહેવું. ભલે વર્ષો પહેલાં પરણ્યા અને સંસાર માંડ્યો, પરંતુ છેલ્લા બે વર્ષથી સમાજને પતિ-પત્ની તરીકે રહેતા હોય તેમ લાગે, પણ માનસિક અને બીજી બધી રીતે બંને અલગ એક જ ઘરમાં રહેતા હોય.

પ્રશાંતભાઈ એમના રૂમમાં હોય, તેમનો જ બાથરૂમ વાપરે. સવારે ચા જાતે બનાવીને પી લે. તૈયાર થઇને સ્કુટર લઇને સર્વિસ ઉપર જાય. પ્રશાંતભાઈ કોઈ કંપનીમાં સામાન્ય પોસ્ટ પર હતા. બપોરે રીસેસમાં ટીફિન મંગાવીને જમી લેવાનું. સાંજે ઓફિસેથી ઘેર પાછા આવતાં ઈસ્ત્રી કરવા આપેલા કપડાં લેતા આવવાના તથા બીજા પરચુરણ કામ અને ખરીદી કરતા આવવાનું. કોઈ વખત મિત્રો સાથે સાંજે બહાર જઇને જમી આવવાનું અથવા રોજ સાંજે આવતું ટિફીન જમી લેવાનું. સાંજે ઘરમાં પોતાના રૂમનો ટી.વી. ચાલુ કરી સમાચારો, સીરીયલો જોવાના.

પ્રજ્ઞાબેનનું પણ તેવું જ. તેમની મોર્નિંગ સ્કૂલ. એટલે વહેલા ઊઠી પોતાની ચા જાતે બનાવીને પી લેવાની. પોતાના રૂમનો બાથરૂમ વાપરવાનો અને ૭ વાગે તૈયાર થઇને સ્કૂલે જવા નીકળી જવાનું. તેઓ એક હાઈસ્કૂલના પ્રિન્સિપાલ. એટલે સમયસર સવારે પોતાનું સ્કુટર લઇને નીકળી જાય. બપોરે ઘેર આવ્યા બાદ જમી કરીને આરામથી પુસ્તકો વાંચે અથવા પોતાના રૂમનો ટી.વી. ચાલુ કરી દે. દરેકનો પગાર બેંકમાં પોતાના અલગ ખાતામાં જમા થાય. મકાનનો ટેક્ષ, મેઈન્ટેનન્સ એક વર્ષ પ્રશાંતભાઈ ભરે, બીજા વર્ષે પ્રજ્ઞાબેન ભરે. આવું બધું ગોઠવાઈ ગયેલું.

પરંતુ આવી રીતે રહેવાનું કારણ શું?

એક દિવસ પ્રજ્ઞાબેનનું ઘણા દિવસોથી ધૂંધવાતું મગજ બપોરે સ્કૂલેથી આવતાં ફાટ ફાટ થઇ રહ્યું. તેમણે રસ્તામાં જ નિર્ણય કરી લીધો કે આજે આ પાર કે પેલે પાર. હવે ના ચલાવી લેવાય. હું પણ કમાઉં છું. હું પણ સારું ભણેલી છું. મારે પણ સ્વમાન છે. મારું પણ સમાજમાં સ્થાન છે. સ્ત્રી છું એટલે શું પતિના દબાયેલા જ રહેવાનું! પતિની ખોટી વાતો ચલાવી લેવાની! મગજમાં આવા ઝડપી વિચારો સાથે સ્કુટર પણ ખૂબ ઝડપે ચાલી રહ્યું હતું.

શનિવાર હોવાથી પ્રશાંતભાઈને રજા હતી. પ્રજ્ઞાબેને ઘેર આવીને જોયું તો પ્રશાંતભાઈ આરામ ખુરશી પર બેસી કોઈ મેગેઝીન વાંચી રહ્યા હતા. પ્રજ્ઞાબેન તરફ નજર કરી અને પાછા વાંચવા લાગ્યા. પ્રજ્ઞાબેને તેમની પાસેથી મેગેઝીન ઝુંટવીને લઈ લીધું.

પ્રશાંતભાઈ બોલ્યા : શું છે?

પ્રજ્ઞાબેન બોલ્યા : હવે તો ફેંસલો થઇ જવો જોઈએ. આવું ક્યાં સુધી ચલાવી લેવાનું?

પ્રશાંતભાઈ : પણ વાત શું છે?

એમ કીકલા ના થાવ, જાણે કશું સમજતા નથી.

પાણી પી અને જરા શાંતિથી બેસીને વાત તો કર!

બહુ થયું હવે. આજથી આપણે બંને અલગ!

પ્રશાંતભાઈ બોલ્યા : શું છુટાછેડા લેવા છે?

પ્રજ્ઞાબેન બોલ્યા : ના, છુટાછેડા વગર પણ અલગ રહી શકાય. આટલું મોટું મકાન છે તો આમાં જ અલગ રહી શકાય.

'પણ શા માટે?'

'મારે પણ સ્વમાન છે. હું પણ સ્વતંત્ર રહી શકું છું.'

'લગ્નના આટલા ૩૦ વર્ષ પછી કેમ આવું બધું મગજમાં આવ્યું છે?'

'આવે જ ને. ક્યાં સુધી સહન કર્યે જવાનું.'

'જરા વિગતે વાત તો સમજાવ.'

પ્રજ્ઞાબેને ઉભરો કાઢવા માંડ્યો. : 'છેલ્લા થોડા સમયથી જોઉં છું કે તમે મારા તરફ શંકાની નજરે જોયા કરો છો. સ્કૂલના પ્રિન્સિપાલ તરીકે સમાજમાં મારો મોભો - માન વધારે છે. તેના કારણે મારે વારંવાર બહારના ફંકશનોમાં જવું પડે છે અથવા કોઈને મળવા જવું પડે છે, તે તમારાથી સહન થતું નથી, બરોબરને?'

પ્રશાંતભાઈ બોલ્યા : એવું નથી. પરંતુ લોકો કેવી કેવી વાતો કરે છે?

'લોકો તો વાતો કરે. પરંતુ તમારે તો વિચારવું અને સમજવું જોઈએને! પત્ની થોડી આગળ હોય, એટલે તેના તરફ શંકા ન રખાય.'

'જો આવી આડી વાત ના કર. આપણે કેવા આનંદથી સંસાર શરૂ કર્યો હતો. દીકરા અને દીકરીને સારું ભણાવીને પરણાવ્યા અને તેઓ પરદેશમાં સુખી છે. તેનો આપણને આનંદ છે. તેને બદલે હવે સાંજે તારે કામ કામ અને ફંકશનોમાં જવાનું હોય છે.'

'ત્રીસ વર્ષ તો કાઢ્યા. હવે તો મારી રીતે જિંદગી જીવવી જોઈએ ને! બસ, તમારી મરજી મુજબ જ જીવવાનું?'

'તેની ક્યાં ના છે. થોડું ઘરમાં વધારે ધ્યાન આપને!'

'મારે એકલાએ જ ધ્યાન આપવાનું! તમારી કોઈ ફરજ નથી? તમારે તો મેગેઝીનો વાંચવાના અને ટી.વી. જોયા કરવાનું, બરોબરને?'

'હવે કેમ આવી બધી વાતો કરે છે?'

'આ બધી વાતો લાગે છે? આટલા વર્ષો તો કર્યું, તે જિંદગીભર કર્યા જ કરવાનું?'

'આ ચર્ચાનો અંત નહીં આવે.'

'બોલ્યા, આ ચર્ચાનો અંત નહીં આવે. કાંઈક નીવેડો તો લાવવો જ પડે!'

'બોલો, શો નિવેડો લાવવો છે?'

'આપણે હવે અલગ જ થઈએ. છુટાછેડા વગર પણ એક જ ઘરમાં અલગ રહી શકાય.'

'કેવી રીતે?'

'શું કેવી રીતે? હું મારું સંભાળીશ, તમે તમારું સંભાળો...'

'અને ઘરનો ખર્ચ?'

'વહેંચી લેવાનો.'

'બીજું કાંઈ?'

'તમે તમારી રીતે જીવો, હું મારી રીતે જીવું.'

'સારું. કાલે જ ૧લી તારીખ છે. તે પ્રમાણે શરૂ કરીશું.'

અને બંને એક જ છત્ર નીચે અલગ અલગ રહેવા લાગ્યા.

સુખી સંસારમાં આવું કેમ બન્યું?

પ્રજ્ઞાબેન પ્રિન્સિપાલ થતાં સમાજમાં માન, મોભો, દરજ્જો વધ્યા. તેમજ પ્રશાંતભાઈ રોજ લોકોની નવી નવી વાતો સાંભળવા લાગ્યા. સમાજ તો સારી ખોટી વાતો કરવાનો જ. પતિ ગમે તેટલો સુશીલ, શાણો, સંસ્કારી અને ઠરેલ હોય, પરંતુ રોજ રોજ વાતો સાંભળી કોઈ દિવસ તો શંકાનો કીડો ઉદ્ભવે જ! અને પછી તો બધું વાંકુ જ દેખાવા લાગે. અને આમ છેવટે અલગ થયા.

*૩, સમૃધ્ધ કેપિટલ, આર્યવૃંદ ફ્લેટ પાસે,*
*પાણીની ટાંકીવાળો રોડ, સાયન્સ સિટી રોડ,*
*સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦. મો. ૯૮૯૮૬ ૧૨૬૮૫*

## માતૃવંદના

**(અનુસંધાન : પાના નં. – ૫૮ ઉપરથી ચાલુ)**

છે. મુંબઈ યુનિવર્સિટીની સામે, ભરચક ફોર્ટ વિસ્તારમાં માતૃવંદનાના શિલ્પ સમું રાજાબાઈ ટાવર. એ માતૃભક્ત દીકરો એટલે રાજાબાઈ માનો દીકરો અને શેર બજારનો રાજા, કે જેને ત્યાં ખુદ જમશેદજી ટાટાએ પણ નોકરી કરી હતી. એ બીજું કોઈ નહીં પણ પ્રેમાળ દીકરો અને બાહોશ વેપારી શ્રી પ્રેમચંદ રાયચંદ શેઠ.

બા ની મોતિયાવાળી આંખેથી હર્ષના મોતી ટપક્યા. દીકરાને લાખ લાખ આશિર્વાદ આપ્યા. આને કહેવાય માતૃપ્રેમ અને માતૃવંદના. મા માટે ટાવર બંધાવવાની ત્રેવડ ભલે દરેક દીકરા પાસે ન હોય, પણ મા ની સામે પાવર ન બતાવવાની સમજણ તો દરેક દીકરા દીકરીને હોવી જ જોઈએ.

ખીંટીએ ટીંગાતા ફોટા પર ફૂલોનો હાર ચડાવવાને બદલે એને જીવતેજીવત ખુશ રાખીએ એ જ સાચી માતૃભક્તિ. દરેક વ્યક્તિ શાહજહાં નથી હોતી કે પોતાની મુમતાઝ માટે તાજમહેલ બનાવી શકે. પણ પ્રેમનો શાહ બનીને આખા જહાંની ખુશી તો જીવતેજીવત આપી જ શકે.

દરેક વ્યક્તિ મા માટે પ્રેમચંદ શેઠ બનીને રાજાબાઈ ટાવર ન બનાવી શકે તો કંઈ નહીં પણ માની સામે પાવર ન બતાવીને, પ્રેમ વરસાવીને મા નું જીવન ખુશીઓથી ભરી દે તોય માની મમતા જીવનની તકલીફો પર રાજ કરી શકે. ચંદ ક્ષણોની જિંદગીને પ્રેમસભર એવી વિતાવીએ કે મા પ્રત્યેનો પ્રેમ ટાવરથી ય ઊંચા આસમાનને અડે.

*નવલ પ્રકાશ ટેલિગ્રામ*

*પ્રેરક : લીંબડી અજરામર સંપ્રદાયના આચાર્ય ભગવંત ડૉ. પ્રકાશચંદ્રજી સ્વામી*

## લોકકથા :

# કચ્છી ધરાની ખાનદાનીનું ખમીર

રાઘવજી માધડ

માફાળું ગાડું જોઈ, ઊંડા રસ્તાના બેઉ કાંઠે ડીંડલિયા થોરના જેમ મિયાણા ગોઠવાઈ ગયા હતા. આંકડેને મધ માખીયું વગરનું તે લૂંટી લેવાનું હતું. ગાડું ઊભું રહ્યું એટલે અંદરથી બાઈ માણસનો અવાજ આવ્યો : 'ભાઈ, ગાડું કાં ઊભું રાખ્યું?' પણ જવાબ કોણ આપે? ગાડાખેડુને મિયાણાએ મોભરાણ ઉછાળ્યો હતો તે પાછું વળીને જોવાય ઊભો રહ્યો નો'તો. મિયાણાએ કહ્યું : 'ગાલાવેલી થ્યા વગર ઘરેણાં ઉતારી દે, ઘેર્ય તારી ભાભીને પે'રવા જોશે ને!' આવું સાંભળતા ગાડાના બળદિયા અને સૂમસામ મારગ સ્તબ્ધ થઈ ગયો. ગાડામાં બેઠેલી સ્ત્રી પળમાં સ્થિતિ પામી ગઈ. લૂંટારા છોડશે નહીં ને વખ ઘોળવાનો વારો આવશે. પણ લૂંટારાનું વેણ પકડીને સામે કહ્યું : 'ભાભીને પે'રવા, ભાઈ બેનના ઘરેણાં લૂંટશે?' સ્ત્રીનું આવું બોલવું સાંભળી નિર્જન વગડો પણ એક કાને ને ધ્યાને થઇ ગયો. તે આગળ બોલી : 'પધ્ધર ગામના વાઘજી ઠક્કરની તો શરમ ભરો!'

'વાઘજી ઠક્કર તો અમારો વેરવી. સામો મળે તો જીવતો ના છોડીએ.' પછી કહે : 'બેન, તને શું થાય એ ઠક્કર?' ગાડામાં બેઠેલી સ્ત્રી વળી ચકરાવે ચઢી. પરગણામાં પૂછાતા પોતાના બાપુનું નામ દીધા પછી લૂંટારા છોડી દેશે. ભલા હશે તો ઘર લગી મૂકી જશે. પણ ધરમ કરતા ધાડ પડ્યા જેવું થયું. આ તો બાપુના વેરવી નીકળ્યા.

એક દિ' વાઘજી ઠક્કરના નામની ફેં ફાટતી. એનું નામ પડતા જ ભલભલા રસ્તો ચાતરી જાતા અને પછી આણી કોર ડોકાતા નહીં. એને ઉડતી ખબર પડે કે ફલાણાએ ફલાણા ગામમાં ધાડ પાડી, લૂંટ કરી છે તો આ ઠક્કર વારે ચડતો અને લૂંટનો માલ પાછો અપાવતો. એની હિંમત, તલવાર ચલાવવાની કુશળતા અને એના સાથીદારોની વફાદારી જોઈ લોક મોંમાં આંગળા નાખી જતા, ને કહેતા : 'વાહ, ઠક્કર વાહ...!'

ઠક્કરની આવી ખુમારી, રખેવાળી ને લોક માટેની ખેવનાના લીધે અવળા મારગે ચાલનારાના ધંધા ભાંગી પડ્યા હતા. તે સૌ ઠક્કરના જીવલેણ દુશ્મનો થઈ ગયા હતા. વખત આવે એનું ઢીમ ઢાળી દેવું, ઘડો લાડવો કરી નાખવાના કાંઇક પેંતરા કરવા લાગ્યા હતા. પણ ઠક્કર હવે ચેતી ગયા હતા. વળી અવસ્થા આંબી ગઈ હતી. આવરદાના અશ્વો તનની ડેલીએ હણહણવા લાગ્યા હતા. શરીરનો અને સાથીઓનો સાથ છૂટવા લાગ્યો હતો. કોઈ સાથીઓ ખપી ગયા હતા, તો કોઈને તન-મનની નબળાઈનો લૂણો લાગી ગયો હતો.

કલકત્તાથી દીકરીનો કાગળ આવ્યો હતો. તેમાં લખ્યું હતું : 'બાપુ, હું કુકમા સ્ટેશને ઉતરીશ. ત્યાંથી મને લઇ જાશો.' ટપાલ વાંચી ટટ્ટાર થઈ ગયા હતા. દીકરી પ્રત્યેનું હેત સાગરની જેમ ઉછાળા મારવા લાગ્યું હતું. 'દીકરી લાંબી વાટ કાપીને આવે છે, લેવા જાવું પડે...' સાબદા થિ ગયા હતા. પણ સામે વેરીઓ નજરે ચઢ્યા હતા. જીવતો છોડે એમ નથી. દીકરીની નજર સામે જ ખાંડાને કાંડાનો જીવલેણ ખેલ ખેલાય અને બાપને પોતાની હાજરીમાં મરતો જોવે તો મનખો બગડ્યો કે'વાય. દીકરી માટે તો બાપ પહાડ જેવો ગણાય. ઠક્કરે દીકરીને લેવા જવાનું માંડી વાળેલું. એને ખબર હતી કે કુકમા સ્ટેશને ગાડી વધારે પડી રહે છે. સ્ટેશન પર કોઈને નહીં જુએ તો એ જ ગાડીમાં ભુજ હાલી જાશે. અને એમ જ બન્યું હતું.

પણ દીકરીને એક વાતે ભરોસો હતો તે કહ્યું : 'ભાઈ થઈને બેનને લૂંટશે?' આવું સાંભળતા વળી વગડો એકવાર વિમાસણમાં મૂકાઈ ગયો. મિયાણા તો મૂંઝાણા. ત્યાં એક બોલ્યો : 'આપણે તો લૂંટીને ગદરી ખાનારા. એમાં સગપણનું શિરામણ ન હોય!' વાત કાંઈ નાખી દીધા જેવી નહોતી. હરમત કરીને પાછા લૂંટવા સાબદા થયા.

'અમે તારી સામે નજરેય નહીં નાખીએ... પણ અંગ પર હોય ઇ ઘરેણાં ઉતારી દે.'

મોવડી જેવો મિયાણો કહે : 'બાઈમા'ણા એકલી છે તે ઘરેણાં આપી દેશે પણ મલક શું કે'શે?' પછી કહે : 'થુંકશે. બાપને પહોંચી ન શક્યા તે વેર દીકરી સાથે લીધું.' વળી કચ્છના વેરાન વગડાએ કાનસૂરી માંડી.

'તો જાવા દ્યો, નથી લૂંટવી.' મોવડીની વાત સમજીને વધાવી લીધી. ત્યાં મોવડી કહે : 'વાટમાં બીજા કોઈ લૂંટી લે તોય આપણા માથે આવે. મલકતા મોંએ ડૂચા દેવા ક્યાં જાવું?'

બીજા સાથીઓ અકળાયા. મનોમન કહે : 'આવા કાળા કામ તો એક ઘા ને બે કટકાની જેમ થાય. આમાં લાંબી પીંજણ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૬ ઉપર)

# બોધકથા : લોભ અને અજ્ઞાનતાનું પરિણામ



વિનોદભાઈ માછી નિરંકારી

એક કુંભારને માટી ખોદતાં અચાનક એક હીરો મળે છે. કુંભાર હીરાને ગધેડાના ગળામાં બાંધે છે. એક દિવસ એક વાણિયાની નજર ગધેડાના ગળામાં બાંધેલા હીરા ઉપર પડે છે. વાણિયો કુંભારને આ હીરાનું મૂલ્ય પૂછે છે. ત્યારે તેનું મૂલ્ય સવા શેર ગોળ બતાવે છે. વાણિયાએ સવા શેર ગોળ આપીને આ હીરો ખરીદી લે છે. વાણિયાને પણ આ હીરાનું મૂલ્ય ખબર ના હોવાથી ચમકીલો પદાર્થ સમજીને પોતાના ત્રાજવાની કાંડીએ બાંધી દે છે.

એક દિવસ એક ઝવેરીની નજર વાણિયાના ત્રાજવે બાંધેલા હીરા ઉપર પડે છે. ત્યારે વાણિયાને આ હીરાની કિંમત પૂછે છે. તો વાણિયો હીરાની કિંમત પાંચ રૂપિયા બતાવે છે. ઝવેરી કંજુસ અને લાલચી હતો. તેથી હીરાની કિંમત પાંચ રૂપિયા જાણીને સમજી ગયો કે આ વાણિયો, આ કિંમતી હીરાને એક સામાન્ય પથ્થરનો ટુકડો સમજે છે. ઝવેરી હીરાનો ભાવતાલ કરે છે અને ચાર રૂપિયામાં આપવા કહે છે. ત્યારે વાણિયો ચાર રૂપિયામાં હીરો આપવા તૈયાર થતો નથી. ઝવેરીએ વિચાર્યું કે ઉતાવળ શું છે? કાલે આવીને હીરો ખરીદી લઈશ અને વાણિયો ચાર રૂપિયામાં આપવા તૈયાર નહીં થાય તો પાંચ રૂપિયા આપીને ખરીદી લઈશ.

સંજોગોવશાત બે કલાક પછી બીજો એક ઝવેરી સામાન ખરીદવા વાણિયાની દુકાને આવે છે. ત્રાજવા ઉપર બાંધેલ હીરાને જોઈને તેને નવાઈ લાગે છે. સામાન ખરીદવાને બદલે તે હીરાની કિંમત પૂછે છે. વાણિયાના મોઢે હીરાની કિંમત પાંચ રૂપિયા કહેતાં ઝટ દઈને ખિસ્સામાંથી પાંચ રૂપિયા કાઢી વાણિયાને આપી, હીરો લઈને ચાલતો થાય છે. બીજા દિવસે પહેલો આવેલ ઝવેરી આવીને પાંચ રૂપિયા આપીને કહે છે કે, તમારા ત્રાજવે બાંધેલ ચમકીલો પદાર્થ મને આપી દો. વાણિયો કહે છે કે ગઈકાલે તમારા ગયા બાદ બીજો એક ઝવેરી આવીને પાંચ રૂપિયા આપીને લઈ ગયો છે. આ સાંભળીને ઝવેરીને પોતે ઠગાઈ ગયાનો અહેસાસ થાય છે અને વાણિયાને કહે છે કે, હે મૂરખ! આ કોઈ સાધારણ પથ્થર નહોતો પણ એક લાખની કિંમતનો હીરો હતો.

વાણિયો કહે છે કે મારાથી મોટા મૂરખ તો તમે છો! મારી દૃષ્ટિએ તો તે એક સાધારણ પથ્થર હતો જેની સવા શેર ગોળ આપીને મેં ખરીદ્યો હતો. પરંતુ તમોને તો ખબર હતી કે આની કિંમત એક લાખ રૂપિયા છે. છતાં પાંચ રૂપીયા કિંમત તમને વધારે લાગી અને ખરીદી ના શક્યા.

★

આપણી સાથે પણ ઘણીવાર આવું થાય છે. આપણને હીરા જેવા શુભચિંતક મળે છે પરંતુ અજ્ઞાનતાવશ આપણે તેમને ઓળખી શકતા નથી અને આપણે તેઓની ઉપેક્ષા કરીએ છીએ અને કદાચ ઓળખી શકીએ તો અહંકારના કારણે સ્વીકાર કરી શકતા નથી અને છેલ્લે પશ્ચાત્તાપ સિવાય કશું મળતું નથી.

લોભથી બુદ્ધિ ચલાયમાન થાય છે. લોભ પાપનો બાપ છે. જેમણે ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય અને જેઓ એકબીજાની તમામ શંકાઓનું નિવારણ કરી શકે છે તેવા પુરુષો પણ લોભમાં પડીને દુઃખ ભોગવે છે. લોભથી જ ક્રોધ થાય છે. લોભથી જ વિષયભોગની ઇચ્છા થાય છે. લોભથી જ મતિ ભ્રષ્ટ થઈ જાય છે. આમ, લોભથી જ સર્વનાશ થાય છે. ભક્તિમાર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે. લોભ એટલે પોતાની પાસે જે છે તે નહીં ગુમાવવાની ઇચ્છા.

લોભ એટલે લાલસા, લોલુપતા, તૃષ્ણા, વધારે પડતી કરકસર, કંજુસાઈ અને કૃપણતા. આપણે પણ જીવનમાં કોઈપણ પ્રકારના લોભ-લાલચમાં ફસાયા વિના જીવન જીવવાનું છે. લોભ-મોહ-આસક્તિ અને માન મેળવવાની ઇચ્છા એ સ્થાયી દોષ છે. તે નિરંતર મનમાં રહેલા હોય છે. વિવેક-વૈરાગ્ય અને સત્સંગ દ્વારા તેને દૂર કરી શકાય છે. લોભનો ત્યાગ એ ભક્તિમાર્ગની પગદંડી છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર... આ મનમાં નિત્ય રહેવાવાળા શત્રુઓ છે. આને જે વશમાં કરી લે છે તે જીતેન્દ્રિય પુરુષ પાપમાં લિપ્ત થતો નથી. મમતા એ પાપની માતા છે અને લોભ એ પાપનો પિતા છે. લોભ એ અનંતકાળનો વ્યાધિ છે. લોભથી બુદ્ધિ ચલાયમાન થાય છે. જેને મમત્વનો ત્યાગ કર્યો છે તથા લોભ અને મોહને છોડી દીધા છે તે કામ-ક્રોધથી રહિત માનવ પરમપદને પ્રાપ્ત કરે છે.

પદ, પ્રતિષ્ઠા અને પૈસાનો લોભ પણ માણસને તેના ધ્યેયમાંથી પદભ્રષ્ટ કરે છે. ભક્તિમાર્ગમાં પદ મળે, પ્રતિષ્ઠા મળે એટલે સાધકો, સદ્‌ગુરૂના પ્રતિનિધિઓ પોતાની જાતને મહાન

સમજી પ્રદર્શન કરવા લાગે છે અને તેમનું પતન થાય છે. મનુષ્યને પોતાના જીવનનો પણ લોભ હોય છે, મૃત્યુનો ભય લાગે છે. તેથી સહજતાથી મૃત્યુને સ્વીકારી શકતો નથી. તેથી જર્જરીત દેહરૂપી વસ્ત્રને થીગડા મારી ટકાવી રાખવા પ્રયત્ન કરે છે.

લોભનો વિરોધી શબ્દ છે સંતોષ. મનુષ્ય પોતાના જીવનમાં મોહ-માયા અને લોભ-લાલચમાં એટલો ડૂબી જાય છે કે તેને પરમતત્ત્વની પ્રાપ્તિ થતી નથી. જ્યારે કોઈ શ્રોત્રીય બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ પરમાત્માનું જ્ઞાન પ્રદાન કરે છે ત્યારે સંતોષ આવે છે. સંસારમાં લોભથી તુચ્છ વિનાશકારી તત્ત્વ બીજું કોઈ નથી. તમામ અનર્થોનું મૂળ લોભ છે. લોભથી મનુષ્યની બુદ્ધિ અને વિવેક નાશ પામે છે. તેથી તે પાપકર્મમાં પ્રવૃત્ત થાય છે. ગીતામાં કામ, ક્રોધ અને લોભને નરકના દ્વાર કહ્યા છે. લોભના મોહમાં માનવને સારા નરસાનું ભાન રહેતું નથી. તેથી તે ન કરવાના કાર્યો કરી બેસે છે. લોભ સમાન કોઈ દુઃખ નથી અને ત્યાગ સમાન કોઈ સુખ નથી. પ્રારબ્ધ અનુસાર જે કંઈ મળ્યું છે તેમાં સંતોષ માની જીવન જીવવું, પણ લોભ ન રાખવો.

લોભ જેમ જેમ વધે તેમ તેમ ભોગ વધે. બોગ વધે તેમ તેમ પાપ વધે છે. જ્યારથી લોકો એમ માનવા લાગ્યા કે કેવળ પૈસાથી જ સુખ મળે છે ત્યારથી જગતમાં પાપ બહુ વધી ગયું છે. પૈસાથી થોડી સગવડતા મળે છે પણ શાંતિ મળતી નથી. શાંતિ સંતોષથી મળે છે. આ પૃથ્વીની બધી જ સંપત્તિ અને ભોગસામગ્રી કોઈ એક જ વ્યક્તિને આપવામાં આવે તો પણ તેને શાંતિ મળશે નહીં. લોભ સંતોષથી મરે છે. પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ હશે તો લોભ મરશે.

*મો. ૯૭૨૬૧ ૬૬૦૭૫*

## લોકકથા : કચ્છી ધરાની ખાનદાનીનું ખમીર

**(અનુસંધાન : પાના નં. – ૬૪ ઉપરથી ચાલુ)**

કરવાની નો હોય!' ત્યાં કહે : 'પધ્ધર ગામમાં તેના ઘર લગી વળાવવા જાવી પડે.'

ભલે કહેતા સાબદા થઈ રસ્તે પડ્યા. દિ' રાશવા ચડ્યે, ગાડું વાઘજી ઠક્કરની ડેલી આગળ આવીને ઊભું રહ્યું. પોગીને સાદ દીધો : 'એલા ઠક્કર હવે તો બારો નીકળ. આ તારી દીકરીને મૂકવા આવ્યા છીએ.'

ઠક્કરે જોયું તો જીવલેણ દુશ્મનો આંગણે આવીને ઊભા હતા. એટલું જ નહોતું પણ પોતાની લાખેણી લાજ રાખી હતી, આબરૂ સાચવી હતી. મોતની પરવા કર્યા વગર ખાનદાનીના મારગે સામેથી આવ્યા હતા.

'તો પછી લ્યો વેર!' ઠક્કર બે ડગલા આગળ આવીને કહે : 'ઘર આંગણે માર્યાનું કે'ણ નો રાખવું હોય તો તમે કો' ત્યાં આવું!' ગાડામાંથી ઉતરી દીકરી સાંભળતી હતી તે વચ્ચે આવીને ઊભી રહી.

'વાઘજી ભા, તલવાર ઉપાડવાની ત્રેવડ નો હોય એવા દુશ્મન માથે ઘા કેમ કરવો?' પછી પારોઠ ફરતા કહે : 'લ્યો ત્યારે જીવ્યા મર્યાના જુહાર...!' ત્યાં દીકરી આડે આવીને ઊભી રહી : 'એમ શિરાવ્યા વગર નો જવાય.'

બાપનો દુશ્મન પણ ઘર આંગણેથી ભૂખ્યો ન જાય એવી પરંપરાની સાક્ષી પૂરતી વાઘજી ઠક્કરની ડેલી, ફળિયું ને આખું ઘર જાણે કાંડાવઢ તાણ કરવા લાગ્યું. ત્યાં : 'મારા ગળાના સમ છે...' કહીને ઠક્કર તો અદકા ભાવથી ભેટી પડ્યા! ■

## ડરની બીમારી ● ભાગ-૫ : સારવાર-૨

**(અનુસંધાન : પાના નં. – ૫૬ ઉપરથી ચાલુ)**

જોઈએ. જેથી દર્દી હકારાત્મક અર્થઘટન કરે તથા એને માનસિક હૂંફ મળે.

ઉપરોક્ત એક અથવા એકથી વધારે પદ્ધતિની સારવારના પરિણામો સંતોષકારક મળે છે તથા ડરની બીમારી પર કાબૂ મેળવાય છે.

- **સારાંશ :**

૧. સામાન્ય ડર અને ડરની બીમારી ભિન્ન ભિન્ન છે.
૨. ડરની બીમારીનું નિદાન કરવા માટે આંતરરાષ્ટ્રીય પદ્ધતિ છે તથા મુદ્દાઓ (Criteria) છે.
૩. સારવારથી સંતોષકારક પરિણામ મળે છે.
૪. સારવાર બાદ દર્દી નોર્મલ જીવન જીવી શકે છે.

## એતબાર

**જેના દિલમાં લાગણી ને પ્યાર હોય છે,**
**એની આંખમાં સપના હજાર હોય છે!**
**જે કહે છે અમે કોઈની રાહ જોતા નથી,**
**એ જ મારો કરતા ઈંતજાર હોય છે!**
**એટલે એની કસ્તી ડૂબતી નથી દોસ્તો,**
**ઈશ્વર ઉપર એને એતબાર હોય છે!**
**હું કાયમ મળતો હોઉં છું ઘરમાં એને,**
**એ મને શોધતા ઘરની બહાર હોય છે!**
**એટલે કલમ થઈ જાય છે એ કલમથી,**
**શબ્દનો પ્રહાર એટલો ધારદાર હોય છે!**
**એટલે શ્રોતા બોલતા હોય છે દુબારા-દુબારા,**
**ગઝલના શે'ર એટલા ચોટદાર હોય છે!**
**અમથી દાદ મળતી નથી શાયરને 'પ્રેમ'થી,**
**એની રજૂઆત એટલી દમદાર હોય છે!**

*મુરજી ચાવડા 'પ્રેમ' - ગાંધીધામ, કચ્છ*

**બોધકથા :**

# મહાવીરનો કર્મવાદ

આપણી સાવ નજીકની વ્યક્તિઓજ આપણને વધુ દુઃખ આપતી હોય છે. તેનું કારણ શું? અને તેવે વખતે શું કરવું?

જેની સાથે સૌથી વધુ પ્રેમ સંબંધને સૌથી વધુ દ્વેષ સંબંધ ભોગવવાના બાકી હોય તે જ વ્યક્તિઓ આપણી સૌથી નજદીક આવે છે. બાકી તો દુનિયામાં કરોડો લોકો છે.

લેણદેણના સંબંધ વગર કોઈ આપણી સાથે જોડાતું નથી. કોણ આપણા મા-બાપ બનશે? કોણ જીવનસાથી? કોણ ભાઈ-બહેન? કોણ પુત્ર-પુત્રવધૂ? કોણ દીકરી-જમાઈ? કોણ પાડોશી? કોણ સગાવહાલા? – આ બધું જ આપણે આ સૃષ્ટિમાં જન્મ લેતા પહેલા 'પૂર્વ જીવનના કર્મ' પ્રમાણે નક્કી થઈ જાય છે. જ્યારે કોઈ આપણી જ નજદીકની વ્યક્તિઓ આપણને દુઃખ આપતી હોય ત્યારે વિચારવું કે આ મારા સગા બન્યા છે તે પણ મારા જ કોઈ પૂર્વજન્મનાં લેણદેણને કારણે, તે આજે મારી સાથે વેર રાખી રહ્યા છે. તેનું કારણ મારા જીવે પૂર્વજન્મમાં ક્યારેક એ જીવ સાથે વેર બાંધ્યું હશે.

ભલે આજે હું મારી જાતને નિર્દોષ માનતો હોઉં પણ હું ક્યાં જાણું છું કે પૂર્વજન્મમાં મેં આનાથી અનેકગણું દુઃખ એ જીવને આપ્યું હશે. આજે જ્યારે એ જીવ મારી સાથે હિસાબ પૂરો કરવા આવ્યો છે કે મારા જ કૃત્યની મને ભેટ પરત કરવા આવ્યો છે ત્યારે હું સમતાભાવે સહર્ષ સ્વીકાર કરું તો જ આ વેરની ગાંઠ ભેદાશે. નહિં તો જન્મોજન્મ ચાલી આવશે.

ના... ના... મહાવીરનો 'કર્મવાદ' સમજ્યા પછી મારે એનો ગુણાકાર નથી કરવો. મને આ દુઃખ સમતાભાવે વેઠવાની હે... પ્રભુ, શક્તિ આપ... શક્તિ આપ...

ક્યારેક કોઈ વ્યક્તિ સાથે થોડો વખત સારા સંબંધ રહે છે. પછી એ જ વ્યક્તિ દુશ્મન જેવી બની જાય છે ત્યારે સમજવું કે એની સાથે રાગના સંબંધ હતા તે પૂરા થયા. હવે વેરના સંબંધ ચાલુ થયા લાગે છે.

આવે વખતે બે વસ્તુ ધ્યાનમાં રાખવી : રાગ અને પ્રેમના સંબંધોનો ઉદય થાય ત્યારે ખૂબ ખુશ ન થવું. અહંકાર ન કરવો. રાગને ટકાવી રાખવા કાવાદાવા ન કરવા, નહિં તો રાગના કર્મોનો ગુણાકાર થઈ જશે.

જ્યારે દ્વેષના કર્મનો ઉદય થાય અને દુશ્મનાવટ થાય ત્યારે અત્યંત દુઃખી દુઃખી ન થઈ જવું, રોક્કળ ના કરવી.

બંને સંબંધો સમતાભાવે વેઠવા. વિચારવું કે રાગ પણ કાયમ રહેવાનો નથી, દ્વેષ પણ કાયમ રહેવાનો નથી. કાચના વાસણ જેવા માનવીના મનનો શું ભરોસો? દ્વેષના સંબંધ ઉદયમાં હોય ત્યારે વચ્ચે કોઈ ત્રીજી વ્યક્તિએ જ આમ કરાવ્યું એમ વિચારી કોઈના પણ પ્રત્યે દ્વેષના સંસ્કાર નાંખશો નહીં.

ત્રીજી વ્યક્તિને તો હંમેશાં નિમિત્ત તરીકે જ જોજો. નિમિત્તને દોષ દેવાનો કોઈ મતલબ નથી.

મારા નસીબમાં આમ બનવાનું જ હતું. માટે જ આ વ્યક્તિ આમાં નિમિત્ત બની છે એમ વિચારીને જે બન્યું છે તે બધું જ હસતે મોઢે સ્વીકાર કરવું.

આવી વખતે મહાપુરુષોના જીવનને યાદ કરવા.

ખુદ મહાવીર ભગવાનના દીકરી-જમાઈ જ તેમની વિરુદ્ધમાં હતા. તો શું મહાવીરે તેમના પર રોષ કર્યો? જો રોષ કર્યો હોત તો તે મહાવીર બની શકત?

તમારા નજીકના સગાને જ તમને ખરાબ ચીતરવામાં બહુ રસ હોય છે. દૂરનાને તો શું પડી હોય?

પાર્શ્વનાથ ભગવાનને એમના સગા ભાઈનો જીવ, આઠ આઠ ભવ સુધી તેમને મારવાવાળો બન્યો.

ગાંધીજીને આખી દુનિયા માન આપે છે. તેમનો ખુદનો દીકરો જ તેમની વિરુદ્ધમાં હતો.

ઈસુ ખ્રિસ્તને ખીલા ઠોકવાવાળા એમના જ માણસો હતા.

આ બધાનો વિચાર કરીને મનને સમજાવવું કે કસોટી તો સોનાની જ હોય, પિત્તળની ના હોય.

અગર હું પિત્તળની કક્ષામાં છું તો મારે મારી ભૂલો સુધારી સોનાની કક્ષામાં આવવું. જો હું સોનાની કક્ષામાં છું તો જાતને ભગવાનને ભરોસે છોડી દેવી.

આ જીવ કરોડો વર્ષોના સંસ્કાર સાથે લઈને આવ્યો છે. તે કારણે કદાચ તે વ્યક્તિ ઉપર કે નિમિત્ત ઉપર ખૂબ દુઃખ કે દ્વેષ પણ થઈ જાય. છતાં બને તેટલા જલ્દી ભાનમાં આવી જઈ હૃદયથી દુશ્મનની પણ ક્ષમા માંગી લેવી.

બને તેટલું આત્મભાવમાં લીન થવું તેથી કર્મ વેઠાશે. ■

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

*'મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૨૨ અંકથી એક તદ્દન નવી કોલમ શરૂ કરવામાં આવે છે કે જેમાં માસભરના દેશ તથા વિદેશના જાણવાલાયક સમાચારોનું સંકલન કરીને અત્રે રજૂ કરવામાં આવશે. આ "દેશ-વિદેશ" કોલમનું સંચાલન ચૌલાબેન કુરૂવા દ્વારા કરવામાં આવી રહેલ છે.*

*– મુખ્ય તંત્રી*

## દેશના સમાચાર

### પોઝીટીવ સ્ટોરી : શિક્ષક દંપતીનું ૭૫ દિવસની રજા મૂકીને 'હર હર ડોડી, ઘર ઘર ડોડી' અભિયાન

#### આંખોના નંબર દૂર કરતાં ૧૬.૫૦ લાખ ડોડાનું વિદ્યાર્થીઓને ફ્રીમાં વિતરણ

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના ખોબા જેવડા નવાગામ (બાવળિયા)ના વતની અને હાલ કચ્છ ખાતે શિક્ષક તરીકે કાર્યરત નવયુવાન દ્વારા આજથી આઠ વર્ષ અગાઉ શરૂ કરાયેલા ડોડી બાબતનું અનોખું જાગૃતિ અભિયાન રંગ લાવી રહ્યું છે. વર્તમાન સમયમાં મોબાઈલ અને લેપટોપ જેવા ઉપકરણોના ઉપયોગને લીધે બાળકોને મોટા પ્રમાણમાં આંખમાં નંબરનાં ચશ્માની સમસ્યા બાબતે શિક્ષક ભરતભાઈ મકવાણાએ વન-વગડાની સાવ સામાન્ય ગણાતી વેલા પ્રકારની વનસ્પતિ જીવંતી / ડોડીને ઘર ઘર પહોંચાડવાનો અનોખો સંકલ્પ કર્યો હતો.

આ મિશનના પ્રણેતા શિક્ષક એવા ભરતભાઈ મકવાણા કચ્છ જિલ્લાના મુંદ્રા તાલુકાના બેરાજા સી.આર.સી. કો-ઓર્ડિનેટર તરીકે ફરજ બજાવે છે. જ્યારે તેમનાં પત્ની જાગૃતિબેન ભાવનગર જિલ્લાની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભૂગોળ વિષયના શિક્ષક તરીકે ફરજ બજાવે છે. એમાંય ભાવનગરથી કચ્છ વચ્ચેનું અંતર ૪૫૦ કિ.મી. છે. છતાં આ દંપતીએ અત્યાર સુધીમાં ગુજરાતની ૫,૦૦૦થી વધુ શાળા અને કોલેજો સુધી આ મિશનની સુવાસ પહોંચાડી છે.

આ યુવાન શિક્ષક દંપતી વેકેશનમાં ફરવા જવાના બદલે આ અનોખા મિશન પાછળ જ સમય વિતાવે છે. એમાં શિક્ષિકા જાગૃતિબેન વિવિધ શાળા - કોલેજોનો સંપર્ક કરી એમના સરનામા મંગાવવાની સાથે જે-તે શાળા, કોલેજો સાથે કો-ઓર્ડિનેટ કરે છે. જ્યારે શિક્ષક ભરતભાઈ કુરિયર અને પ્રવાસ સહિતનાં કામ કરે છે. બંને શિક્ષક દંપતીએ આઝાદીના ૭૫ વર્ષ નિમિત્તે ૭૫ દિવસની એકસાથે રજા મૂકીને આ અનોખા અભિયાનની સુવાસ ગુજરાતભરની શાળા - કોલેજોમાં પહોંચાડી છે.

ગત મે માસમાં ભરતભાઈ મકવાણા દ્વારા દેશની આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણી નિમિત્તે પોતાની નોકરીમાંથી મળતી ૭૫ દિવસની હક્ક રજા મૂકીને ગુજરાતના વિવિધ જિલ્લાઓનો પ્રવાસ કરતા અભિયાનને પ્રચંડ પ્રતિસાદ સાંપડ્યો હતો. તેમજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસ નિમિત્તે એક જ દિવસમાં ૧૧ લાખ બીજના વિતરણ કરવાના લક્ષ્યાંક સામે ૧૬.૭૩ લાખથી વધુ ડોડીનાં બીજનું વિતરણ કર્યું હતું.

ડોડી વનસ્પતિને સ્થાનિક ભાષામાં જીવંતી અને ખરખોડી તરીકે પણ ઓળખવામાં આવે છે. સીમ વિસ્તારમાં વાડી, ખેતરની વાડ પર આ વનસ્પતિના વેલા જોવા મળે છે. ડોડી બાળકોથી લઈને મોટેરાઓને થતી ચશ્માના નંબર સહિતની શરીરમાં થતી અન્ય બીમારીઓમાં પણ ખૂબ ગુણકારી ઔષધી છે. એના પાન અને ફળની ભાજી બનાવી, ચૂર્ણ બનાવી કે કાચી પણ ખાઈ શકાય છે.

ડોડીમાંથી જ આંખના નંબર દૂર કરવાની દવા બને છે.

આ અંગે શિક્ષક ભરતભાઈ મકવાણાએ કહ્યું કે બધી જ વનસ્પતિઓમાં સૌથી વધારે વિટામિન-એ, આ જીવંતી વનસ્પતિમાં જોવા મળે છે અને આંખોના નંબર ઉતારવાની ટેબ્લેટ પણ આ વનસ્પતિના મૂળ અને પાન મિક્સ કરીને બનાવવામાં આવે છે.

*(તા. ૦૮-૧૦-૨૦૨૨)*

*સમય આવ્યે જે શત્રુને પણ મદદ કરે છે,*
*તેને ત્યાં અનર્થો આવતા નથી.*

## વિવાદોની વચ્ચે 'આદિપુરુષ'ના મેકર્સનો નિર્ણય : ફિલ્મના VFXમાં કોઈ ફેરફાર નહીં થાય. ૧૨ જાન્યુઆરીએ થિયેટરમાં રીલીઝ થશે

પ્રભાસ તથા સૈફઅલી ખાનની ફિલ્મ 'આદિપુરુષ' ટીઝર રીલીઝ થયા બાદથી વિવાદમાં ચાલે છે. ફિલ્મ ખરાબ VFX તથા ભગવાન રામ, હનુમાન તથા રાવણના લૂકને ખોટી રીતે બતાવવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. દર્શકોએ ફિલ્મમાં ફેરફાર કરવાની માંગણી કરી છે. જો કે, મીડિયામાં ચાલતી અટકળો પ્રમાણે, મેકર્સે ફિલ્મમાં કોઈપણ જાતના ફેરફાર કરવાની ના પાડી દીધી છે. મેકર્સે કહ્યું હતું કે ફિલ્મ પર પોસ્ટ પ્રોડક્શનનું કામ ચાલી રહ્યું છે અને હવે ફિલ્મમાં કોઈ ફેરફાર થઈ શકે તેમ નથી.

ઓમ રાઉતે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું, 'મને ઘણું જ દુઃખ થયું, પરંતુ નવાઈ લાગી નથી કારણકે ફિલ્મ બીગ સ્ક્રીન માટે તૈયાર કરવામાં આવી છે. તમે એક લિમિટ સુધી કટ કરી શકો છો પરંતુ મોબાઈલમાં જોવાલાયક બનાવી શકતા નથી. જો આ મારા હાથમાં હોત તો હું યુ-ટ્યુબ પર ક્યારેય ટીઝર રીલીઝ કરત નહીં, પરંતુ આ સમયની ડિમાન્ડ છે. વધુમાં વધુ ઓડિયન્સ સુધી આ ફિલ્મ પહોંચે એ માટે ટીઝર વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રીલીઝ કરવું જરૂરી હતું.

ઓમ રાઉતે વધુમાં કહ્યું હતું, 'અમારી ફિલ્મ માટે સિનિયર સિટીઝન્સ મુખ્ય દર્શકો છે. તેઓ થિયેટરમાં બહુ ઓછા જાય છે. અમે ઈચ્છીએ છીએ કે દૂર દૂરના લોકો પણ અમારી ફિલ્મ જુએ કારણકે આ રામાયણ છે. આ ફિલ્મ કોઈ એક માટે નહીં પરંતુ દરેક જનરેશનને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે.

ઓમ રાઉતના ડિરેક્શનમાં બનેલી 'આદિપુરુષ' આવતા વર્ષે ૧૨ જાન્યુઆરીએ રીલીઝ થશે. આ ફિલ્મ હિંદી, તેલુગુ, તમિલ, કન્નડ તથા મલયાલમમાં રીલીઝ થઈ રહી છે.

*(તા. ૦૯-૧૦-૨૦૨૨)*

## સ્વચ્છતા રેન્કિંગ : દૈનિક ઘરોઘર સફાઈ કામગીરીમાં ભચાઉ, ગાંધીધામ, માંડવી, અંજાર, રાપર અને મુંદ્રામાં રસ્તાની ચોખ્ખાઈ

**રાષ્ટ્રીય સ્વચ્છતા સરવેમાં કચ્છના સાત શહેરોમાં પાલિકાની કામગીરીની કેટેગરી પ્રમાણે ટકા અપાયા. ● જિલ્લા મથક ભુજમાં તળાવોની સ્થિતિ ખરાબ તો ઐતિહાસિક અંજારમાં સારી! ● નાગરિકોની ફરિયાદ નિવારણમાં જિલ્લાની તમામ નગરપાલિકા નબળી**

ભારત સરકાર દ્વારા દર વર્ષે જાહેર કરાતી સ્વચ્છતા રેન્કિંગમાં આ વખતે કચ્છની 'અ' વર્ગની ભુજ અને ગાંધીધામ પાલિકાનો દેખાવ ખરાબ રહ્યો છે. જોકે રાપર અને મુંદ્રા સિવાયની ભચાઉ, અંજાર અને માંડવી પાલિકાએ સારી કામગીરી કરી છે. આ સરવેમાં પાલિકાને વિવિધ કામગીરીના આધારે મૂલવવામાં આવે છે.

આ સરવેમાં કેન્દ્ર દ્વારા તમામ શહેરોમાં ટીમો મોકલીને ખરેખરની સ્થિતિનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં ઘરોઘર દૈનિક કચરા કલેક્શન, જાહેર શૌચાલયો, બજાર અને માર્ગોની સફાઈ, શહેરના તળાવો અને કૂવાઓની સફાઈ, નાગરિકોની ફરિયાદોનો નિકાલ, ડ્રેનેજની ચેમ્બરોની સફાઈ, શહેરનું બ્યુટીફિકેશન સહિતનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેના આધારે સર્વેમાં ૨૫થી ઓછા, ૨૫થી ૫૦ ટકા, ૫૦થી ૭૫, ૭૫થી ૯૦ અને ૯૦થી વધારે ટકા પ્રમાણે ગુણ આપવામાં આવ્યા છે. કચ્છની સાતેય પાલિકાને આ પ્રમાણે ટકા સરવેમાં અપાયા છે. જેમાં ભુજને ૧૧ કેટેગરીમાંથી ૩માં ૨૫થી ઓછા ટકા પ્રાપ્ત થયા હતા તો માત્ર બેમાં જ ૯૦થી વધારે ટકા મળી શક્યા હતા. રાપરને અધધ ૭ કેટેગરીમાં ૨૫થી ઓછા અને ૩માં ૯૦થી વધારે ટકા પ્રાપ્ત થયા હતા. ભચાઉ પાલિકાને અધધ ૮ કેટેગરીમાં ૯૦થી વધારે ટકા પ્રાપ્ત થયા હતા. ૨૫ ટકા નીચે કોઈ કેટેગરીમાં માર્કસ મળ્યા ન હતા. તો અંજારને પણ કોઈ ક્ષેત્રમાં ૨૫ ટકાથી નીચે માર્કસ મળ્યા ન હતા, જ્યારે બેમાં ૯૦થી વધારે ટકા મળ્યા હતા. માંડવીને એકમાં ૨૫થી ઓછા અને ૭માં ૯૦થી વધારે ટકા મળ્યા હતા. ગાંધીધામને એકમાં ૨૫થી ઓછા અને ૪માં ૯૦થી વધારે ટકા મળ્યા હતા. તો મુંદ્રાને ૪માં ૨૫થી ઓછા અને ૪માં ૯૦થી વધારે ટકા મળી શક્યા હતા.

*(તા. ૦૯-૧૦-૨૦૨૨)*

## સરકારનું ડાયરેક્ટ ટેક્સ કલેક્શન વધીને ૮.૯૮ લાખ કરોડ પર પહોંચ્યું. ગત વર્ષ કરતાં ૨૪ ટકાનો ઉછાળો

**૧ એપ્રિલથી ૮ ઓક્ટોબર વચ્ચે ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં ૨૪ ટકાનો વધારો થયો હોવાનું નાણાં મંત્રાલયનું કહેવું છે**

નાણાં મંત્રાલયના જણાવ્યા અનુસાર ડાયરેક્ટ ટેક્સ કલેક્શન વધીને ૮.૯૮ લાખ કરોડ રૂપિયા પર પહોંચ્યું છે. જેમાં કોર્પોરેટ આવક પરના ટેક્સમાં ૧૬.૭૪ ટકાનો અને વ્યક્તિગત આવકવેરા કલેક્શનમાં ૩૨.૩૦ ટકાનો વધારો જોવા મળ્યો છે.

આંકડા પ્રમાણે ૧ એપ્રિલથી ૮ ઓક્ટોબર વચ્ચેનું ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ગયા વર્ષના આજ સમયગાળા કરતા ૨૩.૮ ટકા વધારે છે. રીફંડની ગણતરી બાદ કરવામાં આવે તો ડાયરેક્ટ ટેક્સ ૭.૪૫ લાખ કરોડ રૂપિયા થવા જાય છે. જે ગયા વર્ષ કરતાં ૧૬.૩ ટકા વધારે છે.

આર.બી.આઈ.એ ગયા મહિને જ ભારતના જી.ડી.પી. ગ્રોથનું અનુમાન ૭.૨ ટકાથી ઘટાડીને ૭ ટકા કર્યું છે ત્યારે ડાયરેક્ટ

ટેક્સ કલેક્શનમાં થયેલો વધારો સરકાર માટે રાહતની વાત છે.

રીફંડને બાદ કરવામાં આવે તો કોર્પોરેટ આવક પરના ટેક્સમાં થયેલો વધારો ૧૬.૭૩ ટકા અને વ્યક્તિગત ટેક્સ કલેક્શનમાં થયેલો વધારો ૧૬.૨૫ ટકા થવા જાય છે.

ઇન્કમટેક્સ વિભાગ દ્વારા ૧ એપ્રિલથી ૮ ઓક્ટોબર વચ્ચે ૧.૬૩ લાખ કરોડ રૂપિયાનું રીફંડ ચૂકવવામાં આવ્યું છે, જે ગયા વર્ષે આ જ સમયગાળા દરમિયાન ચૂકવાયેલા રીફંડ કરતાં ૮૧ ટકા વધારે છે.

*(તા. ૧૦-૧૦-૨૦૨૨)*

## ઉજ્જૈનમાં ભવ્ય મહાકાલ મંદિરનું મોદીજીએ લોકાર્પણ કર્યું

**મહાદેવનાં અદ્ભુત સ્વરૂપો જોવા મળશે. દીવાલો શિવ-મહિમાની કથાઓ કહે છે... ● મહાકાલ લોક... શિવનું અદ્ભુત, અકલ્પનીય અને અલૌકિક વિશ્વ. મહાકાલના પ્રાંગણના વિસ્તરણ પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેને ૧૧ ઓક્ટોબરે રાષ્ટ્રને સમર્પિત કર્યું. ● દિવ્યતા, ભવ્યતા અને આધ્યાત્મિકતાનો આ સંગમ ૪ વર્ષની મહેનત બાદ આકાર પામ્યો છે. પ્રથમ તબક્કા બાદ હવે બીજા તબક્કાની કામગીરી હાથ ધરાશે**

સમગ્ર મહાકાલ લોક (પ્રથમ તબક્કો)માં ૧૫ હજાર ટન રાજસ્થાની પથ્થર લગાવવામાં આવ્યા છે. મહાકાલ લોક પ્રથમ તબક્કામાં કાશી વિશ્વનાથ કોરીડોર કરતાં ૪ ગણો મોટો છે. બીજો તબક્કો પૂરો થયા બાદ તે ૯ ગણો મોટો થઈ જશે. સમગ્ર કેમ્પસની મુલાકાત લેવા અને ફરવા માટે ૪થી ૫ કલાકનો સમય લાગશે.

મહાકાલના પ્રાંગણને ૮૫૬ કરોડના ખર્ચે બે તબક્કામાં વિકસાવવામાં આવી રહ્યું છે. તેના પૂર્ણ થયા બાદ ૨.૮ હેક્ટરમાં ફેલાયેલ મહાકાલનો સમગ્ર વિસ્તાર ૪૭ હેક્ટર બની જશે. ભક્તો ૯૪૬ મીટર લાંબા કોરિડોર પર ચાલીને મહાકાલ મંદિરના ગર્ભગૃહમાં પહોંચશે. કોરિડોર પર ચાલતી વખતે બાબા મહાકાલના અદ્ભુત સ્વરૂપો જ નહીં, પરંતુ શિવ મહિમા અને શિવ-પાર્વતી વિવાહની વાર્તા પણ જોવા અને સાંભળવા મળશે.

મહાકાલ લોકના નિર્માણ પછી તે એકમાત્ર મંદિર બની ગયું છે જ્યાં ભક્તો દર્શન સાથે અને શિવ સાથે જોડાયેલી દરેક વાર્તા જાણી શકે છે. તેને બનાવતી વખતે પર્યાવરણનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. હૈદ્રાબાદથી ખાસ છોડ લાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત શમી, બીલીપત્ર, લીમડો, પીપળો, રૂદ્રાક્ષ અને વડના વૃક્ષનું પણ વાવેતર કરવામાં આવ્યું છે.

ઉજ્જૈનમાં લગભગ ૪૭ હેક્ટરમાં વિકસિત મહાકાલ લોકની કલ્પના સ્માર્ટ સિટી પ્રોજેક્ટના આગમન સાથે કરવામાં આવી હતી. ઉજ્જૈનનું નામ સ્માર્ટ સિટીમાં સામેલ થતાં જ ૨.૮ હેક્ટરમાં ફેલાયેલા મહાકાલના પ્રાંગણને સુશોભિત કરવાની સાથે વિસ્તરણનું સૂચન પણ કરવામાં આવ્યું. મહાકાલેશ્વર મંદિરમાં વધતી જતી ભીડને જોતા રાજ્ય સરકારે ૫ વર્ષ પહેલાં તેની સૈદ્ધાંતિક સંમતિ આપી હતી. ત્યારે આ સ્કીમ ૩૦૦ કરોડની હતી.

મંથન બાદ મહાકાલ સંકુલની સાથે રૂદ્રસાગર તળાવને સુશોભિત કરવાની યોજના તૈયાર કરવામાં આવી હતી. વિસ્તરણ બે અલગ અલગ તબક્કામાં કરવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું. ૨૦૧૭થી ૨૦૧૮માં પ્રોજેક્ટ માટે રૂા. ૮૭૦ કરોડનું બજેટ મંજૂર કર્યા પછી, ડી.પી.આર. અને ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. આ પછી અહીં શિલ્પો, ભીંતચિત્રોથી પરિસરને સુશોભિત કરવાનું કામ શરૂ થયું. આ માટે રાજસ્થાનના બંસી પહારપુર પથ્થરને ખાસ મંગાવવામાં આવ્યા.

મહાકાલ લોકની કલ્પનાને સાકાર કરવી પડકારોથી ભરેલી હતી. ઉજ્જૈનના કલેક્ટર આશિષ સિંહ કહે છે, – સૌથી મોટો પડકાર ૮૦૦ ઘરો અને તેમાં રહેતા પરિવારોને શીફ્ટ કરવાનો હતો. અહીં શાળાઓ પણ હતી. બાળકોના ભણતરનું નુકસાન પણ થવા દેવાનું ન હતું. મંથન બાદ તમામ બાળકોને ૨ શાળામાં ખસેડવામાં આવ્યા હતા. દરરોજ એક નવો પડકાર હતો. ઘણા સમુદાયના પ્રશ્નો હતા, જેનું નિરાકરણ પણ જરૂરી હતું. બીજો પડકાર હતો – રૂદ્રસાગરની સફાઈ. સી.એમ.એ એમ પણ કહ્યું કે ફંડની કોઈ કમી નહીં રહે, સમયસર કામ થવું જરૂરી છે.

રૂદ્રસાગર તળાવને સ્વચ્છ બનાવવા માટે ૪૦ લોકોએ દિવસ-રાત મહેનત કરી દોઢ માસમાં પાણીની ગંદકી દૂર કરી હતી. આસપાસની ગટરનું ગંદું પાણી તળાવમાં પડતું હતું. કલેક્ટર આશિષ સિંઘે જણાવ્યું હતું કે, તળાવના પુનઃજીવંતીકરણ માટે સૌપ્રથમ સમસ્યા તેમાં જોવા મળતા ગંદા નાળા હતા. ૧૨ હજાર ઘરોની ગટરનું પાણી રૂદ્રસાગરમાં પડતું હતું. ગટરને બાયપાસ કરીને અલગ લાઈન નાખવામાં આવી હતી.

ભીંતચિત્રો પર વાર્તાઓના શિલ્પ બનાવવા માટે શાસ્ત્રોની તપાસ કરી, તેમને મંજૂરી અપાવી... મહાકાલ લોકમાં ૩૮૪ મીટર લાંબી ભીંતચિત્ર દીવાલ બનાવવામાં આવી છે. તેના પર ૫૨ ભીંતચિત્રોમાં શિવની ૨૫ વાર્તાઓ પ્રદર્શિત કરવામાં આવી છે. આમાંની મોટાભાગની વાર્તાઓ શિવપુરાણ, શ્રીમદ્ ભાગવત, દેવી ભાગવત અને અન્ય ગ્રંથોમાંથી લેવામાં આવી છે. કન્સ્ટ્રક્શન એજન્સીના નિષ્ણાત વિનોદ ઝાલાવાડિયા કહે છે – ભીંતચિત્ર દીવાલ બનાવવી મુશ્કેલ હતી. આ માટે પૌરાણિક ગ્રંથોનું અન્વેષણ કરવું, વાર્તાઓ નક્કી કરવી, તે વાર્તાઓને મંદિર સમિતિ, પૂજારી, સાંસ્કૃતિક સમિતિ દ્વારા મંજૂર કરાવવાની ધીરજનું કામ હતું. તેમને બનાવવા માટે કલાકારોની પસંદગી એ પણ મુશ્કેલ હતું. તેને બનાવવામાં ૧૦ મહિનાનો સમય લાગ્યો હતો.

પ્રોજેક્ટ હેડ ક્રિષ્ના મુરારી શર્મા કહે છે – સૌપ્રથમ, મહાકાલ લોકની રચના ભીડ મેનેજમેન્ટને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. કેટલાક પ્રોજેક્ટ બનાવ્યા, તેમાં ગરબડ થઈ ગઈ. પછી નવા તૈયાર કરાયા તેમાં પણ થોડી ઉણપ હતી. આખરે ઇન્ટરનેશનલ ટુરિઝમના પ્રચારને ધ્યાનમાં રાખીને પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો. ભક્તોની સંખ્યાને ધ્યાનમાં લેવામાં આવી હતી. અમે કાંઈક એવું બનાવવા માંગતા હતા કે જે ભક્તો દર્શન કરવા આવે, તેઓ એક-બે દિવસ અહીં જ રોકાઈ જાય. જેના કારણે શહેરમાં પર્યટનને પ્રોત્સાહન આપવાની સાથે રોજગારમાં પણ વધારો થશે.

મહાકાલ લોકમાં પિનાકી દ્વારથી પ્રવેશતાની સાથે જ સૌપ્રથમ નવ ગ્રહના દર્શન થશે. આ પછી ભગવાન ગણેશજીની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે.

- **આગામી ૫૦ વર્ષનું આયોજન... દેશનું સૌથી સંગઠિત મંદિર હશે.**

૧૨ ઓક્ટોબરથી, મહાકાલ મંદિર દર્શન વ્યવસ્થામાં દેશનું સૌથી સંગઠિત મંદિર હશે. અહીંની દર્શન વ્યવસ્થા આગામી ૫૦ વર્ષોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. ઉદ્‌ઘાટન બાદ ભક્તોને ભીડ વિના સૌથી મોટી સુવિધા અને ઓછા સમયમાં દર્શન કરવા મળશે.

રાત્રે સોનાની જેમ ઝળહળતા મહાકાલ લોકની સુંદરતા સાથે નવરાત્રી, નાગપંચમી અને સિંહસ્થ જેવા તહેવારો માટે સામાન્ય ભક્તો માટે આવી વધુ સારી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જે દેશના કોઈપણ મંદિરમાં ઉપલબ્ધ નથી. કોઈપણ તહેવારે, માકાલ પહોંચનારા વાહનોને ન તો શહેરથી દૂર રોકવામાં આવશે, અને ન તો દૂર કિલોમીટર ચાલીને જવું પડશે. ભક્તોને પાર્કિંગમાંથી મહાકાલનાં દર્શને પહોંચવામાં માત્ર ૨૦ મિનિટનો સમય લાગશે. એક કલાકમાં ૩૦ હજાર લોકો દર્શન કરી શકશે. વ્યવસ્થા એવી હશે કે એક દિવસમાં ૧૦ લાખ ભક્તો પહોંચી જાય તો પણ તેઓ દર્શન કરી શકશે.

- **કોરિડોરને મહાકાલ લોક નામ કેવી રીતે મળ્યું?**

૨૭ સપ્ટેમ્બરે પહેલીવાર ઉજ્જૈનમાં કેબિનેટની બેઠક મળી હતી. ઉજ્જૈનના મહારાજ ભગવાન મહાકાલે અધ્યક્ષતા કરી હતી. ટેબલની મુખ્ય સીટ પર બાબા મહાકાલની તસવીર બેસાડવામાં આવી હતી. સી.એમ. શિવરાજ અને અન્ય કેબિનેટ સભ્યો આસપાસ બેઠા હતા. સી.એમ.એ અહીંથી કોરિડોરનું નામ મહાકાલ લોક રાખ્યું. એમ પણ કહ્યું - હું મહાકાલ મહારાજ પાસેથી સૌના કલ્યાણની કામના કરૂં છું. મહાકાલ મહારાજ અહીંના રાજા છે, અમે સેવક છીએ. સેવકો તરીકે, અમે મહાકાલ મહારાજને પ્રાર્થના કરીએ છીએ.

- **મૂર્તિઓ શિવની સ્તુતિ કરશે :**

ભક્તો અહીં નીલકંઠ મહાદેવ, સતીના શરીર સાથે શિવ, ત્રિવેણી પ્લાઝા પર શિવ, શક્તિ અને શ્રીકૃષ્ણની મૂર્તિઓ, કૈલાસ પર શિવ, યમ સંહર, ગજાસુર સંહર, આદિ યોગી શિવ, યોગેશ્વર અવતાર, કૈલાસ પર રાવણની પ્રતિમા શિવની સ્તુતિ કરશે.

૧૮ ફૂટની ૮ મૂર્તિઓ : નટરાજ, ગણેશ, કાર્તિકેય, દત્તાત્રેય અવતાર, પંચમુખી હનુમાન, ચંદ્રશેખર મહાદેવની વાર્તા, શિવ અને સતી અને સમુદ્ર મંથનનું દૃશ્ય.

૧૫ ફૂટ ઊંચી ૨૩ પ્રતિમાઓ : શિવ નૃત્ય, ૧૧ રૂદ્ર, મહેશ્વર અવતાર, અઘોર અવતાર, કાલભૈરવ, શરભ અવતાર, ખંડોબા અવતાર, વીરભદ્ર દ્વારા દક્ષનો વધ, શિવ બારાત, મણિભદ્ર, ગણેશ અને કાર્તિકેય સાથે પાર્વતી, સૂર્ય, કપાલમોચક શિવ.

૧૧ ફૂટની ૧૭ મૂર્તિઓ : અર્ધનારેશ્વર, અષ્ટ ભૈરવ, ઋષિ ભારદ્વાજ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, ગૌતમ, કશ્યપ અને જમદગ્નિ.

૧૦ ફૂટની ૮ મૂર્તિઓ : સૂતેલા ગણેશ, હનુમાન શિવ અવતાર, સરસ્વતી, લક્ષ્મી, પાર્વતી, લકુલેશ, પાર્વતી સાથે રમતા ગણેશ.

૯ ફૂટની ૧૯ મૂર્તિઓ : યક્ષ, યક્ષિણી, સિંહ, બટુક ભૈરવ, સતી, પાર્વતી, ઋષિ ભૃંગી, વિષ્ણુ, નંદીકેશ્વર, શિવભક્ત રાવણ, શ્રીરામ, પરશુરામ, અર્જુન, સતી, ઋષિ શુક્રાચાર્ય, શનિદેવ અને ઋષિ દધીચિ.

*(તા. ૧૨-૧૦-૨૦૨૨)*

## દુનિયાના એકમાત્ર શાકાહારી મગરનું મોત

દુનિયાના એકમાત્ર શાકાહારી મગરનું કેરળમાં નિધન થઈ ગયું. ૭૦ વર્ષથી આ મગર કાસરગોડ જિલ્લાના શ્રી અનંત પદ્મનાભસ્વામી મંદિરના તળાવમાં રહેતો હતો. આ અનંતપુરા તળાવમાં રહીને મંદિરની રખેવાળી કરતો હતો. પૂજારીઓએ હિંદુ રીતિ-રીવાજથી મગરમચ્છની અંતિમયાત્રા કાઢી અને મંદિર પરિસરની પાસે દફનાવવામાં આવ્યો.

મગરને પ્રેમથી 'બાબિયા' કહેવામાં આવતું હતું. એ મંદિરમાં ચઢાવવામાં આવતા ભાત-ગોળના પ્રસાદને ખાતો હતો. બાબિયા શનિવારથી ગૂમ થયો હતો. રવિવારે રાત્રે અંદાજિત ૧૧.૩૦ વાગે એનો મૃતદેહ તળાવમાં તરતો જોવા મળ્યો. ત્યારબાદ મંદિર તંત્ર દ્વારા પશુપાલન વિભાગ અને પોલીસને સૂચના આપવામાં આવી.

મગરમચ્છનાં અંતિમ દર્શન માટે નેતાઓ અને હાજર લોકો ઉમટી પડ્યા હતા. સંખ્યા વધવા લાગી તો મૃતદેહને તળાવથી હટાવીને ખુલ્લી જગ્યામાં રાખી દેવાયો.

મંદિરના પૂજારીઓનું કહેવું છે કે મગરમચ્છની ઉંમર ૭૫ વર્ષ હતી. પૂજારીઓનો દાવો છે કે મગર શાકાહારી હતો અને તળાવમાં માછલીઓ અથવા અન્ય જીવોને ખાતો નહોતો. બાબિયા એક ગુફામાં રહેતો હતો. દિવસમાં બે વખત મંદિરનાં દર્શન માટે ગુફાથી નીકળતો હતો અને થોડીવાર ફર્યા બાદ અંદર ચાલ્યો જતો હતો.

આ મગર મંદિરમાં ચઢાવાતો ભોગ-પ્રસાદ જ ખાતો હતો. એને ભાત અને ગોળ ખૂબ જ પસંદ હતા. કેટલાક લોકો મંદિરમાં ભગવાનના દર્શન સિવાય બાબિયાને જોવા આવતા હતા અને પોતાના હાથોથી એને ભાત જમાડતા હતા. લોકોનો દાવો છે કે મગરે આજ સુધીમાં ક્યારેય કોઈના પર હુમલો નથી કર્યો કે નુકસાન નથી પહોંચાડ્યું.

*(તા. ૧૨-૧૦-૨૦૨૨)*

## ગુજરાતનું એકમાત્ર વ્હાઇટ વિલેજ ગામના દરેક માર્ગો ક્રાંતિકારોઓના નામે મહાપુરુષોની ઝાંખી આકર્ષણનું કેન્દ્ર

સમાજ ઊજળો હોય છે શિક્ષકોથી. ત્યારે આજે વાત કરવી છે એક એવા શિક્ષકની, જેમણે પોતાના જીવનના અમૂલ્ય ૧૬ વર્ષ સરકારી શાળા અને ગામની કાયાપલટ કરવા પાછળ ખર્ચી નાખ્યા અને તેના ગામને બનાવ્યું ગુજરાતનું પ્રથમ વ્હાઈટ વિલેજ... વાત થઈ રહી છે ટંકારા તાલુકાના વાઘગઢ ગામની.

મોરબીના રાજવીએ ૯૪ વર્ષ પહેલાં ગામના પાંચ કુટુંબનો વસવાટ કરીને સ્થાપેલા ટંકારા તાલુકાના વાઘગઢ ગામ આર્થિક રીતે સમૃદ્ધ હોવાની સાથે જીવનશૈલીથી પણ સમૃદ્ધ હોવાને લીધે આજદિન સુધી કોરોનાથી મુક્ત રહી શક્યું છે. રાજવીએ જમીન વેચાતી લઈને કણબીઓને અહીં વસવા તેડાવ્યા હતા. એ વખતે ખેડૂતો પરિવાર સાથે કાચા ઝૂંપડામાં વસતા. સમયાંતરે પરિવારો વધ્યા અને આજે આ ગામની વસતિ ૫૦૦ લોકોની છે. ગ્રામજનો દ્વારા રૂપિયા ૩ લાખના ખર્ચે આ સમગ્ર માહિતી અંગેનો માઇલ સ્ટોન પણ સ્થાપિત કરવામાં આવ્યો છે.

એક સમયે સાક્ષરતાના અભાવે પછાત ગણાતું મોરબી જિલ્લાના પાંચ તાલુકા પૈકી ટંકારા તાલુકાનું વાઘગઢ ગામ આજે અનેક સિદ્ધિઓનું સ્વામી બન્યું છે. આ ગામની દરેક દીવાલ શ્વેત રંગથી રંગાયેલી છે. જેથી લોકોમાં રાગદ્વેષ ના ફેલાય. ગામની ગલીઓના નામ સ્વાતંત્ર્ય સેનાનીઓનાં નામ પરથી પાડ્યા છે, જેથી વૈમનસ્ય ન ફેલાય અને આખુ ગામ એક તાંતણે બંધાય. લાખો રૂપિયાના ખર્ચે શાળાના પટાંગણમાં 'ભારત રત્ન પાર્ક'નું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં મહાપુરુષોની ગાથાને વર્ણવતી પ્રતિમા અને તેમના જીવન કવનની માહિતી આપતી તક્તી મૂકવામાં આવી છે. જેથી બાળમાનસમાં નાનપણથી દેશના ગૌરવવંતા ઈતિહાસના બીજ રોપાય.

આ ઉપરાંત ગ્રામજનોની મીટિંગ પણ નિયમિત મળે. જેમાં ગામને શિક્ષણ અને સાંસ્કૃતિક ક્ષેત્રે કઈ રીતે સમૃદ્ધ કરવું એની હેતુલક્ષી ચર્ચા થાય છે. એક સમયે પછાત ગણાતા વાઘગઢ ગામની કાયાપલટ કરવામાં વાઘગઢ પ્રાથમિક શાળાના આચાર્ય રમણિકભાઈ વડાવિયા, દેવેન્દ્રભાઈ અને નવનીતભાઈનો સિંહફાળો છે. ગામની આ સમૃદ્ધિ માટે શિક્ષકોએ સરકાર પાસેથી એક રૂપિયાની પણ સહાય લીધી નથી. ગ્રામજનોએ સ્વખર્ચે ગ્રામ ઉત્થાનની નેમ લઈને આજે પોતાની ભૂમિને શ્વેત રંગથી મઢીને ગુજરાતભરમાં નામના મેળવી છે.

માત્ર ૧૩૦ ખોરડાની વસતિ ધરાવતા આ ગામમાં તમામ ગલીઓમાં પાકા રસ્તા બનાવાયા, સુંદર પ્રવેશદ્વાર અને આરસ પથ્થરમાં ગામનો ઈતિહાસ સહિતના રાષ્ટ્રભાવના કેળવતાં સ્મારકો બનાવાયા છે. આધુનિક ડ્રેનેજ સિસ્ટમ, સુંદર મંદિરો, ગામની ફરતે વૃક્ષો જેવી કેટલીય સુવિધાઓ ગ્રામજનોએ આપબળે ઊભી કરી છે. તેમાં સરકાર પાસે એકપણ રૂપિયાની સહાય માંગવામાં આવી નથી પરંતુ સૌથી ધ્યાન ખેંચનારી બાબત એ છે કે આખા ગામની તમામ બજારો, ગલીઓમાં તમામ ઘરોની દીવાલોને સફેદ રંગથી રંગી દેવાઈ. આજે રોજેરોજ આ ગામને નિહાળવા અને અહીંની સુવિધાઓની જાણકારી મેળવવા આસપાસના વિસ્તારમાંથી પ્રવાસીઓ આવે છે.

મહાપુરુષોની ગાથાને વર્ણવતી પ્રતિમા અને તેમના જીવન કવનની માહિતી આપતી તક્તી મૂકવામાં આવી છે.

વાઘગઢ પાસે પોતાનું જ આયુર્વેદિક ઔષધાલય ચલાવવામાં આવે છે, જેમાં ૧૦ વર્ષથી ગામડા ફરતે અનેક પ્રકારની ઔષધીય ગુણોવાળી ઉપયોગી વનસ્પતિ સાથે અનેક વૃક્ષોનું શુદ્ધ આબોહવા માટે વાવેતર કરી ગામડામાં વૃક્ષોનું પાલનપાલન કરાઈ રહ્યું છે. કોરોનાની પ્રથમ, દ્વિતીય અને તૃતીય લહેરમાં જ્યારે જ્યારે ચારેકોર લોકો દવાઓનાં કેદખાનામાં પુરાયા હતા, ત્યારે વાઘગઢ ગામમાં કોરોનાનો પ્રવેશ પણ નહોતો થયો કારણકે ગ્રામજનોએ ઔષધીય વનસ્પતિનું સેવન કર્યું હતું. ગામમાં ૭ વર્ષમાં ૪ હજારથી ૪૫૦૦ જેટલાં વૃક્ષો વાવવામાં આવ્યા છે અને એનો ઉછેર કરવામાં આવે છે અને દર વર્ષે વિદ્યાર્થીઓ દ્વારા લિબોલીના ઠળિયા દ્વારા સીમતળ ૫૦૦થી ૧૦૦૦ હજાર જેટલાં વૃક્ષોનો ઉછેર થાય છે.

- **ગામના માર્ગોના નામ ક્રાંતિકારીઓના નામ પરથી રાખ્યા :**

આ અંગે ગામના સરપંચ વલ્લભભાઈ લાલજીભાઈ બારૈયાએ વાતચીતમાં જણાવ્યું હતું કે છેલ્લી ૪ ટર્મથી સરપંચ તરીકે ચૂંટાતો આવ્યો છું. ગામના આગેવાનોએ સમરસ સરપંચ તરીકે મારી નિયુક્તિ કરી છે. લાઇટ, પાણી અને ભૂગર્ભ ગટર – કોઈપણ ગામના વિકાસ માટે આ પરિબળો મહત્ત્વના છે, ત્યારે અમારા ગામમાં આ પાયાની સવલતો ઉપલબ્ધ છે. અમે ગામના માર્ગોનાં નામ પણ ક્રાંતિકારીઓનાં નામ પરથી રાખ્યા છે, જેથી બાળકો અને યુવાનોને પ્રેરણા મળે કે દેશની આઝાદીમાં આ સ્વાતંત્ર્ય સેનાનીઓનો કેટલો મોટો ફાળો છે અને આ અંગેનું સૂચન પણ અમારા ગામના શિક્ષકો દ્વારા મળ્યું હતું.

આરસ પથ્થરમાં ગામનો ઈતિહાસ સહિત રાષ્ટ્રભાવના કેળવતાં સ્મારકો બનાવાયા છે.

અમારું ગામ વ્હાઈટ વિલેજથી વિખ્યાત છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે જે રીતે રાજસ્થાનના જયપુરને 'પિંક સીટી' તરીકે ઓળખવામાં આવે છે, એ જ રીતે અમારા ટંકારાનું વાઘગઢ ગામ વ્હાઈટ વિલેજ તરીકે ઓળખાય છે કારણકે ગામનાં ૯૫% મકાનોને વ્હાઈટ રંગ કરવામાં આવ્યો છે. જે રીતે સફેદ રંગને શાંતિનું પ્રતીક માનવામાં આવે છે, એ જ રીતે અમારા ગામમાં પણ સમરસતા અને શાંતિનો સમન્વય છે. એટલે અમે વ્હાઈટ વિલેજથી પ્રખ્યાત છીએ.

- **'કોઇ અભણ નહીં, કોઈ ભૂખ્યું નહીં'નું અભિયાન :**

આ અંગે શાળાના આચાર્ય રમણિકભાઈએ વાતચીતમાં જણાવ્યું હતું કે, "ગામ નાનું પણ અનેકવિધ પ્રવૃત્તિનું ધામ છે. છેલ્લા ૮ વર્ષથી નિયમિત અગિયારસે ગામના વડીલો તથા બહેનો દ્વારા ગામ સફાઈ તથા જાહેર બગીચાની સફાઈ કરવામાં આવે છે. વાઘગઢ શાળામાં પણ અનેકવિધ શૈક્ષણિક કાર્ય કરવામાં આવે છે. ગામ તથા સીમતળમાં શ્રમયોગી ભાઈઓનાં બાળકો શિક્ષણથી વંચિત ન રહે એ માટે 'કોઈ અભણ નહીં, કોઈ ભૂખ્યું નહીં' નામના સૂત્ર સાથે એક અભિયાન ચલાવવામાં આવે છે. આ ઉદ્દેશની પાછળ નિરક્ષરતાની બેડીઓમાંથી આપણા દેશના શ્રમયોગી ભાઈઓને મુક્ત કરાવવાનો છે. અમારી વાઘગઢ શાળામાં એકપણ બાળક શિક્ષણથી વંચિત નથી રહ્યું. શાળામાં યુનિફોર્મથી લઇને સ્ટેશનરી સુધીની સુવિધા દરેક વિદ્યાર્થી માટે ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેમાં દાતાઓનો પણ અમને સહયોગ મળ્યો છે અને દૈનિક દાતાઓ દ્વારા શાળામાં અભ્યાસ કરતાં બાળકો માટે શુદ્ધ અને પૌષ્ટિક ખોરાક પ્રદાન કરવામાં આવે છે.

- **શાળામાં ૭૩ શ્રમયોગી બાળકો ભણે છે**

મારે સરકાર અને શિક્ષકોને એક જ વાત કહેવી છે કે આ જ રીતે જો તેમની શાળા અને ગામમાં પરિવર્તન લાવવામાં આવશે તો ભારતનું ભવિષ્ય ખરેખર ઊજળું છે.

*(તા. ૧૨-૧૦-૨૦૨૨)*

## મોઢેરાના સૂર્ય મંદિરમાં લાઈવ લેઝર હેરિટેજ શો : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે શરૂઆત

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પ્રસિધ્ધ સૂર્યમંદિર ખાતે ૩-ડી લાઈટ શો અને હેરિટેજ લેઝર શો ખુલ્લો મૂકવામાં આવ્યો. જે સૂર્યમંદિરને સુશોભિત કરશે. દિવસમાં બે વાર લાઈટ શો ચાલશે. ઉપરાંત મોઢેરાને... ૨૪ કલાક ને સાત દિવસ... દેશમાં સોલાર એનર્જી વિલેજ તરીકે જાહેર કરાયું છે. ૧૦૦૦ ઘરોમાં સોલાર સિસ્ટમ એક્ટીવ કરવામાં આવી રહી છે. જેથી આ બધા લોકો હવે પોતાની મેળે ઈલેક્ટ્રીક જનરેટ કરી શકે છે. આ બહુ મોટી સિધ્ધિ કહી શકાય.

*(તા. ૧૨-૧૦-૨૦૨૨)*

# વિદેશના સમાચાર

## અમેરિકામાં ૪ ભારતીયોની હત્યામાં નવો ખુલાસો : જસદીપસિંહે તેના નોકર સાલગાડોને નોકરીમાંથી કાઢી મૂક્યો હતો, તેનો બદલો લીધો

અમેરિકાના કેલિફોર્નિયામાં ત્રણ દિવસ પહેલા અપહરણ કરાયેલા પંજાબી પરિવારના તમામ સભ્યોના મૃતદેહ મળ્યા છે. તેમાં એક ૮ મહિનાની બાળકીનો પણ સમાવેશ થાય છે. ચારેયની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

અમેરિકાના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ચાર લોકોનું ૩ ઓક્ટોબરે સાઉથ હાઈવે ૫૯ના ૮૦૦ બ્લોક પરથી અપહરણ કરવામાં આવ્યું હતું. આ પરિવારનો અમેરિકામાં પોતાનો ટ્રાન્સપોર્ટેશન બિઝનેસ છે.

ઓફિસમાં પ્રવેશ્યા પછી મેન્યુઅલ સાલગાડોએ જસદીપ સિંહ, તેના મોટાભાઈ અમનદીપ, પત્ની જસલીન કૌર અને ૮ મહિનાની પુત્રી આરોહીનું બંદુકના નાળચે અપહરણ કર્યું અને પછી તે બધાને ગોળી મારી દીધી. આ વાતનો ખુલાસો જલંધર જિલ્લાની જાંધીર બ્લોક કમિટીના વડા કેશવસિંહ સૈનીએ કર્યો છે. કેશવસિંહ સૈનીના ભત્રીજા અમનદીપ અને જસદીપ સિંહ સાથે અમેરિકામાં ટ્રાન્સપોર્ટનો બિઝનેસ કરે છે. તેણે બંને ભાઈઓની કંપનીમાં ટ્રક મૂકી છે.

હત્યારો બોટલ લેવાના બહાને પ્રવેશ્યો અને કેવી રીતે ઘટનાને અંજામ આપ્યો તેની સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે.

આ પરિવાર પંજાબના હોંશિયારપુર જિલ્લાના ટાંડાના હરસી ગામનો રહેવાસી હતો. મર્સિડ કાઉન્ટીમાંથી સોમવારે ૩૬ વર્ષના જસદીપ સિંહ, તેની પત્ની જસલીન કૌર (૨૭ વર્ષ) અને પુત્રી આરોહી (૮ માસ) અને ભાઈ અમનદીપ સિંહ (૩૯ વર્ષ)નું અપહરણ કરવામાં આવ્યું હતું.

કેલિફોર્નિયા પોલીસે આ કેસમાં ૪૮ વર્ષની એક વ્યક્તિની ધરપકડ કરી છે. આ જઘન્ય હત્યાકાંડના કારણે સનસનાટી ફેલાઈ ગઈ છે અને ભારતીય મૂળના લોકોમાં ભયનો માહોલ છે.

અગાઉ સોમવારે, કેલિફોર્નિયાના ફાયર અધિકારીઓએ મર્સિડની બહારના ગ્રામીણ વિસ્તારમાં અમનદીપ સિંહની સળગાવેલી ટ્રક જપ્ત કરી હતી. પોલીસે આશંકા વ્યક્ત કરી હતી કે અપહરણકારોએ આગ લગાવીને પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો.

મર્સિડ કાઉન્ટી શેરીફ વર્ન વોર્નકે જણાવ્યું હતું કે ચારેયના મૃતદેહ બુધવારે સાંજે ઇન્ડિયાના રોડ અને હચિન્સન રોડ નજીકના પાર્કમાંથી મળ્યા હતા.

ધરપકડ કરવામાં આવેલી વ્યક્તિ પર ૨૦૦૫માં અન્ય લોકોને બંદૂકની અણી પર લૂંટવાનો અને અન્યને ફસાવવાના આરોપોનો કેસ પણ નોંધાયેલો છે. આ બાબતે પોલીસનું માનવું છે કે તે એકલો નહોતો, તેની સાથે અન્ય લોકો પણ હતા. પોલીસે એક વીડિયો જાહેર કર્યો છે, જેમાં જસદીપ અને અમનદીપ સિંહના હાથ બંધાયેલા જોવા મળે છે. તેમને હથિયારોનો ડર બતાવીને ટ્રકમાં બેસાડવામાં આવી રહ્યા છે. બાદમાં બદમાસો ટ્રક લઈને ચાલ્યા જાય છે.

માતા કૃપાલ કૌર અને અમનદીપ સિંહની હાલત ખરાબ છે. ઘટનાની જાણકારી મળ્યા બાદ બંને અમેરિકા જવા રવાના થઈ ગયા છે. કૃપાલ કૌરના જણાવ્યા અનુસાર, તેમને બે પુત્રો, અમનદીપ સિંહ અને જસદીપ સિંહ હતા. પરંતુ હવે બંનેની હત્યા કરવામાં આવી છે. તેમના પરિવારનો આધાર છીનવાઈ ગયો છે.

*(તા. ૦૭-૧૦-૨૦૨૨)*

## અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીની હત્યા

**કચ્છી વરૂણ છેડા મિત્રો સાથે ફોનમાં વાત કરતો હતો ત્યાં તેની ચીસ મિત્રોને સંભળાઈ ● કોરિયાના રૂમમેટે હત્યા કરી**

અમેરિકાના ઈન્ડિયાનામાં પર્ડ્યુ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીની તેના કોરિયન રૂમમેટ દ્વારા હત્યા કરવામાં આવી હતી. ઘટના સમયે ભારતીય વિદ્યાર્થી વીડિયો ગેમ રમી રહ્યો હતો. સવાલ એ ઉઠી રહ્યો છે કે શું આ લડાઈ વીડિયો ગેમના કારણે થઇ છે?

પોલીસે જણાવ્યું કે મૃતકની ઓળખ ૨૦ વર્ષીય વરુણ મનીષ છેડા તરીકે તઈ છે. જે ડેટા સાયન્સનો અભ્યાસ કરી રહ્યો હતો. મેડિકલ રીપોર્ટ અનુસાર ગંભીર ઈજાના કારણે મોત થયું હતું.

આરોપી જી મીન જીમીએ ઈમરજન્સી નંબર ૯૧૧ પર ફોન કર્યો અને પોતે પોલીસને બોલાવી. તેની ધરપકડ કરવામાં આવી હતી. વરુણ અને જીમી યુનિવર્સિટી હોસ્ટેલમાં સાથે રહેતા હતા. વરુણની હત્યા કેમ્પસના મેકકચેન હોલના પહેલા માળે કરવામાં આવી હતી.

વરુણના બાળપણના મિત્ર અરુણાભ સિન્હાએ જણાવ્યું કે વરુણ મંગળવારે રાત્રે ઓનલાઇન ગેમ રમી રહ્યો હતો. ગેમ રમતા રમતા તે તેના મિત્રો સાથે પણ વાતો કરતો હતો. દરમિયાન, અચાનક તેને કોલ પર તેની બૂમો સંભળાઈ. પરંતુ તે સમયે તેઓ કંઈ સમજી શક્યા ન હતા. બીજા દિવસે સવારે તેમને વરુણના મૃત્યુના સમાચાર મળ્યા.

યુનિવર્સિટી પ્રેસિડેન્ટ મિચ ડેનિયલ્સે કહ્યું – વરુણનું નિધન દુઃખદ છે. અમે કલ્પના પણ કરી શકતા નથી કે કેમ્પસની અંદર આવી ઘટના બનશે. *(તા. ૦૬-૧૦-૨૦૨૨)*

## હિંદુ મહિલાઓ પર હુમલો : યુ.એસ.માં સાડી પહેરેલી ૧૪ હિંદુ મહિલા પર હુમલા કરનાર પકડાયો

અમેરિકામાં ગત જૂન મહિનાથી અત્યાર સુધીમાં સાડી પહેરનાર હિંદુ મહિલાઓ પર હુમલો કરનાર કેલિફોર્નિયાના શખ્સની પોલીસે ધરપકડ કરી છે. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે લેથન જહોન્સન નામના ૩૭ વર્ષીય શખ્સે અત્યાર સુધીમાં ૧૪ મહિલા પર હુમલા કર્યા હતા.

તમામ હિંદુ મહિલાઓ ભારતીય મૂળની હતી. આ હુમલાખોર મહિલાઓને નિશાન બનાવીને તેમની ગોલ્ડ જ્વેલરી પણ લૂંટી લેતો હતો. ડિસ્ટ્રીક્ટ એટર્ની જેફ રોઝને જણાવ્યું હતું કે શેરીની વચ્ચે મહિલાઓ પર હુમલો કરીને તેમને ભયભીત કરવા, એ ચોરી કરતા પણ મોટો ગુનો છે.

હિંદુ અમેરિકન ફાઉન્ડેશનના સમીર કાર્લાએ જણાવ્યું હતું કે ઘટનાઓને પગલે હિંદુ સમાજ ભયભીત બની ગયો હતો. તેમણે પોલસની કાર્યવાહીની પ્રશંસા કરી હતી. કેલિફોર્નિયામાં પરંપરાગત વસ્ત્રો ધારણ કરવા બદલ હેટ ક્રાઈમનો ભોગ બનેલા અનેક હિંદુઓએ સોશિયલ મીડિયા પર પોતાની વ્યથા વ્યક્ત કરી હતી.

*(તા. ૦૯-૧૦-૨૦૨૨)*

## યુક્રેન સંગઠન જીત્યું શાંતિ નોબેલ પુરસ્કાર

૭ મહિનાથી જંગ લડી રહેલા યુક્રેન અને રશિયાના બે સંગઠનોને શાંતિ નોબેલ પુરસ્કાર મળ્યો છે. યુદ્ધ અપરાધો સામે કામ કરતી યુક્રેનની સંસ્થા સેન્ટર ફોર સિવિલ લિબર્ટીઝનું નામ પણ વિજેતાઓમાં સામેલ છે.

ઓલેકસાન્દ્રા માત્વેચુક આ સંગઠનના પ્રમુખ છે. તેઓ યુક્રેન પર રશિયાના હુમલ પહેલા જ માનવ અધિકારના મુદ્દા ઉઠાવતા હતા. યુદ્ધની શરૂઆતમાં તેઓ યુક્રેનની રાજધાની કીવમાં હતા. મિસાઇલ હુમલાને કારણે તેમને બંકરમાં છુપાઈને રહેવું પડ્યું હતું. નોબેલ પુરસ્કારની જાહેરાત સમયે તેઓ ટ્રેનમાં જ હતા અને પોલેન્ડથી કીવ જઈ રહ્યા હતા.

યુક્રેન – રશિયા યુદ્ધ શરૂ થયું તે સમયે કીવમાં તેમણે એક ભોંયરામાં શરણ લીધી હતી. ઓલેકસાન્દ્રાએ તે સમયની પરિસ્થિતિનું વર્ણન કરતાં કહ્યું હતું કે અહીંના લોકોની ભાવના અકબંધ છે. કીવમાંથી સામૂહિક હિજરત કરવામાં આવી છે. લોકો પોલેન્ડની સરહદ તરફ ગયા છે.

૩૯ વર્ષીય ઓલેકસાન્દ્રા યુક્રેનના લોકશાહી તરફી આંદોલનમાં પણ સક્રિય હતી. તેમને ૨૦૧૪માં નોર્વેનું જુર લિન્ડરબ્રેક સન્માન મળ્યું હતું.

ઊંચી ઈમારતોને ખાલી કરાવવામાં આવી છે અને લોકોને મેટ્રો સ્ટેશન અને ભોંયરામાં રહેવાની સલાહ આપવામાં આવી છે.

યુદ્ધમાં સામાન્ય લોકોના જીવ ગયા છે. યુક્રેનમાં વિશાળ માનવીય સંકટ ઊભું થયું છે. કીવમાં ભયંકર બોમ્બ ધડાકા થઈ રહ્યા છે. રશિયા બેલારૂસિયન ધરતી પરથી યુક્રેન પર મિસાઈલ છોડે છે.

ઓલેકસાન્દ્રા યુક્રેનના હ્યુમન રાઈટ્સ કમિશનર ઓફિસમાં સલાહકાર પણ રહી ચૂક્યા છે. તેઓ યુક્રેનમાં માનવ અધિકારના મુદ્દાઓ પર વાર્ષિક અહેવાલ પણ જાહેર કરતા હતા. નવેમ્બર ૨૦૧૩માં યુક્રેનમાં રશિયા તરફી રાષ્ટ્રપતિ વિરુદ્ધ યુરોમેદાન ચળવળ શરૂ થઈ હતી. પછી ઓલેકસાન્દ્રાએ લોકોને મદદ કરવા માટે ઈમરજન્સી સેન્ટર ચલાવ્યું. ૩૦ નવેમ્બરે, સરકારે કીવમાં વિરોધીઓ પર હુમલો કર્યો. આ પછી ઓલેકસાન્દ્રા ચર્ચામાં આવી.

નોબેલ શાંતિ પુરસ્કાર માટે પસંદગી થવા પર તેમણે કહ્યું : હ્યુમન ચાર્ટરનું ઉલ્લંઘન કરવા બદલ રશિયાને યુ.એન. સુરક્ષા પરિષદમાંથી હાંકી કાઢવા જોઈએ. રશિયન પ્રમુખ પુતિન, બેલારૂસના રાષ્ટ્રપતિ લુકાશેન્કો અને અન્ય યુદ્ધ ગુનેગારો પર આંતરરાષ્ટ્રીય ટ્રીબ્યુનલ દ્વારા કેસ ચલાવવામાં આવે.

ઓલેકસાન્દ્રા બેલારૂસ અને રશિયામાં પણ માનવ અધિકાર ઉલ્લંઘનના મુદ્દાઓ ઉઠાવી રહ્યા છે અને બંને દેશની સરકારની ટીકાકાર છે. ઓલેકસાન્દ્રાની સંસ્થા યુક્રેનમાં માત્ર લોકોને જ નહીં પરંતુ પ્રાણીઓના બચાવમાં પણ મદદ કરી રહી છે. તેમનું માનવું છે કે જો યુક્રેનમાં પુતિનનું યુદ્ધ રોકવામાં નહીં આવે તો તેઓ બાકીના યુરોપ તરફ પણ આગળ વધી શકે છે.

*(તા. ૦૯-૧૦-૨૦૨૨)*

## વિશ્વની સૌથી દૂરની પોસ્ટઓફિસની જવાબદારી મહિલાઓ પર...

### એન્ટાર્કટિકામાં પેંગ્વિનની ગણતરીનું કામ પણ કરે છે ● એક સમયે બ્રિટનનું મિલિટ્રી બેઝ હતું

એન્ટાર્કટિકાના ગૌડિયર ટાપુ પર વિશ્વની સૌથી દૂરની પોસ્ટ ઓફિસ ચલાવવા અને ત્યાં હાજર પેંગ્વિનની ગણતરી કરવા માટે ચાર મહિલાઓને નોકરી પર રાખવામાં આવી છે. આ નોકરી માટે ક્લેર બેલાન્ટાઈન, મેરી હિલ્ટન, નતાલી કોર્બેટ અને લ્યુસી બ્રુઝોન નામની મહિલાઓની પસંદગી કરવામાં આવી છે. આ કામ માટે ઉમેદવારોની પસંદગી કરતા પહેલા તેમની શારીરિક તંદુરસ્તી અને પર્યાવરણની સમજ, એ પ્રથમ અગ્રતા હતી. રસપ્રદ વાત એ છે કે, આ કામ માટે ૬,૦૦૦ લોકોએ અરજી કરી હતી, જે પોતાનામાં જ એક રેકોર્ડ છે. હવે આ પસંદ કરેલી મહિલાઓ અહીં પેંગ્વિનની દેખરેખની સાથે ગૌડિયર ટાપુના જંગલી લેન્ડસ્કેપની સંભાળ લેશે.

વિશ્વની સૌથી દૂરની માનવામાં આવતી પોસ્ટ ઓફિસમાં ઐતિહાસિક પોર્ટ લોકરોય મ્યુઝિયમ પણ છે પરંતુ કોવિડ પેન્ડેમિક દરમ્યાન તેને બંધ કરી દેવામાં આવ્યું હતું. કેમ્બ્રિજ સ્થિત યુ.કે. એન્ટાર્કટિકા હેરિટેજે તેને ફરી ખોલવાની જાહેરાત કરી હતી. હેરિટેજે બેઝ લીડર, પોસ્ટ માસ્ટર, સ્ટોર મેનેજર અને વાઈલ્ડ લાઈફ મોનિટરીંગની પોસ્ટ માટે વેકેન્સી બહાર પાડી હતી. ૪ મહિલાઓને આ વેકેન્સી માટે પસંદ કરવામાં આવી હતી. આ ટીમ પોર્ટ લોકરોયની ઐતિહાસિક ઈમારતો અને કલાકૃતિઓની પણ દેખરેખ રાખશે.

મહિલાઓની ટીમે અહીં પહોંચવા માટે યુ.કે.થી ૯ હજાર કિ.મી.ની લાંબી યાત્રા ખેડવી પડશે. ત્યાં જઈને આ ટીમ પાંચ મહિના સુધી બધી જ ઘરેલુ સુખ-સુવિધાઓને છોડીને કામ કરશે. જેમ કે, પાણી અને ટોઈલેટ. આખો દિવસ અજવાળામાં રહેવું પડશે કારણકે ઓક્ટોબરથી ફેબ્રુઆરી મહિનામાં અહીં ફક્ત દિવસ જ હોય છે અને માર્ચથી સપ્ટેમ્બર ૬ મહિના સુધી અહીં રાત જ હોય છે. ચાર ઉમેદવારોની આ ટીમ જેન્ટુ પેંગ્વિનની કોલોનીની નજીક રહેશે. જેન્ટુ પેંગ્વિન અને તેમની વસતી ગણતરીની દેખરેખ એ ટ્રસ્ટના મિશનનો એક ભાગ છે. યુ.કે. એન્ટાર્કટિક હેરિટેજ ટ્રસ્ટના જણાવ્યા પ્રમાણે આ ટીમની ટ્રેનિંગ આ મહિને શરૂ થશે. આ ટ્રેનિંગમાં ટીમ પેંગ્વિનોલોજિસ્ટ પાસેથી ટ્રેનિંગ પણ લેશે.

એક સમયે બ્રિટીશ મિલિટ્રીનું બેઝ હતું આ પોર્ટ લોકરોય. તેનું નામ 'એટિયેન-અગસ્ટે-એડૌર્ડ' લોકરોયના નામ પરથી રાખવામાં આવ્યું હતું, જે એક રાજકારણી હતા. તેમણે ૧૯૦૪માં આ સ્થળની શોધ કરનારી ટીમને ભંડોળ પૂરૂં પાડ્યું. આ સ્થળ ક્રુઝશિપના મુસાફરો, એડવેન્ચર એક્સ્પ્લોરર્સ, વ્હેલર્સ, વૈજ્ઞાનિકો અને ખલાસીઓના ઘર જેવું છે. વર્ષ ૧૯૪૪માં આ સ્થળને બ્રિટીશ સેનાએ પોતાનું બેઝ બનાવ્યું હતું. તે ૧૯૬૨ સુધી બ્રિટીશ મિલિટ્રીનું બેઝ રહ્યું. વર્ષ ૧૯૯૬માં આ સ્થળને મ્યુઝિયમમાં ફેરવી દેવામાં આવ્યું છે. એન્ટાર્કટિક સંધિ હેઠળ યુનાઈટેડ કિંગ્ડમ એન્ટાર્કટિક હેરિટેજ પોર્ટ લોકરોયને 'ઐતિહાસિક સ્થળ' અને 'સ્મારક' તરીકે ચલાવે છે.

અહીં હાજર પેંગ્વિન પોસ્ટ ઓફિસ એન્ટાર્કટિકામાં સૌથી વધુ જોવામાં આવતું પર્યટન સ્થળ છે. અહીં સ્થિત પોસ્ટ ઓફિસ અને ગીફ્ટ શોપની મેઈન કરન્સી યુ.એસ. ડોલર છે. અહીં હાજર કર્મચારી દ્વારા દર વર્ષે ૧૦૦થી વધુ દેશોમાં લગભગ ૭૦,૦૦૦ કાર્ડ મોકલવામાં આવે છે. તેના દ્વારા થતી કમાણી યુ.કે. એન્ટાર્કટિક હેરિટેજને જાય છે.

*(તા. ૦૯-૧૦-૨૦૨૨)*

## યુ.એસ.માં ડ્રાઈવર - ડૉક્ટર પણ આર્મ્સ એજન્ટ

### આ વર્ષે રોકેટ, ગ્રેનેડ સહિત ૨૫૦ કરોડનાં હથિયારનું વેચાણ

ગન કલ્ચર અને શૂટિંગના વધતા દૂષણથી પરેશાન અમેરિકામાં હથિયારોના ધંધામાં હવે સામાન્ય લોકો પણ સામેલ થઈ રહ્યા છે. આ ધંધામાં ડૉક્ટરથી લઈને ડ્રાઈવરો પણ જોડાયા છે. જેઓ બીજા દેશોની સરકાર સાથે હથિયારોની ડીલ કરાવવા માટે વચેટિયાની

ભૂમિકા નિભાવી રહ્યા છે. તેનું જ પરિણામ છે કે રશિયાના હુમલાઓ વચ્ચે યુક્રેનને આ વચેટિયાઓથી ૩ કરોડ ડોલર (અંદાજે ૨૪૬ કરોડ રૂપિયા)ના રોકેટ, ગ્રેનેડ અને અન્ય હથિયારો મળ્યા હતા.

કેટલાક સમય પહેલાં સેન્ટ લુઇસ શહેરમાં લિમોસિન કંપનીમાં ડ્રાઈવરની નોકરી ગુમાવનાર માર્ટી જલાતેવને નવી નોકરીની જરૂર હતી. ત્યારે તેને આર્મ્સ એજન્ટ તરીકે મોટી તક મળી. આ કારોબારમાં જલાતેવને ઓર્થોપેડિક ડોક્ટર હીથર જોર્જજીવસ્કીકાનો સહયોગ મળ્યો. ન્યુયોર્ક ટાઇમ્સને મળેલા દસ્તાવેજો અને અન્ય રેકોર્ડ અનુસાર આ પ્રકારના વચેટિયાઓ મારફતે સાત દેશ સુધી આર્મ્સ ડીલ થઈ ચૂકી છે.

અમેરિકામાં નિયમ છે કે બિનવ્યૂહાત્મક હથિયારોની ડીલમાં સામાન્ય લોકો પણ એજન્ટ બનીને હથિયારોની નિકાસ કરી શકે છે. યુક્રેનના રક્ષા મંત્રાલય અનુસાર યુક્રેનને અમેરિકા, બલ્ગેરિયા અને બોસ્નિયા તરફથી હથિયારના વેચાણનો પ્રસ્તાવ મળ્યો હતો. બાઈડેન વહીવટીતંત્રને જાણ થઈ કે આ નાણાંકીય વર્ષના ચાર મહિનામાં ખાનગી એજન્ટોએ યુક્રેનને ૩ કરોડ ડોલરનાં હથિયારો વેચ્યા હતા. ગત નાણાંકીય વર્ષમાં ૧.૫ કરોડ ડોલર (૧૨૩ કરોડ રૂપિયા)ના હથિયારોનું વેચાણ કરાયું હતું.

હથિયારોના બિઝનેસ પર અભ્યાસ કરનાર સલાહકારો અનુસાર, લોકો આર્મ્સ એજન્ટ બનવાથી બ્લેક માર્કેટ ખતમ થશે. અમેરિકાના વિરોધીઓ, આતંકીઓ તેમજ સંગઠિત અપરાધીઓ પાસે સરળતાપૂર્વક હથિયાર પહોંચવાની આશંકા પણ પ્રબળ બનશે.

*(તા. ૧૦-૧૦-૨૦૨૨)*

## ફ્રાન્સના એનીને સાહિત્યનું નોબેલ

ફ્રાન્સની લેખિકા એની એર્નોક્સને વર્ષ ૨૦૨૨ માટે સાહિત્યનો નોબેલ પુરસ્કાર એનાયત કરાયો. નોબેલ પુરસ્કાર માટેની સમિતિના મતે એર્નોક્સને તેમના સાહસ તેમજ સમાજના સત્યને ઉજાગર કરવાની કળા બદલ નોબેલથી સન્માનિત કરાયા છે. એની એર્નોક્સનો નોર્મેંડીના નાના શહેર યવટોટમાં ઉછેર થયો છે. અહીં તેમના માતા-પિતા નાના કેફેનું સંચાલન કરતા હતા.

૧૯૬૩માં ફ્રાન્સમાં જ્યાં ગર્ભપાત ગેરકાયદેસર હતો, ત્યાં ૨૩ વર્ષની અપરીણિત યુવતી ગર્ભવતી થઈ. ત્યારબાદના ત્રાસ અને પોતાના અનુભવોને નીડરતાથી લખ્યા અને દુનિયા સમક્ષ પ્રકાશ પાડ્યો. આ યુવતી એની ઓર્નેક્સ હતી. તેમણે માતા-પિતાના સંબંધોની બાળક પર, ખાસ કરીને પુત્રીઓ પર થતી અસર વિશે લખ્યું. એની માતા-પુત્રીના સંબંધો પણ લખે છે. સમાજના યુવા સાથેના સંબંધો અંગે પણ ઊંડાણપૂર્વક લખે છે. પોતાના જ અનુભવોને સાક્ષી માનીને તે કહે છે કે યુવાવસ્થામાં અનુભવ અને જ્ઞાનની વચ્ચે સુમેળ સાધવો ખૂબ જ પડકારજનક હોય છે. કારણકે આ ઉંમરમાં થયેલી ચૂકને સમાજ સહન કરતો નતી. સરકાર પણ સમાજનો પક્ષ લે છે. સમાજને છોડીને જેમનાં માતા-પિતા દીકરીનો સાથ આપે છે, તે નસીબવાળા હોય છે.

અનેક લોકો એકલા પડી જાય છે. એર્નોક્સના પુસ્તકો પણ આ જ રીતે એકલતા સામે તૂટી ગયા બાદ સ્થિતિ સામે જીતીને આગળ વધતાં પાત્રોની કહાણી વ્યક્ત કરે છે. ૧૯૪૦માં જન્મેલા એર્નોક્સનું પહેલું પુસ્તક 'ક્લીન્ડ આઉટ' ૧૯૭૪માં છપાયું હતું. આ પુસ્તકનું મુખ્ય પાત્ર સામાજિક માન્યતાઓ અને વ્યક્તિગત અનુભવો વચ્ચે ઝઝુમી રહી છે. ત્યારે ફ્રાન્સમાં ગર્ભપાત ગેરકાયદેસર હતો. ૨ વર્ષ બાદ નવો કાયદો લાગુ કરાયો. ૨૨ વર્ષ પહેલાં ૨૦૦૦માં છપાયેલા પુસ્તક 'હેપનિંગ'માં ગર્ભપાતનો મામલો જોર પકડશે તેવો ખતરો વ્યક્ત કરાયો હતો.

૨૦૨૧માં આ પુસ્તક પર આધારિત ફિલ્મ 'હેપનિંગ'ને ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલમાં ગોલ્ડન લાયન પુરસ્કારથી નવાજીત કરાઈ હતી.

*(તા. ૧૦-૧૦-૨૦૨૨)*

## બ્રિટનમાં ગેરકાયદે પ્રવાસી મુસ્લિમ દેશોથી ૫ વર્ષમાં રમખાણો વધ્યા

બ્રિટન માટે ગેરકાયદે પ્રવાસીઓનો મુદ્દો મોટી મુશ્કેલીનું કારણ બની ગયો છે. અહીં આ વર્ષે અત્યાર સુધી ઈંગ્લીશ ચેનલને પાર કરનારા ૩૩ હજારથી વધુ ગેરકાયદે પ્રવાસીઓમાંથી ૯૨% મુસ્લિમ દેશોમાંથી આવ્યા છે. લગભગ ૭ કરોડની વસતી ધરાવતા બ્રિટનમાં ગેરકાયદે પ્રવાસીઓના કારણે વસતી અસંતુલન પણ વધી રહ્યું છે.

બ્રિટનના નવા નિમાયેલા ગૃહમંત્રી સુએલા બ્રેવરમેને આશંકા વ્યક્ત કરી હતી કે જો ગેરકાયદે પ્રવાસીઓની એન્ટ્રી પર કડક પ્રતિબંધ નહીં લગાવાય તો સામાજિક સૌહાર્દ પર આવનારા સમયમાં વિપરીત અસર થવાની આશંકા છે. સુએલાનો ઈશારો, તાજેતરમાં બર્મિંઘમ, સ્મેડેક અને લેસ્ટરમાં થયેલા હિંદુ-મુસ્લિમ રમખાણો તરફ હતો. એક એન.જી.ઓ. વતી જાહેર રિપોર્ટ મુજબ બ્રિટનમાં ગત ૫ વર્ષમાં કોમી રમખાણોની ઘટનાઓ ૨૮% વધી ગઈ છે. રમખાણોમાં શ્વેત લોકો ખૂબ જ ઓછા જ સામેલ હતા. મોટાભાગે મુસ્લિમ દેશોમાંથી આવનાર ગેરકાયદે પ્રવાસીઓની સંડોવણી હતી.

મુસ્લિમ દેશોમાંથી આવનારા અપ્રવાસી બ્રિટનના રહેતા તેમના સમુદાયના લોકોના ઠેકાણે છૂપાઈ જાય છે. આ લોકો અનેક મહિના સુધી અન્ડરગ્રાઉન્ડ રહે છે. પહેલાથી અહીં રહેતા તેમના સમુદાયના લોકો ગેરકાયદે પ્રવાસીઓને ઈમિગ્રેશન અધિકારીઓથી પણ બચાવે છે.

દિવાળીથી પહેલાં ભારત અને બ્રિટન વચ્ચે ફ્રી ટ્રેડ ડીલ પર ખતરો મંડારાઈ રહ્યો છે. બ્રિટનના ભારતવંશી ગૃહમંત્રી સુએલા બ્રેવરમેને કહ્યું કે આ ડીલથી પ્રવાસીઓની સંખ્યા પર રોક લગાવવાના પ્રયાસો નિષ્ફળ થઈ જશે. એક ઈન્ટરવ્યૂમાં સુએલા કહે છે કે જો આ ડીલ થશે તો ભારતથી આવનારા લોકો અને સ્ટુડન્ટ્સની સંખ્યા વધશે. ૨૦૨૦માં ૨૦,૭૦૬ ભારતીયોએ બ્રિટનમાં વિઝા મુદતથી વધુ સ્ટે કર્યો હતો. *(તા. ૧૦-૧૦-૨૦૨૨)*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
### જ્ઞાનસત્રમાં જૈન ધર્મના વિવિધ વિષયો પર વિદ્વાન વક્તાઓનાં પ્રવચનો

સાહિત્ય, કલા અને સંસ્કૃતિના સંવર્ધન માટે કાર્ય કરતા ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા શ્રી કુમાર જયકીર્તિ અનેકાંત વ્યાખ્યાનમાળાના ઉપક્રમે એક વિશિષ્ટ પ્રકારના રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. આ પરિસંવાદમાં જૈન ધર્મના જુદા જુદા પાસાઓ વિશે અઢાર જેટલા વિદ્વાનોએ અભ્યાસપૂર્ણ વક્તવ્યો આપ્યા. પરિસંવાદનો આશય એ હતો કે દરેક વિદ્વાન પાસેથી જે તે ક્ષેત્રની વર્તમાન પરિસ્થિતિ ઉપરાંત એના ભવિષ્ય અંગેના એમના દર્શનની વાત જાણવા મળે. આ જ્ઞાનસત્રનું ઉદ્‌ઘાટન કરતા શ્રી સંવેગ લાલભાઈએ કહ્યું કે, જૈન ધર્મની અનેક વિશેષતાઓ છે, જેની વર્તમાનયુગમાં વિશેષ આવશ્યક્તા છે અને આવા જ્ઞાનસત્ર એ સાચા અર્થમાં ધર્મનાં મુળભૂત જ્ઞાન પર પ્રકાશ પાડવાનું કામ કરે છે. જ્યારે અતિથિ વિશેષ શ્રી ગૌરવભાઈ શેઠે કહ્યું કે, ધર્મ એ ભારતીય સંસ્કૃતિનો પ્રાણ અને પરંપરાનો પાયો છે ત્યારે આજના સમયમાં ધર્મ કેટલો ઉપયોગી છે એ વિશેનું જ્ઞાન આ વિદ્વાન વક્તાઓ પાસેથી આપણે પામીશું. જ્ઞાનસત્રના અધ્યક્ષીય પ્રવચનમાં કુમારપાળ દેસાઈએ કહ્યું કે વર્તમાન યુગમાં માનવજાતની ત્રણ પરિસ્થિતિ છે. એક તો એનો સર્વનાશ, બીજું એ કે એ વિનાશ પછી બચેલી થોડી પ્રજા અને ત્રીજું સમગ્ર જગત એક બને. જૈન ધર્મની અહિંસા, અનેકાંત, અપરિગ્રહ દ્વારા આ વિશ્વને એક સાચું દિશા દર્શન આપી શકાય અને તે અંગે પોતાના અનુભવો એમણે પ્રસ્તુત કર્યા હતા. સમગ્ર જ્ઞાનસત્રના આયોજક શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ જ્ઞાનસત્રની રૂપરેખા આપી હતી અને એનો હેતુ દર્શાવ્યો હતો. જ્યારે શ્રી પ્રીતિ શાહે વિશ્વકોશ સંસ્થાના અનેકવિધ કાર્યોની વાત કરી હતી. એ પછી શ્રીમતી ભારતીબેન મહેતાએ ‘શ્રી નવકાર મહામંત્રમાંથી મને પ્રાપ્ત થયેલી પ્રેરણા અને જીવન પર પ્રભાવ’ એ વિશે વક્તવ્ય આપતાં પોતાના સ્વાનુભવોની વાત કરી અને નવકાર મહામંત્ર કઈ રીતે આપણા વ્યક્તિત્વને અધ્યાત્મ તરફ લઈ જાય છે તેના દૃષ્ટાંતો આપ્યા.

બીજી એક બેઠકમાં છાયાબેન શાહે શ્રુતજ્ઞાનની પરંપરામાં જ્યોતિર્ધરોએ કરેલા પ્રદાનની વાત કરી. તો ડૉ. સુધીર શાહે જૈન ભોજનશૈલી સાથે વિજ્ઞાન કેટલું બધું સંકળાયેલું છે, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા બતાવ્યું. પોતાના જીવન પર સંતોનો કેવો પ્રભાવ પડ્યો એ વિશે વાત કરતા ગુણવંત બરવાળિયાએ કહ્યું કે એક સંતના સંપર્કથી વ્યક્તિત્વમાં કેવું સમૂળગું પરિવર્તન આવે છે. ત્યારે જેપલ શાહે ભગવાન મહાવીરની દૃષ્ટિએ અને શ્રીકૃષ્ણની દૃષ્ટિએ કર્મની વિભાવના કેવી પ્રગટ થઈ છે, તે દર્શાવ્યું. શૈલેષી અજમેરાએ પોતાની આગવી શૈલીમાં અનુમોદનાના મહત્ત્વ વિશે કહ્યું અને કઈ રીતે આ અનુમોદના આપણા જીવનમાં પ્રેમ, મૈત્રી અને સ્નેહ સર્જી શકે છે, તે દર્શાવ્યું. ભગવાન ઋષભદેવે અસિ, મસિ અને કૃષિની જે વાત કરી તે પ્રત્યેક યુગમાં કઈ રીતે પ્રસ્તુત છે, એની છણાવટ શ્રી રેખા વોરાએ કરી. તો હેમાંગ અજમેરાએ ધર્મમાં ટેકનોલોજીનો ઉપયોગ કેટલા વિવેક અને મર્યાદા સાથે કરવો જોઈએ, એની સમજણ આપી. ડૉ. પ્રીતિ એન. શાહે જૈન યુનિવર્સિટીને માટે યોગનિષ્ઠ આચાર્ય બુધ્ધિસાગરજી અને પંજાબ કેસરી વિજયવલ્લભસૂરિજીએ કેવા અથાગ પ્રયત્નો કર્યા તેમજ એક સમયે થયેલા અહિંસા યુનિવર્સિટીના પ્રયોગોની પણ વાત કરી. રશ્મિ ભેદાએ યોગનું જીવનમાં કેટલું મહત્ત્વ છે, તે દર્શાવ્યું. તો ડૉ. સેજલ શાહે એમની છટાદાર શૈલીમાં જયભિખ્ખુનું સાહિત્યસર્જન, એમનું ઉપનામ, એમની અંતિમ વેળાની શિખામણ અને એમની નવલકથામાં મળતો સમય-સંદર્ભ સમજાવ્યો હતો. એવી જ રીતે સંન્નિષ્ઠ સર્જક અને પત્રકાર શ્રી સુશીલની સાહિત્ય સૃષ્ટિનો પરિચય આપ્યો હતો. હીના શાહે વર્તમાન સમયમાં આત્મશુદ્ધિ જાળવવામાં કેવા પડકારો ઝીલવા પડે છે અને છ બાહ્ય શત્રુઓનો કઈ રીતે સામનો કરી શકાય તેની રજૂઆત કરી. અભય દોશીએ જૈન સાહિત્યના રાસ અને સજ્ઝાયમાં રહેલા કાવ્યત્વને દર્શાવ્યું હતું, તો પ્રીતિ પંચોલીએ હસ્તપ્રત ભંડારની વર્તમાન સ્થિતિ, એની સુરક્ષા અને હસ્તપ્રતનું કેટલોગ બનાવવાની આવશ્યક્તા વિશે વાત કરી હતી. જ્યારે રમજાન હસણિયાએ શ્રી ભક્તામર સ્તોત્રના અનુવાદની પ્રત્યેક પંક્તિનો ભાવાર્થ સમજાવ્યો હતો. અંતે અધ્યક્ષ સ્થાનેથી શ્રી કુમારપાળ દેસાઈએ પ્રત્યેક વક્તાના વક્તવ્યની વિશેષતા દર્શાવી હતી અને શ્રી ગુણવંત બરવાળિયાએ આભારવિધિ કરી હતી. જ્ઞાનસત્રના પ્રથમ અને દ્વિતીય દિવસે પ્રારંભે શ્રી જાગૃતિબેન ઘીવાલા દ્વારા નવકારમંત્રનું ગાન થયું હતું. તો સર્વશ્રી જસુભાઈ કવિ, અભય દોશી અને નલિની દેસાઈએ જુદી જુદી બેઠકોનું કુશળતાપૂર્વક સંચાલન કર્યું હતું. આ રીતે કોઈ એક વિષયને બદલે અભ્યાસીઓ જે વિષયમાં વિશેષ જ્ઞાન ધરાવે છે તે વિષય પર નવો પ્રકાશ પાડવા મળ્યો અને વિશાળ સંખ્યામાં જિજ્ઞાસુઓ અને સાધકોએ આમાં ભાગ લીધો.

*જેમ મલાઈ વગરનું દૂધ નકામું, તેમ ભલાઈ વગરનું જીવન નકામું.*

## રોટરીનગર મધ્યે યોજાયેલ હોમિયોપેથીક કેમ્પનો ૧૦૨ દર્દીઓએ લાભ લીધો

નિયામકશ્રી આયુષ – ગાંધીનગર, કચ્છ જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા ભુજ દ્વારા જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી પવનકુમાર મકરાણીનાં માર્ગદર્શન હેઠળ માનવ જ્યોત સંસ્થા ભુજનાં સહકારથી, રાવલવાડી રીલોકેશન સાઈટ, રોટરીનગર મધ્યે આવેલા શ્રી તર્પણેશ્વર મહાદેવ મંદિરે નિઃશુલ્ક હોમિયોપેથીક કેમ્પ યોજાયો હતો. જેનો ૧૦૨ દર્દીઓએ લાભ લીધો હતો.

ડૉ. પ્રતિક્ષાબેન પવાર, ડૉ. પ્રિયંકાબેન ચૌધરીએ પોતાની સેવાઓ આપી દર્દીઓના દર્દનું નિદાન કર્યું હતું. કેમ્પ સ્થળે દર્દીઓને દવાઓ નિઃશુલ્ક અપાઈ હતી. વ્યવસ્થામાં પ્રબોધ મુનવર, બટુક ગોસ્વામી, ઈલાબેન વૈષ્ણવ, પૂજાબેન ગોરે સહકાર આપ્યો હતો.

## માનવ જ્યોત સંસ્થા - ભુજ

### વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ ઉજવાયો

માનવ જ્યોત સંસ્થા - ભુજ દ્વારા વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા - કચ્છના માનસિક દિવ્યાંગોનું આરોગ્ય ચેકિંગ કરાવવામાં આવ્યું હતું.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ - ભુજ દ્વારા માનસિક દિવ્યાંગોને મિષ્ટાન્ન - ફરસાણ સાથેનું ભોજન જમાડાયું હતું. પેરાલીગલ વોલન્ટીયરો પ્રબોધ મુનવર, પૃથ્વીરાજસિંહ જાડેજા, રફીક બાવા તથા આનંદ રાયસોનીએ વ્યવસ્થા સંભાળી હતી.

મનોચિકિત્સક ડૉ. મહેશભાઈ ટીલવાણી, ડૉ. રોબિનસિંગ, ડૉ. હરેશભાઈ, ડૉ. ધ્વનિત દવે, ડૉ. રાજેશ ગવરી આ આશ્રમના આશ્રિતોને સારવાર આપતા રહ્યા છે.

### બિહારના યુવાનનું ૨૨ વર્ષે પરિવાર સાથે થયું મિલન
### પિતા-પુત્રનું પ્રથમ વખત થયું મિલન...
### પતિના વિયોગમાં પત્ની મૃત્યુ પામી

બિહારના સેખપુરા જિલ્લાના અફરડી ગામનો યુવાન સોહન કારૂ ચૌધરી ૨૨ વર્ષ પહેલા ગૂમ થયો હતો. તેને એક મોટી દીકરી છે. જ્યારે પુત્ર માતાના પેટમાં હતો ત્યારે પિતા ગૂમ થયેલા. પિતાનાં ઘર છોડ્યા પછી માતાના કુખે પુત્રનો જન્મ થયો. પતિનાં ગુમ થવાથી પત્ની ખૂબ જ દુઃખી હતી. ટેન્શનમાં જિંદગી જીવતી પત્ની પતિના વિયોગમાં પુત્ર ૮ વર્ષનો હતો ત્યારે મૃત્યુ પામી. બંને ભાઈ-બહેન માતા-પિતા વિહોણા બની ગયા. કાકા પરિવારજનો તેમની મદદે આવ્યા અને માતા-પિતા વિહોણા સંતાનોને ઉછેરવા લાગ્યા. વર્ષોના વર્ષો વીતી ગયા. દીકરીનાં લગ્ન પણ થઈ ગયા.

ગૂમ થયેલો સોહન છેલ્લા ૨૨ વર્ષથી જુદા જુદા રાજ્યોમાં રખડતો - ભટકતો રહ્યો હતો. ભારતના અનેક રાજ્યોનાં અનેક શહેરો-ગામોમાં તેણે ખૂબ જ દુઃખ વેઠ્યા. ક્યાંક ભૂખ્યા રહેવું પડતું. તો ક્યાંક તેને લોકો સૂવા પણ નહોતા દેતા. મુશ્કેલીભરી જિંદગી વિતાવી રહ્યો હતો. આખરે તે ૧૪-૭-૨૨ના ભુજનાં નવા બસ સ્ટેશન બહાર દેખાયો હતો. જાગૃત લોકોએ 'માનવ જ્યોત'ને જાણ કરી. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભુજના સિનિયર પેરાલીગલ વોલન્ટીયર પ્રબોધ મુનવરે તેને માનવ જ્યોત સંસ્થા - ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા - કચ્છ લઈ જઈ ભુજની માનસિક આરોગ્યની હોસ્પિટલનાં મનોચિકિત્સક ડૉક્ટરશ્રી પાસેથી સારવાર કરાવતાં તે બહુ જલ્દી સ્વસ્થ બન્યો હતો. તેની પાસેથી મળેલી માહિતીનાં આધારે આશ્રમનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્માએ બિહાર પોલીસને જાણકારી મોકલી. ૨૨ વર્ષનાં વાયરા વીતી જતાં ઘર શોધવું કઠિન બન્યું હતું. પોલીસે ૧૫ દિવસે આખરે તેનો પરિવાર શોધી કાઢ્યો. વોટ્સએપથી સોહનનો ફોટો મોકલવામાં આવ્યો. દીકરો કહે હું ઓળખતો નથી. આખરે કાકાની મદદ લેવી પડી. કાકાને ફોટો બતાવતા જ તેમણે કહ્યું, આ મારો મોટો ભાઈ છે, તારો પિતા છે. પુત્ર રામેશ્વર ખુશખુશાલ બની ગયો. ૨૧ વર્ષીય પુત્ર તુરત જ ભુજ આવવા ટ્રેનમાં બેઠો. આખરે ભુજ આવી શ્રી રામદેવ સેવાશ્રમ મધ્યે પહોંચ્યો. પુત્રે પિતાને ક્યારે પણ જોયા ન હતા. પિતાએ ઘર છોડ્યું ત્યારે પુત્ર માતાના પેટમાં હતો. આજે પુત્ર રામેશ્વર એક સારી કંપનીમાં કામ કરે છે.

પિતા-પુત્રનું ૨૨ વર્ષે મિલન થતા જ ભાવુક દૃશ્યો સર્જાયા હતા. બંનેની આંખો આંસુથી ભીંજાઈ હતી અને એકબીજાને ભેટી પડ્યા હતા. આખરે સોહન ૨૨ વર્ષ પછી પોતાનાં ઘરે પહોંચ્યો છે. દીકરા-દીકરી સાથે ફેરમિલન થયું છે.

૪૩ વર્ષનો થઈ ચૂકેલો સોહન ઘરે પહોંચતા જ સમગ્ર ગામવાસીઓએ ઉત્સવ મનાવ્યો હતો. જેમાં ગામના સરપંચ સહિતના લોકો જોડાયા હતા. ત્યાંના સરપંચ સંજયકુમાર વર્માએ માનવ જ્યોત સંસ્થાને બે પાનાનો પત્ર વોટ્સએપથી પાઠવીને ગ્રામજનો વતી આભાર વ્યક્ત કર્યો હતો.

માનવતાના આ કાર્યમાં પ્રબોધ મુનવર, રીતુબેન વર્મા, આનંદ રાયસોની, રમેશભાઈ માહેશ્વરી, સુરેશભાઈ માહેશ્વરી, કનૈયાલાલ અબોટી, પંકજ કુરૂવા, જયેશ લાલન, વાલજી કોલી, દિલીપ લોડાયા, રફીક બાવા, દીપેશ શાહ, માવજીભાઈ આહીર સહભાગી બન્યા હતા. ■

## NanoNine® શબ્દ રમત-૧૮૮

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | ■ | ૩ | ૪ | | ■ | ૫ | ૬ | | ■ |
| ૭ | | | ■ | ૮ | | ■ | ૯ | | | ■ | ૧૦ |
| ૧૧ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | | ■ | ૧૪ | ૧૫ | |
| | ■ | ૧૬ | ■ | ૧૭ | ૧૮ | | ■ | ૧૯ | ■ | ૨૦ | |
| ૨૧ | ૨૨ | | ૨૩ | ■ | | ■ | ૨૪ | | ૨૫ | ■ | |
| ■ | | ■ | ૨૬ | ૨૭ | ■ | ૨૮ | | ■ | ૨૯ | ૩૦ | |
| ૩૧ | | ૩૨ | ■ | ૩૩ | | ■ | ૩૪ | ૩૫ | ■ | | ■ |
| | ■ | ૩૬ | ૩૭ | | ■ | ૩૮ | ■ | ૩૯ | ૪૦ | | ૪૧ |
| ૪૨ | ૪૩ | ■ | | ■ | ૪૪ | | ૪૫ | ■ | | ■ | |
| ૪૬ | | ૪૭ | ■ | ૪૮ | | ■ | ૪૯ | | ■ | ૫૦ | |
| | ■ | ૫૧ | ૫૨ | | ■ | ૫૩ | | ■ | ૫૪ | | |
| ■ | ૫૫ | | | ■ | ૫૬ | | | ■ | ૫૭ | | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૧૧-૨૦૨૨ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. પૈસો, નાણું (૨)
૩. પ્રશ્ન (૩)
૫. તપ કરનાર (૩)
૭. દીકરીનો દીકરો, દોહિત્ર (૩)
૮. લગ્નમાં વર સાથે જનારાઓનો સમૂહ (૨)
૯. વપરાશ (૩)
૧૧. માણસ (૨)
૧૨. ઔષધ (૨)
૧૩. હાથે કાંતેલા સૂતરનું વણેલું કાપડ (૨)
૧૪. નાનું સરોવર (૩)
૧૭. પેટીસ સાથે ખવાય (૩)
૨૦. એક તેલીબિયું (૨)
૨૧. વ્યાયામ (૪)
૨૪. ફાનસની બત્તીનું રક્ષણ કરનાર ગોળો (૩)
૨૬. શુક્લ પક્ષ (૨)
૨૮. કિંમત, દર (૨)
૨૯. ઘટ, ખોટ (૩)
૩૧. ઇચ્છા, ખુશી (૩)
૩૩. દારૂ ગાળવાનું સ્થળ, બજાર, થાણું (૨)
૩૪. મીટ, અનિમેષ નજર (૨)
૩૬. પ્રાણ જાય પર _____ ન જાય (૩)
૩૯. અસ્તવ્યસ્ત, છૂટુંછવાયું (૪)
૪૨. ભેગું કરેલું, એકઠું થયેલું (૨)
૪૪. પાક, મૌસમ (અરબી) (૩)
૪૬. શોક, રડાકૂટ (ફા) (૩)
૪૮. બંધી, નિષેધ (૨)
૪૯. મંત્ર-તંત્ર કે હાથ ચાલાકીનું કામ (૨)
૫૦. જમણની ચીજ, ગેરૂ, મડદાની રાખ (૨)
૫૧. કવિતા (અ), તારો, સિતારો (૩)
૫૩. પ્યાલો (ફા), જામફળ, પ્રહર (૨)
૫૪. _____સે મજબૂર (૩)
૫૫. ઝાડ કે જમીનનું પોલાણ (૩)
૫૬. જેવી _____ તેવી બરણી (૩)
૫૭. _____ હોય તો માળવે જવાય (૨)

### ઊભી ચાવીઓ

૧. જય _____, જય કિસાન (૩)
૨. પૃથ્વી (૨)
૩. સજા કરવા યોગ્ય (૪)
૪. વર્ણ, રંગ (૨)
૫. તડકો, ગરમી (૨)
૬. પાછું આપવું તે (૩)
૭. પાસે, નજીક (૪)
૯. વદનાર, બોલનાર (૨)
૧૦. નવલકથાનો લેખક (૫)
૧૩. _____ ખોદે તે પડે (૨)
૧૫. પગેથી મારવું તે (૨)
૧૬. પાણી, જલ (૨)
૧૮. સાંકડી શેરી (૨)
૧૯. મીણ (ફા) (૨)
૨૨. પવન (૩)
૨૩. ઈંચ જેટલું માપ (૨)
૨૪. કાળજી (૩)
૨૫. પાણી જવાનો રસ્તો (૨)
૨૭. મડદાને દાટવું તે (૩)
૩૦. સમાવેશ, સમાવું તે (૩)
૩૧. માથાફોડ (૫)
૩૨. શરીરનું ચેતન, તત્ત્વ, પ્રાણ (૨)
૩૫. સરોવર (૨)
૩૭. ખ્રિસ્તીઓનું મંદિર (૨)
૩૮. અતિશય તરસ, ગલે પડતી સૂક (૨)
૪૦. નવું (૨)
૪૧. માખણ (૪)
૪૩. માતા, મા (૨)
૪૪. નાશ પામેલું, પાયમાલ (૨)
૪૫. આ છોડને અડવાથી તેના પાન સંકોચાઈ જાય છે (૪)
૪૭. મનુષ્ય તરીકેની જિંદગી (૩)
૪૮. બાળ ભાષામાં ખાવું (૨)
૫૦. વગાડવું તે (૩)
૫૨. પાણી (૨)
૫૩. એક ધાન્ય, જુવાર (૨)
૫૪. કેરી (૨)

**શબ્દ રમત-૧૮૭**

**જવાબો માટે જુઓ : પાના નંબર-૮૦**

## NanoNine® શબ્દ રમત-૧૮૭નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જિ | ન | પિં | ગ | | ન | વ | ર | ચ | ના | | હ |
| | મ | ગ | | | સ | મ | | | | ક | દ |
| | ન | ળા | કા | ર | | ન | | ભા | ગો | ળ | |
| ચ | | | ક | ટ | કો | | ચ | | ર | ત | ન |
| રી | ત | | લૂ | ણ | | ના | ર | દ | | ર | વ |
| | | ક | દી | | આ | વ | | | આ | | લ |
| અ | ખં | ડ | | ર | | | રા | હ | બ | ર | |
| ત્યા | | લી | | ચ | પ | ળ | | વા | | ઢ | ગ |
| ચા | વી | | | ના | ર | | ગ | લ | ત | | દા |
| ર | જ | | આ | ત્મ | જ | | | દા | ડ | મ | |
| | | અ | ચ | ક | ન | | વી | ર | પ | સ | લી |
| દે | ન | | કો | | | ના | ણા | | વું | | રો |

## NanoNine™ શબ્દ રમત ઉકેલ મોકલાવનારના નામ

*જુલાઈ-૨૦૨૨ ● નેનો શબ્દ રમત-૧૮૪ ● બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. દમયંતી દંડ – અમદાવાદ
૨. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૩. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૪. ચંદ્રકાંત લોડાયા – અમદાવાદ
૫. સરલા શાહ – અમદાવાદ
૬. લક્ષ્મીબેન ખત્રી – અમદાવાદ
૭. જ્યોતિ શાહ – અમદાવાદ
૮. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૯. સાવિત્રીબેન જેસરાણી – મુંબઈ
૧૦. હસમુખ શેઠિયા – અડાલજ
૧૧. પ્રજ્ઞાબેન મહેતા – વડોદરા
૧૨. પ્રભા શેઠિયા – વલસાડ

*ઓગસ્ટ-૨૦૨૨ ● નેનો શબ્દ રમત-૧૮૫ ● બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૩. જીતેન્દ્ર મહેતા – અમદાવાદ
૪. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૫. દમયંતી દંડ – અમદાવાદ
૬. નીલોફર શેખ – અમદાવાદ
૭. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૮. ચંદ્રા શાહ – અમદાવાદ
૯. સ્મિતા શાહ – અમદાવાદ
૧૦. નવલ નીસર – સુરત
૧૧. હસ્તી ઠાકર – ભુજ
૧૨. દર્શન કોઠારી – અંજાર
૧૩. પ્રભા શેઠિયા – વલસાડ
૧૪. હસમુખ દેઢિયા – અડાલજ

*સપ્ટે.-૨૦૨૨ ● નેનો શબ્દ રમત-૧૮૬ ● બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. ચંદ્રકાંત લોડાયા – અમદાવાદ
૩. ભારતી મૈશેરી – અમદાવાદ
૪. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૫. ભરત ત્રેવાડિયા – અમદાવાદ
૬. ચેતના વોરા – અમદાવાદ
૭. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૮. જૈની કોઠારી – અમદાવાદ
૯. દમયંતી દંડ – અમદાવાદ
૧૦. જયંતીલાલ શાહ – અમદાવાદ
૧૧. મહેન્દ્ર શાહ – અમદાવાદ
૧૨. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૩. લક્ષ્મીબેન ખત્રી – અમદાવાદ
૧૪. હસમુખ દેઢિયા – અડાલજ
૧૫. પ્રભા શેઠિયા – વલસાડ
૧૬. ભાવના શાહ – નાગપુ
૧૭. ધનલક્ષ્મી મોતા – મુંબઈ
૧૮. કંચનબેન મોરબીયા – ભુજ

*શબ્દ રમત : ૧૮૪, ૧૮૫, ૧૮૬ના ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

નીલોફર શેખ – અમદાવાદ

## NanoNine® *Sudoku* ઉત્તર મોકલાવનારના નામો

**જુલાઈ-૨૦૨૨ ● સુડોકુ-૧૧૪૨**
**સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. પ્રભા શેઠિયા – વલસાડ
૨. હેમલતા દેઢિયા – અડાલજ
૩. જ્યોતિ શાહ – અમદાવાદ
૪. અરવિંદ ભટ્ટ – અમદાવાદ

**ઓગસ્ટ-૨૦૨૨ ● સુડોકુ-૧૧૪૩**
**સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. હેમલતા દેઢિયા – અડાલજ
૨. પ્રભા શેઠિયા – વલસાડ
૩. દર્શન કોઠારી – અંજાર
૪. જીતેન્દ્ર મહેતા – અમદાવાદ
૫. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૬. સ્મિતા શાહ – અમદાવાદ
૭. ચંદ્રા શાહ – અમદાવાદ

**સપ્ટેમ્બર-૨૦૨૨ ● સુડોકુ-૧૧૪૪**
**સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. તેજસ શાહ – અમદાવાદ
૨. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૩. ભરત ત્રેવાડિયા – અમદાવાદ
૪. જ્યોતિ ગડા – અમદાવાદ
૫. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૬. રૂપા છેડા – અમદાવાદ
૭. પ્રિયા દેઢિયા – અમદાવાદ
૮. જય ગોગરી – અમદાવાદ
૯. મહેન્દ્ર શાહ – અમદાવાદ
૧૦. દિનેશ વોરા – અમદાવાદ
૧૧. પ્રભા શેઠિયા – વલસાડ
૧૨. કાવ્યા શાહ – નાગપુર
૧૩. હેમલતા દેઢિયા – અડાલજ
૧૪. ચંદ્રિકા શાહ – રાઉરકેલા

*સુડોકુ – ૧૧૪૨, ૧૧૪૩, ૧૧૪૪ના સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર એક વિજેતા નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**રૂપા છેડા – અમદાવાદ**

***<u>સવાલ</u> : કોઈને નોતરું આપવા માટે આપણે સારી ભાષામાં 'આમંત્રણ' કે 'નિમંત્રણ' શબ્દ વાપરતા હોઈએ છીએ. હવે આપણો સવાલ : આમંત્રણ અને નિમંત્રણમાં શું ફરક?***

***<u>જવાબ</u>***: 'આમંત્રણ' હંમેશાં મોટા સમૂહ માટે હોય. 'નિમંત્રણ' હંમેશાં વ્યક્તિગત અથવા નાનકડા સમૂહ માટે હોય. અને એટલે જ 'જાહેર આમંત્રણ' લખાય, 'જાહેર નિમંત્રણ' એમ ન લખાય.

★

***<u>સવાલ</u> : બે વાક્ય આમ છે : 'એ લોકો આવ્યા' અને બીજું વાક્ય 'એ લોકા આવ્યાં.' આ બંનેમાંથી એક વાક્યમાં 'આવ્યા' પર અનુસ્વાર છે અને એકમાં નથી. હવે આપણો સવાલ : બંને વાક્યોનો અર્થ અલગ થાય છે. શું તફાવત છે એ જણાવો.***

***<u>જવાબ</u>*** : બંને વાક્યોમાં માત્ર અનુસ્વારનો ફરક છે. જે અનુસ્વારવાળું વાક્ય છે તે સ્ત્રી અને પુરુષ બંનેનો અથવા માત્ર સ્ત્રીઓનો સમુદાય સૂચવે છે. અર્થાત્ આવનારાઓમાં સ્ત્રીઓ પણ સામેલ હતી એવું સૂચવાયું છે. અનુસ્વાર વગરનું વાક્ય માત્ર પુરુષ સમુદાય સૂચવે છે. અર્થાત્ આવનારા માત્ર પુરુષો જ હતા. બોલો, છે ને મજેદાર વાત! કેટલું ઝીણું કાત્યું છે આપણી માતૃભાષાએ!

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૪૬અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૧૧-૨૦૨૨ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૪૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | 8 | 7 | | | 2 | | |
| 5 | | | | | 1 | | 4 | 9 |
| | | | | 5 | | 7 | | 8 |
| 1 | | 4 | 2 | | 3 | | 5 | |
| | 5 | | | 7 | | | 3 | |
| | 2 | | 6 | | 5 | 9 | | 1 |
| 4 | | 1 | | 8 | | | | |
| 2 | 6 | | 3 | | | | | 4 |
| | | 7 | | | 4 | 1 | 2 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 6 | 7 | | | | 8 | 5 | |
| 3 | | | | | 6 | | | |
| | | | 2 | | 7 | | | 9 |
| | 9 | | 1 | 2 | | 6 | | 3 |
| 6 | 3 | | | 9 | | | 2 | 8 |
| 1 | | 2 | | 6 | 8 | | 9 | |
| 4 | | | 8 | | 9 | | | |
| | | | 6 | | | | | 5 |
| | 5 | 6 | | | | 9 | 7 | 1 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | | 6 | | | 4 | 5 |
| 8 | | | 3 | 1 | | | | 9 |
| | 9 | 4 | | | 5 | | | |
| 2 | | 3 | 6 | | 1 | 5 | | |
| 5 | | | | | | | | 8 |
| | | 7 | 5 | | 8 | 3 | | 2 |
| | | | 1 | | | 9 | 8 | |
| 9 | | | | 2 | 6 | | | 4 |
| 6 | 7 | | | 5 | | 1 | 2 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 2 | | 3 | | 4 | | 7 | 1 |
| | 9 | | 1 | | | | | |
| 7 | | 1 | | 6 | | | | 9 |
| 2 | | | 7 | | 6 | | 8 | 3 |
| | | 5 | | 3 | | 4 | | |
| 3 | 7 | | 9 | | 2 | | | 6 |
| 6 | | | | 1 | | 3 | | 2 |
| | | | | | 5 | | 6 | |
| 1 | 5 | | 6 | | 3 | | 9 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૪૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 9 | 3 | 4 | 5 | 2 | 8 | 7 | 1 |
| 8 | 7 | 5 | 9 | 1 | 6 | 4 | 3 | 2 |
| 1 | 4 | 2 | 8 | 7 | 3 | 6 | 5 | 9 |
| 4 | 5 | 7 | 2 | 6 | 1 | 9 | 8 | 3 |
| 9 | 2 | 1 | 5 | 3 | 8 | 7 | 6 | 4 |
| 3 | 8 | 6 | 7 | 9 | 4 | 1 | 2 | 5 |
| 2 | 1 | 8 | 3 | 4 | 7 | 5 | 9 | 6 |
| 5 | 3 | 4 | 6 | 8 | 9 | 2 | 1 | 7 |
| 7 | 6 | 9 | 1 | 2 | 5 | 3 | 4 | 8 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 9 | 7 | 5 | 6 | 8 | 4 | 1 | 3 |
| 8 | 4 | 6 | 3 | 9 | 1 | 5 | 7 | 2 |
| 1 | 5 | 3 | 4 | 7 | 2 | 9 | 6 | 8 |
| 3 | 2 | 1 | 7 | 5 | 6 | 8 | 4 | 9 |
| 6 | 7 | 9 | 8 | 4 | 3 | 1 | 2 | 5 |
| 4 | 8 | 5 | 1 | 2 | 9 | 7 | 3 | 6 |
| 7 | 6 | 2 | 9 | 8 | 4 | 3 | 5 | 1 |
| 5 | 3 | 8 | 6 | 1 | 7 | 2 | 9 | 4 |
| 9 | 1 | 4 | 2 | 3 | 5 | 6 | 8 | 7 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 5 | 8 | 9 | 1 | 2 | 4 | 6 |
| 1 | 2 | 9 | 6 | 4 | 5 | 3 | 7 | 8 |
| 8 | 4 | 6 | 2 | 7 | 3 | 1 | 5 | 9 |
| 5 | 9 | 7 | 4 | 3 | 2 | 6 | 8 | 1 |
| 4 | 6 | 3 | 7 | 1 | 8 | 5 | 9 | 2 |
| 2 | 1 | 8 | 9 | 5 | 6 | 4 | 3 | 7 |
| 9 | 8 | 1 | 3 | 2 | 4 | 7 | 6 | 5 |
| 7 | 5 | 4 | 1 | 6 | 9 | 8 | 2 | 3 |
| 6 | 3 | 2 | 5 | 8 | 7 | 9 | 1 | 4 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 5 | 8 | 1 | 9 | 4 | 3 | 2 | 6 |
| 4 | 2 | 1 | 3 | 6 | 8 | 5 | 9 | 7 |
| 9 | 3 | 6 | 7 | 5 | 2 | 8 | 4 | 1 |
| 5 | 1 | 9 | 8 | 4 | 3 | 6 | 7 | 2 |
| 6 | 8 | 7 | 9 | 2 | 5 | 4 | 1 | 3 |
| 3 | 4 | 2 | 6 | 7 | 1 | 9 | 8 | 5 |
| 1 | 9 | 4 | 5 | 3 | 7 | 2 | 6 | 8 |
| 8 | 6 | 3 | 2 | 1 | 9 | 7 | 5 | 4 |
| 2 | 7 | 5 | 4 | 8 | 6 | 1 | 3 | 9 |

Nano 9® kitchenware in new avatar

NanoNine® INNOVATIVE KITCHENWARE
Bana De Life Aasaan!

Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in

AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

## પ્રાચીન ભારતીય આરોગ્ય ટીપ્સ

**૧. अजीर्ने भोजनं विषम् ।**
જો અગાઉ લીધેલું બપોરનું ભોજન પચતું નથી... રાત્રિનું ભોજન લેવું એ ઝેર લેવા સમાન ગણાશે. ભૂખ એ એક સંકેત છે કે અગાઉનો ખોરાક પચી ગયો છે.

**૨. अर्धरोगहारी निद्रा ।**
યોગ્ય ઊંઘ અડધા રોગોને મટાડે છે.

**3. मूढगढाली गढव्याली**
તમામ કઠોળમાંથી લીલા ચણા શ્રેષ્ઠ છે. તે રોગપ્રતિકારક શક્તિ વધારે છે. અન્ય કઠોળમાં એક અથવા બીજી આડઅસર હોય છે.

**૪. बागनास्थी संधानकारो रसोनहा ।**
આદુ તૂટેલા હાડકાને પણ જોડે છે.

**૫. अति सर्वत्र वर्जयेत ।**
વધુ પડતી કોઈપણ વસ્તુ ખાવામાં આવે છે કારણકે તેનો સ્વાદ સારો છે, તે સ્વાસ્થ્ય માટે સારૂં નથી. મધ્યમ બનો.

**૬. नास्तिमूलम अनौषधाम**
એવી કોઈ શાકભાજી નથી કે જેનાથી શરીરને કોઈ ઔષધીય લાભ ન હોય.

**૭. नां वैध्यः प्रभुरायुशाह ।**
કોઈ ડોક્ટર આપણા આયુષ્યનો ભગવાન નથી. ડોક્ટરોની મર્યાદાઓ હોય છે.

**૮. चिंता व्याधि प्रकाश्य ।**
ચિંતા સ્વાસ્થ્ય ખરાબ કરે છે.

**૯. व्यायाम सनैही सनैही**
કોઈપણ કસરત ધીમે ધીમે કરો. ઝડપી કસરત સારી નથી.

**૧૦. अजावध चर्वनाम कुरात ।**
તમારા ખોરાકને બકરીની જેમ ચાવો. ઉતાવળમાં ક્યારેય ગળી જશો નહીં. લાળ પ્રથમ પાચનમાં મદદ કરે છે.

**૧૧. स्नानमनाम मानहप्रंसाधनकरम धुस्वप्न विद्रुसनम् ।**
સ્નાન ડિપ્રેશન દૂર કરે છે. તે ખરાબ સપનાને દૂર કરે છે.

**૧૨. ना स्नानम आचारेठ भुक्थवा ।**
ફૂડ પાચન પ્રભાવિત થાય છે. તે પછી તરત જ ક્યારેય સ્નાન ન કરો.

**૧૩. नास्थि मेघासमाम थोयम ।**
શુદ્ધતામાં વરસાદના પાણી સાથે અન્ય કોઈ પાણી મેળ ખાતું નથી.

**૧૪. अजीर्ने भेषजमवारी ।**
સાદુ પાણી લેવાથી અપચો દૂર થાય છે.

**૧૫. सर्वत्र नूथनाम व्यवस्था सेवकाने पुर्थनम् ।**
હંમેશાં તાજી વસ્તુઓ પસંદ કરો. જૂના ચોખા અને જૂના નોકરને નવા સાથે બદલવાની જરૂર નથી. (અહીં ખરેખર નોકરના સંદર્ભમાં તેનો અર્થ શું છે? તેની ફરજો બદલો અને સમાપ્ત ન કરો.)

**૧૬. नित्यम सर्वा रासभ्याश ।**
સંપૂર્ણ ખોરાક લો જેમાં તમામ સ્વાદ હોય (જેમ કે મીઠું, મીઠો, કડવો, ખાટો અને તીખો.)

**૧૭. जटाराम पुरायेधरधाम अन्नाहि ।**
તમારા પેટમાં અડધો ભાગ ઘન પદાર્થોથી ભરો. ચોથો ભાગ પાણીથી ભરો અને બાકીના પેટને ખાલી રાખો.

**૧૮. भुक्थवोपा विस्थास्थेंद्र ।**
ખોરાક લીધા પછી ક્યારેય નિષ્ક્રિય ન બેસો. ઓછામાં ઓછા અડધો કલાક ચાલો.

**૧૯. क्षुथ साधुथाम जनयशि ।**
ભૂખથી ભોજનનો સ્વાદ વધે છે. બીજા શબ્દોમાં કહીએ તો ભૂખ લાગે ત્યારે જ ખાઓ.

**૨૦. चिंता जर्रानाम मनुष्यम ।**
ચિંતા વૃદ્ધાવસ્થાને વેગ આપે છે.

**૨૧. साथम विहयां भोक्ताव्यम् ।**
જ્યારે ખાવાનો સમય હોય ત્યારે ૧૦૦ નોકરીઓ પણ બાજુ પર રાખો.

**૨૨. सर्व धर्मेशु मध्याम ।**
હંમેશાં મધ્યમ માર્ગ પસંદ કરો. કોઈપણ બાબતમાં ચરમસીમા પર જવાનું ટાળો.

***સ્વસ્થ જીવન જીવો : તે વાસ્તવિક સંપત્તિ છે.***

## ગઝલ

જ્યારે જ્યારે અપમાન થયું,
સાચા-ખોટાનું ભાન થયું.

ઈર્ષા - ઇચ્છા વધવા લાગી,
દિલને મોટું નુકસાન થયું

આંખો ખોલી જ્યાં ફૂલોએ,
ત્યાં ખુશ્બૂનું મેદાન થયું.

એનું જીવન રંગીન કર્યું,
ખુદનું જીવન વેરાન થયું.

બે આંખોની જ્યાં ટક્કર થઈ,
ચાહતનું ત્યાં અવસાન થયું.

નજરો થાકી શરીર લથડ્યું,
ત્યારે સાલુ સમ્માન થયું.

***નીલેશ પટેલ - મુ. પરીઆ, તા. ઓલપાડ, જિ. સુરત***
***મો. ૯૯૦૯૬ ૩૨૨૯૧***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ૩૫મી સામાન્ય સભાનો અહેવાલ

સમાજની ૩૫મી સામાન્ય સભા રવિવાર, તા. ૨૫-૦૯-૨૦૨૨ના રોજ સવારે ૯.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળી હતી. આ સભાનું પ્રમુખ સ્થાન સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી પ્રતાપ નારાણજી દંડે સંભાળેલ હતું.

સભાની શરૂઆતમાં શ્રી રજનીભાઈ પારેખે જણાવેલ કે સ્ટીયરીંગ કમિટીની કામગીરીના કારણે આપણે ચૂંટણી ટાળી શક્યા છીએ તે માટે સમિતિના સભ્યો શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી હસમુખભાઈ ગઢેચા અને શ્રી રમણિકભાઈ ગોસર અભિનંદનને પાત્ર છે. ત્યારબાદ શ્રી વિશાલ શાહે ચૂંટણી અંગે વિગતવાર માહિતી આપી હતી.

### • ચૂંટણીની વિગત •

### ટ્રસ્ટીશ્રીઓ

*વર્ષ ૨૦૨૨-૨૦૨૩ના ટ્રસ્ટ મંડળ માટે નીચેના ઉમેદવારોએ ઉમેદવારી કરેલ હતી.*

■ **દાતા ટ્રસ્ટીઓ (જગ્યા - ૩)**

૧. શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ
૨. શ્રી હસમુખ બાબુલાલ શાહ (ખાંડવાલા)
૩. શ્રી મનીષ મણિલાલ ગોસર
૪. શ્રી શાંતિલાલ મૂળજી સાવલા

■ **માનદ્ ગ્રુપ (જગ્યા - ૨)**

૧. શ્રી અશ્વિન હીરજી સાવલા
૨. શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
૩. શ્રી પીયૂષ રવિલાલ પારેખ

■ **સ્વજન ગ્રુપ (જગ્યા - ૧)**

૧. શ્રી ચંદ્રકાંત દામજી સાહ (શ્રી કે.ડી. શાહ)

જેમાંથી ***દાતા ગ્રુપ***માંથી (૧) શ્રી હસમુખ બાબુલાલ શાહ (ખાંડવાલા)એ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા બાકીના ત્રણ નીચે મુજબના ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ હતા.

૧. શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ
૨. શ્રી મનીષ મણિલાલ ગોસર
૩. શ્રી શાંતિલાલ મૂળજી સાવલા

***માનદ્ ગ્રુપ***માંથી (૧) શ્રી પીયૂષ રવિલાલ પારેખે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા બાકીના બે નીચે મુજબના ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ હતા

૧. શ્રી અશ્વિન હીરજી સાવલા
૨. શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ

***સ્વજન ગ્રુપ***માંથી (૧) શ્રી ચંદ્રકાંત દામજી શાહ (શ્રી કે.ડી. શાહ)ને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે.

## કારોબારી સભ્યો માટે :

*વર્ષ ૨૦૨૨-૨૦૨૩ની કારોબારી સમિતિ માટે નીચેના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવેલ હતી.*

૧. શ્રી અભય નવીનચંદ્ર સતરા
૨. શ્રી અશ્વિન ભવાનજી સોની
૩. શ્રી જશવંત જયંતીલાલ કોઠારી
૪. શ્રી જ્યોતેન્દ્ર રવિલાલ સંઘવી
૫. શ્રી નીતિન ધનજી ગાલા
૬. શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
૭. શ્રી સંદીપ અશોકકુમાર મહેતા
૮. શ્રીમતી અમીબેન નીતિન શાહ
૯. શ્રી દિનેશ રતિલાલ મહેતા
૧૦. શ્રી જય બિપેન્દ્ર ગોગરી
૧૧. શ્રી કેતન ઇન્દ્રજિત શાહ
૧૨. શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
૧૩. શ્રી પારસ કિશોર શાહ
૧૪. શ્રીમતી શીલ્પિબેન પ્રકાશ શાહ

*જેમાંથી નીચેના આઠ (૮) ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધેલ હતી.*

૧. શ્રી અભય નવીનચંદ્ર સતરા
૨. શ્રી અશ્વિન ભવાનજી સોની
૩. શ્રી જ્યોતેન્દ્ર રવિલાલ સંઘવી
૪. શ્રીમતી શીલ્પિબેન પ્રકાશ શાહ
૫. શ્રીમતી અમીબેન નીતિન શાહ
૬. શ્રી જય બિપેન્દ્ર ગોગરી
૭. શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
૮. શ્રી પારસ કિશોર શાહ

*આઠ (૮) ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા નીચે મુજબના ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ હતા.*

૧. શ્રી દિનેશ રતિલાલ મહેતા
૨. શ્રી જશવંત જયંતીલાલ કોઠારી
૩. શ્રી કેતન ઇન્દ્રજિત શાહ
૪. શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
૫. શ્રી નીતિન ધનજી ગાલા
૬. શ્રી સંદીપ અશોકકુમાર મહેતા

ચૂંટણી કાર્યવાહી પૂરી થયા બાદ શ્રી રજનીભાઈ પારેખ દ્વારા તા. ૧૯-૦૯-૨૦૨૧ના મળેલ સામાન્ય સભાની મિનિટનું વાંચન કરવામાં આવેલ હતું. આ મિનિટને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે સંસ્થા દ્વારા વર્ષ દરમ્યાન કરવામાં આવેલ કાર્યો અને ભવિષ્યની યોજનાઓ વિશે માહિતી આપેલ હતી. બોપલ અને ગીતા મંદિર સ્થિત ડાયાલિસિસના દાતાશ્રીઓને યાદ કરી તેમના આર્થિક યોગદાનની અનુમોદના કરી હતી.

બોપલમાં ડાયાલિસિસ સેન્ટર શરૂ કરવા માટે મુંબઈના સામાજિક કાર્યકર્તા શ્રીમતી મંજુલાબેન દ્વારા આપવામાં આવેલ પાંચ મશીનનો ખાસ ઉલ્લેખ કરી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત ગીતા મંદિરના ડાયાલિસિસ સેન્ટરના દાતા શ્રીમતી ડૉ. બીનાબેન શાહ દ્વારા તથા શ્રી હિરેન કે. શાહના પ્રયત્નથી રોટરી ક્લબ ઇન્ટરનેશનલ વતી રોટરી ક્લબ વાસણા - અમદાવાદ તરફથી મળેલ ડાયાલિસિસ મશીન માટે આભારની લાગણી દર્શાવેલ હતી.

સ્નેહ મિલનના કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ શ્રીમતી ડૉ. નીમાબેન આચાર્ય તથા અનેક રાજનીતિક અને વ્યવસાયિક ક્ષેત્રે ખ્યાતિ પ્રાપ્ત મહાનુભાવો આ કાર્યક્રમમાં હાજર રહી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંસ્થાની શોભામાં અભિવૃધ્ધિ કરેલ તે માટે તેમનું અભિવાદન કરેલ અને આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ વ્યવસ્થાપક સમિતિ અને દરેક નાના-મોટા કાર્યકર્તાઓનો આભાર માનેલ.

પ્રમુખશ્રીના ઉદ્બોધન બાદ સંસ્થાના ખજાનચી શ્રી કે.ડી. શાહે વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના હિસાબો રજૂ કરેલ. તેને સર્વાનુમતે પાસ કરવામાં આવેલ હતા અને વર્ષ ૨૦૨૨-૨૩ના માટે ઓડિટર તરીકે શ્રી નૌતમભાઈ વકીલ એન્ડ કંપનીની નિમણૂંક કરવાના તેમના પ્રસ્તાવને સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ હતું.

*પ્રમુખશ્રીની મંજૂરીથી નીચે મુજબની ચર્ચા થઈ હતી :*

૧. શ્રી દિનેશભાઈ મહેતાએ સંસ્થાના પાયાના કાર્યકરોના બહુમાનનું સૂચન કરેલ હતું.

૨. શ્રી હિરેન કે. શાહે બોપલ ડાયાલિસિસ સેન્ટર માટે એક સાથે પાંચ મશીનો આપનાર શ્રીમતી મંજુલાબેન વોરાનું બહુમાન, કાર્યક્રમ વખતે તેમની ઉંમરના કારણે તેઓશ્રી ઉપસ્થિત ન રહેતા તેઓશ્રીનું બહુમાન થઈ શકેલ નહીં, તેથી તેના અનુસંધાને સમાજ તરફથી ત્રણ-ચાર વ્યક્તિઓએ મુંબઈ જઈને તેમનું બહુમાન કરવું જોઈએ, તેવું જણાવેલ હતું.

૩. શ્રી રજનીકાંત પારેખે વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. જેમાં વર્ષ દરમ્યાન સમાજ તરફથી તેમજ સમિતિઓ તરફથી કરવામાં આવેલ કાર્યક્રમોની વિગતવાર માહિતી આપી હતી.

અંતમાં શ્રી દેવેનભાઈ છેડાએ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ વતી સમિતિ દ્વારા કરવામાં આવેલા કાર્યક્રમોની એક ઝલક પાવર પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરેલ હતી.

સંસ્થાના સહ ખજાનચી શ્રી વિમેશ શાહે પાવર પ્રેઝન્ટેશન દ્વારા વર્ષ ૨૦૨૧-૨૦૨૨નો હિસાબ ગ્રાફિક દ્વારા સમજાવેલ હતો.

અંતમાં રાષ્ટ્રગીત ગાઈને સભાને બરખાસ્ત કરવામાં આવેલ હતી.

---

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર
## 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો

| ક્રમ | વિગત | કલર | આખું પાનું | અડધું પાનું | પા પાનું |
|---|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં.-૪ | મલ્ટી કલર | રૂા. ૭,૦૦૦ | — | — |
| ૨. | કવર પેજ નં. ૨ | મલ્ટી કલર | રૂા. ૬,૫૦૦ | — | — |
| ૩. | કવર પેજ નં. ૩ | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | — | — |
| ૪. | કવર પેજ નં. - ૨ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | | |
| ૫. | કવર પેજ નં. - ૩ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૫૦૦ | | |
| ૬. | અંદરનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૦૦૦ | | |
| ૭. | અંદરનું પાનું | સીંગલ કલર | રૂા. ૪,૦૦૦ | | |
| ૮. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૨,૦૦૦ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ |
| ૯. | સાદા પાનાની નીચે ૧'' સાઈઝની બોટમ પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫૦૦ | | |

*જાહેરાતના અત્રે દર્શાવેલ દરમાં ૧૮% લેખે GST અલગથી લાગશે.*

**નોંધ :** ૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

**જાહેરાતની સાઈઝ :** (૧) ફુલ પેજ : ૧૮.૦ X ૨૩.૬ સે.મી. (૨) હાફ પેજ : ૧૮.૦ X ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ X ૧૧.૬ સે.મી. (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ X ૨.૫૪ સે.મી.

**વિઝીટીંગ કાર્ડ સાઈઝ જાહેરાત : ૧૨ મહિનાના ભાવ**

*જાહેરાતના અત્રે દર્શાવેલ ભાવમાં ૧૮% લેખે GST અલગથી લાગશે.*

| ક્રમ | વિગત | કલર | સાઇઝ | એમાઉન્ટ |
|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં – ૪ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૫,૦૦૦ |
| ૨. | કવર પેજ નં – ૨ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૦,૦૦૦ |
| ૩. | કવર પેજ નં – ૩ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૫,૦૦૦ |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૦,૦૦૦ |

***નોંધ :*** *દરેક વિઝીટીંગ કાર્ડ સાઈઝના જાહેરાતના ૧૨ મહિનાના ડિસ્કાઉન્ટ સાથેના ભાવ છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## રવિવાર, તા. ૨૫-૦૯-૨૦૨૨ના રોજ મળેલ ટ્રસ્ટ મંડળની મીટિંગનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વર્ષ ૨૦૨૨-૨૦૨૩ના ટ્રસ્ટ મંડળની પ્રથમ મીટિંગ રવિવાર, તા. ૨૫-૦૯-૨૦૨૨ના રોજ મળેલ. ત્યારે તેમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

૧. તા. ૧૧-૦૯-૨૦૨૨ના રોજ મળેલ ટ્રસ્ટ મંડળની મીટિંગની મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ હતું અને તેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ હતી.

ઉપરોક્ત મિનિટ્સના અનુસંધાને નીચે મુજબની ચર્ચા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

ગીતા મંદિર ખાતે હવે પછી શરૂ કરવામાં આવનાર સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના અનુસંધાને શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન પરિવાર તથા ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા પરિવાર તરફથી મુખ્ય નામ રાખવાની શરતે જે રૂા. ૨૫/- લાખની ઑફર આવેલ હતી તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવેલ હતો અને આ સ્કીલ ડેવલપમેન્ટના સેન્ટર પર તેઓ કહે, એ મુજબ નામ રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું.

આ સભાને એ પણ જણાવવામાં આવેલ હતું કે આપણે આ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ચલાવવા જો અંબુજા ફાઉન્ડેશન્સ સાથે જોડાઈએ તો ત્યાંના બધા જ સાધનોની ખરીદી આપણે કરવાની રહે અને દરેક તાલીમાર્થી દીઠ રૂા. ૨૦,૦૦૦/- અંબુજા ફાઉન્ડેશન્સને ચૂકવવા પડે. જ્યારે અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સાથે જોડાઈએ તો આ સેન્ટર ચલાવવા દરેક પ્રકારના સાધનો તેઓ લાવે અને એક તાલીમાર્થી દીઠ આપણને રૂા. ૧૦,૦૦૦/- ચૂકવવાના થાય. ચર્ચા વિચારણાને અંતે અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સાથે જોડાવાનું નક્કી કરવામાં આવેલ હતું.

આ સભાને એ પણ જણાવવામાં આવેલ હતું કે પ્રથમ વર્ષના ૧૪૦ તાલીમાર્થીઓની સામે એક તાલીમાર્થીના ખર્ચના રૂા. ૧૦,૦૦૦/-ના હિસાબે ટોટલ રૂા. ૧૪/- લાખનું ડોનેશન્સ આપવાનું નવનીત ફાઉન્ડેશન્સના શ્રી શાંતિભાઈ ગાલાએ સ્વીકાર કરેલ છે કે જેને આ સભાએ આનંદ સહિત વધાવી લીધેલ હતું.

શ્રી મૂકેશભાઈ સાવલાએ એ જાણવા માંગેલ હતું કે ગુજરાતના મુખ્યમંત્રી સાથે અગાઉ જે જમીન સંપાદનની વાત કરવામાં આવેલ હતી તેનું કાર્ય કેટલે સુધી પહોંચેલ છે. આ બાબતે તેમને જણાવવામાં આવેલ કે આ બાબત હજુ ખાસ પ્રોગ્રેસ થઈ શકેલ નથી. ત્યારબાદ આ વિષયે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી કે જેના અનુસંધાને એક ''જમીન તથા મકાન સંપાદન સમિતિ''ની રચના કરવામાં આવેલ હતી અને તેના કન્વીનર તરીકે શ્રી મૂકેશભાઈ મુળજી સાવલાની વરણી કરવામાં આવેલ હતી.

૨. વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે શ્રી પ્રતાપ નારાણજી દંડની વરણી કરવામાં આવેલ હતી.

૩. ત્યારબાદ નીચે મુજબના બે સભ્યોની વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે કો-ઓપ્ટ ટ્રસ્ટી તરીકે વરણી કરવામાં આવેલ હતી :

(૧) શ્રી દેવેન મેઘજી છેડા

(૨) શ્રી વિમેશ ગુલાબચંદ શાહ

૪. ત્યારબાદ નીચે મુજબના બે સભ્યોની વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે આમંત્રિત ટ્રસ્ટી તરીકે વરણી કરવામાં આવેલ હતી :

(૧) શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા

(૨) ડૉ. હિમાંશુ શાહ

૫. ટ્રસ્ટ મંડળમાંથી કારોબારી સમિતિમાં પ્રતિનિધિ તરીકે મોકલવા નીચે મુજબના ૬ ટ્રસ્ટીશ્રીઓની વરણી કરવામાં આવેલ હતી.

(૧) શ્રી શાંતિલાલ મૂળજી સાવલા

(૨) શ્રી હિરેન કુંવરજી શાહ

(૩) શ્રી રજનીકાંત ધરમશી પારેખ
(૪) શ્રી કે.ડી. શાહ
(૫) શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા
(૬) શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ

૬. ટ્રસ્ટ મંડળના નેજા હેઠળ નીચે મુજબની સમિતિઓની રચના તથા તેના કન્વીનરશ્રીઓની વરણી કરવામાં આવેલ હતી.

| | | |
|---|---|---|
| (૧) બંધારણ સમિતિ | : | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| (૨) લીગલ સમિતિ | : | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા |
| (૩) નવા પ્રોજેક્ટ સમિતિ | : | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા |
| (૪) હિસાબી સમિતિ | : | શ્રી દેવેન મેઘજી છેડા |
| (૫) મુંબઈ અતિથિ ભવન સમિતિ | : | શ્રી પ્રતાપ નારાણજી દંડ |
| (૬) ફંડ રેઈઝીંગ સમિતિ | : | શ્રી શાંતિલાલ મૂળજી સાવલા |

ત્યારબાદ કેટલાક મુદ્દાની ચર્ચા વિચારણાને અંતે આજની સભાને બરખાસ્ત થયેલ જાહેર કરવામાં આવેલ હતી.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રીશ્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## મંગલ મંદિરનું લવાજમ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્થાનિકે વસવાટ કરતા તથા બહારગામના સભ્યોને વિનંતી સહ જણાવવાનું કે અનેક સભ્યોએ હજુ સુધી 'મંગલ મંદિર'ના લવાજમ ભર્યા નથી. તેઓને વિનંતી કે તેઓ પોતાના લવાજમની રકમ તાત્કાલિક સંસ્થાની ઓફિસ પર મોકલી આપે.*

**• મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ છે •**

| | | | |
|---|---|---|---|
| ■ *૧ વર્ષનું લવાજમ* | : | *રૂા.* | *૧૫૦/-* |
| ■ *૨ વર્ષનું લવાજમ* | : | *રૂા.* | *૩૦૦/-* |
| ■ *૩ વર્ષનું લવાજમ* | : | *રૂા.* | *૪૦૦/-* |
| ■ *૫ વર્ષનું લવાજમ* | : | *રૂા.* | *૬૦૦/-* |
| ■ *૧૫ વર્ષનું લવાજમ* | : | *રૂા.* | *૧,૫૦૦/-* |

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

| | | |
|---|---|---|
| ■ *સંસ્થાનું નામ* | : | શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ<br>[Shree Kutchhi Jain Seva Samaj - Ahmedabad] |
| ■ *બેંક* | : | કેનેરા બેંક, પાલડી બ્રાંચ – અમદાવાદ<br>[Canara Bank, Paldi Branch - Ahmedabad] |
| ■ *એકાઉન્ટ નંબર* | : | ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032] |
| ■ *IFSC કોડ* | : | CNR80017007 |

***રજનીકાંત પારેખ,** માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શનિવાર, તા. ૧-૧૦-૨૦૨૨ના રોજ યોજવામાં આવેલ ટ્રસ્ટ મંડળની મીટિંગનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક મીટિંગ શનિવાર, તા. ૧-૧૦-૨૦૨૨ના રોજ યોજવામાં આવેલ હતી કે જેમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

૧. ગીતા મંદિર ખાતે આવેલ સંસ્થાના મકાનના પ્રથમ તથા બીજા માળે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ચાલુ કરવાના અનુસંધાને તેના મુખ્ય નામ સામે શ્રી બિપીનચંદ્ર જૈન પરિવાર તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા પરિવાર તરફથી રૂા. ૨૫ લાખના અનુદાનની સામે આ સેન્ટરનું નામકરણ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

સાથે સાથે ''અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર'' તરફથી આ સેન્ટરની ભવિષ્યની કામગીરી સંપૂર્ણપણે તેમના તરફથી કરવામાં આવનાર હોવાથી તેઓનું નામ પણ જોડવાનું નક્કી કરવામાં આવેલ હતું.

ઉપરોક્ત વિગતના અનુસંધાને આ સેન્ટરનું નામ નીચે મુજબ રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*
*સંચાલિત*
*અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર*
*શ્રી બિપીનચંદ્ર જૈન કૌશલ્ય વિકાસ કેન્દ્ર*

આ સેન્ટરમાં તાલીમ લેવા આવનાર યુવક - યુવતીના એક કોર્સના અંદાજિત રૂા. ૧૦,૦૦૦/- ખર્ચની સામે પ્રથમ વર્ષના ૧૪૦ તાલીમાર્થીઓના ખર્ચના રૂા. ૧૪ લાખની રકમ નવનીત ફાઉન્ડેશન્સના શ્રી શાંતિલાલભાઈ ગાલાની ઉદાર ઑફરને ખૂબ જ ઉત્સાહ અને આનંદથી બિરદાવવામાં આવેલ હતી અને તેઓશ્રીના સહકારની યોગ્ય નોંધ લેવામાં આવેલ હતી.

૨. ચાંગોદર ખાતે શરૂ કરવામાં આવનાર આ સમાજના ત્રીજા મેડિકલ સેન્ટરના એમ.ઓ.યુ. કરવાની વિધિ લગભગ પૂર્ણ થવાના આરે છે તેવી માહિતી શ્રી અશોકભાઈ મહેતાએ આ સભાને આપેલ હતી.

૩. ગત તા. ૧૮મી સપ્ટેમ્બરના રોજ યોજવામાં આવેલ સ્નેહમિલન સમારંભને અતિ સફળ બનાવવા જે તે સમિતિઓએ કરેલ કાર્યવાહી, કલાકારોની રજૂઆત, વોલન્ટિયર ગ્રુપની મહેનત વગેરેને બિરદાવવા નૂતન વર્ષના મિલન સમારંભના સમયે તેઓશ્રીનું બહુમાન કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

૪. એક ટ્રસ્ટીશ્રીના આવેલ પત્રના અનુસંધાને ચર્ચા વિચારણા કરી તે અંગે જરૂરી કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

***આ બાદ અન્ય કોઈ કાર્યવાહી બાકી ના રહેતા આજની આ સભાને બરખાસ્ત થયેલ જાહેર કરવામાં આવેલ હતી.***

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રીશ્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

